# જ્ઞાનધારા

૪



ગુણવંત બરવાળિયા

શ્રી પાર્શ્વભક્તિધામ જૈન ધાર્મિક ટ્રસ્ટ તણસા ડિ. ભાવનગર
ટ્રસ્ટી શ્રી મહેન્દ્રભાઈ વલ્લભદાસ શાહ - ઘાટકોપર
પ્રેરિત પ્રકાશન

# જ્ઞાનધારા - ૪

## જૈનસાહિત્ય જ્ઞાનસત્ર-૪માં પ્રસ્તુત થયેલા નિબંધો અને શોધપત્રો



સંપાદન

ગુણવંત બરવાળિયા

પ્રકાશક

સૌરાષ્ટ્રકેસરી પ્રાણગુરુ જૈન
ફિલોસોફિકલ એન્ડ લીટરરી રીસર્ચ સેંટર
અર્હમ સ્પીરીચ્યુઅલ સેંટર

૨૩૧ એચ. શાસ્ત્રી નગર, પંતનગર, ઘાટકોપર (ઈ) મુંબઈ-૪૦૦૦૭૫.
ફોન. : ૨૫૦૧૦૬૫૮

Gyandhara - 4
Edited by : Gunvant Barvalia
March - 2009

પ્રકાશન સૌજન્ય :
શ્રી વ્રજલાલભાઈ ચભાડીયા
હ. ચેતનભાઈ - પરેશભાઈ
ડૉ. જિજ્ઞા ભોગીલાલ વોરા
કુંદન જે. ભાયાણી ચેરીટી ટ્રસ્ટ
હ. તન્વી અમીત શેઠ
મુંબઈ સર્વોદય મંડળ - (ગાંધી બુક સેંટર)
શ્રી કીશોરભાઈ આર. મહેતા
શ્રી ધનવંતભાઈ કે. અજમેરા
શ્રી ચંદ્રકાંત શીવલાલ શાહ
હ. દીપકભાઈ

પ્રકાશક અને પ્રાપ્તિસ્થાન :
ગુણવંત બરવાળિયા
S.K.P.G. જૈન ફિલોસોફિકલ એન્ડ લીટરરી રીસર્ચ સેંટર
gunvant.barvalia@gmail.com - M.: 9820215542
નવભારત સાહિત્ય મંદિર - પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨
સરસ્વતી પુસ્તક ભંડાર - હાથીખાના, રતનપોળ, અમદાવાદ
પાર્શ્વ પ્રકાશન - રીલીફ રોડ, અમદાવાદ

મૂલ્ય રૂા. ૧૦૦



મુદ્રક :
નીતિન જે. બદાણી - અરિહંત પ્રિન્ટીંગ પ્રેસ
પંતનગર, ઘાટકોપર, મુંબઈ-૪૦૦૦૭૫.
ફોન : ૨૫૧૧૪૩૪૧/૯૨૨૩૪૩૦૪૧૫

# જ્ઞાનધારા - ૪

ગોં.સં.ના શાસન પ્રભાવક પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સા. અધ્યાત્મયોગિની પૂ. લલિતાબાઈ મ.સ. (પૂ. બાપજી) પૂ. ડૉ. તરુલતાબાઈ મ.સ. આ.ઠા. ૨૦ ની પાવન નિશ્રામાં શ્રી પ્રાણગુરુ જૈન સેંટર દ્વારા મુનિશ્રી સંતબાલજી પ્રેરિત વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘના સુવર્ણ જયંતી અવસરે તા. ૬-૭ ઓક્ટો. ૨૦૦૭ના પારસધામ ઘાટકોપર મુકામે યોજાયેલ જ્ઞાનસત્ર-૪માં વિદ્વાનો દ્વારા રજુ થયેલા નિબંધો અને શોધપત્રોનો સંગ્રહ...

# નિવેદન

સૌરાષ્ટ્ર કેસરી પ્રાણગુરુ જૈન ફિલોસોફિકલ એન્ડ લીટરરી રિસર્ચ સેંટર દ્વારા મુનિ શ્રી સંતબાલજી પ્રેરિત વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘના સુવર્ણ જયંતી ઉપલક્ષે ૬-૭ ઓક્ટોબર ૨૦૦૭ના જૈન સાહિત્ય જ્ઞાનસત્ર-૪માં પારસધામ ઘાટકોપરમાં રજૂ થયેલા નિબંધો અને શોધપત્રો જ્ઞાનધારા-૪ રૂપે પ્રગટ કરતાં આનંદની લાગણી અનુભવું છું.

ગ્રંથ માટે વિદ્વાનોએ લખાણો આપ્યાં છે તે સૌનો આભાર માનું છું. સંપાદન કાર્યમાં મારા ધર્મપત્ની ડૉ. મધુબહેન બરવાળિયા અને મુરબ્બી શ્રી ડૉ. રસિકભાઈ મહેતાનો સહયોગ મળ્યો છે.

સમગ્ર જ્ઞાનસત્રના આયોજનની વ્યવસ્થામાં પ્રવીણભાઈ પારેખ, યોગેશભાઈ બાવીસી, પ્રકાશભાઈ શાહ તથા ભુપેન્દ્રભાઈ દોશીએ ખૂબ જ જહેમત ઉઠાવી હતી.

પુનરાવર્તન થતું હોવાને કારણે કેટલાંક લખાણો ટુંકાવ્યો છે તેમ કરવાથી કોઈ વિદ્વાનનું મન દુભાયું હોય તો ક્ષમા કરશો.

હવે પછીના પ્રકાશનથી ટુંકી સંદર્ભ સૂચી આપવાનું નક્કી કરેલ છે. પાર્શ્વ ભક્તિધામ ધાર્મિક ટ્રસ્ટ તણસાના ટ્રસ્ટી મહેન્દ્રભાઈ શાહ પ્રકાશન સૌજન્ય દાતાઓ તથા પ્રદીપભાઈ શાહનો આભાર માનું છું. ગ્રંથમાં જિનાજ્ઞા વિરુદ્ધ કાંઈ લખાણ હોય તો ત્રિવિધે મિચ્છામી દુક્કડમ્

# જ્ઞાનધારા - ૪


| ક્રમ | વિષય | લેખક | પૃષ્ઠ ક્ર. |
|---|---|---|---|
| ૧. | જ્ઞાનવિમલસુરિ કૃત : યતિધર્મ સજ્ઝાય | ડૉ. અભય દોશી | ૧ |
| ૨. | શ્રીમદ્ રાજચંદ્ર-આત્મસિદ્ધિશાસ્ત્ર | ડૉ. કોકિલાબેન શાહ | ૭ |
| ૩. | પદ સાહિત્યનાં બે ઉજ્જ્વળ શિખર : મીરાં અને આનંદઘન | પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ | ૧૧ |
| ૪. | શ્રી મુનિચંદ્રજીકૃત "વર્ષો ખોવાય એનુ કાંઈ નહીં ?" | શ્રી જિતેન્દ્ર કામદાર | ૨૧ |
| ૫. | યોગનીષ્ઠ આચાર્ય બુદ્ધિસાગરજી કૃત ભજનમાં વ્યક્ત થતી આત્માનુભૂતિ | ડૉ. રેણુકાબેન પોરવાલ | ૨૪ |
| ૬. | મહોપાધ્યાય શ્રી વિનયવિજયજી વિરચિત 'શ્રી શાંતસુધારસ' | શ્રી જયશ્રીબેન દોશી | ૨૯ |
| ૭. | શ્રી ચિદાનંદજીની તત્ત્વસભર રચના (ધ્યાનનાં પદો) | ડૉ. નલિનીબેન શાહ | ૩૮ |
| ૮. | ઉપાધ્યાય યશોવિજયજી કૃત શ્રી મહાવીર સ્વામીનું સ્તવન | ડૉ. પ્રા. રસિકભાઈ મહેતા | ૪૨ |
| ૯. | શ્રી હેમચંદ્રાચાર્ય રચિત : "વીતરાગ સ્તોત્ર" | ડૉ. ઉત્પલાબેન મોદી | ૪૬ |
| ૧૦. | જૈન સંત-કવિ તિરુવલ્લુવરની રચનાઓ | ડૉ. વર્ષાબેન શાહ | ૫૨ |
| ૧૧. | ઉપાધ્યાય ઉદયરત્નજીની રચના ભીડભંજન પાર્શ્વનાથજિન સ્તવન | ડૉ. ગુલાબ દેઢિયા | ૫૭ |
| 12. | A critical Appreciation of the poem "Apoorva Avasar" by Srimad Rajchandra | Dr. Nilesh Dalal | 60 |
| ૧૩. | ધ્યાન, જપ જૈનવિધિ અનુષ્ઠાનની વૈજ્ઞાનિકતા | બીના ગાંધી | ૬૪ |
| 14. | Scientific Augmentation of 'Dhyana' - (Para-Mediation) in Jainism | Govindji J. Lodaya | 74 |
| 15. | SCIENCE vis-a-vis JAIN MEDITATION AND JAPA | Dr. Rashmibhai Zaveri | 80 |

| ક્રમ | વિષય | લેખક | પૃષ્ઠ ક્ર. |
|---|---|---|---|
| ૧૬. | જૈન સંસ્કૃતિના વિકાસમાં નારીનું યોગદાન | ડૉ. ધનવંતીબેન મોદી | ૧૦૩ |
| ૧૭. | જૈન સંસ્કૃતિના વિકાસમાં નારીનું યોગદાન | શ્રી કે. આર. શાહ | ૧૦૮ |
| ૧૮. | જૈન સંસ્કૃતિના વિકાસમાં નારીનું યોગદાન | ધનલક્ષ્મીબેન બદાણી | ૧૧૩ |
| ૧૯. | જૈન સંસ્કૃતિના વિકાસમાં નારીનું યોગદાન | શ્રી પારૂલબેન ગાંધી | ૧૧૭ |
| ૨૦. | જૈન સંસ્કૃતિના વિકાસમાં નારીનું યોગદાન | ડૉ. જવાહર શાહ | ૧૨૩ |
| ૨૧. | "જૈન સંસ્કૃતિનાં વિકાસમાં નારીનું યોગદાન" | સુરેશભાઈ પારેખ | ૧૨૭ |
| ૨૨. | "જિનાગમ સંદર્ભે શ્રાવકાચાર" | ડૉ. કવિન શાહ, પ્રાધ્યાપક | ૧૩૧ |
| ૨૩. | જિનાગમ સંદર્ભે શ્રાવકાચાર | રમેશભાઈ ગાંધી | ૧૩૪ |
| ૨૪. | ગૃહસ્થધર્મની ગરિમા | શ્રી હર્ષદ દોશી | ૧૩૮ |
| ૨૫. | જિનાગમ સંદર્ભે શ્રાવકાચાર | ડૉ. રમણીકભાઈ પારેખ | ૧૪૪ |
| ૨૬. | જિનાગમ સંદર્ભે શ્રાવકાચાર | કેતકી શાહ | ૧૪૮ |
| ૨૭. | જિનાગમ સંદર્ભે શ્રાવકાચાર | શ્રી ભરતભાઈ ગાંધી | ૧૫૫ |
| ૨૮. | 'જિનાગમ સંદર્ભે શ્રાવકાચાર' | શ્રી કાનજી મહેશ્વરી | ૧૬૦ |
| ૨૯. | વિશ્વવાત્સલ્યના આરાધક ક્રાંતદૃષ્ટા મુનિશ્રી સંતબાલજી | પ્રો. નવીનચંદ્ર કુબડિયા | ૧૬૩ |
| ૩૦. | મુનિશ્રી સંતબાલજીની સર્વોદય ભાવના | ડૉ. ગીતાબેન મહેતા | ૧૬૬ |
| ૩૧. | પૂજ્ય મુનિશ્રી સંતબાલજી : સાક્ષાત્ જૈનત્વ | ડૉ. કાન્તિભાઈ બી. શાહ | ૧૭૩ |
| ૩૨. | મુનિશ્રી સંતબાલ તો ગુણવૈભવ | મલૂકચંદ રતિલાલ (કામદાર) | ૧૭૮ |
| ૩૩ | મુનિશ્રી સંતબાલ એક વિરલ વિભૂતિ | શ્રી હર્ષદ મહેતા (એમ.એ.) | ૧૮૩ |
| ૩૪. | વિશ્વવાત્સલ્યના આરાધક ક્રાંતદૃષ્ટા મુનિ શ્રી સંતબાલજી | ગુણવંત બરવાળિયા | ૧૮૫ |
| ૩૫. | જૈન આગમ ગ્રંથોમાં યોગનું સ્વરૂપ અને તેના પ્રભેદ : ટૂંકી ચર્ચા | ડૉ. બળવંત જાની | ૧૯૦ |
| ૩૬. | જૈન શાસન ભારતી મહત્તરા સાધ્વીશ્રી મૃગાવતીશ્રીજી મહારાજ | ડૉ. કલાબેન શાહ | ૨૦૦ |

# ૧. જ્ઞાનવિમલસુરિ કૃત : યતિધર્મ સજ્ઝાય

– ડો. અભય દોશી

**(ડો. અભયભાઈએ ચોવીશી સ્વરૂપ અને સાહિત્ય એ વિષયમાં પીએચ.ડી કરેલ છે. મુંબઈ યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના અધ્યક્ષ અને પીએચ.ડી.ના ગાઈડ તરીકે સેવા આપે છે. અનેક સેમિનાર જૈન સાહિત્ય જ્ઞાનસત્ર અને સંમેલનોમાં ભાગ લે છે.)**

**જ્ઞા**નવિમલસૂરિકૃત દશવિધ યતિધર્મ સજ્ઝાયઃ
સાધુ-શ્રાવકજીવન અજવાળવાની અપૂર્વ માર્ગદર્શિકા

જન કવિની પ્રિય તત્ત્વસભર રચનાની વાત આવે ત્યારે મારા ચિત્તમાં આનંદઘનજીની પદાવલીનાં મધુર અને ગૂઢ પદો તો મનોવિશ્વમાં સતત રમે છે. કવિ કહે છે : 'અંજલીજલ જ્યું આયુ ઘટત હે, જ્યું જાને ત્યું કર લે ભલાઈ. ઈસ તન મન ધનકી કૌન વડાઈ.' ઉપાધ્યાય યશોવિજયજી મ.ની જીવનપથ અજવાળતી, પ્રેમલજ્યોતિનો પ્રકાશ પાથરતી રચના 'ચેતન જ્ઞાન અજુવાળીયે' પણ ચિત્તના ઓરડાને અજવાળે છે. પરંતુ આજે મારા ચિત્તમાં આ પ્રમાણમાં પ્રસિદ્ધ રચનાઓને પ્રેમપૂર્વક હૃદયમાં સ્મરી જ્ઞાનવિમલસૂરિની દશવિધ યતિધર્મ સજ્ઝાયમાં રહેલી અનોખી તત્ત્વસભરતાની વાત કરવી છે.

દશવિધ યતિધર્મ એ જૈન સાધુની સાધુજીવનની સાધનાનો અગત્યનો ભાગ છે. જ્યારે મુમુક્ષુ દીક્ષા ધારણ કરે ત્યારે પંચમહાવ્રતનો સ્વીકાર કરે છે, તે તેની સંસારથી નિવૃત્તિને દર્શાવનાર છે, એટલે કે સંસાર છોડવારૂપ Negative સાધના છે. તો એ મુમુક્ષેએ એની સાથે જ દશવિધ યતિધર્મની સાધના કરી મોક્ષમાર્ગમાં પ્રવૃત્તિરૂપ Positive સાધના કર્યા વગર કેવળ

નેગેટીવ સાધના સાધકને મોક્ષમાર્ગમાં વાસ્તવમાં પ્રવૃત્ત કરી શકતી નથી.

'યતિધર્મ' શબ્દમાં રહેલ 'યતિ' શબ્દમાં સંસ્કૃતનો 'યત્' શબ્દ રહ્યો છે. 'યત્' એટલે પ્રયત્ન દ્વારા જે સાધી શકાય, 'યતિ' એટલે જે મોક્ષમાર્ગ માટે પ્રવૃત છે, પ્રયત્ન કરે છે. આ દશવિધ યતિધર્મો સાધકને મોક્ષમાર્ગમાં જોડે છે. યોગશાસ્ત્રમાં કલિકાલ-સર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય પણ આ યતિધર્મ વિશે કહે છે.

दुर्गतिप्रपत्प्राणि धारणाद्धर्म उच्येते ।
संयमादिर्दशविधः सर्वज्ञोक्तो वुमुक्तये।।

દુર્ગતિમાં પડતાં પ્રાણીઓને તેમાંથી બચાવી, તેઓનું રક્ષણ કરે તેનું નામ ધર્મ છે. અને તે સંયમાદિ દસ પ્રકારનો સર્વજ્ઞનો કહેલો ધર્મ મોક્ષને માટે થાય છે.

એ જ રીતે 'નવતત્ત્વપ્રકરણ' આદિ પ્રાચીન ગ્રંથોમાં પણ આ ધર્મોનો ઉલ્લેખ કરાયો છે. આવો યતિધર્મ કે દિગંબર સંપ્રદાયમાં જે દશવિધ યતિધર્મ માટે દશલક્ષણ પર્વ ઉજવવામાં આવે છે એ દશવિધ યતિધર્મની સાધના કઈ રીતે કરી શકાય તેની મનોહર સમજણ આ અગિયાર ઢાળમાં ફેલાયેલી મનોહર રચનામાં અપાઈ છે.

કવિ દશવિધ યતિધર્મની ભૂમિકા બાંધતાં કહે છે :

*'દશવિધ મુનિવર ધરમ જે, તે કહીએ ચારિત્ર,*
*દ્રવ્યભાવથી આચર્યા, તેહના જન્મ પવિત્ર.* ૨
*ગુણ વિના મુનિનું લિંગ જે, કાશ કુસુમ ઉપમાન,*
*સંસારે તેહવા કર્યા, અવધિ અનંત પ્રમાણ.* ૩
*તેહ ભણી મુનિવર તણો, ભાખ્યું દશવિધ ધર્મ,*
*તેહનો નિત્ય આરાધતાં, પામીજે શિવશર્મ.* ૪

દશવિધ યતિધર્મમાં પ્રથમ ધર્મ 'ક્ષમા'ને વર્ણવતાં આચાર્ય મહારાજ કહે છે કે સંયમ એ મુનિજીવનનો સાર છે. કવિ ક્ષમાના પાંચ પ્રકાર વર્ણવી સ્વભાવ ક્ષમાને શ્રેષ્ઠ તેમ જ આત્માના અનુભવ તરીકે ઓળખાવે છે. વળી ઉપશમના એક બિંદુ આગળ લાખો મણ દ્રવ્યક્રિયા નિરર્થક છે, એમ કહી

ક્ષણાનો મહિમા વર્ણવે છે.

બીજા મૃદુતા ગુણને વિનયના પાયારૂપે વર્ણવે છે. ક્ષમાથી વિનયગુણ સિદ્ધ થાય છે. આ મૃદુતાથી સમ્યક્ત્વનો વધુ આસ્વાદ આવે છે. બાસુંદીને વધુ સ્વાદિષ્ટ બનાવવા વધુ ઘટ્ટ બનાવવી પડે છે, એમ આત્માનો પણ ગુણોનો સ્વાદ અનુભવવા આત્માને નમ્ર બનાવવો પડે છે. કવિ કહે છે કે, મૃદુતાથી વિનય સધાય છે. વિનયથી શ્રુત, શ્રુતથી ચારિત્ર અને ચારિત્રથી મુક્તિ સધાય છે.

કવિ આઠ મદોને વારવા માટે નમ્રતા-મૃદુતા ગુણ કેળવવા પર ભાર મૂકે છે. તેમ જ જ્ઞાનનો પણ ગર્વ ન કરવા સૂચવે છે. જ્ઞાનના ગર્વ અંગે કવિ કહે છે.

*'જ્ઞાન ભલું તસ જાણીયે, જસ મદ વિષ ઉપસંત રે,*
*તે ભણી જો મદ વાધીયો, તો જલધિથી અનલ ઉઠંત રે,*
*તરણીથી તિમિર મહંત રે, ચંદથી તાપ ઝરંત રે,*
*અમૃતથી ગદ હુંત રે, મદ ન કરે તેહ સંત રે.' ૭ (ઢાળ ૨)*

આ નમ્રતાના પાયામાં ઋજુતા હોવી જરૂરી છે. સાધકનું મન સરળ હોય તો જ તે નમ્ર બની શકે. વૃક્ષના બખોલમાં અગ્નિ રહ્યો હોય તો વૃક્ષ નવપલ્લવ ન થાય, તેમ હૃદયમાં ઋજુતા વિના બીજા ગુણો ખીલી શકતા નથી. ઋજુતાથી માયાનો પ્રતિકાર થાય છે.

કવિ માયાના રૂપને વર્ણવતાં કહે છે -

'દૂર થકી પરિહરિયે માયા સાપિણી રે, પાપિણી ગૂંથે જાળ,
જ્ઞાનવિમલ ગુણ અમૃતલહરી છટા થકી રે દોહગ દુઃખ વિસાર'.

જે વ્યક્તિ નિર્લોભી હોય એ જ સાચો ઋજુ હોઈ શકે. લોભી વ્યક્તિ પોતાના સ્વાર્થના પ્રભાવે વક્ર બને છે, આથી ઋજુતાના પાયામાં પણ નિર્લોભપણું - મુત્તીગુણને વર્ણવે છે.

લોભ-મમતાદિ ભાવો તેમ જ સમતાનું એકસ્થાને અસંભવત્વ વર્ણવતાં કહે છે.

*'મમતા સંગે સમતા નવિ મળે, છાયા તપ એક ઠામોજી,'*

તડકો અને છાંયડો એક સાથે રહી શકતા નથી, તેમ મમતા-સમતા સાથે ન રહી શકે.

તો આ લોભનો પ્રતિકાર સંતોષ દ્વારા કેવી રીતે કરી શકાય તે વર્ણવતાં કહે છે.

*લોભ જલધિજલ લહેરે ઉલટે, લોપે શુભ ગુણ દેશોજી,*
*સેતુ કરીજે જિહાં સંતોષનો, નવિ પસરે લવલેશોજી. ૫*

સંતોષરૂપી સેતુ બનાવ્યા પછી લોભસમુદ્રનું જળ શુભ ગુણોને નષ્ટ કરવા આવી શકતું નથી.

કવિ અહીં પ્રથમ ચાર યતિધર્મ વડે મનુષ્યજીવનમાં મૂંઝવતા ક્રોધ-માન-માયા-લોભ રૂપ ચાર કષાયોના પ્રતિકાર કરવાની અપૂર્વ ચાવીઓ ક્ષમા, નમ્રતા, ઋજુતા અને સંતોષ ગુણ દ્વારા દર્શાવે છે.

હવે સાધક વધુ ઉચ્ચતર ગુણો માટે તત્પર બને એ માટેની ભૂમિકા રચાઈ છે. આ ચાર ગુણવાળો સાધક સાચી તપશ્ચર્યા કરી શકે. નિર્લોભ હોય તે પોતાની ઈચ્છાના જયરૂપી તપને યથાર્થપણે કરી શકે, એમ કહી કવિ તપના બાર પ્રકાર વર્ણવે છે. ઊણોદરી તપને વર્ણવતાં કવિ કહે છે, અલ્પ ભોજન તે બાહ્ય ઊણોદરી છે, પરંતુ ક્રોધ આદિ કષાયનો ત્યાગ તે ભાવ ઊણોદરી છે, એ જ રીતે વિવિધ બાર પ્રકારનાં તપો વર્ણવી કવિ અંતે કહે છે, સમક્તિરૂપી ગોરસનું તપ દ્વારા વલોણું કરવાથી આત્માનું જ્ઞાનથી વિમલ ઘૃતરૂપ પ્રગટ થાય છે.

ત્યાર બાદ છઠ્ઠા સંયમ ધર્મને વર્ણવતાં કવિ કહે છે-

*'છઠ્ઠો મુનિવર ધર્મ છે, સમય સમય શુભ ભાવ,*
*સંયમ નામે તે જાણીયે, ભવજલ તારણ નાવ.' (ઢાળ ૬-૨)*

કેટલીય વ્યક્તિઓ દ્રવ્યસંયમી થઈ જાય છે, પરંતુ ભાવસંયમની આરાધનામાં મન-વચન-કાયાની એકાગ્રતારૂપ સત્યની સાધના જોઈએ. આ સત્યની સાધનાથી જ આત્મા અકુટિલ-લુચ્ચાઈ વગર શુદ્ધ ભાવની પ્રાપ્તિ કરી શકે.

સાધુએ સત્યની આરાધના કેવી રીતે કરવાની છે તે દર્શાવતા કહે છે -

*મૂલોત્તર વ્રત ભેદ જે, મૈત્ર્યાદિક ગુણ જેહ,*
*જિણવિધ જેમ અંગીકર્યું, નિર્વહવું તેમ તેહ રે. (ઢાળ ૭-૪)*

આ સત્યના આચરણ માટે મનની શુદ્ધિ જોઈએ. આ મનની શુદ્ધિ ભાવશૌચ ધર્મ દ્વારા સિદ્ધ થાય છે, એમ કવિ દર્શાવે છે.

આ ભાવશૌચ મુનિ ભગવંત કેવી રીતે સિદ્ધ કરે છે એ વર્ણવતાં કહે છે-

*ભાવે બારહ ભાવનાજી, અનિત્યાદિક જેહ,*
*લેશ નહિ જ્યાં દંભનોજી, અહનિશ નિરતિચાર. (ઢાળ ૮-૪)*

આ બાર ભાવનાઓની નિર્મળતાપૂર્વકની સાધના એટલે સંસારની અનિત્યતા, અસારતા, વિચિત્રતાનું ચિંતન કે જેથી મન સંસારની ગંદકીમાં પાછું ડૂબકી ન લગાવે, અને અરિહંત પરમાત્માને ત્રિજગતના શરણ માની એમના ચરણમાં સાધકનું ચિત્ત નિશદિન ડૂબેલું રહે. વળી, એ પરમપ્રભુની સેવામાં ડૂબેલું મન નિરંતર તેમના પ્રરૂપેલા પંચ મહાવ્રતોમાં નિશદિન ડૂબેલું રહે છે. જેથી સંસારનો અશુભવિચારોનો મલ સ્પર્શી શકતો નથી.

આ શૌચ, મનની પાવનતાના પણ પાયારૂપે અકિંચન ભાવનો મહિમા વર્ણવે છે. ચોથો મુત્તિ-સંતોષ ગુણ તેમ જ નવમો અકિંચન ગુણ આમ તો ઉપરછલ્લી રીતે જ સરખા અનુભવાય, પરંતુ બે વચ્ચે સૂક્ષ્મ ભેદ રહ્યો છે. સંતોષ ગુણમાં સાધક મુખ્યત્વે આ ભવ સંબંધિત ભૌતિક પદાર્થોથી નિઃસ્પૃહતા કેળવે છે, તો અહીં અકિંચન ભાવથી સાધક આ ભવ પરભવની સર્વ ઈચ્છાઓ, વાસનાઓ પર વિજય મેળવે છે. એટલું જ નહિ, સાધક

*'નિંદા સ્તુતિ રૂસે તુસે નહિ, નવિ વર્તે પર ભાવ,*
*સુખ દુઃખે આપ સ્વરૂપ ન પાલટે, કર્મ પ્રકૃતિ ચિત્ત લાવ'*
*(ઢાળ ૯-૫)*

આમ અકિંચનગુણ એ નિઃસ્પૃહતા અને આત્મસ્વભાવની રમણતાને દર્શાવે છે. આ સાધક જગતની બહાર પૌદ્ગલિક હલચલથી સંપૂર્ણ નિઃસ્પૃહ બને છે.

*જે વ્યક્તિ ખરો અકિંચન હોય તે જ સાચા બ્રહ્મચર્યનું પાલન કરી શકે છે. આ બ્રહ્મચર્યના પાલન કરનારને 'શીલ સુગંધા સાધુ' કહી તેને*

ભાવપૂર્ણ વંદન કરે છે. તેમ જ આ મુનિ માટે કહે છે.

*'માત પિતા ધન તેહનાજી, ધન ધન તસ અવતાર,*

*વિષય વિષે નવિ ધારિયાજી, અનુભવ અમૃત ભંડાર'...૨*

કવિ અંતે કહે છે કે, આ દશવિધ યતિધર્મ પાપોને દળવાની ઘંટી છે. આ દશવિધ યતિધર્મ આરાધે છે, તે ચારિત્રધર્મના વાસ્તવિક માલિક બને છે. કવિ કહે છે *'તે ચરણભવનના ઠાકુરિયાજી.' (ઢાળ ૧૧-૨)*

આ યતિધર્મના પરિણામે સાધુ ભગવતી આદિ સૂત્રમાં વર્ણવેલા પ્રથમ દિવસે વાણવ્યંતર દેવના સુખથી વધુ સુખનો અનુભવ કરે, ત્યાંથી માંડી એક વર્ષના અંતે અનુત્તર દેવના સુખને અતિક્રમે એ યતિધર્મની સાધના દ્વારા જ શક્ય બને છે. ઉપાધ્યાય યશોવિજયજી પણ નવપદપૂજામાં સાધુના ગુણોનું વર્ણન કરતાં કહે છે, એક વર્ષના પર્યાયથી વધુ પર્યાયવાળા સાધુનું આત્મિક સુખ અનુત્તર વિમાનના દેવતાના સુખથી વિશેષ હોય. 'તેહથી અનુત્તર અનુક્રમીયે રે.'

આ મુનિ-ધર્મોને સમજવાથી શ્રાવક પણ પોતાના જીવનમાં કષાયો પર વિજય મેળવી સંયમ નિઃસ્પૃહતા, તેમ જ આત્મ સ્વભાવમાં સ્થિરતા પ્રાપ્ત કરનાર બને. શ્રી પાર્શ્વનાથ ભગવાનના ચરિત્રકાર પાર્શ્વનાથ ભગવાન બીજા ભવમાં હાથી હોવા છતાં તેમને 'ભાવયતિ' તરીકે વર્ણવે છે. આ 'ભાવયતિ' પણું હાથીના ભવમાં મુનિદેશનાના પરિણામે સિદ્ધ કરેલા 'ક્ષમા' આદિ આંતરિક ગુણોને લીધે ઉત્પન્ન થયું છે. પ્રભુના આત્માએ ક્રમશઃ ક્ષમા, માર્દવ, સંતોષ આદિ ગુણોમાં વિકાસ સાધ્યો, જેથી દસમાં ભવે તીર્થંકરત્વ પ્રાપ્ત કર્યું. સર્પદંશ, બાણવેધ આદિ ઘાતક ઉપસર્ગોમાં પણ સમતા જાળવવાને પરિણામે દસમા ભવમાં કમઠ અને ધરણેન્દ્ર બન્ને પ્રત્યે સમાન ભાવ ધારણ કરનારા બન્યા.

આવા દસ ભવની સાધના ધરાવતા તેમ જ પોષ માસની દસમના મંગલમય દિને જન્મકલ્યાણકથી શોભતા શ્રી પાર્શ્વનાથ પ્રભુને નમસ્કાર કરી આપણા જીવનમાં પણ દશવિધ યતિધર્મની સાધના પ્રગટ થાય એવી પ્રાર્થના કરીએ.

# ૨. શ્રીમદ્ રાજચંદ્ર-આત્મસિદ્ધિ શાસ્ત્ર

— ડો. કોકિલાબેન શાહ

(ડો. કોકિલાબેન શાહ (એમ.એ. : પીએચ.ડી (ગોલ્ડમેડાલિસ્ટ) જૈનોલોજી પર પીએચ.ડી., મુંબઈ યુનિ.ના પીએચ.ડી.ના ગાઈડ છે.) વર્તમાનમાં શ્રી સૌમેયા કોલેજમાં જૈન સાહિત્ય વિભાગમાં સેવા આપે છે. ભાગ લેવો સેમિનારમાં સંશોધન - સંપાદન - લેખન પ્રિય પ્રવૃત્તિ છે.)

તેમની બધી જ કૃતિઓમાં 'આત્મસિદ્ધિ' અને સાધનાનું ઊંડામાં ઊંડુ રહસ્ય આવી જાય છે. શ્રી 'આત્મસિદ્ધિશાસ્ત્ર' શ્રીમદે નડિયાદમાં વિ. સ. ૧૯૫૨ની સાલમાં આસો વદ એકમે રચી હતી. આ શાસ્ત્ર સર્વદર્શનના સારરૂપ છે. તત્ત્વનું મૂળ આત્મદર્શનમાં છે અને આત્મધર્મની અગ્રેસરતા નિગ્રંથધર્મમાં છે. એ માટેનો માર્ગ આત્મસિદ્ધિમાં સંગ્રહિત છે. મહાવીરવાણી જે આચારાંગ, સૂત્રકૃતાંગ જેવા આગમોમાં મળે છે તેમાં પણ આત્મસ્વરૂપના જ્ઞાન અને તેની સાધનાને લક્ષીને જ મુખ્ય વક્તવ્ય છે. આ અસાધારણ કૃતિમાં ૧૪૨ દોહરા છે. શૈલી સંવાદની છે. સત્પુરુષના એકેક વાક્યમાં, એકેક શબ્દમાં અનંત આગમ રહ્યા છે. જડ અને ચેતનના સ્વરૂપની ભિન્નતા બતાવતી. આ રચના મોક્ષમાર્ગનાં રહસ્યો છતાં કરે છે. કહેવાય છે કે "આકૃતિ ચમત્કારિકપણે ચૌદ પૂર્વો પૈકી આઠમા 'આત્માનુપ્રવાદ' પૂર્વનું રહસ્ય ઉદ્ઘાટિત કરે છે. એમાં જૈન આચાર વિચાર પ્રક્રિયા મૂળરૂપમાં પૂર્ણ આવી જાય છે. સન્મતિ,

ષડ્દર્શનસમુચ્ચય, યોગબિન્દુ, યોગદષ્ટિ સમુચ્ચય, સમયસાર, પ્રવચનસાર આદિ ગ્રંથોનું તે તારણ છે. અને છતાંય તેમાં તાત્કાલિક ગચ્છ, પંથ અને એકાંતપ્રવૃત્તિનું સ્વાનુભવ સિદ્ધ વર્ણન અને સમાલોચન પણ છે. જૈન મુમુક્ષુ માટે તે ગીતાની ગરજ સારે તેવું છે. અલબત્ત આને સમજવામાં અધિકાર આવશ્યક છે.'' (દર્શન અને ચિંતન - પંડિત સુખલાલજી) પંડિત સુખલાલજીના મત પ્રમાણે શ્રીમદ્ રાજચંદ્રે આધ્યાત્મિક મુમુક્ષુને આપેલી આ ભેટ એ તો સેંકડો વિદ્વાનોએ આપેલી સાહિત્યિક ગ્રંથરાશિની ભેટ કરતાં વિશેષ મૂલ્યવંતી છે. જૈનદર્શનના બધા જ સિદ્ધાંતો - દ્રવ્યાનુયોગ, ચરણાનુયોગ વગેરે આમાં સમાઈ જાય છે.

સહુપ્રથમ 'આત્મિસિદ્ધિ' નામ સાર્થક છે. આ નાનકડી કૃતિમાં શ્રીમદ્‌રાજચંદ્રે આત્માને લગતું આવશ્યક પૂર્ણ રહસ્ય દર્શાવી આપ્યું છે. શ્રી રાજચંદ્રનું તત્ત્વજ્ઞાન અધ્યાત્મ કેન્દ્રિત છે. અધ્યાત્મમાં આત્મજ્ઞાનની શ્રેષ્ઠતા છે. સર્વ શાસ્ત્રના બોધનું, ક્રિયાનું, જ્ઞાનનું, યોગનું અને ભક્તિનું પ્રયોજન સ્વરૂપપ્રાપ્તિને અર્થે છે.

''જેહ સ્વરૂપ સમજ્યા વિના પામ્યો દુઃખ અનંત'' એ પદથી શરૂ થતી આકૃતિમાં શરૂઆતમાં શ્રી સદ્‌ગુરુ ભગવંતોને નમસ્કાર કર્યા છે તે અપૂર્વ માંગલિક છે, નિશ્ચાયનયથી તે પોતાના શુદ્ધ આત્માને નમસ્કાર છે. પ્રથમ સત્ અર્થાત આત્મા. તેને સમજાવનાર ગુરૂને વિનય કરી કહ્યું છે કે સ્વસ્વરૂપ જાણ્યા વિના જીવ અનંત દુઃખ પામે છે.

(૧) આત્માનું સ્વતંત્ર અસ્તિત્વ - આત્મા છે. આત્મા ચેતનદ્રવ્ય છે.

(૨) આત્માનું નિત્યત્વ - આત્મા નિત્ય છે ''હોય તેહનો નાશ નહિં નહિં તે હ નહીં હોય, એક સમય તે સહુ સમય ભેદ અવસ્થા જોય'' આત્મા, આમ દ્રવ્યે નિત્ય છે પણ પર્યાય બદલાયા કરે છે.

(૩) કર્મ કર્તૃત્વ - આત્મા કર્મનો કર્તા છે. સ્વભાવથી જ્ઞાનનો

કર્તા છે. અજ્ઞાનથી રાગદ્વેષાદિનો કર્તા છે.

(૪) કર્મફળ ભોક્તૃત્વ - આત્મા કર્મફળનો ભોક્તા છે.

(૫) મોક્ષ છે. દુઃખથી નિવૃત્તિ શક્ય છે

(૬) મોક્ષના ઉપાય છે.

ભરતક્ષેત્ર અને વર્તમાનકાળની અપેક્ષાએ કહ્યું છે આ મોક્ષમાર્ગનો લોપ છે પણ આત્માર્થી માટે તે "ભાખ્યો અત્ર અગોપ્ય" એમ કહી મોક્ષમાર્ગનું રહસ્ય ખુલ્લું કર્યું છે.

પ્રવચનસારમાં કહ્યું છે, 'दसण मूलो धम्मो' સમ્યક્દર્શન પ્રાપ્ત થતાં અનાદિકાળથી જે જ્ઞાને માત્ર સંસારનું પરિભ્રમણ કરાવ્યું હતું તે પોતાની દિશા બદલી સંસારના નાશના હેતુરૂપ બની જાય છે. જીવે વિભાવ છોડી પોતાના સ્વભાવમાં આવવાનું છે. જૈનધર્મની આ એક ગહન વાત છે. જીવે બહારથી કંઈ પ્રાપ્ત કરવાનું નથી. જૈનધર્મ પ્રમાણે ઈશ્વર શુદ્ધ જીવ છે - અહીં પરમાત્મામાં ભળી જવાની વાત નથી પરંતુ પોતે જ પરમાત્મા બનવાનું છે. "સર્વ જીવ છે સિદ્ધ સમ જે સમજે તે થાય, સદ્ગુરુઆજ્ઞા જીનદશા નિમિત્ત કારણમાંય" વળી ફક્ત કોરી વાતો જ નથી, તીર્થંકરોએ માર્ગ ચીતરી બતાવ્યો છે પણ ચાલવું પડશે આપણે પોતે જ. સ્વરૂપના અજ્ઞાનને લીધે દુઃખ છે - અને તેનાથી મુક્તિ એ લક્ષ્ય છે - એ માટેનો માર્ગ છે - જ્ઞાન અને ક્રિયાનો સંયોગ - ज्ञान क्रियाभ्यां मोक्षः ક્રિયાયોગ જ્ઞાનયોગની પુષ્ટી માટે છે. પરંતુ મૂળ વાત ભૂલીને આપણે ક્રિયામાં અટવાઈએ છીએ. કહ્યું કે "અટકે ત્યાગ વિરાગમાં તો ભૂલે નિજભાન" ફક્ત બાહ્ય ક્રિયા, વ્રત, તપ આદિ ધર્મ નથી. પણ આત્માનો ધર્મ શું છે તેનું જ્ઞાન નહીં હોવાથી સહુ સાધન બંધન થાય છે - તેવી જ રીતે શુષ્ક જ્ઞાની સ્વાનુભવ વિના આત્માની ફક્ત વાતો જ કરે તો તે પણ વ્યર્થ છે. ભક્તિ એ સુલભમાર્ગ છે વર્તમાનમાં- "પર પ્રેમ પ્રવાહ બઢે પ્રભુસે સબ આગમ ભેદ, સુ ઉર બસે." આત્મા અપૂર્વ તત્ત્વ છે - તેને ઓળખવાથી ભેદજ્ઞાન

પ્રગટે, સુખનું વેદન થાય છે -

*"શુદ્ધબુદ્ધ ચૈતન્યઘન સ્વયં જ્યોતિસુખધામ*
*બીજું કહીએ કેટલું કર વિચારતો પામ" (આત્મસિદ્ધિ)*

આ જો સમજાઈ જાય તો હોત આસવા પરિસવા નહીં ઇનમેં સંદેહ.

અર્થાત્

"છૂટે દેહાધ્યાસ તો નહીં કર્તા તું કર્મ નહીં ભોક્તા તું તેહનો એજ ધર્મનો મર્મ"

આ કૃતિની બીજી વિશેષતા એ છે કે તેમાં સત્પુરુષ, સદ્‌ગુરુનું માહાત્મ્ય વર્ણવ્યું છે. ચારિત્રગુણના પરિણામની વિશુદ્ધિ માટે સત્પુરુષના તત્ત્વબોધ પર શ્રી રાજચંદ્ર ભાર મૂકે છે. સદ્‌ગુરુ થકી ફક્ત શુષ્ક જ્ઞાની કે ક્રિયા જડ થતા અટકાવી શકાય. મોક્ષનો અલૌકિક માર્ગ સદ્‌ગુરુ વિના મળવો દુષ્કર છે - એ ચોક્કસ નિયમ છે. જે પામ્યો છે તે જ પમાડશે - તેઓ કહે છે "બુઝી રાહત જો પ્યાસ કો હે બુઝન કી રીત,

પાવે ન હિ ગુરુગમ બિના, એહી અનાદિ સ્થિત" સદ્‌ગુરુનું બહુમાન કરતા તેઓ કહે છે કે જેણે આત્મસ્વરૂપ જાણ્યું છે એવા જ્ઞાની પુરુષનો આશ્રય કરવો "અહો સત્પુરુષના વચનો ! અહો ! મુદ્રા, અહો ! સત્સંગ. સત્દેવ સત્ગુરુ નિમિત્ત છે. નિશ્ચયથી ઉપાદાન પોતે છે. "વ્યવહાર સે હૈ દેવ જિન નિહચે સે હૈ આપ, યે હી વચનસે સમજ લે જિન પ્રવચન કી તાપ."

# ૩. પદ સાહિત્યનાં બે ઉજ્જ્વળ શિખર : મીરાં અને આનંદઘન

— પદ્મશ્રી ડો. કુમારપાળ દેસાઈ

**(જાણીતા સાહિત્યકાર જૈનદર્શનના આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત ચિંતક, ગુજરાત, સમગ્ર ભારત અને વિદેશના અનેક ગૌરવવંતા પારિતોષિક-એવોર્ડ જેમને પ્રાપ્ત થયાં છે. શિક્ષણ સાહિત્ય અને સંસ્કૃતિને અનુલક્ષીને કરેલ કાર્ય માટે ભારત સરકાર તરફથી ડો. કુમારપાળ દેસાઈને પદ્મશ્રીનો ખિતાબ એનાયત કરવામાં આવ્યો છે અને તેઓશ્રી જિનશાસનનું ગૌરવ વધારનાર તથા ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ છે.)**

મીરાં અને આનંદઘનનાં પદ-સાહિત્યમાં પ્રભુમિલનનો તીવ્ર તલસાટ અને ઉચ્ચ આધ્યાત્મજીવનના સંસ્કાર પ્રગટ થાય છે. મીરાંની કૃષ્ણભક્તિ જીવનના કોઈ આઘાતજનક બનાવમાંથી એકાએક પ્રગટેલી નથી, તે જ રીતે આનંદઘનની વૈરાગ્યવૃત્તિ કોઈ સાંસારિક ઘટનાની ઠેસથી જાગી ઊઠેલી જણાતી નથી. આ સંતોના જન્મજાત સંસ્કારોમાં જ વૈરાગ્યનાં બીજ રોપાયેલાં હોય છે, જે સમય જતાં વિકાસ પામે છે.

મીરાં અને આનંદઘન અંગે એક સામ્ય પણ જોવા મળે છે. મેડતાની ભમિ પર મીરાંનો જન્મ થયો અને એ પછી આશરે સવાસો વર્ષ બાદ એ જ ભૂમિ પર આનંદઘન વિચર્યા હશે. જ્યાં

મીરાંની પ્રેમલક્ષણા ભક્તિનું સ્વયંભૂ ઝરણું પ્રગટ થયું, તે જ ભૂમિ તપસ્વી આનંદઘનની કર્મભૂમિ બની. અહીં મીરાં અને આનંદઘનના પદ-સાહિત્યની તુલના કરવાનો ઉપક્રમ રાખ્યો છે.

આ બંને સંતોના પદો સ્વયંસ્ફુરિત છે, ક્યાંય સહેજે આયાસ માલૂમ પડતો નથી. મીરાંએ ભક્તિ અને આનંદઘનને યોગના રહસ્યને આત્મસાત્ કર્યું છે અને એ પછી બંનેએ અંતરના નિગૂઢ ભાવોને પ્રારણામય ઉલ્લાસથી ભાવવાહી વાણીમાં અભિવ્યક્ત કર્યા અથવા અભિવ્યક્ત થઈ ગયા એમ કહેવું વધુ યોગ્ય ગણાશે.

મીરાંને માટે કૃષ્ણભક્તિ જેવી સ્વાભાવિક હતી એ જ રીતે આનંદઘનજીને માટે યોગ એ ચર્ચા કે અભ્યાસનો નહીં, પણ અનુભવમાં ઊતરેલો વિષય હતો. આથી તેઓ યોગ અને આધ્યાત્મિક તત્ત્વોને રસિક અને ઉત્કટ વાણીમાં પોતાની કવિતામાં ઉતારી શક્યા છે. મીરાંની માફક આનંદઘનનાં પદોમાં અનુભૂતિ અને અભિવ્યક્તિ બંનેની વેધકતા પ્રતીત થાય છે. વિરહિણી મીરાં પિયામિલન માટે ઝૂરતાં, અકળાતાં અને તરફડતાં વિરહના આંસુ સાર્યા છે. મીરાંનું વિરહગાન તે મીરાંનું જ, અન્ય કોઈ એની તોલે ન આવે. એનો વિરહ એ કોઈ આતુર ભક્તનો વિરહ નથી, પણ પ્રેમવિહ્વળ વિરહિણીની વેદનાભરી ચીસ છે. કોઈ અન્યનું વિરહગાન એ ગાતી નથી, પણ પ્રેમની વેદી પર સર્વસ્વ સમર્પણ કરી ચૂકેલી નારીની રીતે કૃષ્ણવિરહની વેદના ઠાલવે છે.

"મૈં વિરહણી બૈઠી જાગૂં, જગત સબ સોવે રી આલી"...

વિરહની એ પીડા આનંદઘનજીએ એટલી જ તીવ્રતાથી અને તલસાટભરી રીતે વ્યક્ત કરી છે. મીરાં 'ગિરધર નાગર'ને માટે તલસે છે, તો આનંદઘન પોતાના 'મનમેલુ'ની રાહ જોતાં વિચારે છે :

*"મુને મારો કબ મિલશે મનમેલુ,*
*મનમેલુ વિણ કેલિ ન કલીએ, વાલે કવલ કોઈ વેલું."*

*('આનંદઘનનાં પદો', ભાગ ૧, પૃ. ૨૭૮)*

મનના મેળાપી વિનાની રમત એ કોઈ મૂર્ખ રેતીના કોળિયા

વાળતો હોય તેના જેવી છે. આનંદઘન તો કહે છે કે જે માનવી આ મેળાપી સાથે અંતર રાખે છે તે માનવી નહીં, પણ પથ્થર છે. 'મનમેલુ'ને મળવાની અકળામણ એટલી બધી છે કે મીરાંએ જેમ લોકલાજ છોડી હતી એ જ રીતે આનંદઘન પણ એ પતિને મેળવવા માટે મોટાંઓની મર્યાદા ત્યજીને બારણો ઊભા રહી રાહ જુએ છે એના વિના ઝૂર્યા કરે છે, આંખો જે વાટ પરથી પતિ આવવાનો છે તેની ઉપર મંડાયેલી છે. શરીર પરનાં વસ્ત્ર કે આભૂષણ સહેજે ગમતાં નથી. કીંમતી ઝવેરાત ઝેર જેવાં લાગે છે. આ અંતરના તાપને કોઈ વૈદ્ય મટાડી શકે તેવો નથી. સાસુ એક શ્વાસોચ્છ્વાસ જેટલો કાળ પણ વિશ્વાસ રાખતી નથી અને લાજ વગરની તૃષ્ણા - નણંદ સવારથી લડ્યા કરે છે. આ તનની વેદનાને તો હવે આનંદઘનના અમૃતનો વરસાદ થાય તો જ ટાઢક વળે એમ છે.

*"સાસ વિસાસ ઉસાસ ન રાખેં નણદીની*
*ગોરી ભોરી લરીરી*
*ઓર તબીબ ન તપતિ બુઝાવે,*
*આનંદઘન પીયુષ ઝરીરી."*

*('આનંદઘનનાં પદો', ભાગ ૧, પૃ. ૪૯૯)*

પહેલાં બીજાની વિરહવેદનાનો પોતે ઉપહાસ કરતી હતી, પણ જ્યારે પોતાને એ વિરહવેદનાનાં બાણ વાગ્યાં ત્યારે ખબર પડી કે આની પીડા કેટલી આકરી હોય છે ! આખા શરીરમાં શૂળની વેદના ભોંકાય છે, મન તો આ વિરહથી સતત ઓળવાતું રહે છે. આ વિદારક અનુભવ પછી હવે હું જ સહુને કહું છું કે કોઈ પ્રીત ન કરશો.

*"હસતી તબ હું વિરાનીયા, દેખી તન મન છીજ્યો હો;*
*સમજી તબ એતી કહી, કોઈ નેહ ન કીજ્યો હો."*

મીરાં જેવી ભાવની દીપ્તિ અને વ્યથાની ચોટ આનંદઘનનાં આ પદોમાં દેખાય છે. હોળી તો ફાગણ માસમાં આવે છે, પણ કવિ

આનંદઘન કહે છે કે અહીં તો અહર્નિશ અંતરમાં વેદનાની હોળી સળગ્યા કરે છે અને આ શરીરને તો રાખ કરીને ઉડાડે છે ! વિદારક વેદનાને આલેખવા માટે કવિ આનંદઘને આ પંક્તિઓમાં કેવી સુંદર કલ્પના કરીને વિરહને મૂર્તિમંત રૂપ આપ્યું છે !

*"ફાગુણ આચર એક નિસા, હોરી સીરગાની હો;*
*મેરે મન સબ દિન જરૈ, તન ખાખ ઉડાની હો."*
*('આનંદઘનનાં પદો', ભાગ ૧, પૃ. ૪૪૦)*

આ વિરહ એ સમુતિનો વિરહ છે. પોતાના ચેતનજી માટે એ તલસે છે. સુમતિ પોતાના અનુભવમિત્રને આ વિરહની વેદના કહે છે. ચાતક જેમ પીઉં પીઉં કરે, તેમ એ પતિની રટણા કરે છે. એનો જીવ પતિના પ્રેમરસને પીવા તરસ્યો છે. મન અને તન પતિની રાહમાં અસ્વસ્થ બન્યાં છે અને આ વિરહદશાને આનંદઘન અનુપમ કલ્પનાલીલાથી આલેખતાં કહે છે :

*"નિસિ અંધિઆરી મોહી હસે રે, તારે દાંત દિખાઈ,*
*ભાદુ કાદુ મેં કિયો પ્યારે, અસુઅન ધાર વહાઈ."*

અંધારી રાત, તારારૂપી દાંત દેખાડીને મારી સામે હસે છે. રાત્રી નિંદ ક્યાંથી હોય ? આ વિજોગણ તો આંસુ સારે છે અને એણે એટલાં આંસુ સાર્યાં કે ભાદરવો મહિનો કાદવવાળો બની ગયો ! મીરાંએ 'વિરહકી ફાંસડીયાં'ની વાત કરી છે, તો આનંદઘન પણ સુમતિના વિરહની વ્યથા આલેખતાં કહે છે :

*"વિરહવ્યથા કછું ઐસી વ્યાપતી, માનું કોઈ મારતી બેજા,*
*અંતક અંત કહાલું લેગો પ્યારે, માહે જીવ તું લેજા."*

વિરહની પીડા તો એવી વ્યાપે છે કે જાણે કોઈ હૃદયને તીક્ષ્ણ તીરથી વીંધતું ન હોય ! ઓ અલ્યા વિરહ, તું ક્યાં સુધી આવી પીડા આપીશ ? તારી મરજી હોય તો આ જીવ લઈને જા ને. વિરહની પીડાનો કેવો તરફડાટ કવિએ શબ્દોમાં અંકિત કર્યો છે ! આનંદઘનનાં પદો વાંચતાં જ 'દરદ દીવાની' મીરાંની યાદ મનમાં ઊપસી આવે છે.

સંસારના પામર સુખને ત્યજવાનું મીરાં અને આનંદઘન બંને કહે છે. મીરાં એ સંસારસુખને 'ઝાંઝવાનાં નીર' જેવું તુચ્છ અને 'પરણીને રંડાવું પાછું' હોવાથી એને કાચું સુખ ગણે છે. આવા સંસારના કેટલાય કટુ અનુભવો મીરાંને એના જીવનમાં થયા છે. સંસારનો કાચો રંગ તો ઊડી જ જવાનો. કવિ આનંદઘન પણ મમતાની સોબતમાં પડેલા માનવીને જાગવા કહે છે. શુદ્ધ ચેતના પોતના પતિ ચેતનને સંસારના મોહમાંથી જગાડવા માટે અનુભવમિત્રને વિનંતી કરે છે. જે માનવી સંસારના મોહમાં ફસાયેલો છે, એ તો આનંદઘનના કહેવા પ્રમાણે અજાગલ સ્તનમાંથી દૂધ મેળવવાની વ્યર્થ આશો ફાંફા મારતો જ કહેવાય.

*"અનુભવ નાથકું ક્યું ન જગાવે,*
*મમતા સંગ સો પાય અજાગલ, થન તેં દૂધ કહાવે."*

*('આનંદઘનનાં પદો', ભાગ ૧, પૃ. ૧૭૬)*

સંસારના સ્વપ્રવત્ સુખમાં રાચતા માનવીને આનંદઘન હીરાને છોડી દઈને માયારૂપ કાંકરા પર મોહ પામતો બતાવે છે. એની દશા ભારે બૂરી થાય છે. જેમ નરપશુ એકાએક હુમલો કરીને બકરીને મારી નાખે છે, એવી રીતે આવા માનવીને કાળ ગ્રસી જાય છે. કવિ કહે છે :

*"સુપનકો રાજ સાચ કરી માચત,*
*રાહત છાહ ગગન બદરીરી,*
*આઈ અચાનક કાલ તોપચી,*
*ગહેગો જ્યું નાહર બકરીરી."*

'સંસારીના સુખ'ને ત્યજનારી મીરાંને સંસાર તરફથી કેટલી કેટલી આફતોનો સામનો કરવો પડ્યો હતો ! સાસરવાસ અને મહિયર ત્યજીને એણે કાશી, વૃંદાવન સેવ્યાં અને છેવટે દ્વારકમાં વાસ કર્યો. જગત અને ભગત વચ્ચે આ સનાતન દ્વંદ્વ ખેલાતું આવ્યું છે. આથી જ મીરાં કહે છે કે જેને ઘેર સંત પરોણો ના'વે, તેના ઘેર શા માટે જવું ? પોતાની સાંસારિક સ્થિતિને વ્યક્ત કરતાં મીરાં

ગાઈ ઊઠે છે :

*"સાસરો મારો અગ્નિનો ભડકો, સાસુ સદાની શૂળી રે,*
*એની પ્રત્યે મારું કાંઈ ના ચાલે રે, એને આંગણિયે નાખું પૂળી રે."*

*('મીરાંનાં પદો', સંપાદક : ભૂપેન્દ્ર બાલકૃષ્ણ ત્રિવેદી, પૃ. ૧૬૪-૧૬૫)*

સાસુ, સસરો, જેઠાણી, દેરાણી, નણંદ અને પડોશણ એ બધાં મીરાંને પરેશાન કરે છે, પરંતુ મીરાં તો આ બધાંથી બેપરવા બનીને પોતાની મસ્તીમાં જ આંગણામાં 'થૈ', 'થૈ' નાચે છે. કવિ આનંદઘન પણ સાંસારિક સંબંધોને આ રીતે આલેખે છે. તેઓ કહે છે કે ચેતન જે નારીના મોહમાં અંધ બન્યો છે એને ક્રોધ અને માન નામના બે દીકરા થયા છે, જેને લોકો તમાચા મારે છે. એને લોભ નામનો જમાઈ છે અને માયા નામની દીકરી છે, અને એવો એનો પરિવાર વધતો જાય છે :

*"ક્રોધ, માન બેટા ભયે હો, દેત ચપેટા લોક;*
*લોભ જમાઈ માયા સુતા હો, એહ વઢ્યો પરિમોહ."*

*('આનંદઘનનાં પદો', ભાગ ૨, પૃ. ૩૦૧)*

કવિ આનંદઘન એ જ રીતે કહે છે કે માતા-પિતા, સગાંસંબંધી અને નાતીલાંની વાત તો સાવ વાહિયાત લાગે છે. જેણે એક વખત સત્સંગનો રસ ચાખ્યો એને બીજા કોઈ રસનો સ્વાદ લાગતો નથી. સંસારનાં સગાંઓ આ રસને સમજી શકતાં નથી અને એથી જ એની નિંદા કરે છે. કવિ કહે છે :

*"માત તાત સજ્જન જાત, વાત કરત હૈ મોરી,*
*ચાખેં રસકી ક્યું કરી છૂટે ? સુરિજન સુરિજન ટોરી હો."*
*એથી ય વધુ મસ્તીમાં આવી આનંદઘન બોલી ઊઠે છે :*
*"ભ્રાત ન માત ન તાત ગાત ન, જાત ન વાત લાગત ગોરી;*
*મેરે સબ દિન દરસન ફરસન, તાન સુધારસ પાન પગોરી."*

"મારે કોઈ ભાઈ નથી, માતા નથી, પિતા નથી, સગાં કે સંબંધી નથી. તેઓની વાત મને ગોઠતી નથી. મારે તો સઘળાં

દિવસો એનું જ દર્શન, એનું જ તાન, એનું જ પૂજન, એનું જ ગાન.''

આવા સાંસારિક સંબંધો સરી જાય છે, માયાની મમતા ભેદાઈ જાય છે, ત્યારે મીરાંના વિષનો પ્યાલો અમૃત બને છે. આનંદઘનની મસ્તી નિરામય આનંદમાં લીન બને છે. મીરાં કહે છે કે 'પ્રેમનો પિયાલો મેં પીધો રે', જ્યારે આનંદઘન કહે છે કે :

*''જ્ઞાનસિંધૂ મથિત પાઈ, પ્રેમ પીયૂષ કટોરી હો;*
*મોહત આનંદઘન પ્રભુ શિશધર, દેખત દૃષ્ટિ ચકોરી.''*

*('આનંદઘનનાં પદો', ભાગ ૧, પૃ. ૩૯૪)*

મીરાંને 'રામ રતન ધન' મળતાં આનંદની કોઈ સીમા રહેતી નથી, જ્યારે આનંદઘન 'શ્રી વિમલનાથજિનસ્તવન'માં 'ધીંગ ધણી માથે કિયાં રે' કહીને પોતાનાં સઘળાં દુઃખ અને દુર્ભાગ્ય દૂર થયાનો આનંદ પ્રગટ કરે છે. અને કેવો છે આ બંને સંતોનો પ્રભુપ્રેમ !

*મીરાં કહે છે :*

*''મેરે તો પ્રભુ ગિરધર ગોપાલ, દૂસરા ન કોઈ રે.''*

*તો આનંદઘનના 'ઋષભ જિન સ્તવન'માં એ જ પ્રભુપ્રીતિનો પ્રતિધ્વનિ ગુંજે છે :*

*''ઋષભ જિણેસર પ્રતીમ માહરા, ઓર ન ચાહું રે કંત.''*

'મુખડાની માયા' લાગતાં 'પ્રીત પૂરવની' જાગે, પછી તો એ પ્રિયતમ જેમ રાખે તેમ રહેવાનું હોય ! મીરાં કહે છે કે 'રામ રાખે તેમ રહિએ' કારણ કે પોતે તો 'ચિઠ્ઠીની ચાકર' છે. મીરાં આર્જવભરી વાણીથી કહે છે કે એને તો આ ચાકરી જોઈએ છે અને એ ચાકરીમાં ભગવાનનું સ્મરણ માગે છે. ખરચીમાં શામળિયાનું દર્શન માગે છે અને વધારામાં ગિરધારીની ઝાઝેરી ભક્તિ ચાહે છે. આથી જ એ કહે છે કે 'હરિ મને પાર ઉતાર.' તે માટે 'હું તને નમી નમીને વિનંતી' કરું છું.

મીરાં ભક્ત હતી તો આનંદઘન મર્મી સંત હતા. એ કહે છે કે હું તો કશું જ જાણતો નથી. માત્ર તારા દ્વાર ઉપર આવીને

તારા ગુણોનું રટણ જ કરી જાણું છું. આમ મીરાંની ભક્તિમાં મૃદુતા પ્રગટ થાય છે, તો આનંદઘનમાં મસ્તીનો ઉછાળ અનુભવાય છે. એ કહે છે :

*"અવધૂ ક્યા માગું ગુન હીના, વૈન ગુનગુનન પુવીના,*
*ગાય ન જાનું, બજાય ન જાનું, ન જાનું સુરમેવા."*

મીરાંના પદોમાં જેમ અખંડ વરની પ્રાપ્તિનો આનંદ છે, એ જ રીતે આનંદઘનમાં પોતે સુહાગણ બની એનો ઉંમગ જોવા મળે છે. મીરાં જેમ 'પ્રેમની કટોરી'થી ઘાયલ થઈ છે, તેમ આનંદઘન પ્રેમના રામબાણથી વીંધાયેલા છે.

*"કહાં દિખાવું ઔર કું, કહાં સમજાઉં ભોર;*
*તીર અચૂક હૈ પ્રેમકા, લાગે સૌ રહે ઠોર."*

કવિ કહે છે કે આ પ્રેમના તીરનો ઘા હું બીજાને બતાવું કઈ રીતે ? વળી બીજા એનું સ્વરૂપ પણ ક્યાંથી સમજી શકે ? મીરાંની માફક તેઓ પણ 'ઘાયલ કી ગત ઘાયલ જાને' કહે છે. એથીય વિશેષ આનંદઘન કહે છે કે આ પ્રેમનું તીર એવું 'અચૂક' છે કે જેને તે વાગે છે તે વાગેલું જ રહે છે. અને આ 'પ્રેમ સુહાગણ' નારી પોતાના પ્રિયતમનાં અંગોની સેવા કરે છે, ત્યારે સુંદર રૂપક-લીલાથી આનંદઘન કહે છે કે એના હાથે ભક્તિના રંગની મહેંદી ઊગી નીકળે છે, અત્યંત સુખદાયક ભાવરૂપ અંજન આંજે છે, સહજ સ્વભાવરૂપ ચૂડી પહેરે છે, સ્થિરતારૂપ કંકણ ધારણ કરે છે, ધ્યાન એને ખોળામાં લે છે, સૂરતનો સિંદૂર એની સેંથીમાં પુરાય છે, અનાસક્તિરૂપ અંબોડો વાળે છે, જ્યોતિનો પ્રકાશ એના અંતરઆત્માના ત્રિભુવનમાં પ્રગટે છે અને કેવળજ્ઞાનરૂપ અરીસો હાથમાં લે છે. આ પદમાં કવિએ 'અનુભવરસ'થી સૌભાગ્યવતી બનેલી નારીના આનંદ-શણગારને રૂપકથી મનોરમ રીતે શણગાર્યા છે. અને છેલ્લે અંતરની એ આનંદમય દશાને આલેખતાં કવિ કહે છે :

*"ઉપજી ધુની અજપાકી અનહદ, જિત નગારે વારી;*
*ઝડી સદા આનંદઘન બરખત, વનમોર એક તારી."*

શુદ્ધ ચેતનાના મંદિરમાં ચેતન આવે છે, અવર્ણનીય મેળાપ થાય છે અને આત્મસ્વરૂપનું દર્શન થાય છે. આ સમયે વિચાર આવે છે કે આમાં કરનારો કોણ અને કરણી કોની ? વળી આનો હિસાબ પણ કોણ માગશે ? કવિ આનંદઘન કહે છે :

"સાધુ ભાઈ ! અપના રૂપ દેખા, સાધુ ભાઈ ! અપના રૂપ દેખા,"

*કરતા કૌન કૌન કુની કરની ? કૌન માગેગા લેખા ?*

*('આનદઘનનાં પદો', ભાગ ૨, પૃ. ૧૨૬)*

આ સમયે કેવા આનંદના દિવસો વિત્યા છે, તેનું સુમતિના મુખે આલેખન કરતાં કવિ કહે છે કે, હે ચેતન ! તારી મીઠાં બોલ પર હું વારી જાઉં છું. તારા સિવાય બીજા બધા મને બૂરા લાગે છે. હવે તારા વિના મારાથી રહેવાશે નહીં. સુમતિ કહે છે :

*"મેરે જીયકું કલ ન પરત હૈ, બિનું તેરે મુખ દીઠડે;*
*પ્રેમ પીયાલાં પીવત પીવત, લાલન ! સબ દિન નીઠડે."*

*આ સમયે 'સોહં સોહં'નો ધ્વનિ ગૂંજવા લાગે છે. કવિ આનંદઘનને તો આ સિવાય બીજો કોઈ વિચાર કરવો પસંદ જ નથી :*

*"ચેતન ! ઐસા જ્ઞાન વિચારો,*
*સોહં સોહં સોહં સોહં, સોહં અણુ ન બીયા સારો."*

*('આનદઘનનાં પદો', ભાગ ૨, પૃ. ૨૪૯)*

અંતરને બારણે અનાહત્ નાદના વિજયડંકા બજયડંકા બજવા માંડે છે. આનંદરાશિરૂપ વર્ષા મૂશળધાર વરસવા માંડે છે. અને વનના મયૂરો એકતારરૂપ થઈ જાય એવી એકરૂપતા સુમતિ અને ચેતન વચ્ચે સધાય છે.

મીરાં અને આનંદઘનનાં પદોમાં નિરૂપણનું લાલિત્ય સરખું છે, પરંતુ બંનેનો આલેખ્ય વિષય તદ્દન ભિન્ન છે. મીરાં પ્રણયની નિર્વ્યાજ અનુભૂતિનું સાહજિક આલેખન કરે છે, જ્યારે આનંદઘનમાં એ પ્રણય સુમતિ અને ચેતનના આત્મપિપાસુ પ્રણયના પરિવેશમાં લપેટાયેલો

છે. મીરાં કહે છે કે એણે તો 'પ્રેમ આંસું ડાર ડાર અમર વેલ બોઈ.' આમ મીરાંએ આલેખેલા પ્રણયમાં એ પોતે જ પાત્રરૂપે આવે છે. જ્યારે આનંદઘનમાં તો કવિ પ્રણયાલેખનમાં પણ અધ્યાત્મભાવને વ્યક્ત કરતાં રૂપકો આલેખે છે. મીરાંનાં પદોમાં આવતાં પાત્રો એ સ્થૂળ સંસારના પાત્રો છે, જ્યારે આનંદઘનમાં આવતાં પાત્રો એ કોઈ આત્મઅનુભવના પ્રતિકરૂપે આલેખાયેલાં રૂપકો છે. ચેતન પતિ, સુમતિ પત્ની, કુમતિ શોક્ય, જ્ઞાન (અનુભવ) અને વિવેક એ સુમતિના ભાઈઓ તેમજ ચેતનના મિત્રો છે.

પ્રેમવિરહિણી મીરાંનાં પદોમાં આત્મલક્ષિતા વધુ લાગે છે. જ્યારે જ્ઞાની આનંદઘનનાં પદો પ્રમાણમાં વધુ પરલક્ષી છે. મીરાંમાં જે નારીહૃદયના ઉદ્દગારો છે, એ જ પ્રકારના ઉદ્દગારો આનંદઘનમાં મળે છે, પણ ત્યાં એ ઉદ્દગારોને કવિ રૂપક તરીકે આલેખે છે. આથી મીરાંનાં પદોમાં તાદાત્મ્ય અને આનંદઘનનાં પદોમાં તટસ્થતા અનુભવાય છે. મીરાંની વેદના એના હૃદયમાંથી નીતરે છે, તો આનંદઘનની વેદના એ મર્મી સંતની વેદના છે. આનંદઘનની ભક્તિ એ અખાના જેવી છે. એમાં જ્ઞાનને અનુષંગે આવતી ભક્તિ જોવા મળે છે. જ્ઞાન જ્યારે ઉચ્ચ કોટિએ પહોંચે છે, ત્યારે ભક્તિનું સ્વરૂપ ધારણ કરે છે તે આનંદઘનમાં દેખાય છે. ભક્તિ જ્યારે ઉચ્ચ કોટિએ પહોંચે છે, ત્યારે આપોઆપ દર્શન પ્રાપ્ત થાય છે એ મીરાંમાં દેખાય છે. આનંદઘનની ભક્તિ તત્ત્વજ્ઞાનને અનુષંગે થતી ભક્તિ છે. આથી એમનાં રૂપકોમાં પણ રહસ્યવાદ જોવા મળે છે. આમ છતાં મીરાં જેટલી તદાકારતા અને સચોટતા આનંદઘન એમનાં પદોમાં સાધી શક્યા છે, તે પદકવિ તરીકેની તેમની વિશિષ્ટ સિદ્ધિ ગણાય. પદના સ્વરૂપમાં મીરાંએ ભક્તિ અને આનંદઘને મસ્તી રેલાવી છે. બંને કવિઓએ આ પદોમાં પોતાના આત્માનુભવનું બયાન કરવાની સાથોસાથ પદસાહિત્યમાં અવિસ્મરણીય સ્થાન મેળવ્યું છે.

# ૪. શ્રી મુનિચંદ્રજીકૃત "વર્ષો ખોવાય એનુ કાંઈ નહીં ?"

— જિતેન્દ્ર કામદાર

**(જિતેન્દ્ર કામદાર યોગ સાધક, જૈનધર્મના અભ્યાસુ અને અધ્યાત્મરસિક છે તેઓ શાંતિનિકેતન સાધના કેન્દ્ર સાથે સંકળાયેલા છે.)**

**સ્વ.** પૂ. મુનિચંદ્રજી 'બંધુત્રિપુટી'

કવિ આનંદના ઉપનામથી તેઓશ્રીએ કરેલી કેટલી હૃદયસ્પર્શી રચનાઓમાંની એક રચના :

ખૂબ ખૂબસૂરત આ અણમોલી જિંદગી,
વ્યર્થ વહી જાય એનું કાંઈ નહીં ?
વસ્તુ ખોવાય એની થાય અહીં વેદના
ને વર્ષો ખોવાય એનું કાંઈ નહીં ?
ઉચ્છ્વાસે ઉચ્છ્વાસે આયુનું સુકાતું
સરવરિયુ થાય સાવ ખાલી.
વર્ષો પર વર્ષો તો જાય અહીં વીતી,
ને ઈચ્છાનું ખપ્પર રે ખાલી.
આશાના દોર પર જીવનભર નાચીને
ક્ષણમાં પછડાય એનું કાંઈ નહીં ?
અશ્વની જેમ દોડીને હાંફે છે માનવી,
પહેલો ક્રમ લેવાની રેસમાં,
લોહીલુહાણ થાય તોયે માને છે સુખ,
રૂપિયા ભરેલ સૂટકેશમાં,

*સોનાની લ્હાય મહી શાંતિના શ્વાસ બધા*
*ગીરવે મુકાય એનુ કાંઈ નહીં ?*
*ખૂબ ખૂબસૂરત આ અણમોલી જિંદગી,*
*વ્યર્થ વહી જાય એનું કાંઈ નહીં !*
*વસ્તુ ખોવાય એની થાય અહીં વેદના*
*ને વર્ષો ખોવાય એનું કાંઈ નહીં ?*

-પૂ. મુનિચંદ્રજી મહારાજ (બંધુત્રિપુટી)
'કવિ આનંદ'

કવિતાને ઈશ્વરનું ફાર્મ હાઉસ કહેનારા કવિએ આ કાવ્યમાં પ્રશ્ન કર્યો કે મોંઘેરા મનુષ્યજીવનની ખરી કિંમત આપણે સૌ સમજ્યા છીએ ખરા ? જો સમજ્યા હોઈએ તો તેની પળેપળ વહી જતી ક્ષણોનો - સમયનો આપણે કઈ રીતે ઉપયોગ કરીએ છીએ તેનો ક્યારેય શાંતિથી વિચાર કર્યો છે ખરો ? સાવ સામાન્ય બુદ્ધિ ધરાવતા મનુષ્યથી લઈને પ્રખર જ્ઞાની-પંડિત-મુનિ સૌ કોઈ આ ખૂબ ખૂબસુરત વહી જતી અણમોલ જિંદગી વિશે કેટલા સભાન છે ? જન્મ, બાળપણ, કિશોરવય જિંદગી વિશે કેટલા સભાન છે ? જન્મ, બાળપણ, કિશોરવય-યુવાની, ગૃહસ્થી, પ્રૌઢવય વગેરે એક પછી એક પડાવ ઓળંગતા ઓળંગતા જીવનના ૫૦-૫૦, ૬૦-૬૦, ૭૦-૭૦ વર્ષો પસાર થઈ જાય અને છતાંય એ ન સમજાય કે ઈશ્વરે આપણને આ દુનિયામાં શું કામે મોકલ્યા હતા ? કેટલી મોટી કરૂણતા ?

કવિ વારંવાર કહે છે કે ખૂબ ખૂબસુરત રીતે માણવા જેવી અણમોલ જિંદગી આપણને મળી છે. અચાનક કઈ ઘડીએ તેનો અંત આવી જશે તે કોઈપણ જાણતુ નથી. એકવાર ગયેલો સમય, અરે એક પણ વિતેલી પળ ફરીવાર આવતી નથી. માટે હે જીવ, હવે જરા થોભ, કંઈક વિચાર કર. તારા જીવનની સંધ્યા ઢળવા આવી છે. અને હજી તારા જીવનસંગીત વાગવાની શરૂઆત પણ થઈ નથી.

ગઈ ગુજરી, ગયેલો સમય હવે ભુલી જા. જે કંઈ શેષ જીવન હજી હાથમાં રહ્યુ છે ત્યાં સુધી તારા જીવનબાગમાં જે કંઈ તે વાવ્યુ છે, ઉગ્યું છે તેને લણી લે.

પુજ્ય ગાંધીજી કહેતા કે સમય નિર્દય દુશ્મન છે, ને પ્રેમાળ મિત્ર પણ છે. એના નિયંત્રણમાં રહીશું તો તે આપણને હણી નાખશે પણ એ આપણા કાબૂમાં હશે તો આપણે તેને લણી નાખીશું.

આ જાય સમય, ઓ જાય સમય,

ના પલભર એ રોકાય સમય.

પકડું પકડું થાય મને ને હાથતાળી દૈ જાય સમય.

આમ માયાના ખેલમાં રાચતા એવા આપણા હાથમાંથી જે સમય સરી જાય તેનો પળેપળનો સદુપયોગ કરી લેવો અને જીવનવિકાસ, આત્મવિકાસ એવો સાધી લેવો કે જેથી વીતેલા સમયનો આપણને રંજ ન થાય. જીવનના વર્ષો પર વર્ષો વિતતા જાય અને આપણો આત્મા ગુણવિકાસ પામતો જાય. જીવન મધુરૂં મધુરૂં, ભર્યું ભર્યું, પ્રસન્નતાભર્યુ વિતે તેવું આયોજન દરેક જીવે પોતાના હાથમાં રહેલા હવે પછીના જીવન માટે કરી લેવું જોઈએ.

# પ્રયોગનીષ્ઠ આચાર્ય બુદ્ધિસાગરજી કૃત ભજનમાં વ્યક્ત થતી આત્માનુભૂતિ

**– ડો. રેણુકાબેન પોરવાલ**

**(ડો. રેણુકાબેન પોરવાલ, (બીએસસી, એલએલબી, પીએચ.ડી., ડીપ્લોમાં જૈનોલોજી, પીજીડીપ્લોમાં ઇન્ડિયન એસ્થેટિક્સ-મેન્યુસ્ક્રીપ્ટ) જૈન ધર્મના વિવિધ વિષયો પર પ્રવચન-સંશોધક તથા જૈન જગતના તંત્રી છે)**

હું અહીં બુદ્ધિસાગરજી કૃત બાર ભજનસંગ્રહોના ચાર હજારથી પણ વધુ ભજનોમાંથી મારી પ્રિય કૃતિમાં થતી આત્માનુભૂતિની વાત કરીશ. ભજનનું શીર્ષક છે. 'અલખ દેશમાં હંસને પ્રેરણા.' એમાં ચાર પંક્તિઓની એક એવી ચાર કડીઓ છે.

*હંસા ચલો રે અલખ નિજ દેશમાં જી*
*જ્યાં છે ઝળહળ જ્યોતિ અપાર રે હંસા...ટેક૦*
*હંસા વિના રે વાદળ ચમકે વીજળીજી*
*નહીં જ્યાં અવરતણો આધાર રે.... હંસા...(૧)*

અધ્યાત્મયોગીઓ જીવાત્માને હંસ તરીકે સંબોધે છે કારણકે હંસ ક્ષીર-નીરની વિવેકદૃષ્ટિ અને સારું-નરસુંની સમજશક્તિથી યુક્ત હોય છે. જીવાત્મા જ્યારે પોતાના અલખ અરૂપી અજર અમર આત્મામાં રમમાણ થાય છે ત્યારે તેને ત્યાં ઝળહળતો પ્રકાશ નિહાળવા મળે છે. આ પ્રકાશ સ્વયંભૂ હોવાથી અન્ય કોઈની સહાય વિના વીજળીની જેમ ઝબૂકે છે જેની સાથે સહજ સુખાનંદની ખુમારી પણ ચેતન અનુભવે છે. સંત મહાત્માને થતાં આવા આત્માનુભવોનું વર્ણન

સાંભળી ભજન ગાનાર અને સાંભળનાર બંને પોતાના મનને મિથ્યા ભૌતિક ભોગ-ઉપભોગમાંથી ખેંચી લઈ સ્વઆત્મામાં લીન કરે છે.

બહિર્આત્મામાં સતત રમણ કરતાં સંસારી જીવો સુખ સગવડો અને ઋણાનુબંધી સંબંધોને જ સાચું સુખ માને છે જ્યાં સુધી એનો વિયોગ ન થાય. તેને (જીવને) આત્મપ્રદેશ શું છે કે ત્યાં શા અનુભવો થાય છે એનો આછેરો ખ્યાલ પણ હોતો નથી. મૂઢ મતિને કારણે (જીવાત્મા)તે ક્ષણભંગુર દેહની આળપંપાળ કરે છે. શ્રીમદ્ આનંદઘનજીના પદ અનુસાર જીવ દેહની ખૂબ સારસંભાર લે છે. તેને રોજ મધુર ભોજન, પાન, કંદોરા, સુંદર આભૂષણો વગેરેથી ખૂબ લાડ લડાવે છે.

*"पट आभूषण सूंघा चूआ अनशन पान नित्य न्यारे*
*फेर दिन खटरस तोंये सुंदर ते सब मिलकर डारे*
*अब चलो संग हमारे काया तुम चलो संग हमारे..."*

આ પ્રમાણે જીવાત્માનો ઘણો આગ્રહ છતાં દેહ તેની સાથે જવા માટે શક્તિમાન નથી. જીવ એને છોડીને જતાં જ એ (દેહ) નિશ્ચેતન થઈ ઢળી પડે છે. જીવ ચતુર્ગતિમાં ભ્રમણ કરવા એકલો જ નીકળી પડે છે.

આચાર્ય કવિ, બુદ્ધિસાગરજી ભજનની બીજી કડીમાં આત્મપ્રદેશનું વર્ણન કરે છે. તેઓ કહે છે કે આત્મશક્તિ જાગૃત થતાં બંધ આંખોએ પણ નજર સામે સર્વ દશ્ય ખડું થાય છે. અહીં ચેતનને નિંદ્રા આવતી નથી.

*"હંસા વિના રે આંખ જિહાં દેખવું જી*
*નહિ જિહાં નિંદ્રા આવે લગાર રે*
*હંસા પામ્યા પછી નહીં જ્યાં પામવું જી*
*એ તો નિશ્ચયપદ નિરધાર રે"......... હંસા. (૨)*

જીવ પહેલા મિથ્યાદષ્ટિ અવસ્થામાં દર્શન મોહનીય કર્મથી આવૃત હતો જેને કારણે એને સ્વઆત્માની ઓળખ કરવાની રુચિ

થઈ નહિ. જ્યારે તે આત્મખેડાણ કરવા માટે સંતોનું આહ્‌વાન સાંભળે છે ત્યારે તે અંતરઆત્મામાં આત્મિક સામર્થ્ય કેળવવા કમર કસે છે. ધીરેધીરે તે પોતાની આત્મિક શક્તિઓનો વિકાસ કરે છે. તેની નિંદ્રા ઘટતી જઈ અંતે નહિવત્ થઈ જાય છે તેનો પ્રમાદ સદંતર દૂર થાય છે અને આમ તે છઠ્ઠા ગુણસ્થાનકની પ્રમત્તસંયત અવસ્થા પ્રાપ્ત કરે છે.

સ્વઆત્મામાં રમણ કરતો આત્મા ઉત્તરોત્તર આત્મિકસિદ્ધિ વધારતો આગળ વધે છે. એ વીતરાગ કથિત માર્ગને અનુસરે છે. સતત સ્વાધ્યાય અને પાંચ મહાવ્રતથી યુક્ત થઈ તે આત્મિક સામર્થ્ય પ્રાપ્ત કરે છે. જેનો ઉપયોગ તે લોકકલ્યાણ માટે કરે છે. જૈનદર્શનમાં નિશ્ચયનય અને વ્યવહારનય ઉભયની આવશ્યકતા પર ભાર મૂકાયો છે. એ માર્ગે આગળ વધતા અંતે નિશ્ચય જ મુખ્યપણે રહે છે. આત્માએ પણ વ્યવહારનયની ગૌણતા રાખી અનેકાંતદૃષ્ટિથી મોક્ષમાર્ગે આગળ વધવાનું છે. નિશ્ચયદૃષ્ટિ વડે આત્મા શુદ્ધબુદ્ધ પરમાત્મા છે અને એનામાં આત્મિક આનંદપૂર્ણ સ્વરૂપે પ્રગટે બીજું કંઈ પામવાનું રહેતું નથી. ગુરૂદેવે આ ભજનમાં આત્મસાધનાનો અપૂર્વ મહિમા ગાયો છે. સાચા સંત મહાપુરુષોના હૃદયોમાંથી આપોઆપ રેલાતી વાણી એ જ ભજનામૃત છે.

શ્રીમદ્ આનંદઘનજીનું આશાવરીરાગનું પદ આવું જ વિરલ છે જેમાંથી અદ્વિતીય જ્ઞાનસુધારસ આપોઆપ વહેતો અનુવાય છે.

अगम पियालो पीयो मतवाला चिन्ही अध्यातम वासा...
आनंदधन चैतन वै खेले, देखे लोक तमाशा.....
आशा और न की क्या कीजे....( २ )....ज्ञान सुधारसपीजे

ભાવાર્થ : હે આત્મન્ ! અગમ અનુભવ પ્રેમ રસનો તું સ્વાદ લઈ લે. એને સંપૂર્ણ પીવાથી સાધકને અનુભવ રસની એવી ખુમારી ચઢે છે કે એ કોઈની પરવાહ નથી કરતો.

ભજનની ત્રીજી કડીમાં આચાર્યશ્રી આત્માના ઉડ્ડયનની વાત કરે છે.

*"હંસા ગગનગઢે જઈ મ્હાલવું જી*
*દિશા પશ્ચિમ ખોલી દ્વાર*
*હંસા અજપાજાપે જિહાં પહોંચવું જી*
*નિરાકાર ને જે સાકાર..........." હંસા.....(૩)*

ભજનની ચોથી અંતિમ કડીમાં હંસને મોતીનો ચારો ચરતાં દર્શાવી કવિ સાધકની આત્માની ઉત્કૃષ્ટ અવસ્થા બતાવે છે. કવિ આત્માની ઉચ્ચ દશાને મોતી ચરતા હંસનું રૂપક આપે છે. આત્મા એકવાર શુદ્ધ સ્વરૂપમાં આવે છે જ્યારે એ નિર્વિકલ્પ દશા પામે છે ત્યારબાદ એ આત્મિકગુણોનું જ ચિંતન કરે છે. આત્મસ્વરૂપ નિરખવા માટે હંસદૃષ્ટિ જ જોઈએ.

*"ચરે ચારો મોતીડાંનો હંસલોજી*
*દેખે તેહીજ હંસ વિચાર*
*હંસા બુદ્ધિસાગર પદ ધ્યાવતાંજી*
*ત્હારો નાવે ફરી અવતાર."...... હંસા (૪)*

આત્મામાં અનંત શક્તિઓ સૂક્ષ્મપણે સંગ્રહિત થયેલી હોય છે જેમ બીજમાંથી વૃક્ષ પેદા થાય છે તે રીતે જીવ કર્મનો ક્ષય કરી આત્મા પર વિજય મેળવી પરમાત્મપદ પામે છે. જેથી ફરી અવતાર ન આવે. ગુરૂદેવની પોતાની દૃષ્ટિ હંસ હતી. તેઓ સર્વ પાસે સારું જ ગ્રહણ કરતા. તેમણે જ્ઞાન, વૈરાગ્ય, તપ, ત્યાગ, તિતિક્ષા અને અધ્યાત્મરંગથી જીવનને એવું ભીંજવ્યું હતું કે તેમના હૃદયમાંથી ગૂંજતા નાદ વડે ભજનના શબ્દો આલેખાયેલા મળે છે.

તેમના ભજનકાવ્યોનો આલાપ ઉત્તર ગુજરાતના ગામડાંઓમાં ગૂંજતો હતો. ભજનની અંતિમ કડીમાં આત્માની વીતરાગ દશાથી ઉદ્ભવતી સર્વજ્ઞપણાની સ્થિતિનું વર્ણન કરે છે. જે રીતે હંસને મોતીનો ચારો લાધે છે અને તે ચરે છે તે જ રીતે આત્માને સર્વજ્ઞપણું પ્રાપ્ત થાય છે. અહીં અજરામર પદે પહોંચ્યા પછી દેહ ફરી અવતરતો નથી જે ૧૩ અને ૧૪મું ગુણસ્થાનક સયોગીકેવલી અને અયોગી કેવલી કહેવાય છે.

આજના ભૌતિક યુગમાં આત્મા શું છે કે એની ઉપલબ્ધિ કઈ છે એ જાણવું એ વિતંડાવાદ છે. રત્નત્રયી અને નવતત્વના ઉપદેશો પણ વાચક પર ધારી અસર ઉપજાવી શકતા નથી. વ્યક્તિ જ્યારે આત્મજ્ઞાની ગુરુજનોના અનુભવરસની ચિદાનંદ અવસ્થાનું તાદૃશ વર્ણન સાંભળે છે ત્યારે એને એનો રસાસ્વાદ કરવાનું મન થાય છે. આમ ભજનોનો અદ્ભુત ખજાનો-અધ્યાત્મજ્ઞાન પણ ભવિષ્યમાં યોગવિદ્યાની જેમ પ્રકાશમાં આવશે.

ભજનમાં વ્યક્ત થતો રસઃ 'અલખ દેશમાં હંસને પ્રેરણા'ના ભજનમાં આત્માનુભવ સાથે પ્રભુ-પરમાત્મ ભક્તિ છે પરંતુ એમાં વૈરાગ્યરસ અને અધ્યાત્મ રસ વહે છે જે જીવને દુઃખમાંથી મુક્તિ અપાવે છે.

**ભજનની ભાષા અને અલંકાર** : ભજનની ભાષા સરળ ગુજરાતી છે. સંપૂર્ણ ભજનમાં રૂપક, પ્રાસઅનુપ્રાસ અને વર્ણસગાઈ અલંકાર નજરે પડે છે. કવિ 'વ' અક્ષરથી શરૂ થતાં શબ્દોથી કાવ્યપંક્તિની ગૂંથણી કરે છે. "હંસા, વિના રે વાદળ ચમકે વિજળે રે." ઉપરાંત અહીં જિહાં, નિંદ્રા, વગેરે પ્રાસ અનુપ્રાસવાળા શબ્દો પણ કવિએ વાપર્યા છે. તે ઉપરાંત આત્માને હંસનું રૂપક આપ્યું છે. ગુરૂદેવની અધ્યાત્મરૂચી : આત્માનો મૂળ સ્વભાવ જ્ઞાનાનંદ છે. એ કર્મ સાથે આશ્લેષ કરી દુઃખી થાય છે. પ્રત્યેક મનુષ્ય જો આત્મસ્વરૂપનું શુદ્ધ જ્ઞાન અવલોકે તો એને દુઃખમાંથી મુક્તિ મળે છે. ગુરૂદેવ આત્મજ્ઞાનનું લક્ષ રાખી સાકાર-નિરાકાર ભક્તિ, વ્યવહાર-નિશ્ચયનય એમ ઉભયને સાથે રાખી પોતાને થયેલ સ્વાનુભવોનો સ્પષ્ટ ચિતાર ભવ્ય જીવો, સમક્ષ વર્ણવે છે. જેથી તેઓ પણ અધ્યાત્મજ્ઞાનમાં રુચિ કેળવે.

**કાવ્ય તત્ત્વ :**

તેમના ભજનમાં લાગણી, ઊર્મિ અને ભાવની અભિવ્યક્તિ નિખાલસપણે અભિવ્યક્ત થયેલ મળે છે. વળી અહીં તત્ત્વજ્ઞાન સાથે સ્વાનુભવનો સંગમ છે.

અહીં ગેયત્વને પ્રાધાન્ય અપાયું છે.

# મહોપાધ્યાય શ્રી વિનયવિજયજી વિરચિત શ્રી શાંતસુધારસ

– શ્રી જયશ્રીબેન દોશી

**(શ્રી જયશ્રીબેન દોશી (બી.એ.; એમ.એ; ઈકોનોમિક્સ, બી.એ., અર્ધમાગધી) જૈનધર્મના અભ્યાસી અધ્યાત્મ-લેખન-મનન અને સર્જનની પ્રવૃતિમાં રત રહે છે.)**

પરમજ્ઞાની પૂજ્ય મહોપાધ્યાય શ્રી વિનય વિજયજી મહારાજે રચેલ 'શાંત સુધારસ' ગ્રંથની અહીં ઝાંખી કરાવવી છે. એક અદ્‌ભુત, ચિંતનસભર, એક સુમધુર કાવ્યકૃતિ છે. તેમ એ ૧૬ ભાવનાઓનો મહિમા વર્ણવતું મહાગીત પણ છે. આ કાવ્યગ્રંથમાં શાંતરસ ગેયરૂપે છલોછલ ભરેલો છે. પ્રત્યેક ભાવના સાથે સંસ્કૃત ભાષામાં સુંદર રીતે ગાઈ શકાય તેવું એક એક અષ્ટક આપ્યું છે. દરેક અષ્ટક પ્રચલિત દેશીઓમાં ગાઈ શકાય છે. તે ઉપરાંત અસલ રાગ અથવા રાગિણીમાં પણ ગાઈ શકાય છે.

ઉપાધ્યાય શ્રી વિનયવિજયજી ત્યાગના વિષયને પોતાના પાંડિત્યને યોગે ખૂબ ઝળકાવી શક્યા છે. તેમાં શૃંગારને ત્યજવાની વાત છે. ત્યાગની બાબત વિષમ હોવા છતાં ગ્રંથકર્તા દ્વારા ગેયભાષામાં સુંદર શબ્દરચનામાં રચી શકાયો છે તે ખરેખર અદ્‌ભુત છે.

આ ગ્રંથમાં પૂર્વપરિચય અને પ્રશસ્તિના મળીને ૧૦૬ શ્લોક છે જ્યારે સોળ ભાવનાના અષ્ટકના ૧૨૮ શ્લોક છે. આખો ગ્રંથ ૨૩૪ શ્લોકનો છે. ભગવાન મહાવીરસ્વામિની જ્ઞાનદૃષ્ટિ આ ગ્રંથનું મૂળકેન્દ્ર બિંદુ છે.

ધર્મધ્યાનમાં પ્રવેશ કરવાના હેતુથી બાર ભાવનાની યોજના શ્રી વીતરાગ દેવે બતાવી છે. ગ્રંથકર્તાએ અહીં 'શ્રી શાંતસુધારસ'માં શરૂઆતમાં કહેલ ૮ ગાથા (શ્લોકો) પ્રસ્તાવના જેવી છે, પ્રશસ્તિના ૭ શ્લોકો છે, સોળભાવનામાં અનુક્રમે ૩-૩-૫-૫-૫-૫-૫-૫-૭-૭-૭-૭-૮-૭-૭ અને ૫ મળીને ૯૧ શ્લોક છે. પ્રૌઢ ભાષામાં છે. તેમાં મંદાક્રાન્તા, શાર્દૂલવિક્રીડિત, સ્ત્રગ્ધરા, માલિની, શિખરણી વગેરે વૃતો બહુ આકર્ષક રીતે વાપર્યા છે.

જડજગત પ્રત્યેની આપણી આસક્તિ આપણને અશાંત બનાવે છે સતત બર્હિભાવમાં આપણી ચેતના ખેંચાઈ રહી છે, જીવજગત પ્રત્યેની દુર્ભાવનાઓ આપણા ચિત્તને કલુષિત કરે છે તો જગતનો રાગ ટળી જાય, છૂટી જાય, જીવો પ્રત્યેનો દુર્ભાવનાઓ સમી જાય અને આપણું ચિત્ત શાંતિનો અનુભવ કરી શકે તેના ઉપાયરૂપે પૂ. વિનયવિજયજી મહારાજે જણાવ્યું છે કે ભવ્ય વિચારકો ! સુંદર મનોમંદિરના માલિકો ! આ ગ્રંથમાં કહેલી બાર ભાવનાઓ ધારણ કરો. એ ધારણ કરનાર અનંત સુખને પામે છે. એ 'શ્રુત પાવના' દ્વારા ઘણા ભાવો પ્રાપ્ત થાય છે. અને મોક્ષ પ્રાપ્ત થાય છે. અનિત્યાદિ બાર ભાવનાની સાથે અદેખાઈ, ઘૃણા, અહંકાર, ધિક્કાર વગેરે દુર્ભાવનાઓમાંથી મુક્ત થવા માટે મૈત્રી, પ્રમોદ, કરૂણા અને મધ્યસ્થ એમ કુલ ૧૬ ભાવનાઓનું વિવરણ ૧૬ પ્રકરણોમાં આ ગ્રંથમાં કરાયું છે. ૧ અનિત્ય ભાવના - આ ભાવનાનું ફળ સમજાવતાં ગ્રંથકાર કહે છે કે સંસારના સર્વ સુખો ક્ષાણિક છે. નાશવંત છે. જીવમાત્ર જે જન્મ લે છે તે અવશ્ય મરવાના છે. યુવાની જવાની છે, ઘડપણ સતાવાનું છે. શરીર પણ વિનાશ પામવાનું છે. શરીર, વૈભવ, કુટુંબ પરિવાર આદિ સર્વ વિનાશી છે આત્માની મૂળ ધર્મ અવિનાશી છે તેથી જે નાશવંત વસ્તુ છે, સંસારના વિષયોનો મોહ ત્યાગી જે શાશ્વત સુખ છે, આત્મિક સુખ છે તેને પ્રાપ્ત કરવું તે જ ઉત્તમ સુખ છે.

ગ્રંથકર્તા જણાવે છે : હે મૂઢ ચેતન ! તારા પરિવારનો અને તારી દોલત, શેઠાઈ આદિ વૈભવનો વારંવાર વિચાર કરીને તું ફોગટ મુંઝાયા કરે છે અરે વિનય ! (પોતાની જાતને સંબોધતા કહે છે.) પવનથી ફડફડાટ હાલતા દર્ભની અણી પર રહેલા પાણીના ટીપાં જેવા (અસ્થિર) તારા જીવતરને તું અસાર જાણ. ઈન્દ્રીય સુખની, વિષયસુખની દોસ્તી હાથતાળી દઈને નાસી જાય તેવી છે. સંસારના સ્વરૂપો ઝબકારા મારતાં વીજળીના ચમકારા સમાન છે જોબન કૂતરાની પૂંછડી જેવું અને જોતજોતામાં ખલાસ થઈ જાય તેવું છે. ઘડપણ ત્રણ ભુવનમાં ન જીતી શકાય તેવું છે છતાં તે તેના વિકારોને છોડતું નથી. અનુત્તર વિમાનમાં વસનારા દેવનું સુખ સર્વોત્કૃષ્ટ હોવા છતાં આયુપૂર્ણ થતાં વિરામ પામે છે તેથી તું ખૂબ વિચારીને જો કે આ સંસારમાં કઈ વસ્તુ વધારે સ્થિર છે અથવા હોઈ શકે ? જેની સાથે આપણે રમ્યા, ખેલ્યાં, વિનોદ-વાર્તાઓ કરી. સેવા-પૂજાઓ કરી તેવી વ્યક્તિઓને રાખમાં રગદોળાતા આપણે નથી જોયા ? અને છતાં આપણને કશું જ થવાનું નથી એમ માનીને ઉભા રહીએ છીએ આવા પ્રમાદને ધિક્કાર છે ! આથી આત્માનું ચિદાનંદમયરૂપ જોઈને તું એકલા નિત્ય સુખનો અનુભવ કર.

૨. અશરણ ભાવના - જેવી રીતે મોટું માછલું નાના માછલાંને પકડી લે છે તેવી રીતે મોટા મહારાજાધિરાજ જે પોતાના અસાધારણ બળથી છ ખંડ પૃથ્વીને જીતીને સ્વર્ગના આનંદનો ઉપભોગ કરનાર હોય છે તેવાઓને પણ જ્યારે મહાક્રૂર જમરાજા પોતાના દાંતથી દળી નાખે છે ત્યારે તેઓ પણ લાચાર બની જાય છે અને કોઈનો આશરો મેળવી શકતા નથી. મૃત્યુને કોઈપણ અટકાવી શકતું નથી. દોડાદોડ કરીને પર્વતના શિખર પર ચઢી જાય કે પછી વિદ્યા, મંત્ર કે પછી બળબુદ્ધિ દ્વારા શક્તિનો વિકાસ થઈ શકે તેવા રસાયણોનું સેવન કરે તે પણ ઘડપણથી જીર્ણ થઈ જાય છે. મનુષ્યનું શરીર જ્યારે જોશથી આગળ વધતા આકરાં વ્યાધિઓવાળું થાય છે. ત્યારે

તેને સહાય કરનારૂં કોણ થાય છે ? તેથી ધર્મનું શરણ સ્વીકારી મમતાની સોબત છોડી દે અને શિવસુખનાં ભંડારતુલ્ય આ શાંત સુધારસનું પાન કર. હે મુમુક્ષુ ! તું જીન ધર્મનું શરણ કરી લે અને મહાપવિત્ર ચરણોનું શરણ-સ્મરણ કરી તારા આત્માને અનંતસુખ-શાંતિનું પાન કરાવ.

૩. સંસાર ભાવના- સંસાર ભાવનાનો બોધ જણાવતાં ગેયાષ્ટકમાં કવિશ્રી કહે છે.

**कलय संसारमतिदारुणं, जन्ममरणादिभयभीत रे ।**
**मोहरिपुणेह सगलग्रहं, प्रतिपदं विपदमुप नीत रे ॥**

જન્મ-મરણ વગેરે ભયોથી ડરી ગયેલા પ્રાણી ! તું સંસારને મહાભયંકર સમજ. મોહરૂપ તારા ભયંકર શત્રુએ તને બરાબર ગળેથી પકડી લઈને ડગલે અને પગલે આપત્તિમાં ધકેલી દીધો છે.

પાંજરે પડેલ આ જીવ સારી રીતે સંસારમાં રખડે છે એમાં ચિત્તની વૃત્તિ એટલી ભમી જાય છે કે એ પોતે પાંજરામાં છે એ વાત ભૂલી જાય છે. પાંજરૂ ઘરનું ઘર હોય તેમ તે માની લે છે તેમજ કોઈવાર તો પડખામાં જમરાજ જાગતા બેઠા છે. એ વાત પણ વિસરી જાય છે.

એ ધનવાન ને નિર્ધન, રૂપવાન અને કદરૂપો, આબરૂદાર અને આબરૂ વગરનો, સારા અને ખરાબ બાંધાવાળો, સદ્ભાગી અને દુર્ભાગી, રાજા અને ભિખારી, દાતા અને યાચક થયો છે. એણે અનેક પ્રકારનાં રૂપો અનંતવાર લીધા છે. ચારે તરફ રખડ્યો છે. અનંતવાર રખડ્યો છે, સાતમે પાતાળ જઈ આવ્યો છે આ રીતે અનાદિ સંસારમાં કઈ કેટલાયે વેશો ધારણ કર્યા છે. લેખકશ્રી પૂછે છે : આ ભવભ્રમણનો થાક લાગ્યો છે ખરો ? અને હવે ખરેખર શાંતિ જોઈએ છે ? અને જો તેમ જ હોય તો ગભરાવાની જરૂર નથી. આ મહાન રખડપટ્ટીમાંથી હંમેશના માટે છૂટી જવાના માર્ગો પણ છે તો સાંભળ-

सकल संसारभयमेदकं, जिनवचो मनसि निबधान रे ।
विनय परिणमय निःश्रेयसं, विहितशमरस सुधापान रे ॥

સંસારના સર્વ ભયોને કાપી નાખનાર તીર્થંકર મહારાજનું વચન તું ધારણ કર, વિચાર અને હે વિનય ! શાંતરસનું અમૃતપાન કરીને મોક્ષમય થઈ જા. એની સાથે એકતા કરી દે.

૪. એકત્વ ભાવના-

एक एव भगवानयमात्मा ज्ञानदर्शनतरङ्ग सरङ्गः ।
सर्वमन्यदुपकल्पितमेतद्व्याकुलीकरणमेव ममत्वम् ॥

આ આત્મા એક જ છે, પ્રભુ છે, જ્ઞાન-દર્શનનાં તરંગોમાં વિલાસ કરનારો છે, એ સિવાય બીજું છે તે સર્વ મમત્વમાત્ર છે, કલ્પનાથી ઊભું કરેલું છે અથવા આંગતુક છે અને નકામું એને મૂંઝવનારું જ છે.

આ સંસારી-શરીરધારી પ્રાણી એકલો જ ઉત્પન્ન થાય છે, એ એકલો જ મરણ પામે છે, એ એકલો જ કર્મને બાંધે છે. એકઠાં કરે છે અને પોતાનાં કૃત્યોનો સ્વતંત્ર કર્તા, હર્તા અને ભોક્તા છે.

મારો આત્મા એક જ છે, જ્ઞાન-દર્શનથી યુક્ત અને એનું સ્વતંત્ર વ્યક્તિત્વ છે. બાકીના સર્વભાવો સંયોગથી થયેલાં છે અને આ સંયોગો જ પ્રાણીને સંસારમાં રખડાવે છે પરંતુ તે તેના મૂળ ગુણના નથી. પરભાવમાં રમણતા કરીને એણે મેળવેલા છે. એનો સર્વથા ત્યાગ કરવો એ એનું કર્તવ્ય છે. એકત્વ ભાવના અંદર જોવા માટે છે. તાત્વિકદૃષ્ટિએ આંતરિક વિચારણા. એકત્વ ભાવના અંદર જોવા માટે છે. તાત્વિકદૃષ્ટિએ આંતરિક વિચારણા એકત્વ ભાવના એટલે Introspection આત્મનિરીક્ષણ. આત્મનિરીક્ષણ દ્વારા ચેતનને તેના મૂળ સ્વરૂપમાં શોધી કાઢી, હૃદય મંદિરમાં એવા વિશુદ્ધ આત્માને સ્થાપી વિચારવાનું છે કે, હે આત્મા ! તું પણ એજ છો, એવો જ છો એવા થવાની શક્તિ તારામાં છે અને તે પ્રાપ્ત કરવા માટે પરભાવના વિલાસ છોડી દેવાના છે.

૫. અન્યત્વ ભાવના - પારકાંને ઘરમાં દાખલ કર્યો હોય તો તે વિનાશ કરે છે એ લોકવાયકા ખોટી નથી તેમ જણાવી ગ્રંથકાર આગળ કહે છે આ જ્ઞાનથી ભરેલા આત્મામાં કર્મના પરમાણુઓએ દાખલ થઈને એને કયાં કયાં કષ્ટો નથી આપ્યા ? જ્ઞાન-દર્શન-ચારિત્રના ત્રિરંગી ચિન્હવાળી ચેતના વગરની સર્વ વસ્તુઓ પર છે - પારકી છે અન્ય છે, એમ મનમાં નિરધાર કરીને પોતાના હિતની પ્રાપ્તિ માટે પ્રયાસ કર. આપણો મોક્ષ આપણે કરી શકીએ એમ છીએ અને તે માટે જ આ વિચારણા છે. પરમાત્મા ! આ અમૃતરસનું પાન એના સાચા આકારમાં કરવાની સર્વને સદ્‌બુદ્ધિ આપો.

૬. અશુચિ ભાવના-

**भावय रे वपुरिदमतिमलिनं, विनय विबोधयमान सनलिनम् ।**
**पावनमनुचिन्तय विभुमेकं, परममहोमयमुदितविवेकम् ॥**

આ શરીર અતિ મેલવાળું-મલિન છે એમ હે ચેતન ! ભાવ-વિચાર. તારા મનોમય કમળને ઉઘાડ અને સમજ. ત્યાં જે સર્વવ્યાપી એક પ્રકાશવાન, વિવેકવાન, મહાપવિત્ર (અંતર્યામી-આત્મતત્વ) છે તેનો વિચાર કર, તેનું ધ્યાન કર.

આ શરીર માત્ર મળથી ભરેલા અણુઓનો ઢગલો છે તેને મહાપુણ્યવાન તરીકે બિરાજમાન કરી શકાય તેવી ભાવના દ્વારા મહાપવિત્ર આગમરૂપી જળાશયને પ્રાપ્ત કરીને તું શાન્તસુધારસનું પાન કર. અને તારી તરસ છીપાવ. આવો અવસર ફરી ફરીને મળવો ઘણો મુશ્કેલ છે.

૭. આશ્રવ ભાવના- પ્રથમ છ ભાવનામાં જીવ અને અજીવનો પોતાનો અને પરસ્પરનો સંબંધ વિચાર્યો. હવે પછીની ત્રણ ભાવનામાં આ યાત્રા દરમ્યાન ગ્રંથકારશ્રી આપણને કર્મનાં પ્રદેશમાં લઈ જાય છે. હેતુઓને પ્રાપ્ત કરીને જીવથી જે કરાય તે કર્મ. જેવી રીતે ચારે તરફથી આવતાં ઝરણાંઓ દ્વારા એક સરોવર પાણીથી તુરત ભરાઈ

જાય છે તેવી જ રીતે આ પ્રાણી આશ્રવો દ્વારા કર્મોથી ભરાઈ જાય છે અને પછી તે આકુળ-વ્યાકુળ થાય છે, અસ્થિર થાય છે અને મેલવાળો થાય છે.

૮. સંવર ભાવના - આશ્રવોની હકીકતથી ગભરાઈ જવાય એવું છે. એ સર્વ દરવાજા ખુલ્લા રહે તો આ જીવનો આરો ક્યારે આવે? તેથી ગ્રંથકર્તા કહે છે કે જે જે રસ્તે એ આશ્રવોનો અટકાવ થાય તે તે ઉપાયો શોધીને અમલમાં મૂકી દેવા જોઈએ.

મોક્ષસુખ પ્રાપ્તિ-ત્રણ રત્નોની ઉત્કૃષ્ટ આરાધનારૂપ છે, વિષય વિકારોને દૂર કરી, ક્રોધ, માન, માયા, લોભરૂપ શત્રુ પર વિજય મેળવી, કષાય રહિત થઈને સત્વર સંયમ ગુણને સેવ. આર્ત-રૌદ્ર ધ્યાનને વાળી-ઝૂડીને સાફ કર, બ્રહ્મચર્યને ધારણ કર, તીર્થંકર મહારાજના ચારિત્રનું વારંવાર પાન કરીને દીર્ઘકાળ આનંદ કર. લહેર કર. આ રીતે શિવસુખ પ્રાપ્ત કરવાનાં સાધનોનો સુંદર ઉપાય છે તેને તું સાંભળ. સમિતિ, ગુપ્તિ, યતિધર્મો, પરિષહ વિજય, ભાવના, ચારિત્ર એ સવરોના પ્રકાર છે.

૯. નિર્જરા ભાવના - તપના ૧૨ પ્રકાર હોવાથી નિર્જરા ૧૨ પ્રકારની કહેવામાં આવી છે. પૂજ્યશ્રી જણાવે છે સમ્યક્ તપ દ્વારા કોઈ પ્રાણીએ અત્યંત ભયંકર મહાપાપી કાર્યો કરીને અત્યંત પાપ એકઠું કર્યું હોય તેવો જીવ પણ એ પાપ નાશ કરીને થોડા વખતમાં મોક્ષ પ્રાપ્ત કરે છે. તપ કર્મોરૂપ વ્યાધિઓનું ઔષધ છે. તપ જૈન શ્રુત-સિદ્ધાંતનું પરમ રહસ્ય-સારરૂપ છે. જિનપતિનો મત એ ઔષધને લગતું અનુપાન છે. હે વિનય ! સર્વ સુખોના ભંડારરૂપ આ 'શાંત સુધારસ'નું પાન તું કર.

૧૦. ધર્મભાવના – ધર્મના શરણને સ્વીકારી ઉદ્ધાર કરવાની વાત આ ભાવનામાં પ્રગટ થાય છે. અહો શ્રી તીર્થંકર મહારાજે બતાવેલ ધર્મ ! તું અનેક મંગલ લક્ષ્મીનું ક્રીડા સ્થાન છે. તું કરૂણા લક્ષણ (સ્વરૂપ) છે. તું મોક્ષસુખનું સાધન કરી આપનાર છે. તું

જગતનો આધાર છે. શ્રી તીર્થંકર બંધુઓએ દાન, શીલ, તપ અને ભાવરૂપ ચાર પ્રકારનો ધર્મ જગતનાં હિતમાં કહ્યો છે એવો હે જૈનધર્મ ! મારો ઉદ્ધાર કર ! ઉદ્ધાર કર ! મને બચાવ ! મને બચાવ ! વિનયવાન પુરૂષોને પ્રાપ્ત થતાં શાંત અમૃતનાં પાન ! હે ધર્મ તારો જય હો ! જય હો !

૧૧. લોકસ્વરૂપ ભાવના - ગ્રંથકાર જણાવે છે વિનીત ચેતન! તારા હૃદયમાં શાશ્વત લોકાકાશનો તું ચિંતવ-ભાવ. એ સર્વ સ્થાવર-જંગમ દ્રવ્યોને ધારણ કરવામાં આશ્રય આપનારા હોય તે તે દ્રવ્ય તરીકે પરિણામ પામી આશ્રય આપે છે. જન્મ-મરણમાં ચક્કરમાં પડેલા સર્વ પ્રાણીઓ, જેઓએ અનેક પ્રકારનાં મમત્વ કર્યા હોય અને કરી કરીને છોડી દેવા પડેલાં હોય છે તેઓએ તેનો અનંત વખત ખૂબ સારી રીતે લાંબા કાળ સુધી પરિચય-સંબંધ કરેલો હોય છે અને તમે ખરેખર આ પરિભ્રમણથી થાક્યા હો તો જે ભગવાને શાંત સુધારસ પાન દ્વારા વિનયને ધારણ કરનારનું રક્ષણ કર્યું છે તે મહાપુરૂષને નમો-પ્રણામ કરો.

૧૨. બોધિદુર્લભ ભાવના — અનેક પ્રકારનાં ઉપદ્રવોને આધીન શરીર છે અને આયુષ્ય ક્ષણ ભંગુર છે છતાં પણ કઈ ધીરજનો ટેકો લઈ મૂઢ પ્રાણીઓ પોતાના ખરા હિતની બાબતમાં વ્યર્થ સમય નિર્ગમન કરે છે ? અત્યંત દુર્લભથી પણ દુર્લભ એવું સર્વ ભંડાર-ગુણોના ભંડારરૂપ બોધિરત્ન દરિયાના ઉંડા જળમાં પડી ગયેલા ચિંતામણી રત્નને ન્યાયે કરીને દુર્લભ સમજ. પોતાનું હિત સાધી પોતાની શક્તિથી હલકી ગતિને અટકાવી દે. કારણ મનુષ્યભવ મળવો મહામુશ્કેલ છે.

આ બાર ભાવનાને અંદરથી-આત્મદૃષ્ટિએ જોવાની છે. આમાંની એકપણ ભાવના અંતઃકરણનાં ઉંડાણથી વિચારવામાં આવે તો પ્રાણીના જવરને ઉતારી નાંખે તેમ છે.

બીજી ચાર ધર્મભાવના છે મૈત્રી, પ્રમોદ, કરુણા તથા માધ્યસ્થ

ભાવના. મૈત્રી ભાવના પ્રાણીઓ તરફ પ્રેમ લાવનાર છે. પ્રમોદ ભાવના ગુણમાં રમણ કરાવનાર છે. કરૂણા ભાવના હૃદયથી હિત કરનાર છે. અને માધ્યસ્થ ભાવના હૃદયની વિશાળતા બતાવનાર છે. તેથી આ ભાવનાઓને ધર્મધ્યાનની તૈયારીમાં યોજવી... કારણ કે તે તેનું પાકું રસાયણ છે. મહા ઔષધ છે.

આ રીતે ભાવનાઓનો સહારો આપી ગ્રંથકર્તાએ પરમ ઉપાકાર કર્યો છે. તેઓશ્રીના ઉપકારી વચનો આ રહ્યાં- "હે આત્મન ! તું સર્વત્ર મિત્રભાવ-સ્નેહભાવ રચી દે કારણ આ દુનિયામાં કોઈ તારો શત્રુ નથી. સર્વે જીવો અનેક વખત તારી સાથે પિતાપણું, ભાઈપણું, કાકાપણું, માતાપણું, પુત્રપણું, પત્નીપણું, બહેનપણું, પુત્રવધુપણું પામેલા છે. એટલે કોઈપણ તારે પર નથી. દુશ્મન નથી. એ સર્વ તારું કુટુંબ જ છે. સર્વે પ્રાણીઓ ઉદાસીન ભાવ-સમતા ભાવના રસને આસ્વાદો ! સર્વત્ર સર્વે મુક્તિને વરો."

યોગીરાજ આનંદઘનજીના મત મુજબ 'મન સાધ્યું તેણે સઘળું સાધ્યું'....



# શ્રી ચિદાનંદજીની તત્ત્વસભર રચના (ધ્યાનનાં પદો)

— ડો. નલિનીબેન શાહ

**(ડો. નલિનીબેન દિલીપભાઈ શાહ બીએસ.સી., બી.એડ., એમ.એ., પીએચ.ડી. છે) જ્યોતિષાલંકાર અને વાસ્તુપ્રવીણ છે. જૈન દર્શનના અભ્યાસી *નલિનીબહેનને મેયર અને રાજ્ય સરકાર તરફથી* આદર્શ શિક્ષકના એવોર્ડ મળ્યા છે.)**

*ભાવનગર ભેટે ગુણધામી.*
*ચિદાનંદ પ્રભુ તુમ કિરપાથી*
*અનુભવ સાયર સુખ વિસરામી.”*

“ચિદાનંદ બકોંતેરીમાં ૯મા પદની ૪થી કડીમાં તેમના શ્રી ગોડી પાર્શ્વનાથજી રચિત સ્તવનમાં આપેલ સંવત પરથી જણાય છે કે તેઓ વિ. સં.-૧૯૦૪ માં ભાવનગરમાં બિરાજમાન હતા ભાવનગરથી ગિરનાર છરિપાળના સંઘમાં ગયા હતાં ને ત્યાં એક ગુફામાં રહી ગયા હતા તેમના નામની ગુફા આજે પણ ગિરનાર પર છે.

“ઈંગલા, પિંગલા, સુખમના સાધકે,
અરુણ પ્રતિથી પ્રેમ પગીરી,
વંકનાલ ખટચક્ર ભેદ કે,
દશમ દ્વાર શુભ જ્યોતિ જ ગીરી”...૨

સોહમ્ સોહમ્‌ની રટણા કરનાર માનવી ઈંગલા, પિંગલા અને સુષુમ્ણા ને સાધીને આત્માનુભવની સાથે પ્રિતી દઢ કરે છે પછી વંકનાળ અને ષટ્ચક્રોને ભેદીને દશમદ્વારમાં એટલે કે બ્રહ્મરંધ્રમાં શુભ જ્યોતિ જાગૃત થાય છે અને શ્વેત પ્રકાશનો ભાસ થાય છે.

*"ખુલત કપાટ થાટ નિજ પાયો,*
*જન્મ જરા ભય ભીતિ ભગીરી,*
*કામ શકલ દે ચિંતામણી લે,*
*કુમતા કુટિલ કુ સહજ ઠગીરી...સોહં"*

કવિ કહે છે કે શુભ જ્યોતિ જાગૃત થયા પછી તેનાં હૃદયનાં દ્વાર ઉઘડી જાય છે અને જીવ પોતાના સ્વરૂપનો સાક્ષાત્કાર કરે છે એટલે જન્મ, દયા, મરણનો ભય નાશ પામે છે. આ પ્રમાણે થવાથી કુટિલ અને ઠગારી કુમતા પાસે કાચનો કકડો રહે છે અને શુદ્ધ થયેલ આત્મા ચિંતામણિ રૂપ શુદ્ધ સ્વરૂપને પામે છે અર્થાત્ પુદ્‌ગલિક આસક્તિરૂપ કાચના કકડાને તજી દઈને આત્મસ્વરૂપ જે ચિંતામણી તુલ્ય છે તેને પ્રાપ્ત કરે છે.

કવિએ ધ્યાનના આ પદની રચના સોરઠ રાગમાં પાંચ કડીમાં કરી છે.

*"આતમ ધ્યાન સમાન જગતમેં*
*સાધન ન વિ કોઉ આન... જગતમેં*
*રૂપાતીત ધ્યાન કે કારણ, રૂપાસ્થાદિક જાન*
*તાહું મેં પિંડસ્થ ધ્યાન કુન, ધ્યાતા કું પરધાન."*

અધ્યાત્મયોગી કવિ ચિદાનંદજી પદની ૨જી અને ૩જી કડીમાં પિંડસ્થ ધ્યાન કઈ રીતે કરવું તે સમજાવે છે.

*"તે પિંડસ્થ ધ્યાન કિમ કરિએ*
*તાકો એમ વિધાન;*
*રેચક પૂરક, કુંભક, શાંતિક*
*કર સુખમન ઘર આન" (૨) જગતમેં*

*"પ્રાન સમાન ઉદાન વ્યાન કું,*
*સમ્યક્ ગ્રહ હું અપાન;*
*સહુજ સુભાવ સુરંગ સભામેં,*
*અનુભવ અનહુદ તાન."* (૩) *જગતમેં*

કવિ કહે છે કે પ્રથમ રેચક, પૂરક, કુંભક, અને શાંતિક કરીને.

"આ શરીરમાં ૭૨૦૦૦ નાડીઓ રહી છે તેમાં મુખ્ય ૧૪ છે તેમાં પ્રધાન ૩ છે. તે છે ઈડા, પિંગલા અને સુષુમ્ણા. ઈડા નાડી મેરૂદંડની બહાર ડાબી તરફ તથા પિંગલા નાડી જમણી બાજુ લપટાયેલ છે સુષુમ્ણા નાડી મેરૂદંડની અંદર કદના ભાગથી પ્રારંભ થઈ કપાળમાં રહેલ દશસહસ્ત્ર કમળદળ પર્યંત ચાલી જાય છે.

સુષુમ્ણા શરીરની એક મહત્ત્વની નાડી છે. ચેતના, ઈડા, અને પિંગલાનો માર્ગ છોડી સુષુમ્ણાના માર્ગ પર ઘર બાંધી વાસ કરે તે યોગમાર્ગની વીધિ.

સર્વપ્રથમ પ્રાણવાયુને તાલુરંધ્રથી ખેંચી અંદર ભરવો. જેને પૂરક કહેવાય છે. પછી તેને નાભિના મધ્યભાગમાં રોકવો જેને કુંભક કહેવાય છે અને ભરેલા વાયુને અતિપ્રયાસથી ધીમેધીમે બહાર કાઢવો જેને રેચક કહેવાય છે. તાળવુ, નાસિકા તથા મુખેથી વાયુનો નિરોધ કરવો તે શાંતિક કહેવાય છે.

વાયુનાં ૫ પ્રકાર છે ઉશ્વાસ, નિશ્વાસાદિક ને પ્રાણાવાયુ, મૂત્રાદિક બહાર લાવનાર અપાનવાયુ, અનાજને પચાવી યોગ્ય સ્થાને પહોંચાડનાર સમાનવાયુ, રસાદિકને ઉંચે લઈ જનારને ઉદાનવાયુ અને આખા શરીરને વ્યાપીને રહે ને વ્યાનવાયુ.

સાધકો શુદ્ધ જગ્યા પર આસન કરી પ્રથમ વાયુનું રેચક કરવું. પછી ઈડા નાડીથી પગના અંગૂઠાથી બ્રહ્મરંધ્ર સુધી પૂરક કરવું ને અંગૂઠા પર મનને રોકવું. પછી પગના તળિયાથી માંડીને મસ્તક સુધી એમ એક પછી એક સ્થાનમાં આગળ વધતા મનને છેલ્લે બ્રહ્મરંધ્રમાં લઈ જવું ત્યાર પછી તે જ ક્રમે પાછા ફરી પગના અંગુઠામાં મન

સહિત પવનને લાવી ત્યાંથી નાભિકમળમાં લઈ જઈ વાયુનો રેચક કરવો પૂરક, રેચક, કુંભક, શાંતિક થયા પછી સુષુમ્ણા નાડીનું મુખ જ્યા ખુલે છે તે બ્રહ્મરંધ્ર સ્થાનમાં જ્યારે પવન સ્થિરતા પામે છે ત્યારે એક મધુર અપૂર્વનાદ સંભળાય છે. યોગશાસ્ત્રમાં આને અનાહતનાદ કહે છે. સાધક જ્યારે આત્મસ્વરૂપમાં સ્થિરતા સાધે છે ત્યારે તેને એ દશામાં અમાપ લય લાગે તેમાં લીન જાય છે.

યોગી કવિ ધ્યાનના પદની ૪ થી કડીમાં ધ્યાન કરી આત્મિક અનુભવના રસનું પાન કરવાનો બોધ આપે છે.

*"કર આસન ધર શુચિસમ મુદ્રા,*
*ગ્રહી ગુરુગમ એ જ્ઞાન;*
*અજપા જાપ સોહમ્ સુ સમરનૃ,*
*કર અનુભવ રસપાન." (૪) જગતમેં...*

યોગ્ય આસન કરી પવિત્ર એવી સમમુદ્રા ધારણ કરવી ને ગુરુ પાસેથી જ્ઞાન મેળવીને યોગ્ય પ્રયત્ન કરી અજપાજાપ કરવો. સોહમ્ નો નાદ સાંભળવો. તેથી આત્માનુભવ ના આનંદની પ્રાપ્તિ થશે. અહિં કવિએ ગુરુની મહત્તા બતાવી છે. "ધ્યાન"નો અભ્યાસ ગુરુનાં સાન્નિધ્યમાં કરવાથી લક્ષ્ય પ્રાપ્ત થઈ શકે છે.

## ૮. ઉપાધ્યાય યશોવિજયજી કૃત શ્રી મહાવીર સ્વામીનું સ્તવન

– ડો. પ્રા. રસિકભાઈ મહેતા

(એમ.એ.પીએચ.ડી. સાહિત્યરત્ન, ગુજરાત સરકારની જુદી જુદી કોલેજોમાં ૩૨ વર્ષ અધ્યાપક તરીકે સેવાઓ આપી, ગુજરાત કોલેજ, અમદાવાદથી ગુજરાતી વિભાગના અધ્યક્ષપદેથી નિવૃત્ત. સાહિત્ય, ધર્મ અને યુવાપ્રવૃત્તિમાં વિશેષ રુચિ. સર્જક ઝવેરચંદ મેઘાણી પર પીએચ.ડી. કર્યું છે. જૈન આગમ સાહિત્યમાં પણ રુચિ. કોઈપણ ધર્મ કે સંપ્રદાયના સંત-સતીજીને ભાષા-તત્ત્વજ્ઞાન શીખવવામાં રુચિ. જૈન સંત-સતીજીને એમ.એ., પીએચ.ડી. ના અભ્યાસ માટે માર્ગદર્શન. વિશ્વધર્મનો તુલનાત્મક અભ્યાસ-અનેક સંપાદનો)

ગિરુઆ રે ગુણ તુમ તણા, શ્રી વર્ધમાન જિનરાયા રે
સુણતા શ્રવણે અમી ઝરે, મારી નિર્મળ થાયે કાયા રે... ગિરુઆ.
તુમ ગુણ ગંગાજળે, હું ઝીલીને નિર્મળ થાઉં રે
અવર ન ધંધો આદરું, નિશદિન તોરા ગુણ ગાઉં રે... ગિરુઆ
ઝીલ્યા જે ગંગાજળે તે, છીલરજળ નવિ પેસે રે
જે માલતી ફૂલે મોહિયા, તે બાવળ જઈ નવિ બેસે રે... ગિરુઆ
એમ અમે તુમ ગુણ ગોઠશું, રંગે રાચ્યા ને વળી માચ્યા રે
તે કમ પર સુર આદરે, જે પરનારી પરા રાચ્યા રે... ગિરુઆ

તું ગતિ, તુ મતિ આશરો, તું આલંબન મુજ પ્યારો રે
વાચક જશ કહે માહરે, તું જીવજીવન આધારો રે... ગિરુઆ

- ઉપાધ્યાય શ્રી યશોવિજયજી

પરમપૂજ્ય, ન્યાય વિશારદ, ન્યાયાચાર્ય મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજનું આ સ્તવન છે. આ મહાન ભારતીય વિભૂતિએ દાર્શનિક ગ્રંથોના સર્જનની સાથે સાથે, સામાન્ય લોકો પર ઉપકાર કરવાની ભાવનાથી અને પરમાત્મા પ્રત્યેનો અપૂર્વ ભક્તિભાવ વ્યક્ત કરવા માટે, ગુજરાતી ભાષામાં અનેક સ્તવનો રચ્યાં છે. ગુજરાતી ભાષાના સદ્ભાગ્યે આ કવિએ ત્રણ ચોવીશી (ચોવીશ તીર્થંકર વિશે સ્તવન) એક વીશી (વીશ વિહરમાન તીર્થંકર વિશે સ્તવન) ઉપરાંત દીર્ઘ સ્તવનો રચ્યાં છે.

આપણી ભાષામાં બીજા કોઈ પણ જૈન કવિએ ત્રણ ચોવીશી રચી નથી. તેમાંની પ્રથમ ચોવીસીનું ચરમ તીર્થંકર મહાવીરસ્વામી વિશેનું લોકહૃદયમાં ગૌરવવંતુ સ્થાન પામેલું આ અમર સ્તવન છે. પરમાત્માને સંબોધી પોતાના હૃદયની ઉત્કટ લાગણીને કવિએ વાચા આપી છે. ભક્તની ભગવાન સાથેની ગોઠડી સરસ રીતે વર્ણન પામી છે. ગુણવિધાન પરમાત્માની ગુણ સંપત્તિને કવિએ સરળ રીતે સચોટતાથી આલેખી છે. અનુભૂતિની સચ્ચાઈનું નૈસર્ગિક રીતે વર્ણન થયું છે. ભક્તહૃદયનું ભાવભીની ભક્તિનો ઉમંગ યાદગાર બની રહે છે.

કાવ્યના પ્રારંભ ખૂબ આકર્ષક જિજ્ઞાપ્રેરક છે. પ્રથમ પંક્તિનો એકે એક શબ્દ આપણી ઉત્સુકતા જગાવે છે અને અંત સુધી કાવ્ય વાંચવા માટે પ્રેરે છે. કેવી ભાવસભર પ્રથમ પંક્તિ છે !

*"ગિરુઆ રે ગુણ તુમ તણા, શ્રી વર્ધમાન જિનરાયા રે"*

અનંતજ્ઞાની, અનંતદર્શી વીતરાગ પરમાત્મા મહાવીરના ગુણનું વિગતે વર્ણન કરવાને બદલે કવિ માત્ર એક જ વિશેષણ "ગિરુઆ" પ્રયોજી, પરમાત્માના એ વિશેષ ગુણનું શ્રવણ માત્ર એમના પર

અમીધારા વરસાવે છે. અનુપમ ગુણની અમૃતવર્ષા કવિની કાયાને 'નિર્મળ' કરે છે. માત્ર કાયાને જ નહીં પરંતુ તન-મન અને કાયાને નિર્મળ કરવાની અનોખી શક્તિ પરમાત્માના ગુણશ્રવણથી પ્રાપ્ત થઈ છે. આ ગુણરૂપી ગંગાના પવિત્ર નીરને ઝીલીને પોતે ધન્ય ધન્ય થયાનો આનંદ-ઉલ્લાસ વ્યક્ત કરે છે. આ પ્રણથ પંક્તિ-ધ્રુવપંક્તિનું દરેક કડીએ અંતે થતું પુનરાવર્તન આપણને પણ ભાવવિભોર કરે છે.

ગુણનિધાન પરમાત્માના ગુણની પ્રાપ્તિ થયા પછી કવિને હવે કોઈ પણ પ્રકારની સાંસારિક પ્રવૃત્તિમાં રસ નથી કોઈ પણ પ્રકારની દુન્યવી પ્રવૃત્તિ કરવી નથી. "નિશદિન તોરા ગુણ ગાઉં રે" દિવસ-રાત, જાગતા કે ઊંઘતા કવિને એક જ કામ કરવું છે - પરમાત્મા મહાવીરની વિશેષ ગુણ સંપત્તિ, ગુણલબ્ધિને મન ભરીને ગાવી છે. અનંતશક્તિના ધારક મહાવીરે નિર્લેપભાવે 'કર્મો' પર વિજય મેળવી બધાં બંધનોની ગાંઠને ગાળી નાખી છે. શુદ્ધ, અનંત, નિર્મળ જ્ઞાનના પ્રદેશમાં પ્રવેશીને પાંચ ઉત્તમ ગુણો એમને પ્રાપ્ત થયા છે. આ પાંચ ગુણો (૧) અપરાભવતા (૨) દોષરહિતતા (૩) અપૂર્વ ધૈર્ય (૪) સ્થિતપ્રજ્ઞતા (૫) અકષાય ભાવ. આવા ઉત્તમ અવિકારી જ્ઞાનગુણમાં લયલીન બનીને કવિ જીવવા ઈચ્છે છે. ઉપરાંત, પર કલ્યાણ માટે એ ગુણનું ગાન બીજાને - સર્વ કોઈને સંભળાવવા પણ ઈચ્છે છે. ગુણસંકીર્તન પ્રિય છે.

કવિની પ્રતિભાના ઉત્તમ ઉન્મેષોનું આલેખન મળે છે. તદ્દન સરળ શબ્દોમાં જો કે અર્થાલંકાર અને શબ્દાલંકારની મદદથી નિજાનંદની મસ્તીનું સચોટ વર્ણન કરે છે. સ્તવનની ત્રીજી અને ચોથી કડીમાં, (૧) ગંગાનું પવિત્ર - નિર્મળ જળ અને ખાબોચિયાનું જળ (૨) માલતીફૂલ અને બાવળનું વૃક્ષ - આ બેના જોડકાંમાંથી કોઈપણ વ્યક્તિ પ્રથમને પસંદ કરે એ હકીકતને આલેખીને હવે એમને બીજા કોઈ 'સૂર આદરવા નથી' અથવા તો બીજા કશામાં એમને રસ *નથી. 'પર'માં ભટકવાની જરા પણ ઈચ્છા નથી. 'સ્વ'માં આત્મામાં*

જ - પરમાત્માના શરણમાં સર્વસ્વ ન્યોચ્છાવર કરીને જીવનની દૃઢશ્રધ્ધાનો બુલંદ રણકાર અહીં વ્યક્ત થયો છે. જીવને શિવ બનાવરનાર આ શ્રદ્ધા છે. પરમ દુર્લભ એવી શ્રદ્ધાની પ્રાપ્તિ સાધકને સાધ્યની પ્રાપ્તિ કરાવે છે એ હકીકત કવિએ સચોટ રીતે દર્શાવેલ છે.

પાંચ કડીની આ રચનાની અંતિમ કડી શિરમોર જેવી છે. ગુજરાતી સ્તવનની અજોડ-અમર પંક્તિઓ છે. કવિનો સર્વસમર્પણભાવ - સંપૂર્ણ શરણાગતિ અને આત્માની પરમાત્મા સાથેની એકતા માટેનું ઉત્તમ આલંબન સ્વીકાર્યા પછી તો એને ગાવાની તીવ્ર ઝંખના રજૂ થઈ છે.

*"તું ગતિ, તું મતિ આશરો, તું આલંબન મુજ પ્યારો રે*
*વાચક. જશ કહે માહરે, તું જીવજીવન આધારો રે"*

હવે તો 'તું' સંબોધનથી કવિ પરમતત્ત્વ સાથેની એકતા અને નિકટતાને સ્નેહસભર રીતે પ્રગટ કરે છે. ગુણનિધાન પરમાત્મા સંસાર સાગરથી તારનાર બની ગયા છે. તેથી જ તેઓ પરમાત્માને પોતાના 'જીવજીવન' - પ્રાણેશ્વરરૂપે સ્વીકારી ધન્યતા અનુભવે છે. જગતના નાથ - જગતના જીવન એવા પરમાત્માને સ્વયંના જીવન-પ્રાણ બનાવી પોતાની જાત જોડે પ્રભુની એકરુપતા સાધે છે.

ભાવની દૃષ્ટિએ જ નહીં કલાદૃષ્ટિએ પણ આ સ્તવન કવિની સર્જક પ્રતિભાનું ખૂબ જ તેજસ્વી ઉદાહરણ છે. ઊર્મિની ઉત્કટતા અને સચ્ચાઈ, સરળતા - મધુરતા અને પ્રાસાદિકતા - એક એક શબ્દમાં રહેલી સચોટતા આ સ્તવનને યાદગાર ઊર્મિગીત બનાવે છે. અંત્યાનુપ્રાસ અને વર્ણાનુપ્રાસ અલંકાર ખૂબ સાહજિક રીતે કવિની ભાવસૃષ્ટિ સાથે સમરસ-એકરસ બની ગયા છે.

પ્રભુની સાથે આત્માને એક બનાવ્યાનો કવિનો આનંદ આપણને પણ રસતરબોળ - ભાવવિભોર બનાવે છે. નખશિખ કંડારેલી શિલ્પાકૃતિ જેવું આ સ્તવન ઉપાધ્યાય યશોવિજયની જ નહીં સમસ્ત ગુજરાતી ભાષાનું અમર સ્તવન છે.

# [illegible] રચિત – વીતરાગ સ્તોત્ર

– ડો. ઉત્પલાબેન મોદી

**(ઉત્કૃષ્ઠ સંશોધનવૃત્તિ ધરાવનાર ડૉ. ઉત્પલાબેન જૈન દર્શનના અભ્યાસુ પ્રાધ્યાપક "જૈન વિશ્વભારતી"ના પીએચ.ડી માટેના માન્યવર ગાઈડ છે.)**

એવું કહેવાય છે કે, જીવદયાપ્રતિપાળ શ્રી કુમારપાળ મહારાજા પ્રાતઃકાળમાં નિરંતર આ સ્તોત્રનો પાઠ કરી પછી જ અન્નપાણી ગ્રહણ કરતા હતાં.

આ સ્તોત્રના પ્રત્યેક પ્રકાશમાં પ્રભુના અતિશયો (ચમત્કારીક ગુણો)નું વર્ણન, જગત્ કર્તુત્વ મિમાંસા, અનેકાંતવાદની વિશિષ્ટતા, તીર્થંકર નામકર્મથી વૈરાગ્ય ઉત્પન્ન કરે, યોગીપુરુષોને વારંવાર મનનીય અને ધ્યાન કરવા લાયક એવું પ્રભુભક્તિના અખૂટ ખજાના જેવું છે.

"યોગશાસ્ત્ર" અને "વીતરાગ સ્તોત્ર" એ બે કૃતિઓની રચના હેમચંદ્રાચાર્યે કુમારપાળ મહારાજા માટે કરી હતી. એ સંદર્ભમાં એક એવી કિંવદંતી છે કે કુમારપાળ મહારાજા ક્ષત્રિય હતા. એટલે પૂર્વાશ્રમમાં એમણે માંસભક્ષણ કર્યું હતું. જૈનધર્મ અંગીકાર કર્યા પછી અને શ્રાવકના બાર વ્રત ધારણ કર્યા પછી એક દિવસ એમને ઘેબર ખાતાં ખાતાં પૂર્વે કરેલા માંસભક્ષણનું સ્મરણ થયું. એનો આઘાત એટલી તીવ્ર હતો કે માંસભક્ષણનું સ્મરણ દાંતથી ઘેબર ચાવવાને લીધે થયું હોવાથી બધા દાંત પાડી નાખવાનો એમણે નિશ્ચય કર્યો કે જેથી ફરીથી સ્મરણ ન થાય. પોતાના સંકલ્પની તેમણે હેમચંદ્રાચાર્યને વાત કરી. હેમચંદ્રાચાર્યે એમને સાંત્વન આપતાં કહ્યું કે, "દાંત પાડી

નાખવાની જરૂર નથી. દંતશુદ્ધિની જરૂર છે.'' એ માટે એમણે યોગશાસ્ત્રના બાર પ્રકાશ અને વીતરાગ સ્તોત્રના વીસ પ્રકાશ એમ બત્રીસ પ્રકાશની રચના કરી આપી જેના પઠનથી દાંતની બત્રીસી શુદ્ધ રહે. આથી કુમારપાળ મહારાજાએ રોજ સવારના ઊઠીને આ બે કૃતિઓનું પઠન કર્યા પછી જ -- દંતશુદ્ધ કર્યા પછી જ મુખમાં પાણી લેવાનો નિયમ જીવનપર્યંત રાખ્યો હતો એથી ત્યાર પછી ક્યારે ય એમને માંસભક્ષણનું સ્મરણ થયું નહોતું.

''વીતરાગસ્તોત્ર'' નામનું આ સ્તોત્ર ''વીતરાગસ્તવ'' અથવા ''વિંશતિ પ્રકાશ'' એવા અપર નામથી પણ પ્રચલિત છે.

કુમારપાળ મહારાજા પછી પાટણની ગાદીએ આવેલા અજયપાળ રાજાના મંત્રી યશઃપાલ સંસ્કૃત ભાષાના મોટા વિદ્વાન હતા અને એમણે ''મોહરાજા પરાજય'' નામનું સંસ્કૃતમાં નાટક લખ્યું છે. એમાં એમણે વીતરાગ સ્તોત્રના વીસ પ્રકાશને વીસ દિવ્ય ગુલિકા (ગોળીઓ) તરીકે ઓળખાવ્યા છે. એટલે ''વીતરાગ-સ્તોત્ર'' એ અધ્યાત્મિક રોગમાં દિવ્ય ઔષધ સમાન છે. એમ મનાય છે. એના રસપૂર્વકના અને શ્રદ્ધા સહિતના અધ્યયનથી એ વાતની પ્રતીતિ થાય છે. ''વીતરાગસ્તોત્ર''માં એમની સર્જકતા કાવ્યની બાહ્ય આકૃતિની દૃષ્ટિએ વધુ ખીલી છે. એમાં ભક્તિભાવની આર્દ્રતાની સ્થળે સ્થળે પ્રતીતિ થાય છે. કેટલાક પ્રકાશમાં તત્ત્વજ્ઞાનની ચર્ચા એટલી અધિકૃત, તર્કબદ્ધ, સપ્રમાણ, સંક્ષિપ્ત અને સચોટ રીતે અભિવ્યક્તિ થઈ છે કે તે વાંચતા જ વાચકના મનમાં વસી જાય છે.

વીતરાગ સ્તોત્રના વીસ પ્રકાશમાં કેવા વિષયનું નિરૂપણ થયું છે તે વિવરણકાર શ્રી પ્રભાનંદ સૂરિએ નીચે પ્રમાણે એક એક શબ્દમાં જણાવ્યું છે. પ્રકાશ : (૧) પ્રસ્તાવના, (૨) સહજાતિય વર્ણન, (૩) કર્મક્ષય જાતિય વર્ણન, (૪) સુરકૃતાતિશય વર્ણન, (૫) પ્રતિહાર્ય, (૬) વિપક્ષ નિરાસ, (૭) જગત્કર્તુત્વનિરાસ, (૮) એકાન્તનિરાસ (૯) કલિકાલોપ બૃંહણ, (૧૦) અદ્‌ભુત, (૧૧)

મહિમ, (૧૨) વૈરાગ્ય, (૧૩) વિરોધહેતુનિરાસ, (૧૪) યોગશુદ્ધિ, (૧૫) ભક્તિ, (૧૬) આત્મગર્હા, (૧૭) શરણ, (૧૮) કઠોરોકિત, (૧૯) આજ્ઞા અને (૨૦) આશિષ

હેમચંદ્રાચાર્ય પ્રથમ પ્રકાશના પ્રથમ શ્લોકમાં પરમાત્માનું સ્વરૂપ વર્ણવતા કહે છે :

જે પરમાત્મા પરંજ્યોતિ અને પરમેષ્ઠીઓમાં શ્રેષ્ઠ છે, જેમને પંડિતપુરુષો પેલે પાર ગયેલા અને સૂર્યની જેવા ઉદ્દ્યોત કરવાવાળા માને છે.

જેઓએ રાગાદિ કલેશરૂપી વૃક્ષોને મૂળથી ઉખેડી નાખ્યા છે. જેમને સુર, અસુર અને મનુષ્યના સ્વામીઓ મસ્તક વડે નમસ્કાર કરે છે.

પરમાત્માનું સ્વરૂપ વર્ણવીને તેમને નમસ્કાર કરતાં તેઓ કહે છે.

પ્રભુ વિષે સ્તુતિ કરવા વડે હું મારી વાચાને પવિત્ર કરૂં છું કારણકે આ ભવરૂપી અટવીમાં પ્રભુનું સ્તવન કરવું એ જ આ જન્મધારીઓનાં જન્મનું ફળ છે.

બીજા પ્રકાશમાં ભગવાનના સહજાતિશયનું વર્ણન કવિ કરે છે પ્રભુના દેહ વિશે તેઓ કહે છે.

न केवलं रागमुक्त, वीतराग । मनस्तव ।
वपुः स्थितं रक्तमयि, क्षीरधारा सहोदरम् ॥

હે વીતરાગ ! કેવળ આપનું મન રાગરહિત છે એમ નથી, આપના શરીરમાં રહેલું રૂધિર પણ (રાગના અભાવથી) દૂધની ધારા જેવું ઉજ્જ્વળ છે.

ત્રીજા પ્રકાશમાં કર્મક્ષયને લીધે ઉત્પન્ન થયેલા અગિયાર અતિશયોનું વર્ણન એમણે કર્યું છે. અને મૈત્રી વગેરે ચાર ભાવના વડે પૂજનીય એવા યોગાત્મસ્વરૂપ પરમાત્માને તેઓ નમસ્કાર કરે છે.

मैत्रीपवित्रपाय, मुदितामोद शालिने ।
कृपा पेक्षा प्रतीक्षाय, तुभ्यं योगात्मने नमः ॥

મૈત્રીભાવના પવિત્રપાત્રરૂપ, પ્રમોદ ભાવના વડે સુશોભિત તથા કરૂણા અને માધ્યસ્થ ભાવના વડે પૂજનીય યોગાત્મા-યોગસ્વરૂપ એવા આપને નમસ્કાર પાઓ.

ચોથા પ્રકાશમાં દેવકૃત અતિશયોનું વર્ણન છે. સમવસરણમાં બિરાજમાન તીર્થંકર પરમાત્માનું વર્ણન કરતાં કવિ કેવી સુંદર કલ્પના કરે છે તે જુઓ :

दानशीलतपोभाव भेदाद्धर्म चतुर्विधम् ।
मन्ये युगपदारुयातुं, चर्तुववत्रोऽभवद् भवान ॥

દાન, શીલ, તપ અને ભાવ એ ચાર ભેદથી ચાર પ્રકારના ધર્મને એક સાથે કહેવા માટે જ હોય નહિ તેમ આપ સમવસરણમાં ચાર મુખવાળા થયા છો, એમ હું માનું છું.

"વીતરાગ સ્તોત્ર"માં એનો સાતમો પ્રકાશ ઘણો મહત્વનો છે. કારણકે એમાં જગતના કર્તૃત્વનો પ્રશ્ન કવિએ લીધો છે. ભગવાને આ જગતની રચના કરી છે એવું જો માનવામાં આવે તો કેટલા બધા પ્રશ્નો ઉપસ્થિત થાય છે કે જેના સંતોષકારક જવાબ મળતા નથી. માટે જૈન ધર્મ માને છે કે આ જગત અનાદિ અનંત છે એના કોઈ સર્જનહાર કે વિસર્જનહાર નથી શરીરહિત પરમાત્માને એ ઘટતું પણ નથી. કવિ લખે છે

अदेहस्य जगत्सर्गे, प्रवृत्तिरवि नोचिता ।
न च प्रयोजनं किंचित, स्वातन्त्र्यान्नपराज्ञया ॥

(શરીરહિતને જગતનું સર્જન કરવાની પ્રવૃત્તિ પણ ઘટતી નથી. કૃતકૃત્ય હોવાથી સર્જન કરવાનું કોઈ પ્રયોજન નથી. અને સ્વતંત્ર હોવાથી પારકાની આજ્ઞાએ પણ પ્રવર્તવાનું નથી.)

આઠમો પ્રકાશ દાર્શનિક તત્વચર્ચાથી યુક્ત છે. એમાં દ્રવ્ય અને પર્યાય, નિત્ય અને અનિત્યની ચર્ચામાં જૈનદર્શને અનેકાન્તવાદ દ્વારા કેવો સરસ સમન્વય કર્યો છે તે દર્શાવાયું છે. કવિ લખે છે :

तत्त्वस्यैकान्तनित्यत्वे कृतनाशाकृता गमौ ।

स्याता मेकान्तनाशेऽपि, कृतनाशाकृता गमौ ॥

(પદાર્થનું એકાન્ત નિત્યપણું માનવામાં કૃતનાશ બને અકૃતાગમ નામના બે દોષ છે. એકાન્ત અનિત્યપણું માનવામાં પણ કૃતનાશ અને અકૃતાગમ નામના બે દોષ રહેલા છે.) એક સાથે નિત્ય અને અનિત્ય એ બે ગુણ કેમ સંભવી શકે તેના ઉત્તરમાં તેઓ કહે છે કે સમન્વય દૃષ્ટિથી દોષો નિવારી શકાય છે. આયુર્વેદમાંથી સરસ દૃષ્ટાંત આપતાં તેઓ કહે છે :

ગોળ એ કફનો હેતુ છે અને સૂંઠ એ પિત્તનું કારણ છે. જ્યારે ગોળ અને સૂંઠ બન્ને એકત્ર મળે છે ત્યારે દોષ રહેતો નથી, કિન્તુ (ભેષ જ (ઔષધ) રૂપ બની જાય છે.

ઓગણીસમા પ્રકાશમાં ભગવાનના પ્રસાદ કરતાં તેમની આજ્ઞાના પાલનનું મહત્વ કવિ સમજાવે છે. મોક્ષનું લક્ષ્ય સમજાવીને અરિહંત દેવોના સર્વ ઉપદેશનું રહસ્ય એક વાક્યમાં સમજાવતાં તેઓ લખે છે.

आश्रवो भवहेतुः स्यात् संवरो मोक्षकारणम् ।

इतीयमार्हती मुष्टिरन्यदस्याः प्रपञ्चनम् ॥

આશ્રવ એ ભવનો હેતુ છે અને સંવર એ મોક્ષનું કારણ છે. શ્રી અરિહંતદેવોના ઉપદેશનું આ સંક્ષિપ્ત રહસ્ય છે. અને બીજો સર્વ એનો વિસ્તાર છે.)

છેલ્લા વીસમા પ્રકાશમાં હેમચન્દ્રાચાર્ય શ્રદ્ધા અને ભક્તિપૂર્વક તીર્થંકર પરમાત્મા પ્રતિ પોતાની સર્વ સમર્પણનો ભાવ દર્શાવતાં લખે છે :

तव प्रेष्योऽस्मि दासोऽस्मि, सेवकोऽस्म्यस्मि किङ्करं
ओमिति प्रतिपद्यस्व, नाथ नातः परं ब्रुवे ॥

(હે નાથ ! હું આપનો પ્રેષ્ય છું, દાસ છું, સેવક છું, અને કિંકર છું, માટે 'આ મારો છે' એ પ્રમાણે આપ સ્વીકાર કરો, આથી અધિક હું કાંઈ કહેતો નથી.)

આમ "વીતરાગ સ્તોત્ર" હેમચંદ્રાચાર્યની મહાન તત્ત્વવેતા અને શરણાગત ભક્ત એ બંનેના સુભગ સમન્વયની અદ્ભુત કૃતિ છે. એમાં કવિ તરીકે, દાર્શનિક તરીકે અને વિનમ્ર ભક્ત તરીકે એમની અલૌકિક છબિના દર્શન થાય છે.

આવા મહાન સ્તોત્રનું રોજ નિયમિત પઠન કરવાનો કુમારપાળ મહારાજાએ નિયમ લીધો એ જ એની મહત્તા દર્શાવે છે.

આમ, વ્યાકરણ, કોશ, મહાકાવ્ય, કાવ્યાલંકાર વગેરે પ્રકારના ઉત્તમ સાહિત્યનું નિર્માણ કરનાર મહાન જૈનાચાર્ય, કલિકાલ સર્વજ્ઞ હેમચન્દ્રાચાર્યે કરેલી શ્રેષ્ઠ કોટિની સ્તોત્રના પ્રકારની કૃતિઓની રચનાઓ એમની ભારતીય સ્તોત્ર સાહિત્યમાં અનોખું સ્થાન અપાવે છે.

# જૈન સંતકવિ તિરુવલ્લુવરની રચનાઓ

– શ્રી વર્ષાબેન શાહ

**(શ્રી વર્ષાબેન શાહ (બી.કોમ., બી.એ., (જૈનોલોજી) સંસ્કૃત-પ્રાકૃતમાં ડીપ્લોમાં પરિસંવાદમાં નિબંધો રજૂ કર્યા છે.)**

જૈન પરંપરા અને જૈન સાહિત્યની સાથોસાથ તમિળ સાહિત્યનો પણ વિકાસ થયો છે. તમિળ વ્યાકરણ અને શબ્દકોશની રચના જૈનોએ કરી. આમ તમિળ સાહિત્યનો વિકાસમાં જૈન કવિઓ અને વિદ્વાનો, સાહિત્યના ઉત્કર્ષ અને ઉત્થાનમાં અનન્ય અને અમૂલ્ય ફાળો છે.

તિરુવલ્લુર ઈસુ પહેલાંની પ્રથમ સદી અને ઈસુ પછી પ્રથમ સદીની વચ્ચે એમનો જીવનકાળ પથરાયેલો છે. સંતકવિ માત્ર જૈન દર્શનથી પરિચિત અને પ્રભાવિત હતા એટલું જ નહિ પણ એમને વેદ અને બૌદ્ધ દર્શનનો પણ અભ્યાસ કર્યો હતો. ગ્રીસના દાર્શનિકોની વિચારધારાઓ તથા પ્રાચીન રોમની ફિલોસોફીઓનો પણ સારો પરિચય અને અભ્યાસ હતો તેઓ સાંપ્રદાયિકતાથી પર હતા અને માત્ર માનવીના ઉત્કર્ષ માટેનો પંથ ચીંધ્યો. તિરુવલ્લુવર જૈન હતા અને અરિહંતના ઉપાસક હતા તેઓના ગૃહસ્થ-જીવન આદર્શ કોટિનો હતો તેઓ એટલા બધા લોકપ્રિય બની ગયા કે દરેક પંથવાળા દાવો કરે છે કે તિરુવલ્લુવર પોતાના પંથના હતા.

કુરળ/તિરુકુરળ (નીતિશાસ્ત્ર પર આધારિત કાવ્ય રચના)

'કુરળ'ના રચયિતા તિરુવલ્લુર વ્યસાયે વણકર હતા એટલે વણાટનો કસબ અપનાવી કુલ ૧૩૩૦ ઋચાઓનું કાપડ તૈયાર કરી

આપણી સમક્ષ રજૂ કરી છે જે આજે પણ સમયની કસોટીમાંથી પસાર થઈ એટલું જ યથાર્થ (relevant) ઉપયોગી સિદ્ધ થયું છે. ૧૦ ઋચાઓના સમૂહનું એક પ્રકરણ એવાં ૧૩૦ પ્રકરણો છે, જેના ત્રણ વિભાગો (ખંડ) પાડવામાં આવ્યા છે.

| | | |
|---|---|---|
| પ્રથમ ખંડ (વિભાગ) | - | સદાચાર ગુણધર્મ રાજ્ય સંબંધી |
| બીજો ખંડ | - | સંપત્તિ અથવા અર્થ જેમાં નિતિ-નિયમનું સૂચન કર્યું છે. |
| ત્રીજો ખંડ | - | નિખાલસ અને પવિત્ર 'પ્રેમ' |

'કુરલ'ને તમિલ લોકો વેદ ગ્રન્થ તરીકે સ્વીકારે છે. તમિળ પ્રજાએ વલ્લુરની આગળ તિરુ લગાડી આદર વ્યક્ત કર્યો છે અને કુશળ, તિરુકુશળ, તરીકે ઓળખાય છે. તમિળ પિંગળમાં એનો અર્થ થાય છે 'છંદ' અથવા નાનું સ્વરૂપ તાત્ત્વિક અથવા પ્રજ્ઞાની વાતો માર્મિક રીતે કહેવા માટે આ માધ્યમ ખૂબ અનુકૂળ છે. જૈન દર્શનને મૈત્રી, કરુણા, મુદિતા અને ઉપેક્ષા ભાવનાઓને સુંદર રીતે વણી લીધી છે.

પહેલા ખંડનું પહેલું પ્રકરણ-૧-૧૦ Coupletsમાં તીર્થંકરોનાં ગુણ-ગાણ છે.

'અ' નાદસૃષ્ટિનું પ્રસ્થાનબિન્દુ છે એ પ્રમાણે આઈગરાણં પુરુષ ચરાચરનું (મોક્ષ માટે) આરંભબિન્દુ છે.

II પ્રકરણ-૧૧-૨૦મી કડી માં કૃષિપ્રધાન દેશ હોવાને કારણે વરસાદની મહત્તા આપી છે વરસાદના અભાવે સાંસારિક વ્યવસ્થા અસ્ત-વ્યસ્ત થઈ જાય તેની ઝલક બતાડી છે.

III પ્રકરણ-૨૧-૩૦ કડીમાં અરિહંત, સિદ્ધ, સાધુ, અહિંસા ધર્મ આમ ચતારિ મંગલમ, ચતારિ લોમા વર્ણન કરી છે.

"aravashi-andhana" ઉત્તમ પુરુષો માટે શબ્દ વાપર્યો છે.

IV પ્રકરણ ૩૧-૪૦ : 'Ollum vagaigal' ત્યાગ અને સંયમ 'Sellum, vayellam' ઈન્દ્રિયનિગ્રહ ઉપર ભાર મૂક્યો છે. સંતકવિએ

લખ્યું છે 'એક ક્ષણ પણ નકામો ન જવા દેતાં, તમે જીવનભર સત્કૃત્યો કરતાં રહો. ગાથા નં. ૩૨

V-VIII છઠ્ઠા, સાતમા

V (૪૧-૮૦) પાંચમા પ્રકરણમાં ગૃહસ્થજીવનનો મહિમા ગાયો છે. બીજાં પોતાના વ્રતોનું પાલન કરી શકે તે માટે જે મદદરૂપ થાય છે અને ધર્માનુસાર જીવન જીવે છે એવા ગૃહસ્થનો મહિમા કરો.

VII પ્રકરણ (૬૧-૭૦) 'માતૃત્વ'નું વર્ણન મળે છે.

જ્યારે માતા પોતાના બાળકને 'પ્રજ્ઞાવાન પુરુષ' તરીકે જુએ છે. તો ખુશીનો પાર રહેતો નથી... ગાથા નં. ૬૯

Chap VIII પ્રકરણ ૭૧-૮૦માં વાત્સલ્ય-પ્રેમ (Universal Love) આલેખ્યા છે. મૈત્રી ભાવ રાખવાની સિદ્ધત્વ (Vuyirnilai) પ્રાપ્ત થાય છે.

Chap IX પ્રકરણ-૮૧-૯૦માં અતિથિ સ્વાભાવિક રીતે જ ગૃહસ્થની (શ્રાવક) સૌથી પવિત્ર ફરજ બની રહે છે.

જેમ 'અનીચા' ફલને સુંઘવાથી ફૂલ કરમાઈ જાય છે તેમ અતિથિને દૂરથી જ અવગણના કરવાથી એનું હૈયું ભાંગી જાય છે...... ગાથા નં. ૯૦

Chap X ૯૧-૧૦૦ - હિત-મિત-પ્રિય વચન બોલવાની સલાહ

Chap XI ૧૦૧-૧૦૦ - પરોપકારવૃત્તિ કેળવવી

Chap XII ૧૧૧-૧૨૦ - બધાં સાથે એકજ સરખું વર્તન

Chap XIII ૧૨૧-૧૩૦ - ત્રણ ગુપ્તિ

૧૩૧-૨૨૦ - 'Gllaram' શ્રાવકાચાર ઉપર ઉલ્લેખ કર્યો છે. બન્ને (Positive) હકારાત્મક અને નકારાત્મક (Negative) પાસાં લીધાં છે.

૨૨૧-૨૩૦ - દાનની મહત્તા આપી છે.

પ્રકરણ ૨૪૧-૩૭૦ 'Thuravaram' સાધુ-આચાર ઉપર ભાર

મૂક્યો છે. (પેટા ભાગે શ્રાવક પણ આવી શકે)

ઈચ્છા-ઈન્દ્રિયનિગ્રહ, વૃત્તિનિક્ષેપ, કષાયનું ઉપરામન અને ક્ષય વગેરે તથ્યો આલેખ્યાં છે. સાધુ-આચારમાં પણ બન્ને પાસાં (aspect) લીધાં છે. નકારાત્મક વલણ (attitude) એક સાધુ, ને શું ન કલ્પે અને હકારાત્મક વલણ (attitude) છે કે સાધુ રત્નત્રિયામાં (દર્શન, જ્ઞાન, ચારિત્ર) સમ્યકને રમણતા કરે અંતમાં સંતકવિએ નિર્વિકલ્પ અવસ્થાની વાત કરી છે.

કવિ કહે છે ક્ષણિક પદાર્થોને શાશ્વત માની લેવા જેવી મૂર્ખાઈ બીજી કોઈ નથી. વેલફેર સોસાયટી (Wdfarc soceily) Welfare Society

કુરલનો બીજો ખંડ ગાથા-૩૮૧ થી ૧૦૮૦ સંપત્તિ અર્થાત અર્થ (પ્રોરૂલ) ને લાગતો છે જેમાં મુખ્યત્વે, રાજકારભારને પ્રાધાન્ય આપ્યું છે.

સંતકવિ પોતાના શાણપણયુક્ત કુશાગ્ર બુદ્ધિથી તમિળના રાજા અને ત્યાનાં પ્રજાજનો માટે ચાનક્ય-નીતિથી પરિચિત કરાવવાનો પ્રયાસ છે. રાજવીઓના ગુણ, યુદ્ધ માટે સ્થાન-પરીક્ષા, વ્યૂહ રચના, વિશ્વાસ અને કાળની કસોટી, ન્યાયી સરકાર, પ્રજાનું હિત, ગુપ્તચર સેવા, સચિવો કાર્યપદ્ધતિ, રાજવી સાથે વર્તન, શત્રુનાં લક્ષણ, દુરાચાર, કુવ્યસનો, સંકટ સમયે હિંમત, સન્માર્ગે વપરાતું ધન વગેરે વિષયોની છણાવટ કરી ન્યાય અને સરળતા પૂર્વક બોધ આવ્યો છે.

ગાથા ૯૪૧ થી ૯૫૦ આરોગ્ય અને ઔષધીની ચર્ચા કરી છે.

ગાથા ૧૦૩૧ થી ૧૦૪૦ કૃષિ (agriculture) ને પ્રધાનતા આપી છે કારણ ખેડૂતો સમાજની ધરીરૂપ છે. મનુ ધર્મ શાસ્ત્રમાં વર્ણાશ્રમ પ્રમાણે કૃષિ અને કૃષિકરને નીચલા (શુદ્ર) કોટીમાં સ્થાન છે. જ્યારે સંતકવિ ખેતી-વડો ઉદ્યોગને પ્રથમ કોટીમાં મુક્યું છે. ભૂખ્યા પેટે ભજન થાય.

ત્રીજા ખંડ ગાથા-૧૦૮૧-૧૩૩૦ નિખાલસ સહજ પ્રેમની વાતો કરી છે. કારણ દાંપત્યજીવનમાં ગૃહસ્થી અને કુટુંબજીવનમાં પ્રેમ અને શ્રદ્ધાને સવિશેષ મહત્વ આપ્યું છે.

જેમ ઉગતા અંકુરને પાણી મળવાથી ઊગી, નીકળે છે તેમ નાયક નાયિકાનો પ્રેમ મળવાથી પ્રફુલ્લિત થાય છે... ગાથા-૧૦૯૩

સામાન્ય રોગ અને એને લાગતી દવાઓ બે અલગ વસ્તુ છે. પણ અહીં નાયિકાના caseમાં નાયિકા પોતેજ રોગ છે અને પોતે જ દવા છે.......ગાથા-૧૧૦૨

પ્રેમિકાનું મિલન, સૌન્દર્ય, વિરહ-વેદના, સંયોગ-વિયોગ, પ્રેમકલહ રીસામણાં-મનામણાં, સાન્નિધ્યનો આનંદ-ઉલ્લાસ વગેરે. નાયક અને નાયિકા વચ્ચે થયો મનોદશા ઉપસાવી છે.

પુરુષાર્થના ચાર રંગવાળા ધર્મ, અર્થ, કામ અને મોક્ષરૂપી મણકા લઈ એક સૂત્રમાં 'કુરલ' નામની માળા તૈયાર કરી જે આજે ૨૦૦૦ વર્ષ પછી પણ એનું તેજ ફીક્કું પડ્યું નથી. ને બીજા સૈકામાં (૨. A.D.) પાંચ મહાકાવ્ય-ચિંતામણી, સિલપધિકરમ, મણિમેખલાઈ, કુંડલકેશી, વલયપદોમાં 'કુરલ' ઝલક જોવા મળે છે તેમ આધુનિક સાહિત્યમાં પણ કુરલની ઝલક મળી રહે છે.

## ૧૧. ઉપાધ્યાય ઉદયરત્નજીની રચના

— ડો. ગુલાબ દેઢિયા

(સ્વામી આનંદના સાહિત્ય પર પીએચ.ડી. કરેલ છે. 'પ્રબુદ્ધજીવન' 'જન્મભૂમિપ્રવાસી' વ.માં અવારનવાર લેખો લખે છે.)

### ભીડભંજન પાર્શ્વનાથજિન સ્તવન

*જાય છે જાય છે જાય છે રે, જિનરાજ જોવાની તક જાય છે;*
*ખરાં દુ:ખડાં ખોવાની તક જાય છે રે, જિનરાજ જોવાની તક જાય છે.*
*હલુકર્મો હોવાની તક જાય છે રે, ભગવંત ભજ્યાની તક જાય છે;*
*બહુ લોભે તે લોલ લૂંટાય છે રે, જિનરાજ જોવાની તક જાય છે.*
*દુનિયા રંગદોરંગી દીસે, પલક પલક પલટાય છે રે. જિન૦*
*ખોટે ભરોસે ખોટી થાઉં, ગાંઠના ગરથ લૂંટાય છે રે. જિન૦*
*સગાં સજ્જન સહુ સ્વારથ સુધી, ગરજે ઘેલાં થાય છે રે. જિન૦*
*પુન્ય વિના એક પરભવ જાતાં, સંસારી સિદાય છે રે. જિન૦*
*રામા રામા ધન ધન કરતો, ધવધવ જ્યાં ત્યાં થાય છે રે. જિન૦*
*કંચન અને બીજી કામિની લુબ્ધા, કેઈ પ્રાણી કુટાય છે રે. જિન૦*
*પંચ વિષયના પ્રવાહમાંહી, તૃષ્ણાપૂરે તણાય છે રે. જિન૦*
*નાવ સરીખા નાથને મૂકીને, પાપને ભારે ભરાય છે રે. જિન૦*
*મોહરાજાના રાજમાંહી વસતાં, પરમાધામી પાસે જાય છે રે. જિન૦*
*જિનમારગ વિણ જમનો જોર, કહોને કોણે જિતાય છે રે. જિન૦*
*શ્રી સદ્‌ગુરુને ઉપદેશે, સુધેં ઝવેરી જણાય છે રે. જિન૦*
*પાખંડમાં પડ્યા જે પ્રાણી, કાંચનમાલા માફક તવાય છે રે. જિન૦*

*ભીડભંજન પ્રભુ પાર્શ્વ જિનેશ્વર, પૂજતાં પાપ પલાય છે રે. જિન૦*
*ઉદયરત્નનો અંતરજામી, બૂડતાં બાંહે સોહાય છે રે. જિન૦*

-ઉપાધ્યાય શ્રી ઉદયરત્નજી ('ઉદય-અર્ચના'માંથી)

આ સ્તવનની પહેલી પંક્તિ ખરી ચિત્રાત્મક છે. કવિ ત્રણ વાર કહે છે. 'જાય છે જાય છે જાય છે રે, જિનરાજ જોવાની તક જાય છે.' કવિ તર્જની સંકેત કરીને દેખાડે છે, હે જીવ જોવા જે છે તે તો જિનરાજ છે અને એમને જ જોવાની તક તું ગુમાવે છે તે યોગ્ય નથી. 'ખરાં દુઃખડાં' કહ્યું. સંસારમાં વસ્તુઓની પ્રાપ્તિ, ઈચ્છાઓની પૂર્તિ ન થાય, મનગમતું, ભોગ વિલાસભર્યું કશું ન મળે એ દુઃખ ખરું નથી. ખરું દુઃખ તો છે, ભવભ્રમણ, અજ્ઞાન એ ખરાં દુઃખને દૂર કરવાની તક ચાલી જાય છે. હળુકર્મી બનવાની તક જાય છે કારણ કે ભગવંત ભજયાની તક જાય છે. એક વાર મળ્યા પછી ગુમાવી દઈએ તો તક પાછી નથી આવતી. જોવાની તક તો મહાલક્ષ્મી, પરમલક્ષ્મીની પ્રાપ્તિ બરાબર છે. બહુ લોભ કરવાથી અજ્ઞાની આત્મા પોતે જ લૂંટાય છે.

ઉપાધ્યાય કવિવર ઉદયરત્નની કવિતા તો, 'એનો શણગાર એની સાદગી જી રે', જેવી છે.

આ સંસાર રંગબેરંગી છે. ક્યારે કયો રંગ દેખાડશે કોણ કહી શકે ? પળે પળે પલટાય છે, ક્ષણે ક્ષણે સરે છે તે સંસાર છે. પછી સરસ પંક્તિ આવે છે, 'ખોટે ભરોંસે ખોટી થાઉં, ગાંઠના ગરથ લૂંટાય છે રે' સંસારની વસ્તુઓ પર, વ્યક્તિઓ પર, સંસારના સુખ-દુઃખ જેવી ખોટી બાબતોમાં ખોટી થાઉં છું. મોડું કરું છું. સમય બગાડું છું. અને મારા પોતાનું, સ્વત્વનું, આત્માનું અહિત કરું છું. હું જ લૂંટાઉં છું. કારણ જિનરાજ જોવાની તક જાય છે.

'રામા રામા ધન ધન કરતો, ધવધવ જ્યાં ત્યાં ધાય છે રે' સ્ત્રીઘેલો થઈને, કામપીડિત થઈને, ધનનો, સંપત્તિનો લાલચુ બનીને, એ બન્ને મેળવવા અહીંથી ત્યાં દોડે છે, ભટકે છે, આથડે છે અને એમાં જ જિનરાજ જોવાની તક જાય છે. કંચન અને કામિનીના

મોહમાં જીવ આથડે છે. કુટાય છે, પીડાય છે. ઈન્દ્રિયોના પાંચ વિષય ધસમસતા જળપ્રવાહ જેવા છે. તૃષ્ણાથી ભરેલા છે, જીવ તેમાં તણાય છે.

તૃષ્ણાના પૂરમાંથી, સંસારની આસક્તિમાંથી ઉગારનાર નાવ સમાન પ્રભુ છે પણ જીવ સંસારસાગરમાં તરણતારણ પ્રભુને છોડી પાપના ભારથી સાગરમાં ડૂબે છે. પ્રત્યેક વખતે મોહ ધારણ કરવાથી નર્કને દ્વારે પહોંચી જાય છે.

કવિને જિનમાર્ગ પર કેવો અતૂટ, અચલ, અખૂટ, અમોઘ, અટલ ભરોસો છે તેથી કહે છે, 'જિનમારગ વિણ જમનો જોર, કહોને કોણે જિતાય છે રે.' મૃત્યુનું જોર ખૂબ જ છે. એને જીતવા માટે મૃત્યુથી પર થવા માટે. ભવના ફેરામાંથી મુક્ત થવા માટે જિનમાર્ગ સિવાય અન્ય કયો ઉપાય છે ?

સદ્‌ગુરુનો ઉપદેશ તો પારખુ ઝવેરી જેવો છે. જેમને સાચા રત્નની પરખ છે. સદ્‌ગુરુના ઉપદેશને છોડી જે પાખંડમાં, ભ્રમમાં, ઢોંગ પડે છે તે જીવ કાંચનમાલા-સુવર્ણમાળાની જેમ આગમાં પડે છે, ટીપાય છે અને આત્માનું સુવર્ણ હોવા છતાં દુઃખી થાય છે.

કવિ કહે છે. ભીડભંજન પ્રભુ પાર્શ્વ જિનેશ્વરને પૂજતાં પાપ દૂર થાય છે. પ્રભુ તો અંતરયામી છે. સંસારમાં ડૂબતા જીવની બાંહ પકડી ઉગારનાર છે. સુખ આપનાર છે.

માટે જિનરાજને જોવાની તક ગુમાવવા જેવી નથી. પ્રભુદર્શન સુખસંપદા, પ્રભુદર્શન નવનિધ, પ્રભુદર્શનથી પામીએ સકળ પદારથ સિદ્ધ તે આ.

જિનેશ્વરને શરણે જવાથી જીવનો ઉગાર છે, તરી જવાનો, બચી જવાનો આરો છે એ વાત આ સ્તવનમાં સરળ છતાં રસિક ભાષામાં કવિએ કરી છે. પ્રથમ પંક્તિ ફરી ફરી ગાવા જેવી છે. મનમાં કોતરી રાખવા જેવી છે.

'જાય છે જાય છે જાય છે રે,
જિનરાજ જોવાની તક જાય છે.'

# Critical Appreciation of the Poem "Apurva Avasar" by Shrimad Rajchandra

– Dr. Nilesh Dalal

(ડૉ. નિલેશ દલાલ સોમૈયા કોલેજ ઘાટકોપરમાં પ્રોફેસર છે. જૈન દર્શનના અભ્યાસી નિલેશભાઈ પર્યુષણ વ્યાખ્યાનમાળામાં તત્વસભર પ્રવચનો આપે છે. જૈન અધ્યાત્મ સ્ટડી સર્કલમાં તેમના વ્યાખ્યાનો અવારનવાર યોજાય છે. સેમિનાર. જૈનસાહિત્ય જ્ઞાનસત્રમાં ભાગ લે છે.)

In this poem, Shrimad Rajchandra gives expression to his deep rooted aspirations for attaining the highest spiritual ideal. Through the 21 stanzas of this poem he maps the soul's journey from the lowest rung (Mithatva gunashtana) of the spiritual ladder to the highest (Ayogi kevali gunasthana) and beyond (state of the liberated soul).

One gets a lucid and soul stirring description of the internal and external activities of the ardent spiritual aspirant. So fervent is the import of the poem the even Muni Harshchandraji, one of the foremost critics of Shrimad Rajchandra has praised the zeal and dedication of the poet in no uncertain terms while reviewing this poem.

The poem is well known by its beginning words "When will that unprecedented auspicious occasion come ?" (Apoorva Ayavasa evo kyare avashe ?) or "Ascending the spiritual ladder" (Gunasthana Kramarohana). Though the poem may appear a bit long, it actually depicts in a nutshell the long arduous spiritual path. It is autobiographical in a sense. It is believed that the poet had reminiscence of nearly 900 past births and in one such past lives the poet had been a direct disciple of the 24th Tirthankara Lord Mahavira. Though the poet expresses his aspirations for the future, if one believes in the poets reminiscence of actual tutelage under great ascetics like Lord Mahavira, it seems that the poet is nostalgic. This nostalgia could be a fortifying factor that make his spiritual aspirations become all the more stronger. One can actually feel the burning desire of the poet to plunge into the life of a full time totally dedicated spirituals aspirant who would not like to spare a single moment for mundane activities nor allow even an iota of consideration for worldly cravings. This highly charged poem expresses such profound aspirations' that it secured a place in Ashram Bhajanavali that is used in Mahatma Gandhi's Ashram.

While the highest aspiration and intense craving for absolute detachment are voiced in the 1st and 2nd stanzas, the 3rd stanza expresses the quintessence of Jaina Spiritualism by stressing upon the point that the journey on the path of spirituality starts only after the dark clouds of ignorance are scattered and the path is illuminated by the knowledge of the pure self. The 4th stanza speaks about the indomitable spirit and resolute nature of the and why about the psycho-physical activities performed by the aspirant. It also hastens to say that in the end, even the most immaculate activities

performed by the aspirant, ultimately come to a standstill and the aspirant becomes completely engrossed in the nature of the pure self. Thus subscribing to the view that the path of liberation is the path of renouncing all activities both inauspicious and auspicious.

While the 6th stanza hints at the absolute detachment of the aspirant, the 7th stanza gives a clue on how to win over the worst enemies on the path of spirituality. The trick suggested is like a powerful laser beam which would bring to naught the ferocious internal strife and the aspirant would be victorious in a jiffy.

The 8th stanza elucidates the remarkable effect of the war tactic used to win the internal enemies. The 9th stanza expresses the poets passion for leading the life of a monk in respect of both the external and internal adherence true to both the word and spirit of the scriptures. The 10th stanza is an epitome of expression of absolute equanimity. The 11th and 12th stanzas describe the exacting and strenuous nature of the spiritual path but they also hint how the serenity of the monk's attitude transforms this extremely demanding and steep uphill task into a child's play that could be traversed effortlessly. Verses 13 through 17 describe in lucid manner the technical descriptions of the internal states of the soul and the processes of karmas that occur during the ascendance of higher rungs of the spiritual ladder. The humdrum technical descriptions are rendered into poetic form without sacrificing the veracity of the actual processes that are undergone at the karmic level. The 18th verse attempts to describe the indescribable and hence the poet has little choice but to use negative terms profusely. The 19th verse elaborates the nature of the liberated soul in more positive terms.

In the 20th verse the poet confesses his inability to describe the magnanimity of liberated soul in its full glory. In the 21st stanza he reveals that this most glorious state of the liberated soul is the object of his contemplation. He avers that though not fully competent, at present for attaining that state, in future, by adhering to the precept the Lord, he too shall attain that most exalted of states.

It may be said without hesitation that the poem "Apoorva Avasara" is one of the best compositions not only of shrimad Rajchandra in particular but also of spiritualistic compositions in general. It enjoys an exalted place and shall continue to enjoy one for a long time in future too due to the dedication and purpose of all composer and sublimity of subject matter of the poem.

# ધ્યાન, જપ જૈનવિધિ અનુષ્ઠાનની વૈજ્ઞાનિકતા

– બીના ગાંધી

**(બીના ગાંધી : બી.એ. કોમ્પ્યુટર વિજ્ઞાન, યોગિક કલ્ચર અને યોગિક શિક્ષણમાં ડીપ્લોમાં કોર્સ કર્યો છે તથા નેચરોપથીનો પણ ડીપ્લોમાં અભ્યાસ, ૧૪ વર્ષથી યોગ શીખવે છે, નિર્મલા નિકેતન કોલેજમાં 'કાઉન્સેલર' છે. વિવિધ સામાયિકોમાં લેખ પ્રસિદ્ધ થયા છે. પ્રમોદાબેન 'ચિત્રભાનુ' પાસે જૈનદર્શનનો અભ્યાસ કરે છે.)**

માનવી વિવિધ પ્રકારની આધિ, વ્યાધિ અને ઉપાધિથી પીડાય છે. કેટલાક જીવનમાં ભાંગી પડે છે, કેટલાક નિરાશામય જીવન વ્યતીત કરે છે અને કેટલાક જીવનમાં ખોટો માર્ગ જાણવા છતાં એમાંથી બહાર આવી શકતા નથી. આવા વખતે માણસ પાસે બે જ રસ્તા છે. (૧) સ્ટ્રગલ - ખૂબ મથામણ (૨) લાચારી - કર્મ / નસીબને દોષ આપે છે અને આશા રાખે છે. ક્યારેક તો જીવનમાં સુખ - શાંતિ આવશે. સવાલ એ છે કે શું આ બે સિવાય ત્રીજો કોઈ માર્ગ છે, જેથી જીવનમાં સંજોગો - પરિસ્થિતિનો સામનો થઈ શકે ? હા, ચોક્કસ. આ ત્રીજો રસ્તો છે જપ, ધ્યાન દ્વારા અનુભૂતિ કરવાનો.

પ્રાચીન કાળમાં વિજ્ઞાન શબ્દ ભૌતિક અને આધ્યાત્મિક એ બંને વિજ્ઞાનનો સૂચક હતો. આ જપ ધ્યાન એ આધ્યાત્મિક વિજ્ઞાનનો વિષય છે અને દરેક વ્યક્તિ આનો અનુભવ/સાક્ષાત્કાર કરી શકે છે. આધ્યાત્મિક ચેતના જગાડવા માટે જપ અને ધ્યાન અત્યંત જરૂરી છે. આપણાં

શરીરમાં કેટલાંક શક્તિકેન્દ્રો છે (તેનો પત્તો વૈજ્ઞાનિકોને લાગ્યો નથી પણ આપણાં ઋષિ-મુનિઓએ હજારો વર્ષ પહોલાં એ જાણ્યું હતું.) આ શક્તિકેન્દ્રોમાં એક અદ્‌ભૂત શક્તિ કામ કરી રહી છે. આ શક્તિને જપ-ધ્યાન, સાધના દ્વારા જાગૃત કરવાની છે. એનાંથી ચિત્તમાં શાંતિ, સ્વસ્થતા તથા પ્રસન્નતા રહે છે. **"प्रसन्न चेतसो त्याशु बुद्धिं पर्यवतिष्ठते"** અર્થાત ચિત્ત પ્રસન્ન થાય ત્યારે બુદ્ધિ આપોઆપ સ્થિર થાય છે અને ત્યારે જ માનવી આધ્યાત્મિક સાધનામાં આગળ વધી આત્મસાક્ષાત્કાર કરી શકે છે. અને નિર્મળ બુદ્ધિ આપણાં સમત્વભાવને ટકાવી રાખે છે. આ શક્તિ જાગૃત થતાં શરીર તથા મુખ અપૂર્વ કાંતિ ધરાવે છે એનો પ્રભાવ આપણા સહવાસમાં આવનાર દરેક પર પડે જ છે.

## જપ

જપ એટલે જપવું, ધીમા સાદે બોલવું કે શબ્દનું રટણ કરવું.

**जकारो जन्मविच्छेदः, पकारो पापनाशकः ।**
**तस्माज्जप इति प्रोक्तो, जन्मपापविनाशकः।।**

જ - જન્મનો વિચ્છેદ કરનાર છે, પ - પાપનો નાશ કરનાર છે. આ રીતે જન્મ અને પાપનો વિનાશ કરનાર હોવાથી તે જપ કહેવાય છે. જપ એક પ્રકારની ક્રિયા છે, તેમ એક પ્રકારનો માર્ગ પણ છે. નાદ, ધ્વનિ કે શબ્દની શક્તિ અગાધ છે. આધુનિક વિજ્ઞાને આ વાત પૂરવાર કરી છે કે આપણે જે કંઈ બોલીએ છીએ, તે પ્રતિબંધક ન રહેતાં સમસ્ત આકાશમાં ફેલાઈ જાય છે અને તેને બીજા સ્થાન પર બેઠેલી વ્યક્તિ ગ્રહણ કરી શકે છે. શબ્દનું જે પ્રકારનું સંયોજન હોય, તે પ્રકારની આકૃતિ ઉત્પન્ન થાય છે અને તેમાં ભાવનું અનુસંધાન થાય તો તેનાંથી ધાર્યું કાર્ય લઈ શકાય છે.

**જપનો અર્થ :-** અમુક લોકો માને છે કે મંત્ર જપ્યા કરીએ એટલે તેનું ફળ મળી જાય પછી તેનો અર્થ જાણવાની શી જરૂર? પણ આ માન્યતા યોગ્ય નથી "मननात् मंत्रः" ॥ આ સૂત્ર અનુસાર મંત્ર માત્રનું નિર્માણ "મનન" કરવા માટે થયેલું છે. આ મનન/ચિંતન માત્ર ઉચ્ચારણ,

રટણ કે જપથી થઈ શકે નહિ તેની સાથે અર્થનો વિચાર પણ જરૂર કરવો જોઈએ. "नाजपात् सिध्धयते मंत्रः।।" અર્થાત્ જપ વિના મંત્ર સિધ્ધ થતો નથી.

**જપનાં પ્રકારો :** જપનાં ત્રણ પ્રકાર છે (૧) ભાષ્ય - મોટેથી બોલીને (૨) ઉપાંશુ - કોઈ ન સાંભળે તેમ પણ હોઠ ફફડાવીને (૩) માનસ - માત્ર મનોવૃત્તિથી. આ ત્રણ પ્રકારના જપોમાં પહેલાં કરતાં બીજો અને બીજા કરતાં ત્રીજો શ્રેષ્ઠ ગણાય છે. છતાં પ્રારંભમાં તો સાધકે ભાષ્યનો જ આશ્રય લેવાનો છે. કારણ મોટેથી બોલીને કરવાથી અસ્થિર મન, સ્થિર થવા લાગે છે.

**જપ કોને કહેવાય ?** (૧) જે શબ્દ ઈશ્વર કે ભગવાનના કોઈપણ નામનું સૂચન કરતો હોય અથવા (૨) જે શબ્દ મંત્રપદ તરીકે માન્ય થયેલો હોય અથવા (૩) ગુરૂએ શિષ્યને અનુગ્રહ બુદ્ધિથી જે શબ્દ કે શબ્દોનું રટણ/ચિંતન કરવાનું કહ્યું હોય તેનાં રટણને જપ સમજવો.

દા.ત. ૐ, હ્રીં, અર્હમ્, સોહમ્, નવકારમંત્ર વ. તથા ઉવ્વસગ્ગહરં, ભક્તામર, લોગસ્સ વિ. દ્વારા પણ ધ્યાનની ભૂમિકા સુધી પહોંચાય છે.

**જપનું મહત્ત્વ :** જપથી "શ્રેયસ" (આત્માની ઉન્નતિ) અને "પ્રેયસ" (સાંસારિક ઉન્નતિ) બંનેની પ્રાપ્તિ થાય છે. એટલે તે ત્યાગી તથા ગૃહસ્થ બંને વર્ગને કામનો છે. નિત્ય-નિયમિત જપથી મન-વચન-કાયાની શક્તિમાં વધારો થાય છે. શ્રદ્ધાપૂર્વક - ભાવપૂર્વક જપ કરવાથી શારીરિક રોગો દૂર થાય છે. માનસિક રોગોનું નિવારણ થાય છે. વચનની શક્તિ ખીલે છે. યક્ષો, રાક્ષસો, પિશાચો, દુષ્ટ ગ્રહો તથા ભયંકર સર્પો અત્યંત ભય પામીને મંત્રજપ કરનારની પાસે જતા નથી એટલે તેમનાં ભયમાંથી બચી શકાય છે.

**જપસાધના માટેની પૂર્વ તૈયારી :**

**૧. શ્રદ્ધા :** શ્રદ્ધા એ 'એકડો' છે. જેમ એકડા વગરનાં મીંડાની કોઈ કિંમત નથી તેમ શ્રદ્ધા વગરનું જ્ઞાન, ચારિત્ર કે તપ પણ મીંડા

બરાબર છે માટે શ્રદ્ધા કેળવવી ખૂબ જ જરૂરી છે. આમાં અંધશ્રદ્ધાની વાત જ નથી કારણ વગર વિચાર્યે ગમે તે વસ્તુ કે વ્યક્તિ પર શ્રદ્ધા કરીએ તેને અંધશ્રદ્ધા કહેવાય પણ જે વસ્તુ શ્રુતિ, યુક્તિ અને અનુભૂતિ એ ત્રણેય કસોટીમાંથી પસાર થઈ છે. તેમાં શ્રદ્ધા રાખવાની વાત છે. શ્રદ્ધા નહિ તો સિદ્ધિ નહિ, એ વાત યાદ રાખવી ઘટે.

૨. શુદ્ધિ :

(૧) શરીરશુદ્ધિ - સ્નાન દ્વારા અથવા ભગવાનનું ચિંતન એ પણ એક પ્રકારનું સ્નાન જ ગણાય છે. (યોગસંહિતા)

(૨) મનઃશુદ્ધિ : પાપી વિચારો (કપટ, ચોરી, પરસ્ત્રી/પરપુરૂષ)ને દૂર કરવા.

(૩) સ્થાનશુદ્ધિ : ઉપાશ્રય, દેવાલય, તીર્થભૂમિ, ઘરમાં એક રૂમ / એક ખૂણો વિ.

(૪) દિશાશુદ્ધિ : પૂર્વ કે ઉત્તર તરફ મુખ રાખવું.

(૫) મંત્રશુદ્ધિ : ઉચ્ચાર શુદ્ધિ પર ધ્યાન આપવું.

(૬) દ્રવ્યશુદ્ધિ : આસન, માળા વિ.

(૭) શરીરની આભ્યંતર શુદ્ધિ : શરીરની અંદર વિવિધ પ્રકારના રોગો હોય તે પણ એક પ્રકારની અશુદ્ધિ છે અને જપમાં અંતરાયરૂપ છે. "**शरीर माद्यं खलु धर्म साधनम्॥**" આપણું શરીર ધર્મ કરવાનું પ્રથમ સાધન છે. આહાર-વિહાર-આચાર-વિચારનાં લીધે તંદુરસ્તી બગડવા સંભવ હોય તેનાંથી દૂર રહેવું. નેતિ, ધોતિ જેવી યોગક્રિયા પણ મદદરૂપ થાય છે.

(૮) મનની સથિરતા : શાસ્ત્ર સ્વાધ્યાય અને સત્સંગ દ્વારા મનને સ્થિર કરવું એની સાથે ક્રોધનો ત્યાગ, અભિમાનનો ત્યાગ, અતિલોભનો ત્યાગ, વાદ-વિવાદ કે ઝઘડાથી દૂર રહેવાની વૃત્તિ રાખવી. આહાર-વિહાર પરનો કાબુ પણ મનને સ્થિર કરવામાં મદદ કરે છે.

(૯) નિયમબદ્ધતા : નિયમથી બંધાવું. જેમ કે "હું હવે પછી જપસાધના કરીશ" એવો નિયમ ગ્રહણ કરવાથી સાધનામાં આગળ વધી શકાય છે.

**જપ ક્યારે કરવો ?**

સવારના ૪ થી ૬નો સમય ઉત્તમ. એ ન ફાવે તો સવારે ૬ થી ૮ કે સાડા આઠ સુધીમાં કરવું. દરેકે પોતે સંજોગો પ્રમાણે આગળ વધવું. ક્યારેક સવારના બદલે રાત્રિનાં બીજા પ્રહરે પણ કરી શકાય પણ નિયમ ચૂકવો નહીં. ક્યારેક મુસાફરી કરવાનું થાય તો ટ્રેન કે પ્લેનમાં મનોમન નિયત જપ કરી લેવો જપનો પ્રારંભ શુભ મુહૂર્તે કરવો જોઈએ.

**જપ કેમ કરવો ?**

મનને અન્ય સર્વ વિષયોમાંથી ખેંચી લેવું અને તેને મંત્રાર્થમાં જોડવું. પદ્માસન કે સ્વસ્તિકાસનમાં બેસવું. મેરૂદંડ સીધો રાખવો. મસ્તક ઉન્નત રાખવું. આંખો અર્ધી મીંચેલી રાખવી. દષ્ટિ નાકનાં અગ્ર ભાગ પર સ્થિર રાખવી. આમ ન ફાવે તો આંખ પૂરી બંધ જ રાખવી. જમણાં હાથમાં માળા રાખવી - તેને છાતી સન્મુખ લાવી પછી જપ કરવો. ડાબો હાથ - ડાબા ઢીંચણ પર જ્ઞાનમુદ્રામાં અથવા ખુલ્લો રાખવો. ઓછામાં ઓછું સાત વાર અને શક્ય હોય તો ૧૦૮ વાર ભગવાનનું નામ યાદ કરવું. પછી સ્તોત્ર કે સ્તવન કે શ્લોક ભાવપૂર્વક બોલવો પછી ધ્યાન કરવું.

જપના નિષેધો : આળસ મરડવી નહિ, બગાસુ, છીંક, ખોંખારો ખાવો નહિ. નિદ્રા કરવી નહિ, ઝોકાં ખાવા નહિ, ક્રોધ કરવો નહિ, નાભિથી નીચેના અંગોને સ્પર્શ કરવો નહિ. વાળ ખુલ્લા રાખીને મંત્રજપ ન કરવો (ખાસ સ્ત્રીઓએ), વાતો કરવી નહિ. બહાર જવાની ઉતાવળ હોય - કામની ઉતાવળ હોય ત્યારે પણ જપ ન કરવો. ભોજન કે સૂવાનાં સમયે ન કરવો. ચામડાની વસ્તુ પાસે રાખવી નહિ. પગ લાંબા પસારીને જપ ન કરવો. ઉભડક બેસીને પણ ન કરાય.

# ધ્યાન

ધ્યાન એ દિવ્ય જીવનનો દરવાજો છે. શક્તિના અખૂટ ભંડારની ચાવી છે અને અપૂર્વ ચિંતામણિ રત્ન છે.

**ધ્યાન કેવી રીતે કરવું ?**

ધ્યાનની પ્રક્રિયા (Process) દ્વારા કાર્યની સિદ્ધિ થાય છે તથા ગમે તેવા મુશ્કેલ સંજોગોમાંથી માર્ગ શોધી શકાય છે. ચાલો, આ ધ્યાનની પ્રક્રિયા જાણીએ.

(૧) પ્રથમ પગથિયું છે શ્રદ્ધા. કોઈપણ જાતનો ભય, શોક કે ચિંતાની રેખા મુખ પર નહિ. કોઈપણ નિમિત્ત હોય પણ આર્તધ્યાન કે રોદ્રધ્યાન નહિ જ. હૃદયમાં પરમાત્મા સિવાય બીજું કંઈ જ નહિ. આ શ્રદ્ધા પોતાની રૂચિ પ્રમાણે પરમાત્મા, નવપદ, નમસ્કારમંત્ર, સિદ્ધચક્ર અને પોતાનાં આત્મા જેવી શાશ્વત શક્તિઓ ઉપર કેન્દ્રિત કરવાથી નિર્ભયતા આવે છે.

(૨) આ શ્રદ્ધાને અમલમાં મૂકવી : યથાશક્તિ પ્રાર્થના, પૂજા, ધ્યાન આદિ કરવું.

(૩) મુશ્કેલીનો વિચાર totally બંધ કરવો. એમ છતાં મુશ્કેલીનો વિચાર ચાલુ હોય તો સમજવું કે આપણી શ્રદ્ધા હજી પરિપક્વ બની નથી.

(૪) મુશ્કેલીનો વિચાર બંધ કર્યા પછી હવે માત્ર અને માત્ર પરમાત્માનો જ વિચાર કરવો. પરમાત્માની શક્તિનું સ્થિરતાપૂર્વક ચિંતન કરવું.

(૫) પરમાત્માની શક્તિનું ચિંતન કરતાં કરતાં પોતાનું મન પરમાત્માના ધ્યાનમાં લીન કરી દેવું. આથી “મનની શાંત અવસ્થા”નો અનુભવ થશે.

આ પ્રક્રિયા (process) દ્વારા જ્યારે મનુષ્યનું મન શાંત થાય છે

ત્યારે આત્મશક્તિ જાગૃત થાય છે અને તે દ્વારા આપણે ગમે તેવા મુશ્કેલ સંજોગોમાંથી માર્ગ શોધી શકીએ છીએ તેમજ ગમે તેવા મહાન કાર્યો સિદ્ધ કરી શકીએ છીએ. આમ, સિદ્ધાંત (Principle) + પ્રયોગ (Application) = ફળનો અનુભવ (Result)

## ધ્યાનનું મહત્ત્વ :

- ધ્યાન એ જપસાધનાને પુષ્ટ કરનારી અતિ મહત્ત્વની ક્રિયા છે. આથી મન શાંત-સ્થિર થાય છે. આત્માનો વિકાસ સધાય છે.
- ધ્યાન દ્વારા સાત પ્રકારનાં ભય અને આઠ પ્રકારનાં કર્મને મૂળમાંથી ઉખેડી શકાય છે. જેનાં હૃદયમાં જિનેશ્વર ભગવંત બિરાજમાન છે, તેનું અનિષ્ટ કોઈ કરી શકતું નથી.
- સર્વ દુઃખ અને દુર્ભાગ્ય નાશ પામે છે. સર્વ ચિંતાઓ ચૂર થઈ જાય છે. આધિ, વ્યાધિ, ઉપાધિથી મુક્ત થવાય છે.
- આત્માનાં પૂર્ણ-શુદ્ધ ચૈતન્યનો અનુભવ અને પ્રાપ્તિ થાય છે. મોક્ષ પર્યંતની સર્વ સંપત્તિઓ, સિદ્ધિઓ, લક્ષ્મીઓ અને શક્તિઓ પ્રાપ્ત થાય છે. આત્મજ્ઞાન પ્રાપ્ત થાય છે. પછી જગતના બાહ્ય સુખો તુચ્છ લાગે છે.
- શુભ અધ્યવસાયનાં બળથી અશુભ કર્મ શુભરૂપે પલટાય છે. અશુભના સ્થિતિ અને રસ ઘટે છે અને શુભના સ્થિતિ અને રસ વધે છે. જિનભક્તિમાં અંતરાયને તોડવાની શક્તિ છે. તે કર્મોનાં સ્થિતિ, રસ-અનુબંધ તોડી નાંખે છે. પરમાત્માનો અચિંત્ય પ્રભાવ કર્મના નિયમ અનુસાર જ ફળ આપે છે.
- પરમાત્મપદ પ્રાપ્તિની પરમ કળા ધ્યાનમાં છે. આ એક મહત્ત્વની કળા શીખવાની છે કે આર્તધ્યાન અને રૌદ્રધ્યાનનાં નિમિત્તો વચ્ચે પરમાત્માના સ્મરણરૂપ ધર્મધ્યાન કેવી રીતે કરવું ?

- આત્મસ્વરૂપની પ્રાપ્તિ એ આપણું મૂળભૂત લક્ષ્ય છે. આત્મસ્વરૂપનો અનુભવ કરવા માટે આત્મધ્યાનની જરૂર પડે છે.

**ધ્યાનાભ્યાસ માટેનાં સૂચનો :**

- ધ્યાન અભ્યાસ (Practice) થી થાય છે એટલે નિત્ય-નિયમિત-નિરંતર અભ્યાસ કરવો જોઈએ.
- પ્રાણાયામ ધ્યાનાભ્યાસમાં સહાય કરે છે માટે અનુભવી પાસેથી તેનું જ્ઞાન મેળવી લેવું હિતાવહ છે. પ્રથમ (શરીરશુદ્ધિ) ભૂતશુદ્ધિ (પાંચ ભૂતોને પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ અને આકાશ - આપણાં શરીરની રચના આ પાંચ ભૂતોથી થયેલી છે.

  પૃથ્વીભૂત - હાડ, માંસ વગેરે કઠિન પદાર્થો.

  જલભૂત - લોહી, પેશાબ, પરસેવો, થૂંક વિ. પ્રવાહી પદાર્થો.

  અગ્નિભૂત - શરીરમાં ઉષ્ણતા - ગરમી દ્વારા અન્ન પાચનની ક્રિયા થાય છે તે.

  વાયુભૂત - પ્રાણ, અપાન, સમાન, ઉદાન અને વ્યાન આ પાંચ વાયુ દ્વારા રક્તશુદ્ધિ.

  આકાશભૂત - શરીરમાં રહેલ પોલાણ. આ પાંચની શુદ્ધિ માટે યોગની નેતિ, ધોતિ, બસ્તિ જેવી ક્રિયાઓ કે આસન કરી શકાય.) આમ, શરીરશુદ્ધિ પછી પ્રાણાયામ, જપ પછી ધ્યાન એ ક્રમ રાખવો.
- ધ્યાનમાં દુઃખ કે પીડાનાં વિચારો કરવા નહિ. બીજાને દુઃખ થાય એવાં દુષ્ટ વિચારો પણ ન કરવા. ધર્મનું ચિંતન કરવું. વૈરાગ્ય - ત્યાગની ભાવના કેળવવી.
- જે વિચાર આપણાં મનમાં વારંવાર ઘૂંટાય છે તે છેવટે

ભૌતિકરૂપ ધારણ કરે છે અને કાર્ય સિદ્ધ થાય છે. માટે વિચારોની જાગૃકતા કેળવવી.

- ધ્યાનનો અભ્યાસ જેમ જેમ વધતો જાય છે તેમ તેમ મનોવૃત્તિઓ સ્થિર અને શાંત થવા લાગે છે અને તેનો પ્રભાવ આપણાં શરીર, પ્રાણ મન તથા આત્મા પર પડે છે.
- ધ્યાનાભ્યાસ કરતાં અનેક પ્રકારની સિદ્ધિઓ સાંપડે છે. પણ તેમાં ન અટવાતાં આત્મસિદ્ધિને જ ધ્યેય માની આગળ વધવું.
- શારીરિક, માનસિક કે અન્ય કોઈ વિઘ્નો ઉત્પન્ન થાય છતાં ધ્યાનાભ્યાસ છોડવો નહિ.

પ્રશ્નોત્તરી : (લોકોનાં મનમાં ઉઠતાં તેમજ અમને પૂછાતાં common પ્રશ્નો-ઉત્તર અહીં પ્રસ્તુત છે)

પ્ર. પરમાત્માનો અર્થ શો ?

જ. પરમ એટલે શ્રેષ્ઠ એવો જે આત્મા તે પરમાત્મા. જે શુદ્ધ સ્વરૂપે છે એટલે કે કર્મોનાં બંધન વગરનું શુદ્ધ સ્વરૂપ.

પ્ર. જૈન ધર્મે મંત્ર-ઉપાસના / જપનો સ્વીકાર કર્યો છે ? જૈનધર્મ મંત્રમાં માને ?

જ. જૈન ધર્મનો મૌલિક સિદ્ધાંત તો એક જ છે કે જે આત્માને હિતકર હોય તેનો આદર કરવો, અહિતકર હોય તેનો ત્યાગ કરવો. મંત્ર ઉપાસના આત્માને હિતકર હોવાથી જૈન ધર્મે તેનો આદર કર્યો છે.

પ્ર. મંત્ર- આત્માને હિતકર શી રીતે થાય ?

જ. મંત્ર ઉપાસનાથી / જપથી સંવર અને નિર્જરાની ક્રિયાઓ સિદ્ધ થાય છે તેથી તે આત્માને હિતકર છે. તમે એક સ્થાને બેસી મંત્રોપાસના કરો એટલે પાપપ્રવૃત્તિઓનો ત્યાગ થાય છે આ થઈ સંવરની ક્રિયા અને જપ તથા તેની અર્થભાવના કરો

એટલે કર્મો ખરવા લાગે આ થઈ નિર્જરા. માટે જૈન શાસ્ત્રોમાં મંત્રજપને અભ્યંતર તપ ગણવામાં આવ્યું છે. તેની ગણના 'સ્વાધ્યાય'માં થાય છે.

પ્ર. ભગવાનની ભક્તિ/સ્તુતિ કરવાથી જ ખૂબ સારું લાગે છે તો મંત્રજાપની આવશ્યકતા શી છે ?

જ. આપણે સ્તુતિ-સ્તવન-સ્તોત્રો બોલીએ એ બધી પ્રભુની સામાન્ય ભક્તિ છે. તેને અનન્ય કે ઉત્કૃષ્ટ ન કહી શકાય. જ્યારે કોઈ મંત્ર ગ્રહણ કરીને તેનો નિત્ય-નિરંતર જપ કરીએ ત્યારે દરેક જપ આપણાં અંતરમન પર સંસ્કાર પાડે છે અને આપણે પ્રભુમય બનીએ છીએ પછી ભૌતિક વસ્તુઓની ઈચ્છા રહેતી નથી અને વ્યવહારનાં પાલન અર્થે જે કંઈ જોઈએ છે તે બધું જ આપોઆપ મળી જાય છે.

પ્ર. ભાગ્યમાં લખ્યું હોય તેમ જ થાય છે, તેમાં કંઈ ફેરફાર થતો નથી. પાંચમની છઠ થતી નથી તો પછી મંત્રોપાસનાની માથાકૂટમાં શા માટે પડવું ?

જ. નિકાચિત કર્મો અવશ્ય ભોગવવા પડે છે પણ તપ, સંયમ, ધ્યાન અને જપ દ્વારા કર્મની ફલદાયકતામાં ઘટાડો કરી શકાય છે કે નાશ પણ કરી શકાય છે. માટે પુરૂષાર્થ મુખ્ય છે અને મંત્રોપાસના એ માથાકૂટ નથી પણ પ્રશસ્ત પુરૂષાર્થ છે.

પ્ર. ધ્યાનનો અભ્યાસ કોણ કરી શકે ? કોઈ યોગ્યતા જોઈએ ?

જ. નાનાં-મોટાં, સ્ત્રી-પુરૠષ, ગૃહસ્થ-સાધુ સૌ કોઈ. ૭-૮ વર્ષના બાળકોને તાલીમ આપવામાં આવે તો ધ્યાનમાં બેસી શકે છે. ધ્યાનનો આરંભ કરવા માટે તો ધ્યાન ધરવાની ઉત્કટ ભાવના અને તે માટે નિષ્ઠાભર્યો પ્રયાસ કરવાની તૈયારી એટલું બસ છે.

(લેખ પાઠકો શાંતિથી વાંચે-વિચારે અને જપ-ધ્યાન સાધક બની પોતાનું જીવન સફળ કરે એ જ અભ્યર્થના)

# 14. Scientific Augmentation of 'Dhyana' - (Para-Mediation) in Jainism

– Govindji J. Lodaya

(શ્રી ગોવિંદજીભાઈ લોડાયા (જુનિયર બી.કોમ) વક્તા, લેખક, સંપાદક. 'પ્રકાશ સમીક્ષા' ના પૂર્વ તંત્રી, ત્રણ પુસ્તકો પ્રસિદ્ધ થયા છે. (૧) નવકાર સિદ્ધિ (૨) શ્રીમદ્ રાજચંદ્ર સ્મૃતિબિંદુ (૩) અર્હત ધર્મ. શોધલેખો વિવિધ સામયિકોમાં લખે છે. જુદી જુદી સંસ્થામાં પ્રવચનો આપે છે. જૈનદર્શનનાં ઊંડા અભ્યાસી છે.)

!!Abhi-Vaijnain DHYANA- VIDHANA in Jina Tattva Darshna.!!

વળી મળેલું ધન દુનિયા દેખે એમ રાખો કહી દેલવાડાંના બેનમૂન દેરાં બનાવવાની પ્રેરણા તેજપાલ પત્ની અનુપમાદેવીએ જ આપી હતી. પતિ ભવદેવને સાધુત્વના પતનથી ઉગારનાર, મુનિ જીવનમાં સ્થિર કરનાર મહાન નારી નાગિલાને ધન્ય છે. સતી રાજેમતીના તીર સમાન તીક્ષ્ણ, ધિક્કારયુક્ત વચનોથી, રહનેમિનું સંયમમાં સ્થિર થવું એ વિશ્વસાહિત્યની શ્રેષ્ઠ ઘટનામાં ઉચ્ચ સ્થાન ધરાવે છે.

બે પુત્રો ચંદ્રયશ અને નમિરાજર્ષિના સમરાંગણને સંયમના આંગણમાં ફેરવનાર સાધ્વી માતા મયણરેહા અને પિતા દધિવાહન અને પુત્ર કરકંડુ એટલે કે પોતાના સંસારી પતિ અને પુત્રના યુદ્ધ દ્વારા થનારો રક્તપાત રોકનાર સાધ્વી સતી પદ્માવતીને લાખો સલામ !

શિસ્તપાલન અને લીડરશીપમાં પણ નારી એટલી જ કાબેલ છે, ૩૬ હજાર સાધ્વીઓની પ્રવર્તિની ચંદનબાળા ! કેવી હશે એ નાયિકાની શિસ્ત કે જે સંસારી માસી, સાધ્વી મૃગાવતીને સાંજે ઉપાશ્રયમાં મોડા ફરવા બદલ ઠપકો આપી શકે ? સાથે જ પાપના અનુબંધને તોડી પુણ્યના અનુબંધને જોડવાનો ટૂંકો રસ્તો એટલે સ્વનિંદા, દુષ્કૃત ગર્હા - મિચ્છામિ દુક્કડંનું રટણ - મૃગાવતી અને ચંદનબાળાએ ખામેમિની સાધના દ્વારા કેવળજ્ઞાનની જ્યોતિ પ્રગટાવી.

નારી જ સંસ્કૃતિના વિકાસ પ્રવાહને વેગવંતો બનાવે છે. જૈન સંસ્કૃતિના મૂળિયાંને દૃઢ કરી તે વૃક્ષનો વિકાસ દૃઢ કરવા કેટલી બધી પદ્મિની અને મયણા સુંદરીઓએ શીલવ્રતનાં અમૃત જળ સીંચ્યા છે. આવી નારીઓ જ સંસ્કૃતિની સાચી જ્યોતિર્ધર છે.

પ્રેમની અજોડ મૂર્તિ મા તે મા જ છે. 'જે કર ઝૂલાવે પારણું તે જગ પર શાસન કરે' આપણા શતશત પ્રણામ એ રત્નકુક્ષિણી માતાઓને કે જેમણે તીર્થંકરો અને મહામાનવોને જન્મ આપ્યો છે. જૈન સંસ્કૃતિનો ઈતિહાસ આવી સંસ્કારદાત્રી માતાઓથી વિભૂષિત છે. ગર્ભમાંથી જ કષ્ટ સહન કરી સંસ્કાર-બીજનું વાવેતર કરનાર કેટલીક વીર જનેતાનાં નામ લેવાનું કેમ ચુકાય ?

**शुध्धोसि, बुध्धोऽसि** - ના હાલરડાં ગાઈ બાળપુત્રોમાં સાત્ત્વિક ભાવના ભરનાર માતા મદાલસાનો વિરક્તભાવ ઉચ્ચ કોટિનો હતો. અરણિકની મોહનિદ્રા ઉડાડી સંયમના સ્થાન પર પુનઃસ્થાપિત કરનાર કરુણાશીલ ભદ્રામાતાનો હૃદયદ્રાવક પોકાર જાણે કે હજુયે કર્ણપટે અથડાય છે.

આપણા આગમો તો દીપ છે. અને દર્પણ પણ છે. સોનાની થાળીમાં લોઢાની મેખ જેવાં, પરદેશી રાજાની પત્ની સુરિક્તા, મહાશતકની કામુક પત્ની રેવતી કે નાગિલા બ્રાહ્મણીના દૃષ્ટાંતો પણ આગમ પાને નોંધાયાં છે. જે 'હડાણ હમ્માણ ન મોકળ ચત્થિ'નો કર્મ સિદ્ધાંત સુપેરે સમજાવી જાય છે.

જૈન કુળની નારી ધારે તો શું ન કરી શકે ? જયણાએ ધર્મ પાળી, શક્ય એટલી છકાય જીવની દયા પાળે. ગર્ભમાંથી બાળકને ધાર્મિક સંસ્કાર આપવા પોતાની વિલાસી રહેણીકરણી પર સંયમની બ્રેક મારે. બાળકને આંગળીએ વળગાડી સંત-સતીજીના દર્શને લઈ જાય. મોટું થતાં અન્ય કોચિંગ ક્લાસ જેટલું જ મહત્ત્વ પાઠશાળાને આપી ત્યાં લેવા મૂકવા જાય. રસોઈનું 'મેનુ' એવું ગોઠવે કે પર્વ-તિથિએ ઘરના બાળકોને કે પતિદેવને લીલાં શાકભાજી યાદ ન આવે.

'समयं गोयं मा पमायए' નું સૂત્ર જીવનમાં વણી લઈ પોતે પ્રમાદથી બચે અને ઘરનાને બચાવે. વાર્તા-રસિયા બાળકોને ધાર્મિક કથા સંભળાવે, વડીલ- માતા પિતાનો આ બાબતે પૂરો સહકાર મેળવે. આવી તો કેટલી લાંબી યાદી બનાવી શકાય. અરે, હું તો કહીશ કે 'જયં ચરે, જયં ચિટ્ઠે' નું સૂત્ર અપનાવી, જૈનકુળની નારી જતનાથી જ બધી પ્રવૃત્તિ કરશે તો પર્યાવરણનો લય ખોરવાશે નહિ, અને જીવનમાં પ્રલય આવશે નહિ - પછી તો પાણી બચાવો, વૃક્ષ બચાવો ના સૂત્રો જીવનમાં વણાઈ જશે. અરે, ઘરમાં આવતી પ્રત્યેક વસ્તુ સંબંધી જૈન નારી વિચારશે કે એ ચીજનું ઉત્પાદન પર્યાવરણ ખોરવનારું કે પ્રદૂષણ વધારનારું તો નથી ને ? આમ પર્યાવરણનું રક્ષણ કરવામાં યત્કિંચિત યોગદાન આપી આપણી નારીઓ વિશ્વ સંસ્કૃતિના વિકાસમાં ફાળો આપવાનું મહામૂલું કાર્ય કરી શકશે. હું તો આજના પુરુષોને કહીશ કે સ્ત્રીઓને અનેકાંતવાદ દષ્ટિથી જુઓ. સ્ત્રી તો મલ્ટીચેનલ છે, તે એક રસોઈયણ છે, ધોબણ છે, દરજી છે, સ્વજનોની બિમારી વખતે ઉજાગરા કરતી પરિચારિકા છે. ધંધાદારી પુરુષ માટે તો તે ટેલિફોન ઓપરેટર છે, એકાઉન્ટંટ છે, મેનેજર છે, બોલો, ખોટું છે આમાં કાંઈ ? આ બધી સેવાનું પગારમાં શું મૂલ્ય ગણશો ? ધંધાદારી રસોઈયા કે પગારદાર નર્સ કરતાં બધાં કામોને સ્નેહના સ્પર્શથી સજીવન કરતી નારી શું એ બધાથી વિશેષ કાંઈ નથી ?

હું નખશિખ જૈનકુળની નારી,
જયણા જળસીંચીને પાળીશ, જીવદયા ધર્મ,
પતિનો ભાર ઉપાડી, બની સાચી ભાર્યા-
વડીલોના હૈયાં ઠારી, તેમની છત્રછાયામાં
બાળ પુષ્પોની સુગંધથી જીવન બાગ મહેકાવીશ-
હું જીવીશ વૃક્ષની જેમ, ફૂલોની સૌરભ પાથરીને. . .

# ૧૭. જૈન સંસ્કૃતિના વિકાસમાં નારીનું યોગદાન

— શ્રી કે. આર. શાહ

(શ્રી કે. આર. શાહ, (બી.એ. બી.કોમ. એમ.એ.) વિવિધ Business Qualification જૈનોલોજીનો સર્ટિ. અને ડિપ્લોમા અભ્યાસ. પીએચ.ડી. અભ્યાસ કરી રહ્યા છે. જુદી જુદી સામાજિક પ્રવૃત્તિઓ કરે છે. વિદેશમાં અનેક પ્રવચનો આપ્યાં છે.)

(૧) સૂત્રકૃતાંગ : નારીને દ્રવ્યનારી અને ભાવનારીના રૂપમાં વહેંચે છે.

(૨) ઉત્તરાધ્યયન સૂત્ર : નારી પોતાનો સ્વાર્થ સાધવાવાળી અને પુરૂષનો ત્યાગ કરે છે.

(૩) નિશીથ ચૂર્ણી : નારીને ભેટસોગાદથી વશ કરી શકાય છે. વળી નારી પુરૂષને વિચલીત કરવામાં સમર્થ છે.

(૪) સૂત્ર કૃતાંગ : નારી ન ઓળખી શકાય એવી, અવિશ્વાસપાત્ર છે. આવી નારીના આચાર, વિચાર અને વાણીમાં ક્યાંય સામ્યતા રહેલી નથી.

આ સૌથી ખરાબ નારીની વ્યાખ્યા છે.

(૧) નારી તીર્થંકર, ચક્રવર્તી, વાસુદેવ અને બળદેવને જન્મ

આપનારી છે. નારીથી સંસારની પ્રક્રિયા અખંડ રીતે ચાલે છે. નારી જ માત્ર એક એવી વ્યક્તિ છે. જે પોતાના હાડ, માંસ, પ્રેમ, દયાના અંકુરો પ્રગટાવીને માનવીને જન્મ આપે છે. નારી જ આ કાર્ય કરી શકે છે.

કામેચ્છાનો ત્યાગ કરીને ઉત્તમ નારી અને સાધ્વીના રૂપમાં સક્ષમ રીતે બહાર આવી છે. શ્વેતાંબર પરંપરામાં મલ્લી સ્ત્રીએ "તીર્થંકર"ની પદવી પ્રાપ્ત કરી છે. તીર્થંકરોની અધિષ્ટાતા દેવીઓ તરીકે પદ્માવતી, ચક્રેશ્વરી, અંબિકા અને સિદ્ધાયાકા વિ. નારીઓ છે.

નારી દ્વારા પુરૂષોને પ્રતિબોધ પમાડવામાં આવેલ છે. દા. ત. બ્રાહ્મી અને સુંદરીએ બાહુબલીને અભિમાન ત્યજવાનું કહ્યું હતું. રાજેમતી દ્વારા રથનેમીને વિષય પાછળ અંધ ન થવાની વાત જાહેર છે. રાણી કમલાવતી દ્વારા રાજા ઈબુકારને સન્માર્ગે લાવવાના દૃષ્ટાંતો સાહિત્યમાં મોજુદ છે.

શ્રાવિકા જયંતિ દ્વારા ભગવાન મહાવીરને પૂછાયેલા પ્રશ્નોએ ઊંડી આધ્યાત્મિક જ્ઞાનની પ્રતિતિ કરાવે છે. વેશ્યા કોશા દ્વારા સાધુને નેપાલથી રત્નકંબલ લાવવાની વાત અને ત્યાર પછી કોશાના સમજપૂર્વકના વચનો આપણા હૃદયને સ્પર્શી જાય છે.

પાર્શ્વનાથ અને મહાવીરના સમયમાં નારીને સમાન દરજ્જો પ્રાપ્ત થયો હતો. બૌદ્ધ ધર્મમાં શરૂઆતમાં તેમ ન હતું. પાછળથી કડક નીયમો સાથે "ભિખ્ખુણીસંઘ"ની સ્થાપના કરવામાં આવી. દક્ષિણ ભારતમાં દિંગબર સંપ્રદાયમાં નારીને સમાનતા પ્રાપ્ત થઈ નથી. આજે પણ ઘણાં બંધન અને સંકટો છે.

ઈતિહાસ સાક્ષી છે કે પૂર્વકાળથી આજ દિવસ સુધી નારીની સંખ્યા સાંધ્વી તરીકે પુરૂષો કરતાં બમણી છે. આ માટે સામાજીક

પરિસ્થિતિ ઉપરાંત નારીના જમા પાસાંમાં ઉત્કૃષ્ટ આધ્યાત્મિક ભાવના અને કેવળજ્ઞાનની પ્રાપ્તિ અથવા આત્માના ઉદ્ઘાટનની પ્રાધાન્યતા છે.

બધા જૈન સંપ્રદાયોમાં નારીની બૌદ્ધિક શક્તિની મર્યાદા આંકવામાં આવી છે તેથી દૃષ્ટિવાદ, અરૂણપ્રયાત અને નિશીથના અધ્યયનો કરવા માટે મનાઈ છે. હવે તેમાં ફેરફાર થયો છે. સ્ત્રી સાધ્વીને વ્યાખ્યાન આપવાની છૂટ છે. સ્ત્રી દીક્ષાએ ઉદાર દૃષ્ટિકોણનો ધોતક છે.

(૨) નારી સ્વતંત્રતા : નારી સંપૂર્ણ સ્વતંત્ર હતી. નારી ખાનપાન, ધાર્મિક વિશ્વાસ, આચાર, વ્યવહાર અને લગ્ન માટેના નિર્ણયો લેવામાં સ્વતંત્ર હતી. દા. ત. રેવતી અને મહાઘટક, આનંદ અને તેની પત્નિ, આગમીક કાળમાં ફેરફાર જોવા મળે છે. પત્નિને પતિની ઈચ્છા કે ધાર્મિક બાબતોમાં માન આપવું પડે છે. ભિક્ષુણી સંઘને સ્વતંત્રતા હતી પણ આગમીક કાળમાં ચાતુર્માસ, પ્રાયશ્ચિત, શિક્ષણ અને સુરક્ષા માટે નિયંત્રણો અસ્તિત્વમાં આવ્યા.

(૩) પુત્ર-પુત્રીની સમાનતાનો પ્રશ્ન : જૈન આગમોમાં બન્નેને સમાન સ્થાન હતું. આર્થિક બાબતો સિવાય પુત્રને કોઈ મહત્ત્વ આપવામાં આવ્યું નથી. ધાર્મિક જીવન અને સાધનાના ક્ષેત્રમાં બન્ને સમાન હતા. આજની પરિસ્થિતિમાં આર્થિક પ્રધાનતા વધતાં પુત્રીઓની ઈચ્છા ઓછી થતી જાય છે. સરકાર દ્વારા રાજ્ય અને કેન્દ્ર સ્તરે સ્ત્રી જન્મ, કેળવણી, સ્વાસ્થ્ય અને સમાનતા ઉપર ભાર મૂકવામાં આવે છે. હાલમાં સમાજમાં ૧૦૦૦ પુરૂષોની સંખ્યા સામે ૮૫૦ થી ૯૦૦ સ્ત્રીઓની સંખ્યા છે.

(૪) વિવાહ સંસ્થા અને નારી પુરૂષની સમાનતા : વિવાહ સંસ્થા એ સમાજનું એક અંગ હોવા છતાં જૈન ધર્મ નિવૃત્તિ પ્રધાન

હોવાથી ખાસ મહત્ત્વ આપવામાં આવ્યું નથી. આનાથી ઉલટું બ્રહ્મચર્યને મહત્ત્વ આપવામાં આવ્યું છે. સ્વપત્ની કે સ્વપતિથી સંતોષની વાત કરી છે. વિવાહ પદ્ધતિ અને દક્ષિણના દિગંબર આચાર્યોની ભેટ છે હિંદુવિધિનું જૈનીકરણ કરવામાં આવ્યું છે.

(૫) સતીપ્રથા અને જૈનધર્મ : જૈન સાહિત્યમાં ક્યાંય પણ એવો ઉલ્લેખ નથી કે પોતાના પતિના મૃત્યુ બાદ પત્ની તેની સાથે ચિતામાં બળી મરી હોય. જૈનધર્મ આવા મૃત્યુને ધિક્કારે છે. તેમાં સમાનતાની ભાવના આવતી નથી. પતિ પોતાના આયુષ્ય કે શૌર્યના પરાક્રમથી મૃત્યુ પામ્યો હોય. સતીપ્રથા એ બાળમરણ અને સામાજિક રિવાજની વિરૂદ્ધ ગણાય છે. જૈન સાહિત્યમાંથી એક વાત ફલિત થાય છે કે પત્નિ-પતિના મરણ બાદ તેનો કાર્યભાર સંભાળતી હોય છે. દા.ત. ભદ્રા શેઠાણી-શાલિભદ્રની માતા. પતિના મૃત્યુ બાદ પુત્ર માતાની સારસંભાળ રાખતો હોય છે. એક અપવાદ એ છે કે વસ્તુપાલ- તેજપાલની પત્નિઓએ પોતાનું જીવન પતિના મરણ બાદ અનશન કરીને ટૂંકાવ્યું હતું. આ બાબત તેમણે સ્વેચ્છાએ કરી હતી.

(૬) નારી શિક્ષણ : પુરૂષો ૭૨ કળા અને સ્ત્રીઓ ૬૪ કળામાં પારંગત હોવાની વાત બહુ સામાન્ય છે. બ્રાહ્મી અને સુંદરીને ગણિત અને લિપિનું જ્ઞાન હતું. યાકત્તની મહાત્તારાની વિદ્વતા અને પાંડિત્ય જાણીતા છે. શ્રી હરીભદ્ર પોતાની રચનાઓમાં પોતાને યાકિની મહાત્તારા પુત્ર તરીકે ઓળખાવે છે. અનુપમાદેવી શ્રેષ્ઠી તેજપાલના પત્ની હતા. તેઓ વાસ્તુકલામાં નિષ્ણાત હતા. તેમના માર્ગદર્શન હેઠળ આબુના આદિનાથ ભગવાનનું દેરાસર, દેલવાડાના દેરાં ઉપરાંત શત્રુંજય મંદિરના નિર્માણમાં પણ માર્ગદર્શન આપ્યું હતું. આર્યીકાવલ્હણશ્રી એક એવા સ્ત્રી સાધ્વી હતા કે જેમણે આર્યીકાનું

પદ પ્રાપ્ત કરીને શીષ્યાઓની પરંપરા ઉભી કરી હતી. વિનયમૂલા ગણીનીએ "હેમરત્ન શત્રુ" નામના અત્યંત સુંદર કાવ્યની રચના કરી હતી. આર્યીકા રણમતીએ "યશતિલકચંપૂ"થી માંડીને સંસ્કૃત ભાષામાં ૩૦ જેટલા ગ્રંથો લખ્યા. મલ્લીનાથ તીર્થંકરને દિક્ષાના દિવસે જ "કેવળજ્ઞાન" પ્રાપ્ત થયું હતું. ગુણસુંદરી વિણા વગાડવામાં નિપૂણ હતા. જયંતિએ ભગવાન મહાવીરને આધ્યાત્મિક ઊંડાણના પ્રશ્નો પૂછ્યા હતા. રેવતીએ મહાવીરને બિજોરાનો પાક આપીને "આયુર્વેદ"ના ઊંડા અભ્યાસની પ્રતિતી કરાવી હતી. ક્ષુલ્લિકા ચંદ્રમતીજીએ B.A.Honors સાથે M.H.D.S. વૈદકીય ઉપાધિ મેળવી હતી. આચાર્ય ચંદનાજી "વિરાયતન" નામની વિરાટ સંસ્થાનું સંચાલન કરી રહ્યા છે. જૈન નારીરત્નો ધંધામાં ઉદ્યોગ અને શૈક્ષણિક ક્ષેત્રમાં ખૂબ જ આગળ છે.

# ૧૮. જૈન સંસ્કૃતિના વિકાસમાં નારીનું યોગદાન

— ધનલક્ષ્મીબેન બદાણી

(શ્રી ધનલક્ષ્મીબેન શાંતિલાલ બદાણી, નાગપુર લેખક, વક્તા, સ્વાધ્યાયી. અનુવાદક જુદી જુદી સંસ્થામાં જીવદયા તથા શાકાહાર માટે પ્રવચનો આપે છે. પૂ. જગજીવન મહારાજ અધ્યાત્મકેન્દ્ર પેટરબારમાં સેવા આપે છે.

પરમ દાર્શનિક જયંત મુનિના પાંચ પુસ્તકોનો અનુવાદ-સંપાદન કરેલ છે.)

મહાવીરે સાહસિક કદમ ઉપાડ્યુ. સ્ત્રીને પુરૂષની બરાબરીનો દરજ્જો અને અધિકાર આપી તેમને ગૌરવવંતી બનાવી. મહાવીરે કહ્યું બધાનો આત્મા સમાન છે અને પ્રત્યેક આત્માને - ચાહે તે પુરૂષ હોય કે સ્ત્રી - મોક્ષ પ્રાપ્તિનો અધિકાર છે.

જૈન સંસ્કૃતિ આદિ સંસ્કૃતિ છે. મુખ્યતઃ લઈએ તો ભગવાન ઋષભદેવથી લઈ ભગવાન મહાવીર તથા આજ પર્યંત સુધીની સંસ્કૃતિથી સમાહિત થઈ જાય છે. જૈન સંસ્કૃતિના શુભારંભમાં ભગવાન ઋષભદેવની સાથે માતા મારૂદેવી તથા તેમની પુત્રી બ્રાહ્મી તથા સુંદરીનું મહા યોગદાન છે.

સતી મદાલસાએ પોતાના ૬-૬ રાજપુત્રોને શુદ્ધો અશી, બુદ્ધો અશી, નિરંજનો અશી કહીને સંયમ પથે વળાવ્યા. તેવી જ રીતે સતી મદનરેખાએ પોતાના પતિના હત્યારા મણિરથ પ્રત્યે ક્ષમા ધારણ કરાવી પતિ યુગબાહુને અંતિમ સમયે પ્રેરણા કરી સમાધિ ચરણ પ્રાપ્ત

કરાવી દેવગતિમાં મોકલ્યા.

દેલવાડાના દેરાસર બંધાવનાર વસ્તુપાલ તથા તેજપાલને પ્રેરણા દેનાર નારી અનુપમા દેવી જ હતા.

નારીનો શાબ્દિક અર્થ ન + અરી. અરી એટલે જેનો કોઈ દુશ્મન નથી. "જનની જન્મભૂમિશ્ચ, સ્વર્ગાદપિ મરિયશિ." તિર્થંકરો જેમનું શરીર વ્રજ-રૂષભ-નારચ હોય છે તેને સ્ત્રીજ ધારણ કરી તીર્થંકરને જન્મ આપે છે. ગણધર, વાસુદેવ, પ્રાંતવાસુદેવ, ચક્રવર્તી, માંડલિક રાજાઓ, જ્ઞાની, સંતો-સાધકો તથા વિદ્વાનો દરેકને જન્મદાત્રી નારી જ છે.

નારી નારી ન કહો નારી નર કી ખાણ
નારી છે ઉત્પન્ન હુયે રામ, કૃષ્ણ મહાવીર

તીર્થંકરએ તીર્થની સ્થાપનામા ચાર મુખ્ય ઘટક લીધા. સાધુ, સાધ્વી, શ્રાવક તથા શ્રાવિકા. સાધ્વી તથા શ્રાવિકા નારી જ છે. જેના વગર જૈન શાસન તથા તીર્થની સ્થાપના અસંભવ હતી. નારી વગર જૈન સંસ્કૃતિનો વિકાસ અસંભવ હતો.

તીર્થંકરોના જન્મ પહેલા તેમની માતાઓ ૧૪ મહાસ્વપ્નો જુએ છે. તેવી જ રીતે વાસુદેવ, બલદેવ, ચક્રવર્તી તથા માંડલીક રાજાઓની માતા પણ મહાસ્વપ્ન જુએ છે. આ મહાસ્વપ્નો નારી જ જુએ છે, પુરૂષ નહિ. આવી દૈવી શક્તિ માત્ર સ્ત્રીઓને જ પ્રાપ્ત છે. જગતને વિદ્યા દેનાર સરસ્વતી, ધન દેનાર લક્ષ્મી, અન્ન દેનાર અન્નપૂર્ણા તથા જગત આખાનો ભાર ઝીલનાર પૃથ્વી માતા તથા દૂધ દેનાર ગોમાતા નારી જ છે.

અંતગડ સુત્રના અનુશિલનથી એ સ્પષ્ટ છે કે ઉત્કૃષ્ટિ સાધીકા-શ્રમણી રત્નોએ સાધના કરીને જૈન સંસ્કૃતિને ઉજ્જવળ કરી છે. તેમનું પારણુ પણ સ્તુત્ય હતું. તેમની તપસ્યાઓ સુદીર્ઘ સમય સુધી ગતિમાન રહી.

સારપૂર્ણ ભાષામાં સંપૂર્ણ શ્રમણી શ્રેષ્ટાઓ મૂક કેવળી રહ્યા, ચરમ શરીરીના રૂપમાં રહ્યા. પરિવારને તિલાંજલી આપી, વિવાહના બંધનથી મુક્ત થઈ અરિષ્ઠનેમિ તથા મહાવીરના સમયમાં અંત સમયે એક - દોઢ મહિનાનો સંથારો કરી સિદ્ધ-બુદ્ધ થયા.

તપ જૈન સંસ્કૃતિનો મુખ્ય પાયો છે. તપક્ષેત્રમાં ભૂતકાળથી લઈ વર્તમાન સુધીમા નારીનું મહત્તમ યોગદાન છે. કૃષ્ણરાજાની આઠ પટરાણી તથા શ્રેણીકરાજાની કાલી આદિ દશ રાણીઓએ જેમણે રાજવૈભવ ત્યાગી દિક્ષા ગ્રહણ કરી હતી. તપ કરી કાયાને કલીષ્ટ કરી અંત સમયે સંથારો ધારણ કરી મોક્ષપદની પ્રાપ્તિ કરી. ધભાની પત્ની શુભદ્રાના એક શબ્દે "નાથ કહેવું સહેલું છે પણ કરવું અઘરૂં છે." કહી ધજાને જાગૃત કરી સંયમપદે અગ્રસર કર્યા સાથે શાલીભદ્રને પણ ત્વરીત દિક્ષા ગ્રહણ કરવામાં નિમિત્ત બન્યા. જે ધજા અણગારીની કઠોર તપસ્યાની ભગવાન મહાવીર સ્વામીએ પ્રશંસા કરી છે.

વર્તમાન સમયમાં નારીના યોગદાન વિશે વિચારતા હાલ સાધુ કરતા સાધ્વીની સંખ્યા વધુ છે. જેઓ પદયાત્રા દ્વારા જૈન ધર્મનો પ્રચાર-પ્રસાર કરી જૈન સંસ્કૃતિને આગળ વધારી રહ્યા છે. ૩૨મા આવશ્યક સૂત્ર સામાયિક-પ્રતિક્રમણ આરાધન કરવામાં સ્ત્રીનું પ્રમાણ વધુ છે. નારીઓનું પ્રતિદિન સામાયિક, પ્રતિક્રમણ, સ્વાધ્યાય, રાત્રીભોજન ત્યાગ, કંદમૂળ ત્યાગ, ચૌવિયાર જે જૈન સંસ્કૃતિની પરિચાયક છે તેનું નારી જગત ચુસ્તપણે પાલન કરી જૈન સંસ્કૃતિને શાશ્વત રાખી રહ્યા છે. શાસ્ત્રના થોકડા કંઠસ્થ તથા સ્વાધ્યાય કરવામાં નારીની જ સંખ્યા વધુ છે. અહિંસક સાબુ, ટુથપેસ્ટ તથા હિંસક રેશમનો ત્યાગ નારીજ વધારે કરે છે. આજે વિશ્વભરમાં જે જૈનભોજન ઉપલબ્ધ થાય છે. તેનો શ્રેય નારી વર્ગને જ જાય છે. ઉપાશ્રય, દેરાસર, વ્યાખ્યાન વાંચણીમા બહેનોની જ સંખ્યા વધુ હોય છે, તપસ્યામાં અઠ્ઠમ, અઠાય, નવાય, ઓલ, ઉપવાસ, માસખમણ

તથા વર્ષીતપ જેવી દીર્ઘ તપસ્યાઓ નારી કરીને જૈન સંસ્કૃતિને કાયમ રાખે છે.

વર્તમાન સમયમાં જૈન સંસ્કૃતિના ઉત્થાનમાં નારીના ત્યાગનાં ઘણાં ઉત્કૃષ્ટ ઉદાહરણો છે. પોતાના લાડકા વૈભવશાળી પુત્રોને વીરમાતા જૈન શાસનને ચરણે ધરી જૈન શાસનને જીવંત રાખે છે. આવા કેટલાય મહાપુરૂષો જૈન સંપ્રદાયોમાં થઈ ગયા છે. સ્થાનકવાસી જૈન સંતોમાં પૂજ્ય હસ્તીમલજી મહારાજની માતાએ પુત્રને ૧૦ વર્ષની ઉંમરે દીક્ષા માટે પ્રેરિત કર્યા અને માતા તથા પુત્રે એક સાથે દીક્ષા ગ્રહણ કરી, તેવી જ રીતે માતાએ પોતાની ત્રણેય પુત્રીઓ સાથે દીક્ષા ગ્રહણ કરેલ છે. ગોંડલ ગચ્છના ચમકતા સિતારાઓ માતાની પ્રેરણાથી જ દીક્ષા ગ્રહણ કરી જૈન સંસ્કૃતિને ઉજ્જ્વળ કરી રહ્યા છે. હાલ પૂજ્ય મપ્રમુનિ મહારાજ સાહેબ પુત્રને જૈન શાસનને સોંપી પોતે પણ દીક્ષિત થઈ ગયા છે. અહી પર બિરાજીત પૂજ્ય લલિતાબાઈ મા. સતી તથા પૂજ્ય તરૂબાઈ મા.સતી આદિ જૈન સંસ્કૃતિના ઊંડા અભ્યાસી છે અને જૈન સંસ્કૃતિના વિકાસમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપી રહ્યા છે.

# ૧૯. જૈન સંસ્કૃતિના વિકાસમાં નારીનું યોગદાન

– શ્રી પારૂલબેન ગાંધી

**(શ્રી પારૂલબેન ગાંધી, રાજકોટ. (એમ.એ.) ધાર્મિક અભ્યાસ ૧૨ શ્રેણીના નિબંધ સ્પર્ધામાં ભાગ લે છે. પારિતોષિક મેળવે છે. લેખો-નિબંધો જુદાં જુદાં સામયિકોમાં પ્રસિદ્ધ થાય છે. જૈન પત્રકારત્વમાં પારિતોષિક મેળવેલ છે.)**

પ્રથમ તીર્થંકર ઋષભદેવથી માંડીને ૨૪મા તીર્થંકર મહાવીરસ્વામીને લઈએ તો આપણને ખ્યાલ આવશે કે જૈન ધર્મ આજે તેના મૂળ સ્વરૂપમાં જે રીતે સચવાઈ રહ્યો છે તેમાં નારીનું મહત્ત્વનું યોગદાન રહેલું છે.

ઋષભદેવના સમયમાં મરુદેવા જેવી માતાએ મોક્ષની બારી ખોલી તો બ્રાહ્મી અને સુંદરી જેવી પવિત્ર, પુણ્યવાન અને સંસ્કારી પુત્રીઓએ બ્રહ્મચર્યનું અખંડ પાલન કરતાં જગતને ભાષા-લિપિ અને ગણિતનું જ્ઞાન આપ્યું, એટલું જ નહિ ભાગવતી દીક્ષા અંગીકાર કરી પોતાના કુટુંબીજનો, તેમજ ભવ્ય આત્માઓનું કલ્યાણ કર્યું. બ્રાહ્મીજીનું આત્મજ્ઞાન અને તેમની ઉપદેશ શૈલી તેમ જ સુંદરીજીનો દૃઢ વૈરાગ્ય તેમજ સંસાર પ્રત્યેની વિરક્તતા એ જૈન ધર્મને બે મહાન સતીની ભેટ આપી છે, જેમણે આગળ જતાં સંસ્કૃતિનાં બીજ રોપ્યાં જે સમયાંતરે વટવૃક્ષ બની ગયા છે. ઋષભદેવના સમય સુધી તો હજુ જુગલિક ધર્મ પ્રવર્તતો હતો. જે ધીમે ધીમે વિરામ પામતો જતો હતો. આથી જ ભગવાન ઋષભદેવે જગતના લોકોને અસી, મસી

અને દષિની કળા શીખવી. બ્રાહ્મી અને સુંદરીએ ઋષભદેવે જે જૈન ધર્મની આદિ કરી હતી તેમાં પોતાના સંયમ અને જ્ઞાનથી પ્રાણ પૂર્યા. બાહુબળિજીને સન્માર્ગે ચડાવ્યા. આવી આ બંને સતીઓનું જૈન સંસ્કૃતિના બીજારોપણથી માંડી વિકાસમાં અનન્ય પ્રદાન રહેલું છે.

સતી રાજેમતી જેમણે નેમનાથને મનથી પોતાના સ્વામી તરીકે સ્વીકાર્ય હતાં. તે નેમનાથ કે જેઓ લગ્ન વખતે જાનૈયાઓને જમાડવા માટે રાખેલા પશુઓના કરૂણ આક્રંદથી લીલા તોરણે જાનને પાછી વાળી, પંચમહાવ્રત અંગીકાર કર્યા હતા. નેમનાથના મોક્ષમાર્ગે જવાની વાત સાંભળી રાજુલ પણ સાધ્વીપણું અંગીકાર કરી પોતાના સતીધર્મને ઉજ્જ્વળ બનાવ્યો. અનેક જીવોના અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરી તેમના હૃદયમાં જ્ઞાનરૂપી દીપક પ્રજ્વલિત કર્યો હતો. જૈન ધર્મની આહલેક તેમણે ગામેગામ જગાવી. જૈન ધર્મ અને સંસ્કૃતિને નવું રૂપ આપ્યું. અરે ! રથનેમિ જેવા ભાન ભૂલેલા સાધુને તેમણે સન્માર્ગે વાળી તેમને પતિત થતાં બચાવ્યા. આજીવન પોતે પાપપંકમાં ન ફસાયા અને પાપપંકમાં ફસાવા તૈયાર થયેલ રથનેમિને ઊગાર્યા. આવા રાજેમતી જૈન ધર્મનું ઉજ્જ્વળ નારીરત્ન છે જેમણે જૈન સંસ્કૃતિમાં ચાર ચાંદ લગાવ્યા છે.

પૂર્વના કર્મે પાંચ પાંચ પતિઓ હોવા છતાં દ્રૌપદીએ શીલ, સંયમ અને સદાચારમય જીવન દ્વારા સતીત્વને સાર્થક કર્યું. આત્મસુખ અને ધર્મલાભની જિજ્ઞાસા જાગ્રત બની રહી. પાંચ પાંડવો સમેત હિમાલયના પંથે પ્રયાણ કર્યું. વૈરાગ્ય, વિચારણા અને ત્યાગભાવનાને કેળવતા, કેળવતા આખરે માસખમણને પારણે માસખમણ કરી પોતાના જીવનને જીવમુક્ત દશામાં પલટાવી દીધું.

મહાભાગા મૃગાવતીદેવી પોતાની કર્તવ્યપરાયણતા અને કાર્યકુશળતા દ્વારા જૈન સંસ્કૃતિની એક જાજરમાન સતીશિરોમણી બની છે. અવંતિપતિ ચંડપ્રદ્યોતના અક્રમણ, પતિનું મૃત્યુ અને બાળરાજા ઉદાયનની

સારસંભાળ તેણે જે કુનેહ, કાર્યદક્ષતા અને મુત્સદીગીરીથી કરી તેનાથી તો ભલભલા પુરૂષો પણ પાછા પડી જાય છે. અને આમ પોતાની જવાબદારીઓ પૂર્ણ કરી, સંયમમાર્ગ સ્વીકારી, ચંદનબાળા જે તેમના ગુરૂણી હતા તેમનાથી પણ પહેલા કેવળજ્ઞાન-કેવળદર્શન પ્રાપ્ત કરી મોક્ષે પધાર્યા.

મહા સતી સુલસા પણ અગાધ સહનશક્તિ, અગાધ આત્મજ્ઞાન અને અચલ ધર્મશ્રદ્ધાની સ્વામિની હતી. મહાવીરસ્વામીએ જૈન સ્વમુખે ધર્મલાભ કહેવરાવ્યા તેવી ભાગ્યશાળી સતી સુલસાની અખંડ સંન્યાસી તથા દેવે પરીક્ષા કરી. તેને ધર્મશ્રદ્ધાથી ચ્યુત કરવાના પ્રયત્નો કર્યા પણ તે અડગ, અટલ અને નિશ્ચલ રહી. ઘણાં વર્ષોના વિલંબ બાદ દેવકૃપાએ પુત્રનો જન્મ પણ ભરયુવાનીમાં પુત્રોનું મૃત્યુ પણ સુલસાની ધર્મશ્રદ્ધાને ડગાવી શક્યા નહિ. નશ્વર સંસારના ચળકાટને તેણે વાસ્તવમાં ઓળખી લીધો હતો જેને કારણે આવી પડેલા દુઃખે તેને વધુ ઉજ્જ્વળ બનાવી. કસોટી કંચનની જ હોય કથીરની નહિ એ ન્યાયે તેણે જિંદગીમાં બધું સમભાવથી સહન કર્યું. ઊલટાનું આવેલ સંકટોએ તેની ધર્મશ્રદ્ધાને મજબૂત બનાવી, આરાધનામાં અભિવૃદ્ધિ થઈ, એક સમબુદ્ધિ સમ્યકજ્ઞાનનિષ્ઠ સાધ્વીની જેમ એ નિશ્ચલ બની ગઈ. સંસારમાં રહેવા છતાં તે હવે સાધ્વી સુલસા તરીકે ઓળખાતી હતી. જૈન ધર્મ પરની અડગ શ્રદ્ધા કાયમ રાખવાને કારણે તેણે એ રીતે સંસ્કૃતિની જ્યોતને જલતી રાખી અને જૈન ધર્મ પ્રત્યેનું લોકોનું જે બહુમાન હતું તે ખૂબ જ વધાર્યું.

સહનશીલતાની મૂર્તિ સુભદ્રાદેવી એટલે તપ-ત્યાગની પ્રતિમા, સહનશીલતાની પ્રતિમૂર્તિ અને ક્ષમાધર્મનું મૌન સ્વરૂપ. શાસ્ત્રો અને સત્પુરૂષો કહે છે કે વિધાતાએ પુરૂષોનું હૃદય કઠોર અને સ્ત્રીઓનું હૃદય કોમળ ઘડ્યું છે. સાસુ-પતિ વગેરે દ્વારા અપાતા અસહ્ય ત્રાસને સહન કર્યો છતાં ધર્મ પર આંચ ન આવવા દીધી એટલું જ નહિ

સતીત્વના પ્રભાવે દેવી બની ગઈ, અને ઘરના બધાને બૌદ્ધધર્મીમાંથી જિનધર્મી બનાવ્યા. જૈન સંસ્કૃતિના વિકાસમાં આનાથી મોટું યોગદાન કયું હોઈ શકે ?

ક્ષમાની મૂર્તિ શિવાદેવી જે મૃગાવતીના બહેન થાય તેમણે પણ જૈન સંસ્કૃતિને પોતાના જીવનમાં અવધારી. જીવન એવું જીવ્યા કે ક્ષમાના ગુણને આત્મસાત્ કરી પોતાના અને પારકા બંનેના હૃદય સ્થાન જમાવ્યું અને જૈન ધર્મનો જય-જયકાર બોલાવ્યો. પોતાના પર નજર બગાડનાર પતિના મિત્રને ધર્મનો ભાઈ બનાવી તેને સાચા માર્ગે વાળી પરસ્ત્રી પર નજર કરનાર પતિને પણ સાચા રસ્તે લાવ્યા. આવા શિવાદેવીની પ્રજાજનોએ તો જય બોલાવી જ. દેવો પણ જય-જયકાર કર્યો.

કોઈને પણ દુઃખ આપવું નહિ, કોઈના સુખને હડપ કર્યા વિના, ઈર્ષાવિહીન જીવન વ્યતીત કરવું અને ગમે તેટલા દુઃખો પડે તો પણ તેને શાંતિપૂર્વક સહન કરવા એ કુંતીજીના સિદ્ધાંતો હતા. આ સિદ્ધાંતો પર જીવનભર ચાલીને ધર્મનું પૂર્ણ રીતે પાલન કરવું એ નાની-સૂની વાત નથી.

**"સ્ત્રીયઃ પરીક્ષા ધનક્ષયે પુંસ્તમ્।"** સ્ત્રીની પરીક્ષા પતિની પડતી સ્થિતિમાં થાય છે. દુઃખ, દારિદ્રય અને આપત્તિમાં જે સાથ નિભાવે તે જ સાચી અર્ધાંગિની. દમયંતીએ પતિધર્મનું પાલન તો કર્યું સાથે સાથે ચતુરાઈપૂર્વક પતિની શોધ કરી અને અંતે સત્યની જીત થઈ.

બ્રહ્મચારિણી સતી પુષ્પચુલાના લગ્ન તેના સહોદર ભાઈ સાથે પિતાએ કર્યા. પુષ્પચુલાએ ભાઈને વાસ્તવિકતા સમજાવી આજીવન બ્રહ્મચર્ય પાળ્યું. અનેક ભવ્ય જીવોનો પણ ઉદ્ધાર કર્યો. અંતિમ સમયે સંપૂર્ણપણે કર્મોનો નાશ કરી અજર-અમર પદ પામ્યા.

પ્રભાવતી સતી ચેટકની પુત્રી હતી. ચેટકને સાત પુત્રીઓ હતી.

જેમાંથી મૃગાવતી, શિવા, પ્રભાવતી અને પદ્માવતીની ગણના ૧૬ સતીમાં થાય છે. ત્રિશલા ભગવાન મહાવીરના જનની હતા. ચેલ્લણા રાજા શ્રેણિકની પત્ની હતી અને સતી હતી. જ્યારે સુજયેષ્ઠા નામની પુત્રી આજીવન બ્રહ્મચારી રહીને જૈન ધર્મનું પાલન કર્યું હતું. આમ ચેટકરાજાની સાતેય પુત્રીઓએ જૈન ધર્મને, જૈન સંસ્કૃતિને ઉજ્જ્વળ બનાવવામાં ઘણો જ ફાળો આપ્યો છે તેમ કહેવામાં અતિશયોક્તિ નહિ ગણાય.

દેવી પદ્માવતી રાજા દધિવાહનના પત્ની અને કરકંકની માતા હતા. ગર્ભાવસ્થામાં થયેલા દોહદને કારણે પતિથી છૂટા પડી, કર્મના ખેલથી અસાર સંસારનો બોધ પામી, પોતે ગર્ભવતી છે એમ જણાવ્યા વિના દિક્ષા લીધી. કર્મસંયોગે વિખૂટા પડેલા પિતા-પુત્રનું મિલન થતા દધિવાહન રાજાને સંયમમાર્ગની પ્રેરણા કરી. અહિંસા ધર્મની આલબેલ પોકારવામાં આ બધી સતી સ્ત્રીઓનો સિંહફાળો રહેલો છે.

આ નારીઓમાં મુખ્ય નામ જયંતી શ્રાવિકાનું લઈ શકાય. જેમને ભગવાને પોતાના શ્રીમુખે ઘણા પ્રશ્નોના ઉત્તર આપ્યા છે. આ શ્રાવિકા ઘણા જ વિદ્વાન હતાં તેમણે મહાવીરસ્વામીને ઘણા પ્રશ્નો પૂછી ઉત્તર મેળવ્યા છે જે પેઢી દરપેઢી હજુ સુધી સચવાઈ રહ્યા છે. આગમમાં એ રીતે તેમનું અનન્ય યોગદાન છે. આ ઉપરાંત બીજી કેટલીય નારી છે જેમના નામ શાસ્ત્રોમાં સુવર્ણાક્ષરે લખાયેલ છે. આમાંના કેટલાક નામો જોઈએ તો માનવતી, સતી સોન, સતી શ્રીમતી, પ્રેરણામૂર્તિ કમલાદેવી, સુનંદા દેવી, વિદ્યાદેવી, સતી રત્નપ્રભા, સુમનદેવી, મહાસતી પ્રભંજના, બકુલાદેવી, મહાસતી કલાવતી, સતી મયણરેહા વગેરે ગણાવી શકાય. આ બધી સતીઓએ જૈન ધર્મના હાર્દને હૃદયમાં ઊતારી પ્રાણાંતે પાલન કરી જૈન શાસન જૈન સંસ્કૃતિને એક નવી જ ઊંચાઈએ પહોંચાડી છે. આ રીતે

જોઈએ તો જૈન સંસ્કૃતિના વિકાસમાં તેમનું યોગદાન ઘણું જ મહત્ત્વનું છે.

જૈન સંસ્કૃતિમાં ઉપર દર્શાવેલ નામી અને અનામી ઘણી સન્નારીઓએ યોગદાન આપી તેને ઉજ્જ્વળતા બક્ષી છે. યુગયુગથી જૈનધર્મ તેના મૂળ સ્વરૂપમાં ટકી રહ્યો છે તેના મૂળમાં આ નારીઓ જ છે. આપણે ક્યાંય પાછળ ભૂતકાળમાં ન જતાં હજુ ગઈકાલની એટલે કે પ્રાણલાલજી મ.સા.ની જન્મશતાબ્દીની પાવનસ્મૃતિ તરફ નજર કરીએ તો ૩૨-૩૨ આગમોને આપણી માતૃભાષામાં પ્રકાશિત કરવાનું ભગીરથ કાર્ય સાધ્વીરત્ના શ્રી મુક્તાબાઈ મ., શ્રી લીલમબાઈ મ., શ્રી ઉષાબાઈ મ., શ્રી ઊર્વશીબાઈ મ., શ્રી આરતીબાઈ મ. આદિ ઘણા સતીજીઓએ ઉપાડી લીધું. જેને પરિણામે ૩૨ આગમનો અનુવાદ આપણને માતૃભાષામાં મળી શક્યો. આ કાર્ય પણ કાંઈ જેવું-તેવું નથી. પણ દેવ-ગુરૂ-ધર્મ પસાયે તે સુંદર રીતે પૂર્ણ થઈ શક્યું. આ ભગીરથ કાર્યમાં આપણી નારીઓનો અર્થાત્ વિદૂષી સાધ્વીરત્નોનો જ સિંહફાળો છે ને ? એટલે જ નારીને નારાયણી પણ કહેવાય છે. આજે મારે એટલું જ કહેવું છે કે,

ફૂલમાં અનેક રંગ હોય છે, જલમાં અનેક તરંગ હોય છે,<br>
તેથી વિશેષ કદી ન ભૂલાય, તેવા નારીરત્નો અનંત હોય છે.

નારી એ સંસ્કૃતિની ધરોહર છે. જૈન સંસ્કૃતિનો વિકાસ પણ એક યા બીજી રીતે આ નારીઓને જ આભારી છે. પુરૂષની પાછળ પણ પ્રેરણા તો નારી જ હોઈ શકે. એટલે કોઈકે કહ્યું છે કે,

ન પાવન આત્મા હોતી, ન જીવિત મંત્ર હી હોતે,<br>
કભી કી સંસ્કૃતિ મિટ જાતી, જો સભી નારીરત્ન ન હોતે.

## ૨૦. જૈન સંસ્કૃતિના વિકાસમાં નારીનું યોગદાન

– ડો. જવાહર શાહ

**(ડો. જવાહર શાહ (એમએસસી, એમ.એ, એમફિલ) પુદ્‌ગલ એક અધ્યયન વિષય પર પીએચ.ડી. કરેલ છે.**

**ગુજરાત વિદ્યાપીઠમાં માનદ્‌ લેક્ચરર, અનેક સામયિકોમાં લેખો પ્રકાશિત થયા છે. કટાર લેખક - ધાર્મિક વિષયની સંશોધન-સંપાદન પ્રિય પ્રવૃત્તિ)**

જૈન દિનચર્યાના પ્રારંભમાં શઈઅ પ્રતિક્રમણની પ્રથા છે. આમાં કુસ્વપ્ન-દુઃસ્વપ્નના કાયોત્સર્ગ પછી ભરૂહેસરની સજ્ઝાયનો પાઠ કરવામાં આવે છે. આ પાઠમાં જિનશાસનમાં થયેલાં શતાધિક પુરુષો અને સ્ત્રી સાધકોનું નામસ્મરણ છે. તેની છેલ્લી ગાથામાં સ્ત્રી સાધકો વિષે કહેવાયું છે -

ઇચ્ચાઈ મહાસઈઓ, જયંતિ અકલંકસીલકલિઆઓ ।
અજ્જવિ વજ્જઈ જાસિં, જસ પડહો તિહૂઅણે સયલે ॥

અર્થાત્‌ "ઇત્યાદિ મહાસતીઓ નિર્મળશીલગુણો વડે જયવંતી વર્તે છે. વળી આજે પણ સકલ ત્રિભુવનમાં જેઓના યશનો ડંકો વાગે છે."

આ છે જિન ધર્મની સ્ત્રી વિષયક ભાવના

જિન શાસન પુરુષ પ્રધાન ગણવામાં આવ્યું હોવા છતાં તેમાં 'મલ્લિ' નામના સ્ત્રી તીર્થંકર અરિહંત પદે રહેલા છે, એ એક વિશેષતા છે. આત્મજય અને ગુણવિકાસને જ મહત્ત્વ આપતી આ સંસ્કૃતિમાં જગતના બધા જ જીવો સમાન અને એક સરખા ગુણો

નિશ્ચયનયની દૃષ્ટિએ ધરાવે છે. જે અનંત ચતુષ્ટય રૂપ આત્મજ્યોતિ પુરુષમાં છે તેવી જ આત્મજ્યોતિ સ્ત્રીમાં પણ છે. આમ સાધનાની દૃષ્ટિએ બન્ને સમાન છે બન્નેને સરખા ધાર્મિક અધિકારો છે પૂજા-પાઠ, ધર્મગ્રંથોનું અધ્યયન, મુનિજીવનનો સ્વીકાર અને સામાજિક-સંપત્તિવિષયક અધિકારોમાં પણ બન્નેને સમાન ગણવામાં આવ્યા છે.

ભગવાન ઋષભદેવથી માંડીને અંતિમ તીર્થંકર આ પ્રકારની ભૂમિકાઓથી પર હતા. તેમના મનમાં કોઈ સંદેહ કે આશંકા ન હતા. તેમણે શાસન સ્થાપના દિને ચતુર્વિધ સંઘની રચના કરીને મોક્ષમાર્ગ દર્શાવ્યો. શ્વેતાંબર પરંપરાનુસાર વર્તમાન અવસર્પિણીકાળમાં પ્રથમ મોક્ષે જનાર એક સ્ત્રી જ હતા - પ્રથમ તીર્થંકર ઋષભદેવના માતા - મરૂદેવી.

ભગવાન ઋષભદેવની બે પુત્રીઓ બ્રાહ્મી અને સુંદરીએ એક વર્ષથી ધ્યાનસ્થ અવસ્થામાં સ્થિત બાહુબલીને કેવલજ્ઞાનની પ્રાપ્તિ સુલભ બનાવી દીધી, થોડા સંકેતપૂર્ણ વચનો દ્વારા. બીજી બાજુ ભરતની ચક્રવર્તિપણાની વિજયયાત્રાના અંતે તેના પોતા પ્રત્યેના મોહનું નિવારણ કરવા સાઠ હજાર વર્ષના આયંબિલ કરનાર તપસ્વિની સુંદરીએ ઈતિહાસમાં અજોડ તપશ્ચર્યા કરી છે.

આ જ જિનશાસનમાં રથનેમિને એકાંતમાં ચલિત થતા જોઈ આક્રોશયુક્ત વચનોથી ઉપાલંભ આપતા રાજિમતી કહે છે. 'હે રથનેમિ ! તમને ધિક્કાર છે કે વમન કરી દીધેલા કામ ભોગોને ફરી શરણે જવા માગો છો ? આ કરતા તો તમે મરી જાઓ એજ ઈષ્ટ છે.'

નમિરાજર્ષિની માતા મદનરેખાનું ચરિત્ર પણ તેવું જ ભવ્ય છે. અંતિમ ક્ષણોમાં ક્રોધિત પતિને આરાધના કરાવી, પરમશાંતિ પહોંચાડી, સદ્‌ગતિની પ્રાપ્તિ કરાવી. સાચા પ્રેમ, સહિષ્ણુતા અને વિવેકની તે ત્રિમૂર્તિ છે. આચાર્ય પ્રદ્યુમ્નસૂરિએ તેનું કથાનક પૂરૂ કરતાં કહ્યું કે "આ તો વિપત્તિની વણજાર વચ્ચે નહિ આવેલા આંસુની કથા છે."

જેના ૩૨-૩૨ પુત્રો યુદ્ધમાં હણાઈ ગયા તેવી શ્રેષ્ઠ શ્રાવિકા

સુલસાને ભગવાન મહાવીર અંબડશ્રાવક મારફત ધર્મલાભ પાઠવે તો તે કેટલી ઉદાત્ત અને ભવ્ય હશે ?

મુનિ સ્થૂલિભદ્રના પારસ સ્પર્શ પરંમ શ્રાવિકા બનેલી રૂપકોશા એક પરમ તપસ્વી સાધુને પતનના માર્ગેથી કેવી ટકોર કરી પાછા વાળે છે ?

આઠમી સદીમાં યાકિની નામના મહત્તરા સાધ્વીએ ન સમજાએલી ગાથાનો અર્થ સમજવા આવેલા બ્રાહ્મણ પુરોહિતને ગુરુ મહારાજ પાસે મોકલી જૈન સંસ્કૃતિને ૧૪૪૪ ગ્રંથોનું સર્જન કરનારા યાકિની મહત્તરાસુનુ આચાર્ય હરિભદ્રસૂરિની ભેટ આપી.

અગિયારમી સદીમાં શયેલા યાહિણીદેવીનો ઉપકાર યાદ કરો જેમણે માતૃપ્રેમને ઢબૂરી શાસનપ્રેમને દીપાવ્યો અને જગતમાં સાહિત્ય અને અહિંસાના ક્ષેત્રે સૂર્ય સમા કલિકાલ સર્વજ્ઞ હેમચન્દ્રાચાર્ય પ્રગટ્યા.

બારમી સદીમાં આપણને મળે છે અનુપમા દેવી પોતાના પતિ અને જેઠને સંપત્તિને જમીનમાં દાટતા જોઈ એવી પ્રેરણા કરી કે એ સંપત્તિ ન કોઈ ચોરી શકે, ન નાશ પામે અને ત્રિભુવન એ સંપત્તિ નિરખ્યા કરે તેવા જગપ્રસિદ્ધ આબુના મંદિરો નિર્માણ પામ્યા.

તેરમી સદીમાં થયેલા મહત્તરા પ્રવર્તિની પદ્મશ્રી સાધ્વી - જેમણે આઠ વર્ષે દીક્ષા લીધી. માત્ર ત્રણ વર્ષના દીક્ષાપર્યાયમાં સાતસો શિષ્યાઓના ગુરૂણી બન્યા. પ્રવર્તિની પદ પ્રાપ્ત કર્યું અને ત્રણ-ચાર વર્ષ પછી મહત્તરા પદથી અલંકૃત થયા. તેઓ ગૂઢ તત્ત્વજ્ઞાનને હસ્તામલકવત્ સમજાવી શકતા. અઠ્ઠાવીસ વર્ષની વયે તો સદ્‌ગતિમાં સંચરી ગયા.

સોળમી સદીમાં આપણને મળે છે તપસ્વિની ચંપા શ્રાવિકા જેણે મોગલેઆઝમ અકબર સમક્ષ પોતાની તપશ્ચર્યાનું શ્રેય ગુરુ દેવ શ્રી હીરવિજયસૂરિને આપ્યું અને હિંદુસ્તાનમાં હિંસા અને સંઘર્ષના યુગની સમાપ્તિ થઈ અહિંસા અને સંસ્કરણની ઉષા ઊગી.

અને છેલ્લે છેલ્લે ઓગણીસમી સદીમાં થયેલા અમદાવાદના

હઠીસિંહના દેરાના નિર્માત્રી - સખાવતે બહાદુર હરકુંવર શેઠાણી અકાળે વૈધવ્ય આવ્યું છતાં ધર્મ અને વ્યવહારના ક્ષેત્રો સાચવી અમદાવાદમાં કન્યાશાળા સ્થાપી આધુનિક શિક્ષણનો પણ સૂત્રપાત કર્યો.

આવી અનેક નારીઓની ઈતિહાસ કથાઓ સતી શબ્દનો નવો આદર્શ આપણી સમક્ષ ઊભો કરે છે.

સામાન્ય રીતે સતી એટલે એવી સ્ત્રી જે પતિને જ પરમેશ્વર માને, પતિસેવા કરે અને પતિના અવસાન બાદ તેના દેહ સાથે બળી મરે (રાજપૂત પ્રથા) અથવા માથે મૂંડન કરાવી વૈધવ્યના કાળાં કપડાં ધારણ કરી અંધારા ખંડમાં લૂખું સૂકું ખાઈ જીવન પૂરૂ કરે તેવી સ્ત્રી. પતિ સિવાયનું જીવન જીવતી લાશ જેવું બનાવી દેવું એવી પ્રચલિત માન્યતા સમાજમાં પ્રવર્તતી હોય ત્યારે મથુરા-વૃંદાવનમાં આશ્રમો છલકાય તેમાં આશ્ચર્ય નથી. આમ જૈન કથાનકોમાં સતી-સત્ત્વ શાલિની સ્ત્રીના નવા આયામો જોવા મળે છે. સતીત્વ પતિમાં જ સીમિત થતું નથી. જિનધર્મમાં અવિહડ શ્રદ્ધા એવી ઊંચેરી કક્ષા છે. આ શ્રદ્ધાનું અવચેતન મનમાં અવતરણ જ તેના આત્મબળને પ્રેરિત કરે છે. આવી નારી પ્રતિકુળ પરિસ્થિતમાં લેવાઈ જતી નથી કે કષ્ટોથી દુઃખી થતી નથી. એક શાંત સમત્વનો ભાવ તેના વ્યક્તિત્વનો હિસ્સો બની ચૂક્યો હોય છે. તે કર્મસંયોગ સિવાય કોઈ વ્યક્તિ કે પરિસ્થિતિને દોષિત ગણતી નથી. તેથી ઝંઝાવાતી વાવાઝોડામાં પણ પોતાનો વિવેક પ્રદીપ જલતો રાખે છે. જિંદગી સામે કોઈ ફરિયાદ નહિ કકળાટ નહિ કે ઉકાળાટ નહિ. ઔચિત્યમાં ક્યાંય ચૂક નહિ. પરિસ્થિતિને માત્ર નભાવવી જ નહિ પણ સ્મિત સાથે વધાવવી એ જૈન સતીત્વનો આદર્શ છે.

વારિજ્જઈ જઈવિ નિઆણ બંધણં વીયરાચી ! તુલસમયે ।
તહ વિ મમ હુજ્જ સેવા, ભવેભવે તુમ્હ ચલણાણં ॥

"હે વીતરાગ, તમારા સિદ્ધાન્તમાં જો કે નિયાણાનો નિષેધ છે તો પણ ભવોભવ તમારાં ચરણોની સેવો હોજો"

## ૨૧. ''જૈન સંસ્કૃતિનાં વિકાસમાં નારીનું યોગદાન''

– સુરેશભાઈ પારેખ-રાજકોટ

જૈન ધર્મમાં પ્રથમ તીર્થંકર શ્રી આદિનાથ ભગવાનનાં સમયમાં અનિત્ય ભાવના સાથે મરૂદેવીમાતા પ્રથમ મોક્ષમાં ગયેલા છે. તે સમય પછી તેમની પૌત્રીઓ બ્રાહ્મી અને સુંદરીએ બાહુબલીને માનના રાજા ઉપરથી ઉતારીને કેવળજ્ઞાન અપાવ્યું છે. ૬૦ હજાર વર્ષ આંયબિલની આરાધના કરીને તપ અને ત્યાગના ગુણો સમજીને પોતાના આત્માને પરમાત્મા બનાવેલ છે.

જૈન સંસ્કૃતિમાં પરિગ્રહ પાપ છે એવું પોતાના પતિને સમજાવી અનુપમાદેવી આબુ પર્વત ઉપર ભવ્ય જિનાલયની રચના કરાવી. કમલાવતી રાણીએ પોતાના પતિ ઈક્ષુકાર રાજાને પરિગ્રહના પાપ સમજાવ્યા અને સંયમ પંથે લાવ્યા. આહારદાન નિગ્રંથ સાધુને વહોરાવવું એ જૈન સંસ્કૃતિ છે અને સતી રેવતીએ સિંહઅણગારને સૂઝતો આહાર વહોરાવીને તિર્થંકર નામ કર્મનો બંધ કરેલ છે. જૈન સંસ્કૃતિમાં નવકાર મંત્ર મુગટમણિ સમાન છે. પોતાના જૈનેતર પતિ અને સાસુ-સસરાને નવકાર મંત્રની શું તાકાત છે તે પ્રત્યક્ષ - માટલીમાં રાખેલ સર્પને હાથમાં લેતા ફૂલની માળા બની ગઈ તે બાબત સૌભાગ્ય સુંદરીએ સાબીત કરી આપેલ છે. જૈન સંસ્કૃતિ સમજાવે છે કે આ જગતમાં મનુષ્યને પોતાના પૂણ્ય અનુસાર જ બધું મળે છે. કોઈની કૃપા અથવા મહેરબાની કામ આવતી નથી. રાજાએ જ્યારે મયણા સુંદરીની આ વાત માની નહીં ત્યારે

મયણાસુંદરી મક્કમ રહી પરિણામે પિતા રાજાએ મયણાસુંદરીના લગ્ન કોઢીયા પુરુષ સાથે કરાવ્યા ત્યારે પણ મયણાસુંદરીએ જૈન સંસ્કૃતિમાંથી પીછેહઠ ન કરી અને પરિણામ એ આવ્યું કે આજે જૈન સંસ્કૃતિમાં મયણાસુંદરીનું ચરિત્ર પ્રથમ સોપાને છે.

જૈન સંસ્કૃતિમાં તપનું મહત્ત્વ ઊંચું છે. અકબર રાજાનાં સમયમાં શ્રાવિકા ચંપાબાઈ શ્રાવિકાએ ૧૮૦ દિવસના ઉપવાસ કરીને સંસ્કૃતિનું દર્શન કરાવેલ છે. જૈન સંસ્કૃતિની એક સમજ એવી છે કે - ધર્મ કે નિગ્રંથ સાધુ ઉપર કલંક લગાડવું નહીં અને કલંક આવે તો જાનની બાજી લગાડીને દૂર કરવું. ચંપા નગરીમાં સાધુની આંખમાંથી પોતાની જીભ વડે તણખલુ કાઢતા સુભદ્રાદેવી- ધર્મ સાધુ ઉપર કલંક આવ્યું. સુભદ્રાદેવીએ આરાધના શરૂ કરી અને મનમાં નિર્ણય કર્યો કે જ્યાં સુધી કલંક દૂર ન થાય ત્યાં સુધી અન્ન-પાણી અગરાજ છે. ત્રીજી રાત્રીએ સાશનદેવી ચંકેશ્વરી માતા પ્રગટ થયા અને કાચા સુતરનાં તાંતણે - ચારણીમાં પાણી કૂવામાંથી બહાર કાઢવાનું અને તે પાણી ચંપાનગરીનાં બંધ થઈ ગયેલા દરવાજા ઉપર છાંટવાનું - આ બધી જ બાબતો જૈન સંસ્કૃતિના દિપક સમાન ઈતિહાસની અંદર સુવર્ણ અક્ષરે સમાયેલી છે.

કર્મનો અટલ સિદ્ધાંત મનમાં રાખી ભગવંતની પ્રથમ માતા દેવાનંદાએ સંયમ સ્વીકારી મોક્ષગતિ મેળવી લીધી.

જૈન સંસ્કૃતિ ગુરુ આજ્ઞાને શિરોમાન્ય ગણે છે. કોઈપણ જાતના આચાર-વિચારમાં થયેલી ભૂલનું તુરત જ પ્રાયશ્ચિત માંગે છે. સાધ્વીમાતા મૃગાવતીજી - ભગવંતના સમોવસરણામાંથી ઉપાશ્રયે મોડા પહોંચ્યા. ગુરુ સાધ્વી માતા ચંદનાજીએ જૈન સંસ્કૃતિના આચાર વિરૂદ્ધ આચરણ બાબતે ઠપકો આપ્યો. સાધ્વી મૃગાવતીજીએ પ્રાયશ્ચિત સ્વીકાર્યું અને પ્રાયશ્ચિત્તના ધ્યાનમાં શુકલધ્યાન થયું અને કેવળજ્ઞાની બન્યા. સામે પક્ષે મહાસતી ચંદનાજીને ઠપકો આપવા બદલ પસ્તાવો થયો અને ધ્યાન લાગ્યું અને એ પણ તુરત જ કેવળજ્ઞાન પામ્યા.

ખમવું અને ખમાવવું એ જૈન સંસ્કૃતિ છે.

જૈન સંસ્કૃતિને પામેલી માતાઓ આજે પણ એવી ભાવના ધરાવે છે કે મારો કોઈ પુત્ર-પુત્રી સંયમના માર્ગે જાય. જૈન ઈતિહાસમાં માતા પાહિણીનું નામ સુવર્ણ અક્ષરે લખાયેલું છે. પોતાના વહાલસોયા પુત્રને વહોરાવી દીધો અને આગળ જતા જૈન સંસ્કૃતિના નાયક પ.પૂ. હેમચંદ્રસુરી મ.સા. બન્યા અને જેમણે કુમારપાલ રાજાને જૈન સંસ્કૃતિના દર્શન કરાવીને ભવ્યાતિભવ્ય જિનાલયોની રચના કરાવી અને જીવદયા સારાયે ૧૮ દેશમાં પળાવી.

જૈન સંસ્કૃતિના પાયામાં જિનશાસન પ્રત્યેની અભૂતપૂર્વ ચાહના ધરબાયેલી છે. સ્ત્રીઓ પોતાના કરીયાવરમાં સોના-રૂપાને બદલે જિનશાસન ગૌરવવંતુ બને એમ ઈચ્છા ધરાવે છે. આવી એક નોંધપાત્ર ઘટના ઈતિહાસમાં અમર બની છે. પિતાની ગેરહાજરીમાં બેન ઊજમના લગ્ન નિમિત્તે ભાઈને નવ ગાડા ભરાય તેટલો કરિયાવર આપ્યો. બેનની વિદાય સમયે ભાઈએ કરીયાવર બતાવ્યો. બેન રડી પડી. ભાઈએ કારણ પૂછ્યું - જવાબમાં ભોગ સામગ્રીથી સંસાર વધશે. બેને ભાઈને સમજાવ્યું કરિયાવર શત્રુંજય ઉપર જિનાલયનું નિર્માણ છે. ભાઈએ વચન પાળ્યું અને શત્રુંજયતિર્થ ઉપર જિનાલયનું નિર્માણ કર્યું જે આજે ઉજમફઈની ટૂંક તરીકે સુપ્રસિદ્ધ છે.

જૈન સંસ્કૃતિમાં (નારી) સાધ્વીમાતા આચાર પાળવામાં મક્કમ હોય છે. બ્રાહ્મણ પંડિત ઉપાશ્રય પાસેથી સમી સાંજે પસાર થતા હતા ત્યારે તેમણે જૈન ધર્મના શ્લોકો સાંભળ્યા. રાત્રે જ્યારે તે બ્રાહ્મણ પંડિત ઉપાશ્રયમાં સાધ્વીમાતાને પૂછવા જાય છે ત્યારે સાધ્વીમાતા બ્રાહ્મણને જૈન સંસ્કૃતિનો આચાર સમજાવે છે અને પોતાના ગુરૂને મળવાનું સૂચન કરે છે. બ્રાહ્મણ જતે દિવસે હરિભદ્રસુરી બને છે જેમણે ૧૪૪૦ જૈન ગ્રંથોની રચના કરી. આના મૂળમાં સાધ્વીમાતા યાચીની મરૂતરા સુતોની સંસ્કૃતિ પ્રત્યેની વફાદારી હતી.

ભૂતકાળમાં ઘણી જૈનેતર નારીઓ - સત્ય - શીલ માટે નારી રાણકદેવી - સતિ સોન જસમાં ઓડણ. ખુનીને પીર બનાવનાર સતી તોરલ, દેશની સ્વતંત્રતા માટે શહીદી વહોરનાર ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ, પોતાના પુત્ર પાસે સોનાના ઘરેણાના બદલે સ્કુલ - હૉસ્પિટલ, અનાથાશ્રમ બંધાવનાર કલકત્તાની નારી મા ભગવતી (ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરનાં માતા) આ બધી માતાઓ - સંસ્કૃતના આકાશમાં તેજસ્વી તારલા સમાન છે.

વર્તમાન સમયમાં અસંખ્ય નારીઓ સંસ્કૃતિના વિકાસમાં એક યા બીજા પ્રકારે યોગદાન આપતી જ હોય છે. જૈન સંસ્કૃતિના વિકાસમાં આજે - નામી - અનામી હજારો સાધ્વીમાતા પોતાનું યોગદાન આપી રહ્યા છે.

## ૨૨. ‘જિનાગમ સંદર્ભ શ્રાવકાચાર’

— ડો. કવિન શાહ, પ્રાધ્યાપક

(ડો. કવિન શાહ-પ્રાધ્યાપક એમ.એ; એલએલએમ પીએચ.ડી., એમ.એડ્ (યુ.એસ.એ.)

ધાર્મિક અભ્યાસ વિદેશપ્રવાસ-ધર્મ કાર્યસર્જક-સંશોધક-૨૬ પુસ્તકો વિવિધ વિષયો પર પ્રગટ થયા છે અનેક લેખો લખ્યા છે. - જપસાધના કરી રહ્યા છે.)

જન્મ, ઘડપણ અને મરણથી સર્વથા મુક્ત જિનેન્દ્ર દેવે આ લોકમાં શ્રમણ ધર્મ અને શ્રાવકધર્મ જે સમ્યક્દષ્ટિ વ્યક્તિ હંમેશાં પતિઓ પાસેથી સામાચારી (આચાર વિષયક ઉપદેશ) શ્રવણ કરે તે શ્રાવક કહેવાય છે. શ્રાવકના આચાર સંબંધી આગમ ગ્રંથોમાં વિવિધ પ્રકારની માહિતી પ્રાપ્ત થાય છે.

સંસારીજીવો જ્યાં સુધી સર્વવિરતિ ધર્મમાં આવી શકે નહિ ત્યાં સુધી દેશવિરતિ ધર્મરૂપ શ્રાવક આચારનું પાલન કરવાથી ભવાંતરમાં સર્વવિરતિ ધર્મ ઉદયમાં આવે અને મોક્ષમાર્ગનું બુકીંગ થઈ જાય છે. આવશ્યક સૂત્રની ચૂર્ણિમાં નવાંગી ટીકાકાર શ્રી અભયદેવ સૂરિએ શ્રાવકનાં બારવ્રતનો ઉલ્લેખ કર્યો છે. પાંચ અણુવ્રત-૧ સ્થૂલ પ્રાણાતિપાત વિરમણ વ્રત-૨ સ્થૂલમૃષાવાદ વિરમણ વ્રત-૩ સ્થૂલ.

શ્રી સમણ સુત્તંમાં શ્રાવક ધર્મ-એટલે કે શ્રાવક આચારમાં ઉપરોક્ત બાર વ્રતના પાલનનો સંદર્ભ મળે છે. (સૂત્ર-૩૦૦) શ્રાવકાચારમાં સાતવ્યસનના ત્યાગની માહિતી મળે છે. ૧. પરસ્ત્રીનો

સહવાસ ૨. જુગાર ૩. મદિરા ૪. શિકાર ૫. વચન પરૂષતા (ઘાતકીવાણી) ૬. કઠોર દંડ ૭. ચોરી. (સૂત્ર-૩૦૩) શ્રાવક ધર્મમાં દાન અને પૂજા મુખ્ય છે. જેના વિના શ્રાવક બની શકાતું નથી. ઉપાસક દશાંગ સૂત્રમાં ચાર પ્રકારના દાનનો ઉલ્લેખ થયો છે. ૧. આહાર દાન ૨. વમ્ઝી દાન, ૩. શારમદાન ૪. અભય-દાન. પાત્ર- 'અપાત્રનો' વિવેક બુદ્ધિથી નિર્ણય કરીને દાન ધર્મનું પાલન કરવું જોઈએ.

પ્રશ્ન વ્યાકરણ આગમમાં આશ્રવ એટલેકે કર્મના આગમનની સ્થિતિ અને સંવર (કર્મના આવવાનો માર્ગ બંધ કરવો અટકાવવાં) *તે વિશે પાંચ વ્રતના સંદર્ભમાં* માહિતી પ્રાપ્ત થાય છે જેથી શ્રાવક અને સાધુ નવાં કર્મ ઉપાર્જન ન કરે તેનો ભગવતી સૂત્ર શતક- ૮ દેશક ૧૦માં દેશવિરતિ ધર્મમાર્ગ દર્શાવ્યો છે. દાન-શીલ તપ અને ભાવ એમ છે.

ચાર પ્રકારના ધર્મની આરાધના શ્રાવકો માટે છે. છ આવશ્યકની ક્રિયા પણ શ્રાવક ધર્મમાં સમાવિષ્ટ થયી છે. અનુયોગદ્વાર સૂત્રમાં તેનો સંદર્ભ પ્રાપ્ત થાય છે. ૧. સામાયિક, ૨. ચઉવિસત્થો ૩ વંદન ૪ પડિક્કમણ ૫. કાયોત્સર્ગ ૬. પચ્ચક્ખાણ એમ છ આવશ્યકનું પ્રતિદિન પાલન કરવું જોઈએ. આવશ્યક એટલે કે જે અવશ્ય કરવા યોગ્ય છે. અનુયોગ દ્વાર સૂત્રના શબ્દો છે જે દિવસ અને રાત્રિના અંતભાગે શ્રમણ અને શ્રાવક વડે અવશ્ય કરવા યોગ્ય છે તે આવશ્યક છે. ચઉસરણ પયણામાં આવશ્યક વિશે જણાવ્યું છે કે સપાપ પ્રવૃત્તિનો યાગ અને નિષ્પાપ પ્રવૃત્તિના સેવનથી સામાયિક વડે ચારિત્ર ગુણની વૃદ્ધિ થાય છે. પ્રતિદિન-રાતના પાપના પ્રાયશ્ચિત માટે છ આવશ્યકનું પાલન એ શ્રાવકાચારની નોંધપાત્ર પ્રવૃત્તિ છે. આત્મવિકાસ માટે તેનું આચરણ અનિવાર્ય છે.

ચઉસરણ પયન્નામાં આવશ્યકનો હેતુ બતાવતાં જણાવ્યું છે કે સામાયિકથી ચારિત્રાચારની શુદ્ધિ, ચઉવિસત્થો દર્શનાચારની શુદ્ધિ,

વંદનથી જ્ઞાનાદિક ગુણોની શુદ્ધિ, પ્રતિક્રમણથી જ્ઞાનાદિક પંચાચાર શુદ્ધિ, કાઉસગ્ગથી રહી ગયેલા અતિચારની શુદ્ધિ અને પચ્ચક્ખાણથી લાચારની વિશુદ્ધિ થાય છે. માટેં સાધુ અને શ્રાવકે છ આવશ્યકનું પાલન કરવા દ્વારા મન સ્થિરીકરણ મટીને આત્મભાવમાં જાગૃતિ આવે છે.

દશાશ્રુત સ્કંધસૂત્રના છઠ્ઠા અધ્યયનમાં શ્રાવકની ૧૧ પ્રતિમાનું વર્ણન છે. શ્રાવકધર્મની પરમોચ્ચ આરાધનાનો માર્ગ આ પ્રતિમા ધારણ કરવાથી મળે છે.

આ રીતે આગમ ગ્રંથોમાં, શ્રાવકાચાર-ધર્મનો સંદર્ભ પ્રાપ્ત થાય છે. આચારધર્મના જ્ઞાનની પ્રાપ્તિ દ્વારા આત્મા શાશ્વત સુખ પ્રાપ્ત કરે એવી ઉદાત્ત ભાવના વ્યક્ત કરી છે.

# ૨૩. જિનાગમ સંદર્ભે શ્રાવકાચાર

— રમેશભાઈ ગાંધી

**(રમેશભાઈ ગાંધી ઘાટકોપર (મુંબઈ) નિવૃત્ત બેંક મેનેજર છે. નિવૃત્તિમાં ધર્મની ખૂબજ સુંદર પ્રવૃત્તિ કરી રહ્યાં છે. જૈન ધર્મના અભ્યાસી રમેશભાઈ એ અધ્યાત્મના ત્રણ પુસ્તકોનો અંગ્રેજીમાં અનુવાદ કરેલ છે.)**

જિનાગમ સંદર્ભમાં શ્રાવકના આચાર કયા અને કેવા છે ? અહીં આપણે આવશ્યકસૂત્રના છ આવશ્યકનો આધાર લેવાનો છે. પ્રથમ નજરે સહજ સરળ લાગતો વિષય હવે ઊંડાણમાં પ્રવેશે છે. પ્રથમ આવશ્યક ''સામાયિક'' પોતે જ એક જુદા અધ્યયનનો વિષય છે. ''સમય''નો અર્થ 'આત્મા' થાય છે. એટલે આત્મભાવમાં સ્વભાવમાં રહેવા માટેની એક પ્રક્રિયા-અનુષ્ઠાન એટલે સામાયિક, વિશેષ રૂપે સ્વભાવમાં રહેવું હોય તો 'વિભાવ'થી દૂર થવું પડે અને તે માટે વિભાવ રૂપ 'સાવદ્યયોગો' અર્થાત ૧૮ પાપ સ્થાનક રૂપ અપ્રશસ્ત પ્રવૃત્તિનો ત્યાગ કરવો પડે પણ શ્રાવકધર્મની એક મર્યાદાએ આડી આવે છે કે તે સંપૂર્ણરૂપે પાળવી કઠિન છે એટલે ૩ કરણ + યોગ રૂપ ૩ x ૩ = ૯ કોટિ ને બદલે બે કરણ x ૩ યોગ રૂપ ૬ કોટિ એ પાળવાનું હોય છે. અનુમોદનાનો ત્રણ યોગથી આગાર-છૂટ હોય છે. આનો એવો અર્થ હરગીજ નથી કે અનુમોદના-પાપ પ્રવૃત્તિની કરો તો ચાલે. અહીં એટલું જ તાત્પર્ય છે કે અનુમોદના કદાચ થઈ જાય તો વ્રતભંગ થતો નથી કારણ કે

'પ્રત્યાખ્યાન' તે મુજબના છે.

'સામાયિક' બાદ બીજો આવશ્યક છે. 'ચતુર્વિંશતિસ્તવં અર્થાત્ ચઉવીસંથ્થો જેને વ્યવહારભાષામાં ચોવીશ તિર્થંકરોની સ્તુતિ રૂપ "લોગસ્સ"નો પાઠ છે. તેમાં આ ભરતક્ષેત્રમાંથી છેલ્લા સિદ્ધ થયેલ શ્રી રૂષભદેવ સ્વામીથી લઈ શ્રી વીર વર્ધમાન મહાવીર સ્વામીના નામસ્મરણ સાથે તેમના મહિમા-ગુણોનું સંક્ષિપ્ત વર્ણન છે.

ત્યારબાદ 'વંદણા' રૂપ ત્રીજો આવશ્યક છે જેમાં 'ગુરુ'ને બાર આવર્તનરૂપ ઉત્કૃષ્ટ વંદન કરવામાં આવે છે અને તેમના પ્રતિ વિનમ ભક્તિ દર્શાવવા ઉપરાંત અવિનય અશાતા-અશાતના બદલ ક્ષમાયાચનાના પણ ભાવ છે.

હવે મુખ્ય આવશ્યક 'પ્રતિક્રમણ' આવે છે. તેમાં શ્રાવકના બાર વ્રતો - પાંચ અણુવ્રત, ત્રણ ગુણ વ્રત અને ચાર શિક્ષાવ્રત રૂપે છે. તેને દેશવિરતિ રૂપ ચારિત્ર પણ ગણાય છે. જેના ૭૫ અતિચાર-દોષો હોય છે. આમાં જ્ઞાનના ૧૪, દર્શનના ૫ અને તપના ૫ ઉમેરતા કુલ ૯૯ અતિચાર થાય છે જેને કાયોત્સર્ગ રૂપે પહેલા અને બીજા આવશ્યકની વચ્ચે ચિંતવવાના હોય છે. ક્ષમાયાચનાના ભાવ સાથે. આ ૯૯ દોષો શ્રાવક જીવનમાં વ્રતપાલનમાં જાણતા કે અજાણતા છદ્મસ્થતા ને કારણે સેવાઈ જાય છે. આવશ્યકતા રહે છે જાગૃતિપૂર્વક-ઉપયોગપૂર્વક યથાશક્તિ ટાળવાની.

આમ શ્રાવકના બાર વ્રત અને તે પણ 'સમકિત' સહિતના યથાર્થરીતે શ્રદ્ધાપૂર્વકના પાળવા-નિરતિચાર તે શ્રાવકાચારનું મુખ્ય અંગ છે. આ ઉપરાંત અઢાર પાપસ્થાનક પચીસ પ્રકારના મિથ્યાત્વ સમૂર્ચ્છિમ પંચેન્દ્રિય વિરાધના મંગલપાઠ શ્રમણ સૂત્રો આપણા પણ છે.

પ્રતિક્રમણ બાદ પાંચમો આવશ્યક છે. પ્રાયશ્ચિત રૂપ "કાયોત્સર્ગ"નો જેમાં ધર્મધ્યાનની લક્ષણ-આવંબન રૂપ અનુપ્રેક્ષારૂપ ચિંતવન ચાર ભેદથી કરવાનું રહે છે જિનાજ્ઞાનો વિચાર, દુઃખનો

(જીવને ભોગવવા પડતા) વિચાર-કારણ ઉપાય સહિત સુખ-દુઃખરૂપ કર્મના વિપાકનો વિચાર કારણ-ઉપાયની સાથે તથા લોક (અહીં લોકનો અર્થ જનતા નહીં પણ ઉર્ધ્વ, અધો અને મધ્ય (ત્રિછા) લોક રૂપ વિશ્વરચનાનો વિચાર કરવાનો છે. આમ ધર્મધ્યાનનો કાયોત્સર્ગ કે વિકલ્પે 'લોગસ્સ'ના કાઉસગ્ગ કરવાનો પાંચમાં આવશ્યકમાં અભિપ્રેત છે.

છેલ્લો અને છઠ્ઠો આવશ્યક છે. 'પ્રત્યાખ્યાન'નો જેમાં મુખ્યત્વે ચારે આહારના ત્યાગરૂપ ચૌવિહારના પચ્ચખાણ કરવાના હોય છે.

આ રીતે ૬ આવશ્યક રૂપ શ્રાવકોના પ્રતિક્રમણનો આચાર આવશ્યક સૂત્રમાં વર્ણવેલ છે. મૂળપાઠ, અર્થ-ભાવાર્થ અને વિવેચન સાથે. પ્રતિક્રમણની ક્રિયા પાપથી પાછા ફરવાની ક્રિયા છે. જેમાં હાર્દ રૂપે સર્વ જીવો જેને ૮૪ લાખ જીવાયોનિમાં વિભાજીત કરવામાં આવ્યા છે તેમની વિરાધના બદલ અંતઃકરણની ક્ષમા યાચના કરવાની હોય.

(૧) દાને, શિયળે, તપે અને ભાવે ગુણે કરી અધિક હોય.

(૨) બે વખત ઉભયકાળ સવાર-સાંજ પ્રતિક્રમણનો કરનાર હોય.

(૩) મહીનામાં બે. ચાર કે છ 'પોષા'નો અર્થાત્ પરિપૂર્ણ પૌષધ વ્રત અંગીકાર કરનાર હોય.

(૪) સમક્તિ સહિત શ્રાવકના બાર વ્રત અને અગિયાર પડિમા - પ્રતિમાધારી હોય.

(૫) જીવ-અજીવ આદિ બે, સાત કે નવ તત્ત્વનો જાણનાર હોય - (અન્ય સાથ તે પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ તત્ત્વ)

(૬) ત્રણ મનોરથના ચિંતવનાર હોય

(૧) હું ક્યારે આરંભ - પરિગ્રહથી નિવૃત થઈશ

(૨) ક્યારે દીક્ષા લઈ સર્વવિરતિરૂપ મુનિધર્મનું પાલન કરીશ.

(૩) ક્યારે અંતિમ સમયે સંલેખના-સંથારા રૂપ સમાધિમરણને પ્રાપ્ત કરીશ.

(૭) શ્રાવક ૨૧ ગુણો ધારણ કરનાર હોય અર્થાત્ તે ૨૧ ગુણે કરી સહિત હોય.

(૮) દુબળા-પાતળા અર્થાત્ સ્થાવર, વિકલેન્દ્રિય, અસંજ્ઞી પંચેન્દ્રિય સહિત નિર્બળ પરવશ મનુષ્યો - તિર્યંચની દયા પાળનાર રક્ષક હોય.

(૯) પરધન પત્થર સમાન અને પરસ્ત્રી માતા-બેન કે દીકરી બરાબર માને - ગણી વર્તે

(૧૦) દૃઢધર્મી, પ્રિયધર્મી ઉપરાંત દેવતાના ડગાવ્યા ડગે નહીં અર્થાત. તેમની કસોટી, ઉપસર્ગ સહન કરી પાર ઊતરે - ઉત્તીર્ણ થાય.

આવા શ્રાવકજીને ધર્મનો રંગ હાડોહાડ લાગેલ હોય. રક્ત-માંસ-મજ્જા અસ્થિમાં - કહો કે તેમના શરીરના અણુએ અણુમાં પ્રસરેલ હોય - આત્માને ગુણોથી ભાવિત કરેલ હોય.

# ૨૪. ગૃહસ્થધર્મની ગરિમા

— હર્ષદ દોશી

**(જૈન એકેડમી કલકત્તાના ચેરમેન હર્ષદભાઈ જૈન દર્શનના અભ્યાસુ છે. લેખક અને વક્તા છે. વિરાયતન સંસ્થા સાથે સંકળાયેલા છે.)**

જૈનધર્મ અહિંસા, સંયમ અને તપની સૂક્ષ્મ વિભાવના અને સર્વોત્કૃષ્ટ પાલન માટે વિશ્વમાં વિશિષ્ટ સ્થાન ધરાવે છે. જે દૃઢતા અને શ્રદ્ધાથી સામાન્ય જૈન ગૃહસ્થ પણ તેની આચારસંહિતાનું પોતાના રોજિંદા જીવનમાં પાલન કરે છે તે પણ અદ્વિતીય છે. તેમાં પણ અહિંસા, દયા, સમતા અને દરેક જીવના જીવનના અધિકાર દરેક જૈનના આચારમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે. વસ્તુતઃ દરેક જીવના જીવનના અધિકારની સ્વીકૃતી અને અહિંસા, દયા અને કરુણા એક જ સિક્કાની બે બાજુ છે. એટલે 'परस्परोपग्रहो जीवानाम् ।' વિશ્વના દરેક જીવો એક બીજા ઉપર આધાર રાખે છે - સમસ્ત જૈન સમાજનું સર્વમાન્ય સૂત્ર છે. આ સૂત્રમાં દરેક જીવની જીવવાની અને જીવન ટકાવી રાખવાની ઈચ્છા અને તે માટે પરસ્પરના સહયોગની આવશ્યકતા વ્યક્ત કરી છે. અહિંસા, દયા, અપરિગ્રહ અને અનેકાંતવાદ આ સિદ્ધાંતના પાયામાં છે.

જૈન આગમ શાસ્ત્રના દરેક પાના છડી પોકારીને કહે છે કે દરેક જીવ અનંત જ્ઞાન, અનંત સુખ, અને અનંત શક્તિનો સ્વામી છે. છતાં, આ સંસારની વિષમતા છે કે પ્રાણી માત્રા દુખી છે અને

તેની શક્તિ કુંઠીત થયેલી છે. સંસાર એવી જંજીર છે જે જીવને પોતાના સુખના ખજાનાથી વંચિત રાખે છે. ભૂલભરેલી માન્યતાને કારણે મનુષ્ય એમ સમજે છે કે બીજાના ભોગે પોતે સુખ મેળવી શકે છે. પોતાના સ્વાર્થમાં બીજાને પીડા આપવી એ જ કર્મ છે.

શ્રાવકનો પ્રયાસ આંશિક રીતે રાગથી વિમુખ થવાનો છે, એટલે તેની સાધના દેશવિરતિ છે, તેના વ્રત અણુવ્રત કહેવાય છે અને તે મોક્ષમાર્ગમાં ચોથા કે પાંચમા ગુણસ્થાને છે. સાધુના આચારમાં સંપૂર્ણ વિરતિની અપેક્ષા છે, એટલે તે સર્વવિરતિ છે અને તેના વ્રત મહાવ્રત કહેવાય છે. તેથી સાધુ છઠ્ઠા કે સાતમા ગુણસ્થાને છે. વ્રત અને પ્રત્યાખ્યાન (પચ્ચક્ખાણ) એ રાગ, કષાય, પાપ અને અશુભ આચરણ અને ભાવમાંથી છૂટવાના એટલે કે વિરતિના સાધન છે. આવતા કર્મને રોકવા માટે વ્રત -- પ્રત્યાખ્યાન અંગીકાર કરવા તે વિરતિ છે, જે સાધુના અને શ્રાવકના આચારનું મુખ્ય અંગ છે.

ભોજન અને વપરાશની વસ્તુઓની અગણિત વિવિધતા છે. તે ઉપરાંત પોતાના વ્યવસાયને કારણે પણ જેમાં હિંસા વધુ છે તેવા કાર્ય થઈ જાય છે. પોતાના જીવનનિર્વાહ માટે અથવા લોભ -- લાલચને વશ થઈને તેમાં નક્કી કરેલી મર્યાદાઓનું ઉલ્લંઘન થવાની ઘણી જ સંભાવનાો છે. એટલે શ્રાવકે ઘણી જ સાવધાનીથી વર્તવાનું છે, છતાં દોષ થઈ જાય તો સાતમા વ્રતના આ દોષોની આલોચના કરવી. અનાવશ્યક ક્રિયાઓ, જે સર્વથા વ્યર્થ છે. નિરર્થક છે, કોઈને લાભકારી નથી અને ગૌરવની હાની કરતા હોય, પ્રમાદકારી હોય, અશ્લીલ હોય, એવી બધી જ પ્રવૃત્તિઓ વ્રતપાલનમાં વિક્ષેપ કરે છે અને તેનો ત્યાગ વ્રતપાલનમાં ઉપયોગી અને સહાયક થાય છે માટે શ્રાવકે તેનો ત્યાગ કરવો.

શિક્ષાવ્રતમાં સામાયિકનું મહત્ત્વ જૈન સાધનામાં ઘણું ઊંચું છે. દરેક જૈન સામાયિકથી પરિચિત છે અને લાખો જૈનો દરરોજ

સામાયિક કરે છે. સામાયિક આત્મભાવને શુદ્ધ કરે છે. ચિંતન, મનન, સ્વાધ્યાય, આલોચના, ધ્યાન, કાયોત્સર્ગ અને ભક્તિ – સ્તવન, બધું જ સામાયિકની અંતર્ગત આવી જાય છે. સામાયિક આત્માને વિભાવમાંથી સ્વભાવમાં લઈ જનારી સર્વોત્તમ સાધના છે. સામાયિકમાં દરેક પ્રકારની અશુભ પ્રવૃત્તિઓ – અશુભ યોગ અટકી જાય છે અને મોટા પ્રમાણમાં શ્રાવકને પોતાને ઉપલબ્ધ આહાર, પાણી, વસ્ત્ર ઈત્યાદિ માત્ર પોતાના જ ઉપભોગ – પરિભોગ માટે નથી. તેને સુપાત્ર સાથે વહેંચવાની ભાવના આસક્તિને ઓછી કરે છે, ત્યાગ અને દાનની ભાવનાને વેગ આપે છે અને અપરિગ્રહ વ્રતમાં દઢતા લાવે છે. પરંપરાથી આ વ્રતમાં સાધુ – શ્રમણોની આવશ્યકતાઓ પૂરી પાડવાની ભાવના છે. શ્રાવકે પોતાની દરેક પ્રકારની સંપત્તિની જે સીમા પાંચમા વ્રતમાં બાંધી છે તેને ઉત્તરોત્તર નાની કરવી જોઈએ અને તેના પરિણામરૂપ જે સંપત્તિ સીમાની *બહાર થઈ જાય અને તે ઉપરાંત જો આવક પણ વધતી હોય તો* તેના પરિણામરૂપ જે સંપત્તિ સીમાની બહાર થઈ જાય અને તે ઉપરાંત જો આવક પણ વધતી હોય તો તેના પરિણામરૂપ વધારાની સંપત્તિના નિકાલ માટે તેણે દાન કરતાં રહેવું જોઈએ. વળી દાન કરવું એ શ્રાવકનું મહત્ત્વનું કર્તવ્ય છે. તે ઉપરાંત ભગવાન મહાવીર આનંદ શ્રાવકને વ્રતના અતિચાર સમજાવે છે ત્યારે તેઓએ 'યથા સંવિભાગ વ્રત' કહ્યું છે, નહીં કે 'અતિથિ સંવિભાગ વ્રત'. વળી દાનનો બીજા કોઈ પણ વ્રતમાં સમાવેશ નથી. એટલે આ બારમા સંવિભાગ વ્રતમાં સુપાત્ર દાન સમાહિત છે.

સાધુઓને ભોજન, પાણી અને વસ્ત્ર વગેરે ગ્રહણ કરવાના નિયમો ઘણા જ કડક છે. તેથી તેમને દોષયુક્ત વસ્તુ આપવામાં આવે કે દેખાદેખીથી આપવામાં આવે તો આ વ્રતના અતિચાર લાગે છે.

સંલેખના જૈનધર્મની ગૌરવભરી વિશેષતા છે. આ શરીરના માધ્યમથી જીવન પર્યંત સાંસારિક અને આત્મોન્નતિના કાર્ય કરવાના છે. પરંતુ જીવનની અંતિમ ક્ષણે જ્યારે શરીર દરેક પ્રકારની સાધના – આરાધના અને કર્તવ્યપાલન માટે નિર્બળ અને અસહાય થઈ જાય છે ત્યારે પ્રસન્નતાપૂર્વક આ શરીરના ત્યાગની તૈયારી કરવી અને દરેક પ્રવૃત્તિઓથી આમરણાંત નિવૃત્ત થઈ જવું એ મારણાંતિક સંલેખના વ્રત છે. આ વ્રત દરમિયાન મન, વચન અને કાયાના ત્રણે યોગ અને કરવું. કરાવવું અને કરતા પ્રત્યે અનુમોદના, એ ત્રણ કરણ મળીને નવ કોટીથી સંપૂર્ણ નિવૃત્ત થવાનું છે, જે સાધુની સર્વવિરતિની સમકક્ષ છે. સંલેખણા દરમિયાન સાધુ અને શ્રાવકમાં તાત્વિક દૃષ્ટિએ કોઈ ભેદ રહેતો નથી. જે કંઈ તફાવત છે એ પૂર્વકર્મના સંસ્કારજનિત કષાયની મંદતા અને તીવ્રતાનો છે.

બાર વ્રત શ્રાવકના આચારના પાયામાં છે અને સંલેખણા તેના જીવનનું અંતિમ લક્ષ્ય છે. શ્રાવકના હમેંશ ત્રણ મનોરથ હોય છે કે તે ક્યારે બાર વ્રત અંગીકાર કરે, ક્યારે સર્વવિરતિ શ્રમણ થાય અને અંત સમયે સંલેખણા તપનો અવસર મળે.

ભગવાન મહાવીરે સ્વયં ૧૨ ૧/૨ વર્ષની અડગ અને ઉગ્ર સાધના દરમિયાન આ વ્રતોનું પાલન કર્યું છે. તેમણે મોક્ષમાર્ગની સમાપ્તિએ કેવળજ્ઞાન, કેવળદર્શન, યથાખ્યાત ચારિત્ર અને અનંત વીર્ય પ્રગટ કર્યા તેનું યથાર્થ વર્ણન આ ગાથામાં મળે છે.

दाणाण सेट्ठं अभयप्पाणं, सच्चेसु वा अणवज्जं वयंति ।
तवेसु वा उत्तमबंभचेरं, लोगुत्तमे समणे नायपुत्ते ॥

અભયદાન એ અહિંસાની સર્વોત્તમ અને અનુપમ વિભાવના છે. અહિંસાનો દાનમાં સમાવેશ કરીને શાસ્ત્રકારે દાનની વ્યાખ્યા વ્યાપક તો કરી છે, સાથેસાથે દાનના મહિમાને પણ ઊંચા શિખર ઉપર સ્થાપિત કર્યો છે. શ્રમણ ભગવાન મહાવીરની અહિંસા, સત્ય અને બ્રહ્મચર્યને એક સૂત્રમાં ગુંથીને શાસ્ત્રકાર કહે છે કે કોઈ પણ વ્રત

પૃથક કે સ્વતંત્ર નથી. સઘળા વ્રત – પ્રત્યાખ્યાન એક અખંડ સાધનાનું સ્વરૂપ છે. અહિંસક પરિગ્રહી ન હોઈ શકે અને અપરિગ્રહી હિંસક કે મૃષાવાદી ન હોઈ શકે.

શ્રાવકનું લક્ષ્ય દેશવિરતિથી સર્વવિરતિ એટલે કે સાધુતા છે. અવિરતિ એટલે વ્રત – પ્રત્યાખ્યાનનો સદંતર અભાવ. સર્વવિરતિ એટલે ૧૦૦ ટકા પ્રત્યાખ્યાનના પ્રથમ બિંદુ અને સંપૂર્ણ વિરતિના અંતિમ બંદુની વચ્ચેના અસંખ્ય બિંદુઓને જોડતી રેખા જ મોક્ષમાર્ગનું પ્રથમ ચરણ અને શ્રાવકાચાર છે. આ માર્ગ પર અગ્રિમ ગતિ કરવાથી આત્મભાવની વિશુદ્ધિ થતી જાય છે. અહીં કર્મના આશ્રવના બધા દ્વાર બંધ નથી થઈ જતા, પણ આંશિક બંધ થાય છે અથવા બારી ખૂલી હોય છે.

દેશવિરતિમાંથી સર્વવિરતિના પુરુષાર્થને શાસ્ત્રમાં શ્રાવકની પ્રતિમા કહી છે.

દાન, શીલ, તપ અને ભાવ ચતુષ્ટય પણ વ્રતોના પાલનમાં, સાધનાપથમાં પ્રગતિ અને સ્થિરતા માટે અને શ્રાવકાચાર સમજવામાં અને પાળવામાં ઉપકારક છે. આ ચતુષ્ટય શ્રાવકનો ધર્મ પણ કહેવાય છે.

શ્રાવકના ગુણ તેના આચારનું પ્રતિબિંબ છે. એ ગુણો અહીં સંક્ષિપ્તમાં આપ્યો છે.

શ્રાવક નવ તત્ત્વને જાણે છે. સમજે છે અને તેમાં શ્રદ્ધા ધરાવે છે.

શ્રાવક પોતાના પુરુષાર્થ ઉપર નિર્ભર છે.

શ્રાવક દૃઢ શ્રદ્ધાવાન અને અવિચલિત હોય છે.

શ્રાવકનું સમ્યક દર્શન અતિચાર રહિત હોય છે. તેને શંકા, આકાંક્ષા, સંશય વગેરે નથી થતા.

શ્રાવકે ધર્મના અર્થને પ્રાપ્ત કર્યા હોય છે, ધર્મ તત્વને ગ્રહણ કર્યું હોય છે, જિજ્ઞાસા દ્વારા સમાધાન પ્રાપ્ત કર્યું હોય છે અને

તત્વને આત્મસાત કર્યું હોય છે.

શ્રાવક સંવેગભાવથી જાગૃત હોય છે.

શ્રાવકને સંસારની નિરર્થકતાનો અનુભવ હોય છે.

શ્રાવક દાનવીર, પ્રામાણિક અને વિશ્વસનીય હોય છે.

શ્રાવક પૌષધ વ્રતનો આરાધક હોય છે.

શ્રાવક સંવિભાગ વ્રતનું પાલન કરતો હોય છે.

પરંપરાથી શ્રાવક માટે છ આવશ્યક તેની સાધના માટે મહત્ત્વના છે. દરરોજ સવારે અને સાંજે, મહિનામાં બે વાર પાખીના રોજ, ચૌમાસી પૂર્ણિમા અને સંવત્સરીને દિવસે અવશ્ય કરવા યોગ્ય છે. તે ઉપરાંત જૈનો વિવિધ પ્રકારના તપ યથાશક્તિ નિયમિત કરતા હોય છે.

શ્રી ઉપાસક દશાંગ સૂત્ર ભગવાન મહાવીરના હજારો શ્રાવકોમાંથી શ્રેષ્ઠ સર્વગુણસંપન્ન દસ શ્રાવકોની આરાધના, આચાર, વિકટ પરિસ્થિતિ અને ઉપસર્ગ સામે દૃઢતા, તેમના પાંચ અણુવ્રત, ત્રણ ગુણ વ્રત, ચાર શિક્ષા વ્રત, તેમના પ્રત્યાખ્યાન, પૌષધોપવાસ, ૧૧ પ્રતિમા અને મારણાંતિક સંલેખના સાથે સમાધિપૂર્વકના દેહત્યાગનું અનુપમ અને અદ્‌ભુત કથાનક છે અને ગૃહસ્થધર્મની ગરિમાની ગાથા છે.

શરૂઆતમાં જણાવેલ શ્રી ઉમાસ્વાતિજીના એક જ સૂત્ર 'परस्परोपग्रहो जीवानाम् ।' માં શ્રાવકાચારનો સંપૂર્ણ સિદ્ધાંત આવી જાય છે. દરેક જીવ એક બીજાના ઉપકારક છે, એક બીજાના સહાયક છે. જીવન એકમેકના અસ્તિત્વ ઉપર નભે છે. શ્રાવક કે સાધુનો આચાર સમષ્ટિના સંરક્ષણ અને જતનાપૂર્વકના વ્યવહારમાં સમાયેલો છે.

# ૨૫. જિનાગમ સંદર્ભે શ્રાવકાચાર

— ડો. રમણીકભાઈ પારેખ (એમ.એસ.સી. પીએચ.ડી.)

(ડો. રમણીકભાઈ પારેખ (એમ.એસ.સી., પીએચ.ડી., એફઆઈસી) અમદાવાદ સેંટ્રલ સ્ટોલ્ટ એન્ડ મરીન કેમિકલ્સ રિસર્ચ ઈન્સ્ટીટ્યૂટમાં સંશોધન કાર્યનો આરંભ-પીએચ.ડીના ગાઈડ.

૬૦ થી વધુ રીસર્ચ પેપરો લખ્યા છે થિયોસોફીકલ સોસાયટી સાથે સંકળાએલા - જૈનધર્મના અભ્યાસી છે જ્ઞાનસત્ર-શિબિરોમાં ભાગ લે છે.)

પરમકૃપાળુ તીર્થંકર પ્રભુએ તીર્થની સ્થાપના કરી સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા એ સંઘના ચાર અવિભાજ્ય અંગો છે. સાધુ ધર્મ કે શ્રાવક ધર્મ બંનેનું અંતિમ ધ્યેય મોક્ષ જ છે. સાધુ ધર્મ, ટૂંકો અને અતિ કઠિન માર્ગ છે જ્યારે શ્રાવક ધર્મ, સરળ અને ખૂબ જ લાંબો માર્ગ છે. ચતુર્વિધ સંઘના સહિયારા પુરૂષાર્થથી જૈનધર્મ શાશ્વતધર્મ, વિશ્વધર્મ તરીકેનું બિરૂદ પ્રાપ્ત કરી શક્યો છે.

ઉપાસકદશાંગ સૂત્રમાં ભગવાન મહાવીરસ્વામીના દસ ઉત્તમ શ્રાવકોનો અધિકાર છે. (૧) આનંદ (૨) કામદેવ (૩) ચૂલણી પિતા (૪) સુરાદેવ (૫) ક્ષુદ્ર શતક (૬) કુંડ કૌલિક (૭) સદ્દલિ પુત્ર (૮) મહાશતક (૯) નંદિની પિતા (૧૦) સાલિહીપિયા તેઓએ ૨૦ વર્ષ શ્રાવકના વ્રત પાળ્યા. તેમાં ૧૪ વર્ષ ૬ માસ ઘરમાં રહ્યા અને પાંચ વર્ષ ૬ મહિના ગૃહકાર્ય છોડી પૌષધશાળામાં શ્રાવકની ૧૧ પડિમાનું આરાધન કર્યું. ઉપસર્ગ પ્રાપ્ત થવા છતાં ચલાયમાન

ન થયા.

આ સૂત્રમાં શ્રાવકોની દિનચર્યાનું પણ ખૂબ સુંદર રીતે વર્ણન કરેલ છે. આદર્શ ગૃહસ્થ અને ઉત્તમ શ્રાવક થવા ઈચ્છનાર દરેક વ્યક્તિ માટે આ શ્રાવકોના શ્રાવકાચાર દિવાદાંડી સમાન છે શ્રાવકના ૨૧ ગુણ, ૨૧ લક્ષણ, ૧૨ વ્રત અને ૧૧ પ્રતિમાનું શ્રાવકાચારના પરિપ્રેક્ષ્યમાં સંક્ષિપ્ત વર્ણન નીચે મુજબ કહી શકાય શ્રાવકનું કર્તવ્ય છે કે આ એકવીસ ગુણોમાંથી યથાશક્તિ ગુણોની સ્વીકાર કરે.

**શ્રાવકના ગુણ :**

અખુદો રૂવવં પગઈસોમો 'લોકપ્રિયાઓ,
અકુરો ભીરૂ અસઢો દકિખણે લજ્જાણુ દયાલુ,
મજજત્થો સુદિઠઠી ગુણાનુરાગી સુપકબજુતાં સુદીહી.
વિસંસન્નુ વૃદ્ધાનુગ વિનીત કયન્નુ પરહિયકતા લબ્ધલકખી

(૧) શ્રાવક પોતાના અપરાધીને પણ દુઃખપ્રદ થતાં નથી (૨) રૂપવંત હોય છે. યથાકૃતિ સ્તથા પ્રકૃતિઃ (૩) પ્રકૃતિ સૌમ્ય હોય છે. (૪) સર્વને પ્રિયકર હોય છે (૫) સરળ સ્વભાવી અને ગુણગ્રાહી હોય છે. (૬) પાપાચરણનું કરતો નથી (૭) પુણ્ય અને પાપનાં ફળને પૃથક સમજી અધર્મ તથા પાપને ઘટાડે અને ધર્મ તથા પુણ્યની વૃદ્ધિ કરે છે. (૮) સમયોચિત કામ કરવાવાળો હોય છે. (૯) લજ્જાવંત હોય છે (૧૦) દયાવંત હોય છે સર્વ જીવો પ્રત્યે દયા, અનુકંપા રાખે છે. (૧૧) મધ્યસ્થ હોય છે. ભલી બુરી વસ્તુને જોઈને રાગદ્વેષમય પરિણામ કરે નહિ (૧૨) સુદષ્ટિવંત હોય. આંખમાં અમી હોય; વિકારવાળી દષ્ટિ ન કરે. (૧૪) ગુણાનુરાગી હોય (૧૫) સુપક્ષયુક્ત હોય છે. (૧૬) દીર્ઘદષ્ટિવંત હોય. (૧૭) વિશેષજ્ઞ હોય. નવ તત્વ જ્ઞાન વડે વિશેષજ્ઞ બની હેય, જ્ઞેય અને ઉપાદેયનું પાલન કરે. (૧૮) વિનીત હોયઃ વિણઓ જીણ સાસણે મૂલો ધર્મશાસ્ત્ર, ધર્મનું મૂળ વિનય કહ્યું છે. (૧૯) કૃતજ્ઞ હોય.

પરોપકાર એજ પુણ્ય છે. (૨૦) પરહિતકર્તા હોય (૨૧) લબ્ધલક્ષી હોય : શ્રાવકને જ્ઞાનાદિ ગુણની લાલસા હોય છે. શ્રાવક સદૈવ નવો નવો અભ્યાસ કરે, શાસ્ત્ર અને ગ્રંથોના પઠન-પઠન કરી લબ્ધલક્ષી-ધ્યેયની પ્રાપ્તિ કરનાર હોય છે.

**શ્રાવકના બારવ્રત**

જેવી રીતે તળાવમાં પાણીની આવક રોકવા માટે તેમાં જે જે પાણી આવવાના નાળા હોય તેને બંધ કરી દેવા પડે છે તેવી રીતે આત્મરૂપ તળાવમાં પાપરૂપ પાણી આવતું રોકવા માટે ઈચ્છાનું નિરૂંધન કરવું પડે છે. ઈચ્છાઓને રોકી પાપથી વિરમવું તેને વ્રત કહે છે. જેઓ સર્વથા પાપ વ્યાપારથી નિર્વતે છે તેવા સાધુ સર્વવિરતિ કહેવાય છે જેઓ આવશ્યકતા અનુસાર છૂટ રાખી શક્તિ પ્રમાણે ઈચ્છાનો નિરોધ કરે છે તેઓ દેશવિરતિ (શ્રાવક) કહેવાય છે. સમકિત પ્રાપ્ત થયા પછી જે શ્રાવક વ્રત ધારણ કરે છે તે મિથ્યાત્વના બધા રીતરિવાજો છોડી દે છે અને પાંચ અણુવ્રત ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રતનું એમ બાર વ્રતોનું પાલન કરે છે.

આઠ વ્રત આચરણ કરવાથી શ્રાવકને નીચના ચાર શિક્ષાવ્રતોમાં પ્રવૃત્તિ કરવાથી ભૂતકાળમાં લાગેલી પાપોની સમજ અને ભવિષ્યમાં નિર્દોષ રહેવાની સાવધાનીરૂપ શિક્ષા (શિક્ષણ)પ્રાપ્ત થાય છે આથી તે શિક્ષાવ્રત કહેવાય છે. શિક્ષાવ્રત આત્મભાવમાં દાખલ થવાનો અભ્યાસ કરાવે છે. અનુભવજ્ઞાન સ્વાનુભૂતિ શીખવે છે.

**શિક્ષાવ્રત** : (૯) સામાયિક વ્રત અહિંસા-સમતા આદિની ઉત્કૃષ્ટ સાધના જે સમયે કરવામાં આવે છે તે સમયનું કર્તવ્ય સામાયિક કહેવાય છે. સામાયિક વ્રતનું સમ્યક્ પ્રકારે આરાધના કરવાથી ચિત્ત સમાધિ પ્રાપ્ત થાય છે આત્માની અનંત શક્તિ પ્રગટ થાય છે રાગ દ્વોષ રૂપી દુર્જય શત્રુનો નાશ થાય છે. જ્ઞાનાદિ ત્રણ રત્નોનો લાભ થાય છે. સામાયિક તો ભવભ્રમણથી છોડાવી, ભવિષ્યમાં સ્વર્ગના અને ક્રમશઃ મોક્ષના અનંત સુખને આપનારૂ છે ચરમ તીર્થંકર

મહાવીર પ્રભુએ પુણ્યા શ્રાવકની સામાયિકની પ્રશંસા કરેલ. અભયદાન શ્રેષ્ઠ દાન છે.

*"લાખ ખાંડી સોના તણું, લાખ વર્ષ દે દાન*
*તોય સામાયિક તુલ્યના, ભાખે શ્રી ભગવાન"*

**આવશ્યક સૂત્ર** : આગમ વાણીમાં આવશ્યક સૂત્રનું વિશિષ્ઠ સ્થાન છે. આ સૂત્રનો અભ્યાસ તથા તે જ્ઞાનને પ્રેક્ટીકલ બનાવવા માટે આવશ્યક સૂત્રનો અંગોને, જીવનના અંગો બનાવવા તે શ્રમણો અને શ્રમણોપાસક માટે અતિ આવશ્યક છે. 'અવસ્ય કરણીયં ઈતિ આવશ્યકં સામાયિક, ચર્તુવિશતિ સ્તવ; વંદના, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ અને પચ્ચક્ખાણ શ્રાવકોએ અવશ્ય 'આ અમૃતક્રિયા કરવી જરૂરી છે.

ઉપર દર્શાવેલા શ્રાવકાચાર જે શ્રાવકના ઘરમાં પળાતા હશે તે ઘર ખરેખર સ્વર્ગ સમાન બની જાય છે. માતા-પિતા ભાઈ-બહેન પુત્ર પુત્રવધૂ કુટુંબીજનો, સમાજ વચ્ચે સુમધુર આહ્લાદક સ્નેહની સરવાણી વહેવા લાગે છે. મા-બાપ પ્રત્યે આદરભાવ અને વડીલોનો બાળકો પ્રત્યે વાત્સલ્ય, પ્રેરણા તથા પ્રેમનો ધોધ વહે છે. ઘરમાં દરેકનું જયજિનેન્દ્રથી અભિવાદન થાય છે ધર્મકથા, ઉત્તમ શ્રાવકોના જીવનચરિત્રના માધ્યમથી બાળકોમાં ધર્મના સંસ્કારનું સિંચન થાય છે અને પરિણામે આ સુસંસ્કારોનો અમુલ્ય વારસો ઉત્તરોત્તર જળવાઈ રહે છે. શ્રાવકનું ઘર સદાયને માટે વ્રત, જપ, દયા, ધાર્મિક અનુષ્ઠાન, દાન ઈત્યાદિથી મઘમઘતું રહે છે.

## ૨૯. જિનાગમ સંદર્ભે શ્રાવકાચાર

– કેતકી શાહ

જૈનશાસનરૂપી રથના ચાર પૈડાં તે સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા છે. પ્રભુ મહાવીરે ચર્તુવિધ સંઘમાં સાધુ-સાધ્વી જેટલું જ મહત્ત્વ શ્રાવક-શ્રાવિકાને આપ્યું છે. દરેક સાધક આત્માની સાધના-આરાધના મોક્ષમાર્ગને પામવાની હોય છે. "ज्ञान क्रियाभ्याम् मोक्षमार्गः" જ્ઞાન અને ક્રિયા એ બંને વડે મોક્ષની પ્રાપ્તિ થાય છે. અહીં ક્રિયા તે આચાર છે. આચાર એટલે આચરવા યોગ્ય વર્તન જે મોક્ષ ભણી લઈ જાય. આચાર વગરનું જ્ઞાન લુખ્ખું છે અને જ્ઞાન વગરની ક્રિયા શુષ્ક છે.

શ્રાવકાચારની ઈમારત દાન, શીલ, તપ અને ભાવના પાયા પર ચણેલી છે. શ્રાવકાચારમાં બાર વ્રત ઉપરાંત સંલેખના, ૧૧ પડિમા, ૫ અભિગમ, ૩ મનોરથ આદિનો સમાવેશ થાય છે.

**બાર વ્રત : बारस्स विहस्स सावग्गधम्मस्स** પાંચ અણુવ્રત, ૩ ગુણવ્રત અને ૪ શિક્ષાવ્રતરૂપ બાર વ્રતનું વર્ણન શ્રી ઔપપાતિક સૂત્ર, શ્રી ઉપાસકદશાંગ સૂત્ર, શ્રી આવશ્યક સૂત્રમાં વિસ્તારથી છે.

બારવ્રતને ગુરુમુખે સ્વીકારે અને જિંદગીપર્યંત તેનું યથાર્થપાલન કરે તે સાચો શ્રાવક છે.

*"ચારે ચૂક્યો, બારે ભૂલ્યો, છનું ન આવડે નામ*
*જગઢંઢેરો પિટાવે કે, "શ્રાવક" મારું નામ"*

દાનાદિ ચાર ધર્મ ચૂકી જાય, ઉપરોક્ત શ્રાવકના ૧૨ વ્રતોને જાણતો ન હોય, છકાયના નામ પણ ન આવડે અને જગતમાં કહેતા

ફરે કે હું શ્રાવક છું તે નામધારી શ્રાવકોની કોટિમાં આવે છે.

સાચા શ્રાવક માટે એક પંક્તિમાં કહ્યું છે કે,

*"નવ ધરિ, નવ પરિહરે, નવની ન કરે હાણ,*
*નવનું જાણપણું કરે, તે નર ચતુર સુજાણ."*

અર્થાત્ નવવાડ વિશુદ્ધ બ્રહ્મચર્યને ધારે, નવ પ્રકારના બાહ્યપરિગ્રહ (ખેતવત્થુ આદિ)નો ત્યાગ કરે, પાંચ સ્થાવર, ત્રણ વિકલેન્દ્રિય અને પંચેન્દ્રિય આ નવની હિંસા ન કરે અને નવ તત્ત્વને જાણે તે સુજ્ઞ શ્રાવક છે.

વિકટ પ્રસંગોમાં સંકટ આવે ત્યારે સાગારી સંથારો લેવાનું કથન શ્રી અંતગડદશાંગ સૂત્રમાં સુદર્શન શ્રાવકના પ્રસંગમાં છે. મુદ્ગલપાણિ નામના યક્ષથી આવિષ્ટ અર્જુનમાળી સાત જીવોની પ્રતિદિન ઘાત કરતો હતો. સુદર્શન શ્રાવકે અર્જુનમાળીને સામે આવતો જોઈને, જરા પણ વિચલિત થયા વગર ત્યાં જ સાગારી સંથારો કર્યો. દૈવી તાકાત સામે આધ્યાત્મિક તાકાતનો જવલંત વિજય થયો. આમ સુદર્શન શ્રાવકની નીડરતાએ સ્વરક્ષણ કર્યું. અને અર્જુનમાળીના જીવનમાં, પરિવર્તન આણવાનું સત્કૃત્ય કર્યું.

સ્વસ્થ શરીરે, જાગૃત અવસ્થામાં, સમ્યક્ જ્ઞાનપૂર્વક, દેહ અને કષાયોને કૃશ કરી, મૃત્યુ સમયને નજદીક જાણીને પણ સંથારો લઈ શકાય છે. તેનું જીવંત અને જવલંત ઉદાહરણ ઘાટકોપરમાં પૂ. સુશીલાબેનનું છે. જેમણે ૫૬ દિવસ સુધી મોતને હંફાવ્યું અને સમતાપૂર્વક ઉપસર્ગ સહ્યા, જે શ્રાવકાચારની સાધનાની પરાકાષ્ઠા છે.

૧૧ પડિમા : શ્રાવકના વિશેષ અનુષ્ઠાન અથવા પ્રતિજ્ઞાને પડિમા (પ્રતિમા) કહે છે. શ્રી સમવાયાંગ સૂત્રમાં, શ્રી આવશ્યક સૂત્રમાં શ્રી દશાશ્રુત સ્કંધ સૂત્રમાં (૬ઠ્ઠું અધ્યયન) ૧૧ પડિમાના નામનો ઉલ્લેખ છે. બાર વ્રતોનું શુદ્ધ સમાચારણ કરતાં વૈરાગ્યભાવમાં વૃદ્ધિ થતાં વિશેષ વૈરાગ્યભાવ આવે ત્યારે ગૃહસ્થીનો કારભાર પુત્ર,

સ્વજનાદિને સોંપી, મમત્વથી નિવૃત્તિ પામીને ૧૧ પડિમાનું સમાચરણ કરે છે, જ્યાં ઉપભોગ પરિમામની યાત્રા ઉપયોગ પરિણામમાં જઈ સ્થિર બને છે.

૫ **અભિગમ** : દર્શન માટે જતા શ્રાવકોની આવશ્યક વિધિ અથવા શિષ્ટાચારને અભિગમ કહે છે.

વર્તમાન યુગમાં પણ સાધુ-સાધ્વીને વંદન કરતી વખતે મોબાઈલ, સેલવાળી ઘડિયાળનો ત્યાગ કરવો જરૂરી છે, જેથી શ્રાવકાચારમાં દોષ લાગે નહીં.

૩ **મનોરથ** : શ્રાવક હંમેશા ત્રણ મનોરથ ચિંતો (૧) ક્યારે હું આરંભ-પરિગ્રહનો ત્યાગ કરું ? (૨) ક્યારેક હું પંચમહાવ્રતધારી સાધુ બનું ? (૩) અંતિમ સમય પંક્તિમરણને ક્યારે પ્રાપ્ત કર્યું ?

શ્રાવકના સર્વ અનુષ્ઠાનમાં બાહ્યાચાર સાથે ભાવોની શુદ્ધતા ભળે તો સોનામાં સુગંધ ભળે છે. શ્રાવકના બાહ્યાચારમાં તેનું કર્તવ્ય, નૈતિક ફરજ પણ સમાયેલી હોય છે. શ્રી સ્થાનાંગ સૂત્રમાં ચોથા સ્થાનમાં કર્તવ્ય પાલનની અપેક્ષાએ શ્રમણોપાસકને 'अम्मापिउसमाणे' કહીને ઉપમિત કર્યા છે. વિનયપૂર્વક, સ્નેહ વાત્સલ્ય અને શ્રદ્ધાપૂર્વક નિર્ગ્રંથ સાધુઓની સેવાભક્તિ કરે છે, સંયમમાર્ગમાં આગળ વધવા માટે સહાયતા કરે છે તે શ્રમણોપાસકો માતાપિતા તુલ્ય છે.

શ્રી વિપાકસૂત્રના દસે અધ્યયના સુબાહુકુમાર આદિ કથાનાયકે પૂર્વભવમાં ઉત્કૃષ્ટ ભક્તિભાવથી નિર્દોષ આહારનું મુનિભગવંતને સુપાત્રદાન આપી સમ્યક્ત્વની પ્રાપ્તિ કરી અને સંસાર પરિત્ત કર્યો. શ્રી ભગવતી સૂત્રમાં પણ કહે છે કે સુપાત્રદાનથી શ્રમણોપાસકના ધર્મભાવોમાં વિશેષ શુદ્ધિ અને વૃદ્ધિ થાય છે. આમ, સંત-સતીઓને ગોચરી અર્થે પધારવા વિનંતી કરવી, ગોચરીએ પધારે ત્યારે નિર્દોષ, આધાકર્માદિ દોષોથી રહિત આહાર પાણી વિધિપૂર્વક વહોરાવવા, એ શ્રાવકનું કર્તવ્ય છે.

શ્રી રાજપ્રશ્નીય સૂત્રમાં પ્રદેશી રાજાનું વર્ણન છે. કેશીશ્રમણના સદુપદેશથી પ્રદેશી રાજા ધર્મમાં શ્રદ્ધાવાન બન્યા અને શ્રાવકનાં બાર વ્રત અંગીકાર કર્યાં. પૌષધ આદિ સાધનામાં લયલીન થવાથી વિષયવાસના કે એશઆરામની વૃત્તિઓ સર્વથા સમાપ્ત થઈ ગઈ. તેથી તેમની રાણી સૂર્યકંતા ભોગપૂર્તિ ન થવાથી અકળાવા લાગી. તેના ફળ સ્વરૂપે રાજાને વિષ આપ્યું. તે સમયે પ્રદેશી રાજા રાણીના કાવતરાને જાણી ગયા હોવા છતાં તેના પ્રત્યે મનથી પણ દ્વેષ ન કરતાં પૌષધશાળામાં, જઈને અનશન આરાધના કરી. આમ, એક આદર્શ શ્રાવક શ્રાવકાચારને પાળતાં, પાંચમે ગુણસ્થાનકથી આગળ ચઢવાને માટે, મોહનીય કર્મને, રાગને દ્વેષને દૂર કરવાનો સતત પ્રયાસ કરે છે. શ્રાવકાચારનું પાલન કરતાં ઘરના સભ્ય પ્રત્યે રાગ અને દ્વેષ ન થાય તેની સાવચેતી પ્રદેશી રાજાનો પ્રસંગ સૂચવે છે.

શ્રી ભગવતી સૂત્રમાં મદ્દુક શ્રમણોપાસકનો પ્રસંગ છે. ઓ અન્યતીર્થિકોના પ્રશ્નોનો તાર્કિક રીતે ઉત્તર આપી પ્રભુ દ્વારા પ્રશંસા પામ્યા હતા. તેમની ધર્મશ્રદ્ધા અને તાત્ત્વિક જ્ઞાન બેજોડ હતું. આમ, એક શ્રાવક પોતાના ધર્મને યથાર્થપણે જાણી, અન્ય પ્રતિવાદીઓને ધર્મની પ્રભાવના કરી શકે છે.

શ્રી સૂયગડાંગ સૂત્ર 'નાલંદીય' નામક અધ્યયનમાં લેપ ગાથાપતિ વ્રતધારી શ્રમણોપાસક હતા. લેપ ગાથાપતિએ પોતાના ભવનના નિર્માણ પછી શેષ વધેલી ધન-સંપત્તિથી ઉદકશાળા-પરબનું નિર્માણ કરાવ્યું હતું. તેનું નામ 'શેષદ્રવ્યા ઉદકશાળા' કહ્યું છે. શ્રાવકો પોતાના ભોગોપભોગથી અધિક ધનસંપત્તિ હોય તો તેનો સંગ્રહ ન કરતાં તેનો ઉપયોગ પરોપકારના કાર્યોમાં કરે તે શ્રાવકાચારને યોગ્ય છે.

'अवंगूयदुवारए' કહેતાં આગમમાં કહે છે કે ગૃહસ્થ સાધકના, દ્વાર સાધર્મિક, દીનદુ:ખી, સાધુ-સાધ્વી, અતિથિ આદિ માટે હંમેશા

ખુલ્લાં હોય છે.

શ્રી ઉપાસક દશાંગ સૂત્રમાં ભગવાન મહાવીરના આનંદ આદિ દસ શ્રેષ્ઠ શ્રાવકનું વર્ણન છે. તે શ્રાવકો સોના-ચાંદી, સિક્કા તથા ગોધન વગેરે પ્રચૂર ધનના સ્વામી હતા. તે છતાં તેમની ગણના સર્વ શ્રેષ્ઠ શ્રાવકોમાં થઈ છે. તેમને મહાપરિગ્રહી શ્રાવક કહ્યા નથી કારણકે વ્રત સ્વીકારતી વખતે તેમની પાસે જેટલો પરિગ્રહ હતો તેમાં જ સંતોષ માન્યો અને જ્યારે છોડવાનો સમય આવ્યો ત્યારે અનાસક્તભાવે તે છૂટી પણ ગયું.

આનંદ આદિ શ્રાવકો ગૃહસ્થ જીવનની આવશ્યકતા અનુસાર ભોગ-ઉપભોગની સાધન-સામગ્રીની વ્યવસ્થા કરતા. તેની સાથે જ પોતાની સાધના માટે સાધનાને અનુકૂળ એક સ્થાનની વ્યવસ્થા પણ રાખતા હતા. જેને જૈન પારિભાષિક શબ્દમાં "પૌષધશાળા" કહેવાય છે. વર્તમાનમાં ગૃહસ્થા સાધકો માટે તે શ્રાવકોનું જીવન દિશાસૂચક છે. પોતાના ઘરમાં કેવળ ભોગ-વિલાસ યોગ્ય જ વાતાવરણ ન રાખતાં, સાધના યોગ્ય સ્વતંત્ર સ્થાન રાખવું.

આનંદ આદિ શ્રાવકોએ સાંસારિક જવાબદારી વિશાળ હોવા છતાં યોગ્ય સમયે તેનાથી નિવૃત્તિ લઈ વિશિષ્ટ સાધનાનું લક્ષ્ય રાખ્યું હતું. જૈનદર્શનમાં પ્રત્યેક સાધક જીવનું અંતિમ લક્ષ્ય આત્મસ્વરૂપની પ્રાપ્તિ છે. તે માટે અહર્નિશ ચિંતન અને મનન કરે છે અને ગૃહસ્થાશ્રમની જવાબદારીથી મુક્તં થવાનો સમય આવે ત્યારે તેને પામવાનો પ્રયત્ન શરૂ કરે છે. આમ, જીવનમાં અમુક વર્ષની ઉંમર નિશ્ચિત કરી લેવી જોઈએ ત્યાર પછી પૂર્ણ ધાર્મિક તપોમય જીવન જીવવું જોઈએ.

શ્રી ઉપાસકદશાંગ સૂત્રમાં આનંદ આદિ દસ શ્રાવકો શ્રાવકધર્મનું સમ્યક્ પ્રકારે આરાધન કરીને એકાવતારી થયા.

કામદેવ આદિ શ્રાવકોને પૌષધમાં ધર્મશ્રદ્ધાથી વિચલિત કરવા દેવોએ ઉપસર્ગ આપ્યા હતા, છતાં તેઓ ચલિત થયા નથી. સૂરાદેવ

આદિ શ્રાવક ચલિત થયા પણ પત્નીની પ્રેરણાથી પ્રાયશ્ચિત કર્યું અને પુનઃ આત્મભાવમાં લીન થયા. ગૃહસ્થજીવનમાં પતિ-પત્નીએ પરસ્પર ધર્મમાર્ગમાં પૂરક અને સહાયક બનવું આવશ્યક છે, તેવો બોધ આ કથાનકોમાંથી મળે છે.

શ્રી સૂયગડાંગ સૂત્ર ૨/૭માં શ્રાવકના ૩ વિશિષ્ટ ગુણો કહ્યા છે. (૧) તે ગૃહસ્થ જીવનમાં રહેતો હોવા છતાં મર્યાદા અનુસાર પ્રાણીહિંસા પર સંયમ (નિયંત્રણ) રાખે. (૨) સમસ્ત એકેન્દ્રિયાદિ પ્રાણીઓ પર સમભાવ-આત્મવત્ ભાવ રાખે. (૩) શ્રાવકના વ્રત ધારણ કરે. આ ત્રણ ગુણોની યુક્ત ગૃહસ્થ દેવગતિને પ્રાપ્ત કરે છે.

વર્તમાને કોઈ શ્રાવકને ધર્મકરણી કે આચારપાલનની વાત કરીએ તો ઉત્તર મળે કે, "અમે રહ્યા સંસારી ! અમારાથી આવું કાંઈ પાળી ન શકાય." પણ એક શ્રાવક આટલું તો જરૂર કરી શકે આદરે બાર વ્રત, ધારે સમકિત, જાણે વીતરાગન માર્ગ, છોડે મિથ્યાત્વ, મૂકે માન, રહે મનુષ્યલોકમાં, જાય દેવલોકમાં, મારે મનને, ઓઢે લજ્જા, પાથરે પુણ્યને, પહેરે શીલરૂપી શણગાર, લ્યે ભગવાનનું નામ, આપે સુપાત્ર દાન, ખાય ગમ અને પીવે વીતરાગવાણીનું પાણી.

શ્રાવકના બાર વ્રતમાં પ્રથમ જ અહિંસા વ્રતનું પાલન કરતાં દૈનિક જીવનચર્યાનો સૂક્ષ્મતાથી તથા તેની કંપનીના શેર લઈ તેવા કાર્યને અનુમોદના આપવા બરોબર જાણીને તેનો પણ ત્યાગ કરે. જેમાં હિંસાનો પ્રવાહ સતત ચાલુ રહે તેવાં કાર્યો કરવા શ્રાવકને વર્જ્ય છે, શોભનીય, અનુકરણીય કે અનુમોદનીય નથી.

એક એક શ્રાવક મળી અપરિગ્રહ, અહિંસા, ઉપભોગ-પરિભોગ પરિમાણ, અનર્થદંડ વિરમણ વ્રતથી પર્યાવરણને અનુકૂળ પરિસ્થિતિ સર્જી શકે છે, જે દેશ, સમાજ, વિશ્વને સહાયકર્તા નીવડે છે.

સુદર્શન શ્રાવક જેવી નિર્ભયતા, પુણિયા શ્રાવક જેવી પ્રામાણિકતા, સુલસા શ્રાવિકા જેની ધર્મશ્રદ્ધા, કામદેવ શ્રાવક જેવી દઢધર્મતા એ

શ્રાવકજીવનની ખુમારી છે. નિર્ગ્રંથ પ્રવચન શ્રવણ, સંતસેવા અને સંતભક્તિ એ શ્રાવકનું કર્તવ્ય છે. ભૌતિક જીવન સાથે ધાર્મિક જીવનનો સુમેળ કરવો એ જ શ્રાવકજીવનની આગવી વિશેષતા છે.

દરેક સાધકનું અંતિમ લક્ષ્ય સંપૂર્ણપણે આત્મકેન્દ્રિત થવાનું છે. એક સાથે સમસ્ત ભૌતિક ભાવોની આસક્તિને છોડીને આત્મભાવોમાં સ્થિર થવું તે સામાન્યજન માટે શક્ય નથી. તેથી જ ક્રમશઃ વ્રતનું પાલન કરતા, ગુણસ્થાનકના સોપાન સર કરતાં તરી શકાય તેવી યોજના છે. ભરત ચક્રવર્તી ગૃહસ્થાવાસમાં પણ ભાવસંયમના સહારે કેવળજ્ઞાનને પામી શક્યા. જૈનશાસન ગુણપ્રધાન છે, વેષ પ્રધાન નથી.

અનંતકાળના પરિભ્રમણ પછી જૈનકુળ, આર્યક્ષેત્ર, સંતસમાગમ, જિનવાણી અને શ્રાવકપણું મળે છે. ચારેય ગતિના સંસારી જીવોની સરેરાશ કાઢીએ તો અનંત મિથ્યાત્ત્વી જીવોની સામે એક જીવ સમકિતી છે. એવા અસંખ્ય સમકિત જીવોની સરેરાશે એક જીવ શ્રાવક છે માટે શ્રાવકધર્મની દુર્લભતા જાણી આરાધક શ્રાવકના આચાર પાળવા સમ્યક્ પરાક્રમનો પુરુષાર્થ માંડીને. ફૂકા ગણવામાં અને કીકાને રમાડવામાં જ જીવનની કૃતકૃત્યતા માનનારાને ભૌતિકતાના શિખરે શિખરે અજંપા અને અશાંતિના ભૂતિયા મહેલ જ મળે છે જ્યારે આધ્યાત્મિકતાના પગથિયે પગથિયે શાંતિસમાધિનાં દેવાલયો સાંપડે છે.

પાનું ફરે અને સોનું ઝરે એવા આગમના પાને ઝળકતા શ્રાવકધર્મની આરાધના કરેલ શ્રમણોપાસકના જીવનને નિહાળીએ અને તેવી આરાધના કરવાના પ્રેરણા પાન કરીએ, શ્રવણશૂરા બની, આચારશૂરા બનીએ.

ખરેખર ! ગૃહસ્થની સાધનામાં જૈનધર્મનો શ્રાવકચાર નિસંદેહ બેજોડ છે.

## ૨૭. જિનાગમ સંદર્ભે શ્રાવકાચાર

— શ્રી ભરતભાઈ ગાંધી

**(શ્રી ભરતભાઈ ગાંધી (ડીપ્લોમાં ઈલેક્ટ્રીકલ એન્જીનયરીંગ) રાજકોટ અનેક શિબિરોમાં ભાગ લે છે જૈન ધર્મના અભ્યાસી છે.)**

**જિનાગમ સંદર્ભે શ્રાવકાચાર :**

મહાવ્રતોની સમગ્ર, સંપૂર્ણ અથવા આગાર રહિત આરાધના સર્વ માટે શક્ય નથી. તે તો દૃઢ મનોબળના છારક, શૂરવીર, ગંભીર અને સંસ્કારી પુરુષો જ કરી શકે છે. આથી મહાવ્રતોની અપેક્ષા એ સરળ એક અન્ય માર્ગ ભગવાને બતાવ્યો જેમાં સાધક પોતાની શક્તિ પ્રમાણે વ્રત સ્વીકારે છે. જેને આપણે અણુવ્રત કહીએ છીએ. આવા સાધકને શ્રમણોપાસક કહેવાય છે. શ્રમણ-સાધુના, ઉપાસક એટલે નજીક બેસનારો. જે સાધુના સાનિધ્યમાં બેસે છે, એટલે કે શ્રમણ પાસેથી સદ્‌જ્ઞાન તથા વ્રત ગ્રહણ કરે છે. તેના મહાવ્રતમય જીવનથી પ્રેરિત થઈને ઉપાસનાના માર્ગે આરૂઢ થાય છે તે શ્રમણોપાસક છે.

શ્રાવકનાં વ્રત ગ્રહણ કરવાનો ક્રમ પણ વૈજ્ઞાનિક છે. અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય તથા અપરિગ્રહનો સ્વીકાર તો કરે છે પણ પોતાની શક્તિ અને આત્મબળ અનુસાર. શ્રાવકના વ્રતો, મહાવ્રતોની અપેક્ષાઓ નાના હોવાથી અણુવ્રત કહેવાય છે બાકી પોતાના સ્વરૂપમાં કોઈ મોટું અથવા નાનું નથી. જૈન ધર્મની એ વિશેષતા અને વિશાળતા છે કે શ્રાવકના વ્રતોમાં આગારોનું કોઈ ઈત્થંભૂત એક રૂપ

નથી. દરેક વ્યક્તિનો ઉત્સાહ, આત્મબળ, પરાક્રમ અને ક્ષમતા સરખા હોતા નથી તેથી જ વ્રત અને આગાર રાખવામાં વ્યક્તિની પોતાની સ્વતંત્રતા છે. તે પરાણે અપાતા નથી. તેથી દરેક વ્યક્તિ પોતાની ઈચ્છાનુસાર સાધનાના માર્ગમાં પ્રવેશ કરી શકે છે. પ્રવેશ કર્યા બાદ પોતાની સાધનાનો વિકાસ કરતા જાય છે, આગાર ઘટાડતા જાય છે તેમ કરતા કરતા તે શ્રમણોપાસકની ભૂમિકામાં શ્રમણભૂત (શ્રમણ જેવો) બની શકે છે.

**વ્રતો શા માટે ધારણ કરવા જોઈએ ?**

અનાદિકાળથી આ જીવ ચર્તુગતિરૂપ સંસારમાં પરિભ્રમણ કરી રહ્યો છે. જ્યાં સુધી મોહને આધીન થઈ કર્માનુબંધન કરતો રહેશે ત્યાં સુધી ભ્રમણ પણ ચાલુ જ રહેશે. મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને યોગના કારણે જીવ જન્મ-મરણની ચક્કીમાં પીસાઈ રહ્યો છે. તેમાંથી મુક્ત થવા વિતરાગી દેવોએ મોક્ષમાર્ગ બતાવ્યો છે. આપણો આત્મા ચૌદ રાજલોકમાં જ્યાં જ્યાં ગયો ત્યા ત્યાના પદાર્થો ભોગવ્યા અને મમત્વ ભાવે તેમાં બંધાયો. અવ્રત અને અપચ્ચક્ખાણના ભાવે ત્યાંથી મર્યો મરતી વખતે મોહ-મમતાને કારણે પોતાના સાધનો, અધિકરણો આદિ વોસરાવ્યા નથી. જેથી તેના દ્વારા થતી ક્રિયાનો આશ્રવ મરનારને આવે છે. જ્યા સુધી આ આશ્રવદ્વાર બંધ ન થાય ત્યા સુધી પાપનો પ્રવાહ આવ્યા જ કરે છે. આ આશ્રવ બંધ કરનાર વ્રત-પચ્ચક્ખામ છે. જેટલા વ્રત-પ્રત્યાખ્યાન કરીએ તેટલો આશ્રવ અટકે ને પાપની આવક બંધ થાય. જેવી રીતે ઘરના બારી-બારણા ખુલ્લા હોય તો તેમાંથી ધૂળ, રજકણો અને કચરો અંદર આવ્યા કરે છે. પણ જો તેને બંધ કરી દઈએ તો કચરો ન આવે તેવી જ રીતે આશ્રવના દ્વાર ખુલ્લા છે, ત્યાં સુધી પાપના કચરા ભરાયા કરે છે. પણ જેવા વ્રત-પ્રત્યાખ્યાન દ્વારા-સંવર દ્વારા દ્વાર બંધ કર્યા એટલે પાપનો કચરો ભરાતો બંધ થાય છે જીવનમાં વ્રત-

પ્રત્યાખ્યાન ખૂબ જ જરૂરી છે. પ્રતિજ્ઞા એ કરારનામું છે. અત્યારે પાપ કરતાં નથી, વસ્તુ ભોગવતા નથી છતાં મમત્વને કારણે ભાગીદારી છે જેથી વિશ્વના પાપના ભાગીદાર બનીએ છીએ. પ્રતિજ્ઞા કરવાથી તેમાંથી મુક્ત બની શકીએ છીએ. પ્રતિજ્ઞા શા માટે કરવી જોઈએ ?

(૧) પાપ કરવાથી જ પાપ લાગે છે તેમ નથી, પાપને પાપ ન માને તો પણ પાપ લાગે છે. પાપના પણ પ્રત્યાખ્યાન ન કરે ત્યાં સુધી પાપ લાગે છે.

(૨) વનસ્પતિ આદિ એકેન્દ્રિયના જીવોને પણ જૂઠું બોલવાનું પાપ લાગે છે. તેમ સર્વજ્ઞ ભગવાને કેવળજ્ઞાનમાં જાણીને કહેલું છે. તેથી પાપને પાપ માની તેનો ત્યાગ ન કરે ત્યાં સુધી પાપની ક્રિયા લાગે છે. જેમ કનેકશન કપાવે નહિ ત્યાં સુધી ઈલેક્ટ્રીકસીટી ન વાપરવા છતાં મિનીમમ ચાર્જ લાગે છે તેમ પાપનો પ્રત્યાખ્યાન દ્વારા ત્યાગ ન કરે ત્યાં સુધી, પાપ ન કરે છતાં અમુક ક્રિયા લાગે છે, (ભગવતીસૂત્ર શતક ૧)

(૩) અવ્રત એ આત્માનો વિભાવ છે. વ્રતો ધારણ કરવા તે આત્માનો સ્વભાવ છે. (સંયોગજન્ય) અવ્રત એ આશ્રવ છે. વ્રત એ સંવર છે. અવ્રત એ કર્મબંધનનું કારણ છે. વ્રત દ્વારા કર્મબંધન અટકે છે. વ્રત આરાધના કરવાથી કર્મની નિર્જરા અને પુણ્ય ઉપાર્જન પણ થાય છે. સંવર અને નિર્જરાના લક્ષ્યથી ૧૮ પાપ સર્વથા છોડવા જેવા માનીને, યથાશક્તિ વ્રત ધારવા અને પાપની અનેક ક્રિયાઓની હળવા થવું જોઈએ.

અવળી માન્યતા છોડીને સમ્યગ્દર્શન વિશુદ્ધિના નિયમોને દૃઢતાપૂર્વક ધારણ કરવા જોઈએ. એ માટે સમ્યગ્ જ્ઞાન જરૂરી છે એટલે જીવનમાં શાસ્ત્રનો અભ્યાસ જેટલો થાય તેટલો વધુ કરવો જોઈએ. મિથ્યાત્વથી છૂટવા અરિહંત દેવો, તથા નિર્ગ્રંથ પંચમહાવ્રતનું

પાલન કરનારા ગુરૂદેવો પ્રત્યે ભક્તિ-બહુમાન-ગુણગાન અને સમર્પણભાવ આવશ્યક છે. કુદેવ, કુગુરૂ, કુધર્મનો ત્યાગ કરવો ખૂબ જ જરૂરી છે. વળી ભગવાને બતાવેલા ભાવોને સરળતાપૂર્વક સ્વીકારવા જોઈએ. મિથ્યાત્વથી છૂટવા, અરિહંત દેવ અને કેવળી પ્રરૂપિત ધર્મની ઓળખાણ કરાવનાર, નિર્ગ્રંથ ગુરૂદેવ, સમ્યગ્ જ્ઞાનદિપક પ્રગટાવનારની ઉપાસના, સત્સંગ જરૂરી છે. જેઓ સ્વયં ભગવાનની આજ્ઞાની વિરાધના કરતા હોય, શિથિલ હોય, ભ્રષ્ટ હોય તો સમ્યગ્ માર્ગે આપણને કઈ રીતે લઈ જાય ? માટે પંચ મહાવ્રતનું દઢતાથી પાલન કરનારા ગુરૂદેવોને સમર્પિત થવું જરૂરી છે.

**શ્રાવક હંમેશા ત્રણ મનોરથોનું ચિંતવન કરે**

(૧) પહેલા મનોરથમાં શ્રાવકજી એમ ચિંતવે કે, અહો જિનેશ્વર દેય ! આ બાહ્ય અને અભ્યંતર પરિગ્રહ, વિષય-કષાયને વધારનાર છે. રાગ-દ્વેષના મૂળ છે, જ્ઞાન-દર્શન-ચારિત્રનો નાશ કરનાર છે. અઢાર પાપને વધારનાર છે, દુર્ગતિને દેનાર છે, સંસાર પરિભ્રમણ કરાવનાર છે. તેથી હું ક્યારે આરંભ અને પરિગ્રહ, થોડો કે વધુ, ઘટાડીશ કે ઓછો કરીશ, તે દિવસ મારો ધન્ય અને પરમ કલ્યાણકારી થશે.

(૨) બીજા મનોરથમાં શ્રાવકજી એમ ચિંતવે છે કે, અહો જિનેશ્વર દેવ ! ક્યારે હું ગૃહવાસનો ત્યાગ કરી, સંસારનો ત્યાગ કરી, અઢાર પાપસ્થાનકનો ત્યાગ કરી, દ્રવ્ય અને ભાવથી મુક્તિ થઈને, દીક્ષા અંગીકાર કરીશ. વીતરાગ પ્રભુની આજ્ઞાનુસાર ચાલનારો બનું, તે દિવસ મારો ધન્ય અને પરમકલ્યાણકારી થશે.

(૩) ત્રીજા મનોરથમાં શ્રાવકજી એમ ચિંતવે છે કે, અહો જિનેશ્વરદેવ ! ક્યારે હું ચારે આહારનો ત્યાગ કરી, અઢાર પાપસ્થાનકનો ત્યાગ કરી, ભૂતકાળની ભૂલોની આલોચના કરી, પડિક્કમિ, નિંદી, નિઃશલ્ય થઈ બધા જીવોને ખમાવી, અતિ પ્રેમથી

પાલન-પોષણ કરેલા, આ શરીરના મમત્વને હટાવીને, ચાર શરણા લેતો થકો, પંડિત મરણે મરીશ, તે દિવસ મારો ધન્ય અને પરમકલ્યાણકારી થશે.

**ઉપસંહાર :**

આમ જિન આગમ અનુસાર શ્રાવકાચાર શું છે ? તેની આપણે વિસ્તૃત રીતે ચર્ચા કરી. ઉપાસકદશાંગ અને દશાશ્રુતસ્કંધમાં શ્રાવકાચારની ઘણી બધી વાતોને વણી લેવામાં આવી છે. ઉપાસકદશાંગ સૂત્રમાં તો ભગવાનના ૧૦ શ્રાવકોનું જીવન ધર્મકથાનુયોગ દ્વારા વર્ણવવામાં આવ્યું છે. સાચા સુખનો માર્ગ

आपदां कथितः पन्था, इन्द्रियाणाम् असंयमः ।
तज्जयः संपदां मार्गो, येनेष्टं तेन गम्यताम् ॥

કહેવાનું તાત્પર્ય એ જ કે આ માનવભવ મળ્યો છે તેમાં યોગ્ય રીતે શ્રાવકધર્મનું પાલન કરી, કાલાંતરે પાંચ મહાવ્રતધારી બનીને પુરૂષાર્થ કરશું તો મોક્ષ અવશ્ય મળશે જ. જિન આગમમાં ભગવાને શ્રાવકાચારનું જે સ્વરૂપ બતાવ્યું છે તેનું નિરૂપણ અહીંયા કર્યું છે. આ શ્રાવકાચાર એ મોક્ષમાર્ગનું પહેલું પગથિયું છે. માટે તેની મહત્તા અપરંપાર છે તેને સમજી તેનું યોગ્ય રીતે આરાધન કરીએ તે જ અભ્યર્થના.

# ૨૮. 'જિનાગમ સંદર્ભે શ્રાવકાચાર'

— શ્રી કાનજી મહેશ્વરી

**(શ્રી કાનજી મહેશ્વરી વેપારી-પરંતુ ઇતિહાસ અને જૈનધર્મના અભ્યાસી શોધનિબંધ લખે છે. ઇતિહાસ પરિષદના સક્રિય સભ્ય કચ્છના વિવિધ વર્તમાનપત્રો સામયિકોમાં લેખ લખે છે.)**

વિશ્વના વિવિધ ધર્મોમાં જૈન ધર્મ પ્રાચીન અને સ્વતંત્ર ધર્મ છે. જૈનધર્મનો પાયો અહિંસા અને અનેકાંતવાદ છે. મનુષ્યનાં જીવનમાં ફક્ત ભૌતિક ઉન્નતિ અભિશાપ પણ બની શકે છે. જેથી 'નૈતિક મૂલ્યો અને જૈન તત્ત્વજ્ઞાન' મનુષ્યનાં ઉદ્ધારક ગણવામાં આવ્યા છે, પરંપરાની અપેક્ષાએ એનું પૂર્વ-અનુસંધાન ભગવાન ઋષભદેવ સાથે છે. છેલ્લા એટલે કે વર્તમાન સમયના છેલ્લા તીર્થંકર ભગવાન મહાવીર સ્વામી છે.

**સ્થૂલ અદત્તાદાન વિરમણ વ્રત :**

વેપાર વાણિજ્યમાં ખોટા તોલમાપ રાખવા, કોઈની થાપણ ઓળવી, કોઈનાં ખીસ્સાં કાપવા, લૂંટફાટ-દાણચોરી કરવી કે છેતરપીંડી અને જકાત/દાણ આપવામાં ઓછું-વધતું કરે તે વગેરેની જયણા છે. સજીવ-નિર્જીવના ભેળ સંભેળ કર્યા હોય, એ પાંચ દોષમાંથી જે કોઈ દોષ કર્યા હોય તેને હું મન, વચન, કાયાથી મિથ્યા / દુષ્કૃત દઉં છું.

**શીલવ્રત :**

ચોથા બ્રહ્મચર્યના નિયમમાં પંચની સાક્ષીએ જે સ્ત્રી સાથે લગ્ન કર્યાં છે, તેની સાથે મર્યાદાપૂર્ણ સંતોષ માની વિષય ભોગવવું. પરંતુ પરસ્ત્રી કે પરપુરૂષ સાથેનો વિષયભોગ એ પાપ ગણવામાં આવે છે. તેથી તે ત્યાજવ છે. વિષયની વાસના પ્રત્યે અત્યંત ઈચ્છા રાખી હોય એવા જે કોઈ અતિચાર દિવસમાં કર્યાં હોય તેને મન, વચન, કાયાથી મિથ્યા / દુષ્કૃત દઉં છું.

**પરિગ્રહ પરિમાણ વ્રત :**

પરિગ્રહ-ધન / ધાન્યાદિના સંગ્રહનું પ્રમાણવાળું વ્રત તે પાંચમો વ્રત છે. જરૂરિયાતથી વધારે ભૌતિક સંપત્તિ ન રાખવી એ શ્રાવકનું વ્રત છે.

**દિસીવ્રત :**

દિગ્ પરિમાણવ્રત એટલે વેપાર, વ્યવહાર ઈત્યાદિ માટે પ્રવાસ કરવાનો હોય તો જુદી જુદી દિશામાં કેટલી હદ સુધી જવું, તેની મર્યાદા બાંધી લેવી. આકાશ, પાતાળ અને જમીન ઉપર પ્રમાણથી વધારે જવાયું હોય, તેવા દોષમાંથી જે કોઈ દોષ કર્યો હોય તે નિષ્ફળ થાઓ.

**અનર્થ દંડ વિરમણ વ્રત :**

કોઈને શસ્ત્રો-હથિયારો ભેટ આપવાં, પ્રાણીઓ લડાવવાં વગેરે કાર્યો કે જેમાં સ્થૂલ, સૂક્ષ્મ હિંસા રહેલી હોય તેવાં અનાવશ્યક કાર્યો ન કરવાં. પાપમય પ્રવૃત્તિ ન કરવી. આવી કોઈ પણ પ્રવૃત્તિને પ્રોત્સાહન ન આપવું. તેમજ પાપ થાય તેવો ઉપદેશ પણ ન આપવો. વિષય વાસના, કામભોગ કે કામચેષ્ટા ન કરવી.

**સામાયિક વ્રત :**

સમભાવની સાધના, અથવા જ્ઞાન દર્શન અને ચરિત્રરૂપ સમભાવનો લાભ છે, તે સામાયિક વ્રત છે. શુદ્ધ થઈને બે ઘડી

(૪૮ મિનિટ) નિશ્ચિત સમય માટે એક આસન પર બેસીને, સર્વ પાપ ક્રિયાઓનો ત્યાગ કરી, તથા ઇંદ્રિયો -- મનને સંયમમાં રાખી ભગવાનનું ધ્યાન ધરતાં ધરતાં, સમતા ધારણ કરીને શુદ્ધ સમાધિભાવમાં પ્રવેશવાનું આ વ્રત છે. પ્રત્યેક શ્રાવકે આરાધના માટેના આવશ્યક કર્તવ્યો બજાવવાનાં હોય છે. સામાયિકની સૌથી મોટી સિદ્ધિ તે 'સમભાવ'ની પ્રાપ્તિની છે. મન, વચન, કાયાના અશુભ -- પાપમય પ્રવૃત્તિનો ત્યાગ કરવાનો હોય છે.

શ્રી હરિભદ્રસૂરિજીએ 'અષ્ટક પ્રકરણ'માં સામાયિકમાં લક્ષણો બતાવેલ છે.

*સમતા સર્વ ભૂતેષુ સંયમઃ શુભ ભાવના,*
*આર્ત રૌદ્ર પરિત્યાગસ્તધ્ધિ સામાયિકં વ્રતમ્.*

સર્વ જીવો પ્રત્યે સમતા રાખવી, સંયમ ધારણ કરવો, શુભ ભાવના ભાવવી, આર્ત અને રૌદ્ર ધ્યાનનો ત્યાગ કરવ. તેને સામાયિક વ્રત કહેવામાં આવે છે. સવાર-સાંજ બે વખત, બે ઘડી સામાયિક એ સાધુપણું છે.

સામાયિકમાં આત્મશુદ્ધિ એ સૌથી મહત્ત્વની બાબત છે. સાવધ યોગના પચ્ચક્ખાણ દ્વારા નવા અશુભ કર્મોને આવતા રોકવાના હોય છે. જૈન શાસ્ત્રોમાં સામાયિકના મુખ્ય ચાર પ્રકાર બતાવવામાં આવ્યા છે. (૧) શ્રુત સામાયિક (૨) સમ્યકત્વ સામાયિક (૩) દેશ વિરતિ સામાયિક (૪) સર્વવિરતિ સામાયિક જિનેશ્વર ભગવંતોએ પ્રરૂપેલા તત્ત્વના અભ્યાસથી આવતી સ્વરૂપ રમણતાને શ્રુત સામાયિક કહે છે.

# ૨૮. વિશ્વવાત્સલ્યના આરાધક ક્રાંતદ્રષ્ટા મુનિશ્રી સંતબાલજી

– પ્રો. નવીનચંદ્ર કુબડિયા

(પ્રો. એન. એમ. કુબડિયા (એમ.એ., બી.એડ્) ગુજરાતી વિભાગના અધ્યક્ષ-જયહિંદ કોલેજ. લેખક, સંપાદક વ્યાખ્યાનમાળાના આયોજક-પ્રમુખ, સેમિનારમાં ભાગ લે છે વિશિષ્ટ એવોર્ડ વિજેતા છે.)

જે મહાત્માની પુણ્યયાત્રાએ જૈનધર્મમાં સાત્ત્વિક ક્રાંતિ આણી તે મુનિશ્રી સંતબાલજીનું જીવન પણ નોંધપાત્ર હતું. માતા મોતીબેન અને પિતા નાગજીભાઈના ગરીબ કુટુંબમાં ટોણ ગામે જન્મેલા સંતબાલજીનું મૂળ નામ શિવલાલ હતું. ગૌતમબુદ્ધના જીવનની જેમ ઈમામ અલીશાહે શિવલાલ માટે ભવિષ્ય ભાખેલું, "શિવલાલ કાં તો મોરો લખપતિ દાનેશ્વરી થશે અથવા આધ્યાત્મિક નેતા બનશે. જન્મથી જ તેઓ ક્રાંતિકારી અને ક્રાંતદ્રષ્ટા હતા તેમની માતાના અવસાન પ્રસંગે જ તેનાં દર્શન થયા. તે વખતે માતાના મૃત્યુબાદ સામાજિક પરંપરા પ્રમાણે કારજ કરવું જ પડે પરંતુ તેમને તે પ્રથા યોગ્ય ન લાગતાં ઘસીને ના પાડી દીધી. અને ઘણા દબાણ છતાં કારજ ન કર્યું તે ન જ કર્યું. આમાં તેમની હિંમત અને પરંપરા સામે લડવાની મક્કમતાનાં દર્શન થાય છે.

શિવલાલ સૌભાગ્ય મુનિ બન્યા. તેમણે જૈન ધર્મનો ગજબનો અભ્યાસ કર્યો. આગળ જતાં "દશવૈકાલિક સૂત્ર" "ઉત્તરાધ્યયન સૂત્ર" આદિ ગ્રંથોનું પણ તેમણે સર્જન કર્યું. શ્રાવકાચાર અને અન્ય સાહિત્યિક પુસ્તકો પણ લખ્યાં. તેમનો ક્ષયોપક્ષમ પણ ઉત્તમ હતો.

અજમેરમાં મળેલા સાધુ સંમેલનમાં તેઓ છવાઈ ગયા હતા અહીં કરેલા શતાવધાન માટે તેમને 'ભારતરત્ન'નો ખિતાબ આપવામાં આવ્યો હતો. તેઓ એક વિદ્વાન સાધુ તરીકે જૈન સમાજમાં પંકાઈ ગયા હતા. તેમણે પાછળથી "સંતબાલ" નામ ગ્રહણ કર્યું. તેમણે આ નામે 'સુખન સાક્ષાત્કાર' 'આદર્શ ગૃહસ્થાશ્રમ' 'માનવતાનું મીઠું જગત' નામનાં પુસ્તકો લખ્યાં. જેમાં ગુરુદેવ મુનિ શ્રી નાનચંદ્રજીના ઉપદેશોનો સમાવેશ કર્યો હતો. 'ધર્મપ્રાણ લોકાશાહ' એ તેમનું મૌલિક સર્જન હતું. તેમાં મૂર્તિપૂજાના વિરોધની વાત પણ આવતી હતી. આથી મૂર્તિપૂજક સંઘો છંછેડાયા. તેમના ગુરુ સહુને એક કરવા મથતા તેમાં આ ઘટના મૂંઝવતારૂપ બની.

એક વર્ષ માટે કાષ્ટ મૌનમાં ઉતરી ગયા. આ તેમના જીવનનો Turning Point હતો. નવા જીવનનો પ્રારંભ હતો. સંતબાલજીએ એક વર્ષના સંપૂર્ણ મૌન પછી ૧૯૩૭માં એક નિવેદન બહાર પાડ્યું. આ નિવેદનથી સમગ્ર જૈન સમાજમાં ખળભળાટ મચી ગયો. આ નિવેદન જૈન મુનિના બાહ્ય આચરણ અંગે હતું. તેમાં જૈન ધર્મના પાયાના સિદ્ધાંતો અંગે કોઈ બાંધછોડ ન હતી. અત્રે એ ખાસ નોંધવું જોઈએ કે અનેક અગવડો, ભારે મુસીબતોની વચ્ચે પણ જૈનધર્મના પાયાના સિદ્ધાંતોમાં જીવનના અંત સુધી તેમણે બાંધછોડ કરી ન હતી.

આમાં પ્રશ્ન એ હતો કે એક જૈન સંત સાધુધર્મ સ્વીકારે પછી સમાજમાં જૈન સંત તરીકે તેનું વર્તન કેવા પ્રકારનું હોવું જોઈએ? માત્ર આત્માની આધ્યાત્મિક ઉન્નતિ પૂરતું મર્યાદિત કે સમાજહિતનાં કાર્યોનાં ભાગ લેવા સુધી વિસ્તૃત-રૂઢિ પ્રમાણે પ્રથમ વાત જ સ્વીકાર્ય હતી. તેથી જ તેમનો બહિષ્કાર થયો. અલબત્ત જૈનસમાજે તેમને વાડા બહાર કર્યા તે ઘટનાએ જ તેમને વિશેષ બળ આપ્યું.

હવે સંતબાલજી એકલા હતા. સંઘોના દબાણને લીધે તેમના ગુરુએ પણ તેમને છૂટા કરી નાખ્યા હતા પ્રથમ ચાતુર્માસ ક્યાં કરવો તે વિકટ પ્રશ્ન હતો. અંતે અમદાવાદ અને બાવળા વચ્ચે વાઘજીપુરામાં એક કુટિરમાં તેમણે ચાતુર્માસ કર્યો. આ સમય

દરમ્યાન "ધર્મદષ્ટિએ સમાજરચનાનાં ક્રાંતિકારક વિચારો કઈ રીતે અમલમાં મૂકવા તે નક્કી કર્યું. અને તેનો અમલ કરવા તદ્દન ગરીબ અને પછાત વિસ્તાર ભાલ નળકાંઠાની પસંદગી કરી.

તેમના નિયમોમાં નાતજાત જૈન જૈનેતરનાં બંધનો ન હતાં. વિશ્વ વાત્સલ્યની જ ભાવના હતી. તેના કારણે કાર્ય કરવામાં તેમને સહકાર ઓછો મળતો પરંતુ સહેજ પણ ઉદ્વેગ અનુભવ્યા વિના શાંત ચિત્તે તેઓ કાર્ય કર્યે જતા.

ધર્મના પાયાના સિદ્ધાંતો જાળવીને એક જૈન મુનિ સમાજ માટે શું કરી શકે તેનું આ જવલંત ઉદાહરણ છે.

સંતબાલજી જે આદર્શ સિદ્ધ કરવા મથી રહ્યા હતા તેનો હેતુ માત્ર અહીંતહીં સામાજિક સુધારણા માટેનો જ નહીં પરંતુ "ધર્મદષ્ટિએ સમાજની પુનર્રચનાનો હતો જેથી અન્યાય, નિઃસ્વાર્થપણું અને સત્યનો આગ્રહ જેવા સામાજિક સદ્‌ગુણોનો વિકાસ થઈ શકે. તેમણે અપનાવેલી વિચારધારાને તેમણે "અનુબંધ વિચારધારા" નામ આપ્યું અનુ=અણુ બંધ=બાંધનારું બળ. સામાજિક ઉત્ક્રાંતિમાં ચાર બળોનો સુમેળ હોવો જોઈએ. (૧) રાજ્ય (૨) સરકાર પર નિયંત્રણ રાખી શકે અને તેને માર્ગદર્શન આપી શકે તેવી સ્વૈચ્છિક સંસ્થાઓ (૩) લોકોનાં સંગઠનોને માર્ગદર્શન આપી શકે તેવી સામાજિક આધ્યાત્મિક વ્યક્તિઓ (૪) ઉપરનાં ત્રણેય બળોને દોરવણી આપી શકે તેવા આધ્યાત્મિક સંતો અને નેતાઓ ઉપરનાં ચારેય વચ્ચે સંકલન હોવું તથા તે સત્યના આધારે કાર્ય કરે આ વિચારધારા તે 'અનુબંધ વિચારધારા"

જીવનના છેલ્લા દિવસોમાં તેઓ લઘુનાગ્રસ્ત બન્યા છતાં જૈનધર્મના પાયાના સિદ્ધાંતોને ચુસ્તપણે વળગી રહ્યા. હોસ્પિટલમાં છેલ્લા દિવસોમાં પણ પાણી વાપરતાં પહેલાં પૂછી લેતા પાણી 'અચેત' છે કે કેમ ? મોં પર હાથ રાખીને જ વાત કરતા વગેરે. 'વિશ્વ વાત્સલ્ય' અને ક્રાંતિથી સભર સંતબાલજી ક્રાંતદૃષ્ટા હતા. તેમના કાળધર્મ બાદ તેમનાં ઉપકરણોના હરાજી તો ન કરવામાં આવી તેમની પાલખી ચાર કુંવારી બહેનોએ ઉપાડી. આ પણ એવી ક્રાંતિ જ હતી.

## ૩૦. મુનિશ્રી સંતબાલજીની સર્વોદય ભાવના

– ડો. ગીતાબેન મહેતા

**(ડો. ગીતાબેન મહેતા (એમ.એ., પીએચ.ડી.) તરીકે મહર્ષિ દયાનંદ કોલેજમાં રીટાયર થયા પછી કે. જે. સોમૈયા સેન્ટર ફોર સ્ટડીજ ઈન જૈનિજમાં ડાયરેક્ટર તરીકે કાર્ય કરે છે. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય અનેક કોન્ફરન્સમાં શોધ પેપર રજૂ કર્યા છે.)**

*સર્વથા સૌ સુખી થાઓ, સમતા સૌ સમાચરો*
*સર્વત્ર દિવ્યતા વ્યાપો, સર્વત્ર શાંતિ વિસ્તરો.*

આ કડીઓ ફક્ત પ્રાર્થના પૂરતી ન રાખતાં તેમણે પોતાના જીવનમાં ઊતારી છે તેથી જ તો આજે પણ તેમને યાદ કરીને આપણે આપણા શ્રદ્ધાસુમન એમને ચરણે ધરીએ છીએ.

દીક્ષા પછીના પાંચેક વર્ષ સંતબાલજીએ જ્ઞાનસાધનામાં સમર્પિત કર્યા. સંસ્કૃત, પ્રાકૃત, અંગ્રેજી, હિંદી વગેરે ભાષાઓનો તેમજ ન્યાય પ્રમાણ તર્ક, સાહિત્ય વગેરેનો અભ્યાસ તેમણે કર્યો. જૈન ધર્મના અનેક શાસ્ત્રોનો તથા દુનિયાના મુખ્ય મુખ્ય ધર્મોનો અભ્યાસ કર્યો. તેથી જ તો અજમેરના સંમેલન સમયે ભારતના વિદ્વાનોએ તેમને 'ભારત રત્ન'ની ઉપાધિથી નવાજ્યા.

વિ.સં. ૧૯૮૯ થી ૧૯૯૪ સુધીના કાળ દરમ્યાન તેમણે ગુજરાતી સમાજને ઘણું સાહિત્ય સમર્પિત કર્યું. ઉત્તરાધ્યયન, દશવૈકાલિક, આચારાંગ અને આવશ્યક આ ચાર મુખ્ય સૂત્રોને

તેઓએ સરળ તથા સુંદર ગુજરાતી ભાષામાં પરિવર્તિત કરી મહાવીર પ્રકાશન મંદિર દ્વારા પ્રકટ કર્યા છે. છેલ્લા વર્ષોમાં તત્ત્વાર્થસૂત્રનો ગુજરાતી ભાષામાં પદ્યાનુવાદ કરીને પોતાની અગાધ વિદ્વતા અને કવિત્વનો સહજપણે પરિચય આપ્યો.[૧]

આગળ ઉપર એમણે એક-એક અવતારી પુરૂષોના ગુણો વર્ણવી સાતવારની પ્રાર્થના લખી છે. એમના સર્વધર્મ સંસ્થાપક સ્મરણો પણ વાગોળવા જેવા છે. એમની સર્વ ધર્મ પ્રાર્થના તો કેટલાંક ઘરોમાં અને સંસ્થાઓમાં આજે પણ રોજ ગવાય છે.

જૈન સાધુ તરીકે પાદવિહાર, ભિક્ષાચરી અને અપરિગ્રહ સાથે પોતાના નિર્ધારિત લક્ષ તરફ તેઓ આગળ વધતા રહ્યા.

સંતબાલજીને શ્રદ્ધાંજલિ આપતાં વિમલાબેન ઠકાર લખે છે. 'સંતબાલજી ગાંધી તત્વજ્ઞાનના તથા જૈન તત્વજ્ઞાનના પાયાના સિદ્ધાંતોને વળગી રહ્યા. તેનાથી તેમનું વ્યક્તિત્વ અદ્‌ભુત રીતે સમૃદ્ધ થયું છે. અહિંસા તો તેમના જીવનમાં વણાઈ ગઈ હતી. તેમણે પોતાના સમગ્ર જીવન અને કાર્યમાં જે મૂક ક્રાંતિ કરી તેનાથી તેમના સમયના જૈનમુનિઓ અને શ્રાવકોના મનમાં ગૂંચવણ ઊભી થઈ. તેમણે ધર્મને સામાજિક સેવા સાથે જોડ્યો.[૨]

સામાજિક કાર્યમાં પણ એમની પદ્ધતિ પૂર્ણરૂપે અહિંસક હતી. એમની પદ્ધતિનું નામ છે. 'શુદ્ધિપ્રયોગ' એટલે કે શુદ્ધ કરવાની પ્રક્રિયા.

**સમાજસેવાના ક્રાંતિકારી પ્રયોગો :**

વ્યક્તિ સાથે સમાજનું અને સ્વ. સાથે પરનું કલ્યાણ થઈ શકે એવી સમાજસાધનાના સંતબાલજી પુરસ્કર્તા હતા.

ગરીબી, શોષણ, અન્યાય, અજ્ઞાન અને રોગથી ગ્રસ્ત તેમજ શાહુકારી અને જમીનદારી પ્રથાની ભીંસથી ઘેરાયેલી, વેઠપ્રથાથી ત્રાસેલી, વહેમ અને રૂઢિપરંપરાથી જકડાયેલી તેમજ આત્મવિશ્વાસ

ગુમાવી બેઠેલી હતાશ જનતાની વચ્ચે તેમણે અત્યંત ધીરજ અને વાત્સલ્યભાવથી સેવાનું કામ કર્યું.

"સકળ જગતની બની જનેતા વત્સલતા સહુમાં રેડું" એ પંક્તિને સામુદાયિક પ્રાર્થનામાં વ્યાપક રીતે પ્રચલિત અને લોકભોગ્ય બનાવી રચનાકાર્યના અનેક કેન્દ્રો ઊભા કરવામાં પ્રેરકબળ બન્યા.

સંતબાલજી આપણા સમાજમાં એક સતત જાગૃત, જાણકાર, જવાબદાર જીવ તરીકે વર્ત્યા અને રહ્યા. ધર્મનું ઊંડું ચિંતન કરવા સાથે એમણે સમાજની ધારણા માટે ઉત્કટ, ઊલટભેરને કોઈને વળી ઉગ્ર લાગે એવું કાર્ય હિંમતભેર કર્યે રાખ્યું. તેમણે જણાવ્યું છે કે "આપણા પ્રશ્નોનો એકમાત્ર જવાબ સમાજની ધાર્મિક અને નૈતિક પાયા પર પુનર્રચના છે. સ્વાર્થપ્રેરિત ભૌતિક પાયા પર નહીં."[૫]

મુનિશ્રી સંતબાલજી અસ્પૃશ્યતાનિવારણ, કોમીએકતા, ખાદી અને ગામડાનાં વિકાસ માટે સતત મથતાં રહ્યા. તેમણે આ પ્રવૃત્તિઓના અમલ માટે નિષ્ઠાવાન કાર્યકરો તૈયાર કર્યા, તથા અન્યાય સામે અહિંસક પ્રતિકાર અને અનિષ્ટ રિવાજોની નાબૂદી જેવાં કાર્યોમાં પણ તેમની સેવાનો ઉપયોગ કર્યો. તેમણે આ પ્રવૃત્તિઓના અમલ માટે સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક દૃષ્ટિએ સૌથી પછાત એવો પ્રદેશ પસંદ કર્યો કે જ્યાં ચોરી, લૂંટફાટ, પરણેલી સ્ત્રીઓનું અપહરણ જેવા અનિષ્ટો પ્રવર્તતા હતાં, જ્યાં અર્ધ-ભૂખમરાથી લોકો પીડાતા હતા, જ્યાં કેટલાંક હરિજન કુટુંબો મરી ગયેલાં ઢોરનું માંસ ખાતા, જ્યાં ઢોરનાં છાણમાંથી નીકળેલ અનાજના દાણાં વીણીને તેનો ખોરાકમાં ઉપયોગ કરતા, જ્યાં પીવાના પાણીની એટલી બધી અછત હતી કે લોકોને તળાવમાં ખાડા કરી એમાં એકત્ર થયેલું પાણી બીજું કોઈ ચોરી ન જાય તે માટે ખાડા પર ખાટલો રાખી તેના પર આખી રાત સૂવું પડતું. આવો ભાલ નળકાંઠા જેવો વેરાન, ક્ષારયુક્ત અને અછત-ગ્રસ્ત પ્રદેશ પસંદ કર્યો. ખેડૂતો મોટા ભાગે સતત દેવામાં

ડૂબેલા રહેતા તથા તેમને ભારે વ્યાજ ચૂકવવું પડતું. સતત પાણીની અછતને લીધે તેમનામાં સ્વચ્છતાનો અભાવ હતો તેથી તેઓ અનેક રોગોથી પીડાતા.

સંતબાલજીએ કેટકેટલી હિંસાઓ અટકાવી છે. નળ સરોવરને કાંઠે આવેલ જુવાલ ગામના લોકો શિયાળામાં આવતાં સુંદર પક્ષીઓનો શિકાર કરતા, બહારના લોકો પણ શિકાર કરવા આવતા, આ વાતને તેમણે અટકાવી અહિંસાત્મક રીતે પ્રેમ અને સમજણથી કબૂતરોને શેકીને ખાવાની પ્રથા પણ ગામના જુવાનિયાઓને સમજાવી દૂર કરી. પાણીની રાહત માટે જલસહાયક સમિતિની રચના કરી લોકોને મદદ આપી. ખેડૂતોના ભલા માટે ખેડૂતોનું સંગઠન ઊભું કર્યું પરતુ તે પણ ન્યાય-નીતિ માર્ગે જ ચાલે એનું ધ્યાન રખાતું.

વિરમગામમાં કોલેરા ફાટી નીકળતાં સંતબાલજી પોતે સૂકી રાખ લઈ લોકોના મળમૂત્રને ઢાંકવા નીકળી પડ્યા. પછી તો યુવાનો પણ કોદાળી-પાવડા લઈ સફાઈના કામમાં લાગી ગયા.

સંત બાલજીએ સાત સ્વાવલંબનનો કાર્યક્રમ આપ્યો.

*પેટ, પહેરણ અને પથારી*
*શિક્ષણ અને આરોગ્ય*
*ન્યાય અને રક્ષણ*
*એ સાતે બાબતમાં*
*ગામડાં પગભર બને.*

આમ આર્થિક સ્વાવલંબન અને સત્તાના વિકેન્દ્રીકરણના નમૂનારૂપ સાકાર થયું સાત સ્વાવલંબન.

ગ્રામજનોને પણ સ્વાશ્રયી બનાવવા તેમણે અથાગ પ્રયત્ન કર્યા. પોતાના શીલ, સંયમ અને તપના પ્રભાવથી દીન-હીન ગ્રામ પ્રજામાં આશાનો સંચાર તથા શ્રદ્ધાબળ પેદા કર્યા. ગ્રામપ્રજા પોતે જ પોતાનો ઉદ્ધાર કરી શકે તેમ છે. તેવી આત્મશ્રદ્ધાનું બીજારોપણ કરી તેને

બેઠી કરી અન્યથા ગ્રામપ્રજા પ્રારબ્ધવાદી અને સરકાર માયબાપ બધું કરશે એમ માનનારી હોય છે.

ગુજરાતના ભાળનળકાંઠાના પ્રદેશમાં ૪૫ વર્ષ સુધી મુનિ શ્રી સંતબાલજી પ્રેરક અને શ્રદ્ધેય પુરુષ તરીકે માર્ગદર્શન આપતા રહ્યા. એમની હુંફથી અને એમની જ રાહબરી નીચે સ્થપાયેલી સંસ્થાઓની દોરવણી તળે સામાન્ય ગણાતા માણસોએ અસામાન્ય ગણાય તેવા કામો કર્યા.[૭] સર્વોદય વિચારને અનુરૂપ પરિસ્થિતિ-પરિવર્તન, વિચાર-પરિવર્તન અને હૃદય-પરિવર્તન માટે તેમણે અથાગ પ્રયત્ન કર્યો.

પરિગ્રહ, પ્રાણ અને પ્રતિષ્ઠાને હોડમાં મૂકીને ય સામાજિક મૂલ્યોની રક્ષા માટે પોતાનું આખું જીવન એમણે ખર્ચી નાખ્યું. સમાજજીવનનું કોઈપણ અંગ એવું નથી કે ધર્મ દૃષ્ટિએ સમાજરચનાના એમના આદર્શો અને વિચારોથી અલિપ્ત રહ્યું હોય, સામાજિક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, રાજકીય, ધાર્મિક, નૈતિક અને આધ્યાત્મિક એમ દરેક ક્ષેત્રે એમણે નવી કેડીઓ પાડીને તે પર પ્રજાનો પદસંચાર કરાવ્યો. તેમણે અન્યાયને અહિંસક પ્રતિકાર અને સત્ય ન્યાય તેમજ પ્રેમની પ્રસ્થાપના માટે સત્યાગ્રહના અભિનવ પ્રયોગો કર્યા.

આ ચાર બળોનાં નામ છે. (૧) રાજ્ય (૨) રાજ્યના વહીવટી અને કાયદાકીય તંત્રને દોરવણી આપી શકે તથા તેના પર અંકુશ રાખી શકે એવી લોકોની સંખ્યાઓ કે જે સંસ્થાઓ સ્વૈચ્છિક ધોરણે રચવામાં આવી હોય. (૩) લોકોના સંગઠનોને સાચી દોરવણી પૂરી પાડી શકે તે માટેના આધ્યાત્મિક અને સામાજિક આગેવાનો અને (૪) સમાજના આધ્યાત્મિક નેતાઓ અને સંતો જેઓ ઉપરનાં ત્રણેય બળોને પ્રેરણા અને દોરવણી આપવાનું કામ કરતા હોય.[૮]

**સંતોએ રાજકારણની અસ્પૃશ્યતા છોડવી :**

લોકશાહીના યુગમાં સંતો જો લોકજાગૃતિનું કામ ન કરે તો બીજા કોણ કરશે ? મુનિ સંતબાલજીએ ‘લોકલક્ષી લોકશાહી’ એવું

વિશેષણ વાપર્યું હતું. કારણ વિશ્વભરમાં લોકશાહીઓએ પોતાની અર્થસભરતા અને હેતુલક્ષિતા લગભગ ગુમાવ્યા છે કેન્દ્રમાં 'લોક'ને બદલે પદ, પૈસા અને પ્રતિષ્ઠા જોવા મળે છે.

આચારવિચારે ચુસ્ત જૈન સાધુ રહીને તેઓ ભિન્ન ભિન્ન ક્ષેત્રમાં લોકકલ્યાણનાં કાર્યોમાં રસ લેતા હતા આવાં કાર્યો અંગે ઉપસ્થિત થતા પ્રશ્નો વિશે તેઓ જેમ બોલતા હતા, જેમ ચિંતન મનન કરતા હતા, તેમ તે વિશે લખતા પણ રહેતા હતા. 'વિશ્વવાત્સલ્ય' નામનું પાક્ષિક એ માટેનું એક સબળ સાધન હતું. જાહેર પ્રશ્નો અને પ્રવૃત્તિઓ અંગે એમણે આ પત્ર દ્વારા પુષ્કળ લખ્યું હતું. એમના લખાણોમાં વૈવિધ્યનો પાર નહોતો, કારણ પ્રવૃત્તિ તથા તેમાંથી પ્રગટતા પ્રશ્નોનો પાર નહોતો. તેમનું કહેવું કે "હોદ્દાથી કે સ્વાર્થથી પર રહે એવો સંન્યાસી ધર્મગુરૂ જેટલો રાજકારણમાં ઊંડો ઉતરશે તેટલો વધુ કર્મકુશળ અને રાજકારણ પણ વધુ નિર્મળ બનશે."[૧૧]

લોક શિક્ષણ વિના લોકશાહીનો આરો નથી. લોકમત વિના લોકશાહીનો આધાર નથી. આમ સંતબાલજીનું ચિંતન સ્પષ્ટ હતું. પ્રજા દોરે, રાજ્ય અનુસરે, એ લોકશાહીનો રાજમાર્ગ છે. પ્રજાની પહેલ અને રાજ્યનો સંકલ્પ-સામર્થ્ય-સંપન્ન પુરૂષાર્થ એ રવૈયો લોકશાહીને ખપે છે એ એનો મિજાજ છે. સંતબાલજીને સતત ચિંતા રહેતી કે જનશક્તિને રાજ્ય-સમાજના રોજબરોજના કાર્યોમાં શી રીતે પ્રગટ કરવી ?

મુનિશ્રીની માન્યતા હતી કે લોકશાહીનું આધારસ્થળ સત્ય-અહિંસા હશે તો પક્ષીય સરકાર રહે, તો ય નિષ્પક્ષ લોકશાહી આ દેશમાં જરૂર ઊભી થશે. મુનિશ્રીની સત્ય-અહિંસાના નીતિતત્ત્વો પરની આસ્થા દૃઢ હતી તેથી જ તો તેમણે કહ્યું છે "રાજ્ય કરતાં પ્રજા હંમેશાં ઊંચી છે, અને પ્રજા કરતાં યે નીતિ, ન્યાય અને સત્ય સર્વોપરિ છે."[૧૩]

મુનિશ્રી કહે છે તેમ, ''ધર્મપૂત સંસ્થાઓનો અંકુશ ભારતીય લોકશાહીને જ મળી શકશે.''[૧૬] તેઓ કહેતાં લોકશાહીમાં ૧. લોકોનો સામાજિક કાબૂ હોવો જોઈએ. ૨. લોકસેવકોનો નૈતિક કાબૂ હોવો જોઈએ. ૩. સંતોનો આધ્યાત્મિક કાબૂ હોવો જોઈએ.

એમનું કહેવું હતું કે ''પક્ષરહિત લોકશાહી તથા ઓછામાં ઓછા કાનૂન અને દંડશક્તિ એ રાજ્ય માટે અહિંસક ક્રાંતિ તો જરૂરી નવો ઉપાય છે. તે જ રીતે ગ્રામલક્ષી સર્વહિતચિંતક, નિઃસ્પૃહી અને સત્તાવાદી પક્ષોથી પર રહેલા શ્રેષ્ઠ પુરુષોની દોરવણી મુજબ જ ચાલતું જનતા સંગઠન એ પ્રજા માટે અહિંસક ક્રાંતિનો જરૂરી નવો ઉપાય છે. આવા જનતા સંગઠનનું મહત્વનું અંગ ગ્રામસંગઠન છે.[૧૭]

**સમાપન :**

સંતબાલજી વિશ્વવાત્સલ્યના આરાધક હતા. ધર્મમય સમાજરચનાના પ્રયોગકાર હતા. સર્વધર્મ ઉપાસનાના સાધક હતા, સામુદાયિક અહિંસાના પ્રયોગકર્તા, આધ્યાત્મિક ચિંતક, વિદ્વાન સાહિત્યકાર પ્રખર સાધનાશીલ હતા. તેઓ જાગ્રત યુગદૃષ્ટા અને સર્વાંગી વ્યાપક દૃષ્ટિવાળા અનુબંધકાર હતા.

જ્યાં વાત્સલ્ય છે ત્યાં સેવા સહજભાવે છે જ. ઉપરાંત, વાત્સલ્યમાં હિંસાના અભાવ સાથે વિશુદ્ધ પ્રેમનો સદ્‌ભાવ પણ આવી જાય છે.

'સકળ જગત્‌ની બની જનેતા, વત્સલતા સહુમાં રેડું' આ સંતબાલજીની કાવ્યપંક્તિ ગુજરાતી ભાષાનું ગૌરવ છે.

# ૩૧. પૂજ્ય મુનિશ્રી સંતબાલજી : સાક્ષાત્ જૈનત્વ

– ડો. કાન્તિભાઈ બી. શાહ

**(બી.ડી. આર્ટસ કૉલેજ અમદાવાદના પ્રાધ્યાપક, જ્ઞાનસત્રોમાં અભ્યાસપૂર્ણ શોધપત્રો રજુ કરનાર, ગુણરત્નાકર છંદ વીરવીજયજી-યશોવિજયજી સ્વાધ્યાયગ્રંથ ઉંપદેશમાળા બાલાવબોધ જેવા મૂલ્યવાન ગ્રંથો ઉપરાંત મધ્યકાલીન ગુજરાતી જૈન સાહિત્યમાં નોંધનીય કાર્ય કર્યું છે.)**

વિશ્વવાત્સલ્યના આરાધક પૂજ્ય મુનિશ્રી સંતબાલજી માટે, આ નિબંધના શીર્ષકમાં મેં 'સાક્ષાત્ જૈનત્વ' શબ્દપ્રયોગ સપ્રયોજન કર્યો છે.

મુનિ સંતબાલજીની સમગ્ર જીવનોપાસના અને વિશ્વવાત્સલ્ય પ્રત્યેની એમની સાચી સમજ અને ગહરી સમર્પિતતા જોતાં એમ જ કહેવું પડે છે કે તેઓ કોઈ સમુદાયને ભલે પરંપરાથી વેગળા થયેલા લાગ્યા હોય પણ જૈનત્વથી તેઓ લેશમાત્ર વિચલિત થયા નથી.

સંતબાલજી મૂળભૂત રીતે જૈન સાધુ હતા. કેવળ સાધુ જ નહીં, પણ જૈન આગમગ્રંથોના તે પ્રખર અભ્યાસી અને મર્મજ્ઞ હતા. આચારાંગસૂત્ર, ઉત્તરાધ્યયન સૂત્ર, દશવૈકાલિક સૂત્ર, તત્ત્વાર્થસૂત્ર જેવા ગ્રંથો વિશે જેમણે મૌલિક વિવરણો કર્યાં, મહાવીર પ્રભુના સમગ્ર ચરિત્રને આત્મસાત્ કરીને જેમણે પદ્યરચનારૂપે કંડાર્યું - એવા આ જિનશાસનના મરમી શાસ્ત્રજ્ઞએ સાચી સાધુતા સમજવામાં કશીયે

કચાશ રાખી હશે ખરી ?

સંતબાલજી સ્થાનકવાસી જૈન સાધુ હતા. દીક્ષા માટેનો એમનો અભિલાષ એટલો તીવ્ર હતો કે પોતાની વાગદત્તાને પણ બહેન કરીને સાડી ભેટ આપી અને ૧૯૨૯માં ગુરુશ્રી નાનચંદ્રજી મહારાજ પાસે દીક્ષા લઈ એમના શિષ્ય બન્યા.

૧૯૩૭માં રણાપુર ખાતેની કાષ્ઠ-મૌનની સાધનાએ એમના જીવનમાં મોટો વળાંક આણ્યો. એમની અંતઃસ્ફુરણાએ એમને જે સત્ય સમજાયું તે એમણે મૌન-ત્યાગ પછી નિવેદન સ્વરૂપે પ્રગટ કર્યું.

આ નિવેદનના કેટલાક મુદ્દાઓ આ પ્રમાણે છે.

૧. નાતજાતના ભેદભાવ વિના શાકાહારી કુટુંબને ત્યાંથી ગોચરી લેવી.

૨. પોતાને રૂઢિગત ગુરુવંદન નહીં કરવું.

૩. સાધુ ભગવંતે સાધ્વીજીને સમાનભાવે સન્માન આપવું.

૪. ૐ મૈયાનો મંત્ર-સ્વીકાર.

૫. વિહારમાં બહેનોની સામેલગીરી

૬. મુહપત્તી ખાસ પ્રસંગોએ બાંધવી.

આ ઉપરાંત સર્વધર્મપ્રાર્થના, ધર્મમય સમાજરચના અને લોકકલ્યાણનાં કામોમાં જૈન સાધુની સક્રિયતા – આ બધી બાબતો એવી હતી જેમાં જૈન સમાજને સાધુજીવનની આચાર-સંહિતાનો વિચ્છેદ થતો લાગ્યો. પરિણામે એમને ગોચરી વહોરાવવી નહિ, વસતિમાં ઉતારો આપવો નહીં જેવાં નિયંત્રણો મુકાયાં. અને સમુદાયમાંથી અલગ કરી દેવા માટે ગુરુ નાનચંદ્રજી ઉપર દબાણ થવા લાગ્યું.

ગુરુએ જોકે દબાણવશ થઈને એમને બાહ્ય રીતે ભલે દૂર કર્યા, પણ અંતરમાંથી તો વેગળા ન જ કર્યા. તેથી જ એમણે, જાહેર

કર્યું કે 'સંતબાલજી જૈન સાધુ નહીં, જગતસાધુ છે.'

સમુદાયના ઊહાપોહ છતાં સંતબાલજી પોતાને લાધેલા સત્યમાંથી જરાયે વિચલિત થયા નહીં કે છેક સુધી જૈન સાધુ-વેશ પણ ત્યજ્યો નહીં. જૈન ધર્મના પાયાના સિદ્ધાંતોથી એ ક્યારેય અળગા થયા નથી. સંતબાલજી એટલે મૂર્તિમંત જૈનત્વ. એમની અંતઃસ્ફુરણાએ એમની ગાંધી વિચારની દિશામાં ગતિવિધિ રહી હોય એમ માનવું વધુ યોગ્ય ગણાશે.

જૈન દર્શનમાં બાર ભાવનાઓ દર્શાવાઈ છે. એમાંની સાતમી આસવ ભાવના છે. એમાં કષાયો થકી જે કર્મો પ્રવેશ કરે છે એ કષાયોને ચાર ભાવનાઓથી રોકવાની વાત આવે છે. આ ચાર ભાવના છે ૧. મૈત્રી, ૨. પ્રમોદ, ૩. કરુણા અને ૪. માધ્યસ્થ્ય.

આ ચાર ભાવનાઓથી સંતબાલજીનું જીવન કેવું ઓતપ્રોત હતું તે આપણે જોઈશું.

૧. મૈત્રી ભાવનામાં વિશ્વના નાનામોટા સઘળા જીવો પ્રત્યે મૈત્રીભાવ રાખવાની વાત છે. જૈનોના 'વંદિતુ' સૂત્રમાં પણ કહ્યું છે કે 'મિત્તિ મે સવ્વ ભૂએસુ, વેરં મજ્ઝં ન કેણઈ' (સર્વ જીવો પ્રત્યે મારી મૈત્રી છે, કોઈ પણ સાથે મારે વૈરભાવ નથી.) સંતબાલજીના જીવનસંદેશને એક જ શબ્દમાં વ્યક્ત કરવો હોય તો એ છે. 'વિશ્વવાત્સલ્ય'. એના પ્રતીકરૂપે જ એમણે 'ૐ મૈયા'નો મંત્ર આપ્યો. વાત્સલ્ય એ પ્રેમનું શુદ્ધતમ સ્વરૂપ છે. અને આ વાત્સલ્યનો સ્રોત છે. જનની-માતા-મૈયા. 'ૐ મૈયા શરણમ્ મમ' દ્વારા સકલ સૃષ્ટિનું વાત્સલ્ય પોતાને પ્રાપ્ત થાય એમ ઇચ્છ્યું, તો બીજી બાજુએ 'સકલ જગતની બની જનેતા, વત્સલતા સહુમાં રેડું' એમ કહી પોતાનું હૃદયવાત્સલ્ય સમગ્ર વિશ્વ સુધી વહાવવાની ભાવના વ્યક્ત કરી. અહીં શ્રી ઉમાશંકર જોશીનું 'વિશ્વમાનવી' કાવ્ય યાદ આવે. સંતબાલજી આવી કવિતા જીવી ગયા. એમનો આ મંત્ર જૈન સિદ્ધાંતકથિત મૈત્રી

ભાવનાનું જ સ્વરૂપ નથી શું ?

૨. પ્રમોદભાવના એટલે જગતમાં કોઈનો પણ સદ્‌ગુણ, કોઈનું પણ સુકૃત આપણા હૃદયમાં જે હર્ષોલ્લાસ જગવે તે. પણ વ્યવહારમાં આમ ક્યાં બને છે ? અન્યની સિદ્ધિ આપણા હૃદયમાં તો દ્વેષ, ઈર્ષાનો છૂપો ભાવ જગવે છે. કહેવાતા ધર્માનુયાયીઓ પણ આમાંથી ક્યાં બાકાત છે ! જ્યારે સંતબાલજીએ દૈનિક પ્રાર્થનાસભામાં ગાવા માટે સપ્તાહના સાતેય વારની પ્રાર્થના રચી એમાં વિવિધ ધર્મોના સત્‌-તત્ત્વોનો ગુણાનુરાગ હતો. પણ પરંપરાવાદીઓને તો આ પણ વિરોધનું એક કારણ બન્યું. જૈન મુનિની સભામાં વળી હઝરત મહંમદ અને ઈશુ ખ્રિસ્ત ? પણ ખરેખર તો, આ કે તે ધર્મને સમભાવપૂર્વક યાદ કરીને સંતબાલજીને સદ્‌ગુણોની સત્‌તત્ત્વોની જ અનુમોદના કરવી છે. આમ કરીને એમણે પ્રમોદ ભાવનાને યથાર્થ સ્વરૂપે પચાવી છે.

૩. નિગોદના જીવોથી માંડી સઘળા ત્રસ અને સ્થાવર જીવોની, તિર્યંચ અને મનુષ્યલોકના જીવોની જૈનધર્મે અત્યંત સૂક્ષ્મ વિચારણા કરી છે. નાના જીવની પણ હિંસા ન થાય અને જયણા પળાય એની કેટલી કાળજી આ ધર્મે રાખી છે ! આ છે કરુણાભાવ. આ કરુણાભાવમાંથી જો નિગોદનો જીવ પણ બાકાત ન હોય તો આપણી આસપાસનો માનવી બાકાત રહી શકે ખરો ?

વીરમગામમાં કૉલેરા ફાટી નીકળ્યો ત્યારે સંતબાલજીએ જોયું કે રોગના ઉપચાર કરતાંયે રોગના કારણરૂપ ગંદકીને હઠાવવાનો ઉપચાર જરૂરી છે. તેઓ જાતે ગામની શેરીઓમાં જઈને મળમૂત્ર અને ગંદકીના થર ઉપર રાખ ભભરાવતા. સ્વયંસેવકોનું દળ ઊભું કરી આખા ગામની ગંદકી દૂર કરવાનો ભગીરથ પ્રયાસ એમણે આદર્યો. ત્યાંયે કેટલાક જૈનોએ વિરોધ કર્યો કે ગંદકી દૂર કરવા જતાં નાનાં જીવજંતુઓની હિંસા થાય છે. એમને કૉલેરાથી મરતા માનવીઓ કરતાં ગંદકી દૂર કરવામાં જીવજંતુઓની ફિકર વધારે

હતી.

ભાલ-નળકાંઠાના પ્રદેશમાં પ્રાયોગિક સંઘ દ્વારા જે કામો થયાં, જે શુદ્ધિપ્રયોગ સંતબાલજીએ આદર્યો, લોકોને શિકાર-માંસ-દારૂ-જુગાર-દેવાની ચુંગાલમાંથી મુક્ત કરવા જે પરિશ્રમ એમણે લીધો, દબાયેલી-કચડાયેલી-શોષિત માનવજાત માટે એ મથ્યા, અનુબંધ અને ધર્મમય સમાજ રચવાનું સ્વપ્ન સાકાર કરવા પ્રયત્નશીલ રહ્યા – આ બધું પેલી કરુણાભાવના વિના શક્ય બન્યું ન હોત.

૪. માધ્યસ્થ્ય ભાવનામાં જે અવિનીત છે. જે ખોટું કામ કરે છે તેના પ્રત્યે દ્વેષ, તિરસ્કાર, ક્રોધ કે વૈરભાવ ન રાખતાં તટસ્થભાવ, ઉદાસીનભાવ કેળવવાની વાત છે. પ્રભુ મહાવીરે ચંડકૌશિક કે ગોશાલકના ઉપસર્ગો સહી લીધા એ આનાં દૃષ્ટાંતો છે.

જૈન શાસનમાં પણ પરંપરા વિચ્છેદનાં દૃષ્ટાંતો ક્યાં નથી ? સ્થૂલિભદ્ર દીક્ષિત થયા પછી પ્રથમ ચાતુર્માસ પૂર્વપ્રેમિકા કોશાને ત્યાં કરે એ ઘટના સાધુજીવનની આચારપરંપરામાં સહ્ય-સ્વીકાર્ય બને ખરી? છતાં એમ થયું. ચાતુર્માસ પૂર્ણ કરીને પાછા ફરેલા સ્થૂલિભદ્રને ગુરુએ 'દુષ્કર દુષ્કર' ઉદ્ગારોથી સન્માનિત કર્યા. સ્ત્રીપરિષહના એક ઉત્તમ દૃષ્ટાંત તરીકે આજે એ કથાનકને આપણે સ્મરીએ છીએ. જૈનોના મંગલાચરણમાં સ્થૂલિભદ્ર ચિરસ્થાન પામ્યા છે.

સંતબાલજીના જીવન-કવનનો, એમના વૈચારિક વિશ્વનો વિવિધ વિદ્યાકીય દૃષ્ટિએ સંશોધનાત્મક અભ્યાસ થવો હજી બાકી છે. એને માટે ઘણો અવકાશ છે ને નવી પેઢીના અભ્યાસીઓએ આ પડકાર ઝીલવા જેવો છે.

# ૩૨. મુનિશ્રી સંતબાલ તો ગુણવૈભવ

– મલૂકચંદ રતિલાલ (કામદાર)

(અમદાવાદની બી.ડી. આર્ટ્સ કોલેજના પૂર્વ પ્રાધ્યાપક, દેશવિદેશમાં જૈનધર્મનાં પ્રચાર માટે અનેક પ્રવચનો આપ્યાં છે. છ પુસ્તકો પ્રગટ થયાં છે - તો બ્રહ્મચર્ય સરળ છે લોકપ્રિય પુસ્તક છે, જૈનધર્મના વિવિધ વિષયો પર તેમના લેખો અવારનવાર પ્રગટ થાય છે. વિશ્વવાત્સલ્યના તંત્રી મંડળમાં છે.)

**૧. પોતાના જન્મદિન "બળેવ"ને અનુરૂપજ સંતબાલજીનું છેક શરૂથી નારીમાં નારાયણી જોવાનું થયેલું સંસ્કાર ઘડતર**

બળેવ એટલે રક્ષાબંધનનો દિવસ, એ દિવસે બહેનો ભાઈને રક્ષા બાંધીને, પુરુષોને ભાઈ બનાવીને તેમની મારફત પોતાની (શીલ) રક્ષા ઈચ્છતી હોય છે. તો સંતબાલજી બળેવનાના દિવસે જ જન્મેલ છે. એમાં જ જાણે કુદરતનો એવો સંકેત છે કે આ વ્યક્તિ તમામ બહેનોની ભાઈ બનીને જીવનભર રક્ષા આપશે અને આપણે જોયું કે સંતબાલે પરમાત્માને ૐ મૈયા સ્વરૂપે ભજીને અને 'સકલજગતની બની જનેતા વત્સલતા સહુમાં રેડું' એ ભાવનાનો પોતાના જીવનમાં અને સમગ્ર માનવસમાજમાં પ્રસાર-પ્રચાર કરીને તેમણે પુરુષજાતિ તરફથી નારીને નારાયણી સ્વરૂપે જોવા પ્રચંડ સંવેદના જગાવી તેમાં સફળતા પ્રાપ્ત કરી હતી વળી તે સમયે સામાજિક જીવનમાં નારી ખૂબ કચડાયેલી હતી. સંતબાલજીએ તે અંગે મહિલા મંડળો, માતૃસમાજની સ્થાપના કરીને, તેમના વિવિધ સંગઠનો રચીને એ રીતે વિવિધ હુંફ આપીને, અન્ય ક્રાન્તિકારી પ્રવૃત્તિઓ સાથે, નારી પ્રતિષ્ઠા ઊભી કરવામાં નોંધપાત્ર સફળતા હાંસલ કરી હતી.

જૈનસાધુ તરીકે પણ મુનિજીવનમાં બ્રહ્મચર્યવ્રત એ મૂળભૂત અને મુખ્ય ગણાય, એ વ્રતની સિદ્ધિ માટે પણ વિજાતીય સામે માતૃદૃષ્ટિ જરૂરી ગણાય. ઉપર મુજબ ॐ મૈયા અને સકલ જગતની બની જનેતાની મૂર્તિમંત્ર આરાધનાથી સંતબાલજીએ મહિલા ઉત્થાન કે નારીકલ્યાણમાં મહત્વની સફળતા પ્રાપ્ત કરી હતી. તેમજ એજ ભાવનાથી પોતાના અંગત જીવનમાં અનેક ક્રાન્તિકારી કાર્યો કરેલ, તેમાં જેમના સ્થાપિત હિતો ઘવાયેલા તેવા અનેક લોકોએ સંતબાલજી સામે આ કે તે આક્ષેપો કરેલા પરંતુ તેમાંના કોઈએ પણ તેમનાં બાળક જેવા નિર્દોષ બ્રહ્મચારી જીવન સામે અંગળી ચીંધી નથી. અલબત્ત પોતાની મહિલા કલ્યાણ પ્રવૃત્તિ વેગવાન બનાવવા મહિલાનો મુખ્ય સાથ અનિવાર્ય ગણાય. એ માટે તેમણે મીરાબહેનની પસંદગી કરી. પોતાના વિહાર પ્રવાસમાં પણ મીરાબહેનને હંમેશા સાથે રાખતા ત્યારે સમાજમાં કેટલાક વિરોધી ખળભળાટ જાગેલો પરંતુ લોકોને મુનુશ્રીના શુદ્ધ, નિર્દોષ વ્યવહાર અને પવિત્રતાનો સ્પર્શ થતાં, લોકોની શંકા દૂર થઈને સંતતરફનો પૂજ્યભાવ ઊલટો વધતોજ રહેલો.

સંતબાલજી પ્રયોગવીર, કાન્તદૃષ્ટા મહામુનિ છે. તેમના તમામ કાર્યોમાં વિધેયાત્મક રચનાત્મક દૃષ્ટિ હોય છે. સામાજિક કાર્યો માટે જૈન મુનિ તરીકે બ્રહ્મચર્યની નવવાડ, તેમને બાધારૂપ લાગે તો મૂળ બ્રહ્મવ્રત સચવાઈ રહે તે દૃષ્ટિ જીવતી રાખીને, તેઓ કેટલીક છૂટલેતા પરંતુ એ છૂટમાં છેવટે ક્યાંક મર્યાદા હોય. જેમકે મીરાબહેનને વિહારમાં સાથે રાખે પરંતુ કોઈપણ સંજોગોમાં તેમની સાથે રાત્રે કોઈ રૂમમાં એકાંતમાં શયન ન કરે. આમ કોઈપણ નિયમમાં કોઈ ચોક્કસ છૂટ નક્કી ખરી પરંતુ તે છૂટમાંય કોઈ ચોક્કસ મર્યાદા પણ એટલીજ નક્કી. શું બ્રહ્મચર્યમાં કે અન્ય કોઈપણ ક્ષેત્રમાં તેમની ક્રાન્તિ રચનાત્મક અને ગુણપોષક હોય છે. દા.ત. તેમને જૈન સંપ્રદાયથી છૂટા પડવાનું થયું પણ તેમણે અન્ય કોઈ મુનિને ન તો પોતાનામાં ખેંચ્યા કે છૂટા પડેલા સંઘ કે સમુહની કદી ટીકા પણ ન કરી. મણિભાઈ જેવા સમર્થ સેવકો મળ્યા પણ તેમને દીક્ષા આપવાને બદલે સેવાના ભેખધારી બનાવ્યા.

## ૨. પોતાના ગુરૂશ્રી નાનચંદ્રજી મુનિ-અદ્‌ભુત ગુરૂ-શિષ્ય સંબંધ

પોતાની વિચારક્રાન્તિને અમલમાં મૂકવા જતાં, પોતાના પૂ. ગુરુદેવ શ્રી નાનચંદ્રજી મહારાજથી તેમને છૂટા પડવાનું થયું પરંતુ ગુરુના હૃદયથી તેઓ છૂટા ન પડ્યા. તેમની ગુરુ ભક્તિ તો એવી અખંડ રહી કે તે પામી જઈને ગુરુદેવે પણ હૃદયના ઊંડાણમાંથી શિષ્ય માટે એવું કહ્યું કે "સંતબાલ જૈનસાધુ નથી, પણ એ તો જગતસાધુ છે. અને શિષ્ય પણ કેવો ! કે પોતાના અંતકાળે પણ પોતે સ્થા. જૈનમુનિ હોવા છતાં પણ પોતાના અવસાનના સ્થળે એવા ઓટલાની સમાધિ સ્થળની રચના કરવાનું કહ્યું કે જેમાં પોતે પોતાના ગુરુદેવની (ગુરુદેવના બીજમંત્રવાળી શિલાની જરા નીચે) સાનિધ્યમાં અંતિમ વિરામ લેતા હોય એવો બીજા પથ્થર શિલા (જે સંતબાલજીના બીજમંત્રથી અંકિત હોય) મૂકવો. આ સમાધિ સ્થળની રચનાથી સંતબાલજી જગતને એ સંદેશો આપે છે કે જેને અંતરગુરૂનું માર્ગદર્શન મળી શકતું હોય તેવો સમર્થ શિષ્ય, પોતાનાં બાહ્યગુરુની આજ્ઞાથી ક્યાંક જુદી રીતે ચાલે એ સમજી શકાય પરંતુ પોતાના બાહ્ય ગુરૂ પરમાત્મા જ છે એમ સમજીને સ્વીકારીને તેમની સેવા ભક્તિમાં શિષ્ય ક્યારેય ઉણો ન ઊતરે એ તેનો ધર્મ છે. સંક્ષેપમાં ગુરૂનાનચંદ્રજી અને શિષ્ય સંતબાલજી એ બન્ને વચ્ચેનો ગુરૂ શિષ્યનો અનુપમ સંબંધ તાજેતરના ઈતિહાસમાં જોવા ન મળે એવું અનુપમ દૃષ્ટાંત છે.

આવા સંતબાલજીનો જન્મ સૌરાષ્ટ્રમાં ટંકારા નજીક આવેલા ટોળ ગામમાં મોતીબહેનની કુંખે તા. ૨૬-૮-૧૯૦૪ ના રોજ એટલે કે હિંદુ તિથિ પ્રમાણે સંવત-૧૯૬૦ના શ્રાવણ સૂદ પૂનમ (બળેવ)ને દિવસે થયેલો. પિતાનું નામ નાગજીભાઈ દેવજીભાઈ અને સંતબાલનું મૂળનામ શિવલાલ હતું.

સંતબાલજી બાલવયથી બીનસાંપ્રદાયિક માનસના, પ્રયોગવીર, બુદ્ધિશાળી એ રીતે શતાવધાની પણ હતા. તેમના જમાનામાં તેમના પર કર્મવીર મહાત્મા ગાંધી, તેમજ શ્રીમદ રાજચંદ્રની મોટી અસર પડેલી હતી. જોકે સંતબાલજીઅ પોતાનું જીવન સ્વતંત્ર રીતે નક્કી કરેલ તેમ છતાં મહાત્મા ગાંધી, તેમજ શ્રીમદ રાજચંદ્રની મોટી અસર પડેલી હતી. જોકે સંતબાલજીએ

પોતાનું જીવન સ્વતંત્ર રીતે નક્કી કરેલ તેમ છતાં મહાત્મા ગાંધી સાથે ઘણું મળતું આવે છે. એની તુલના કરીને આપણે વધુ પરિચય કરીએ.

**૩. મહાત્મા ગાંધી જેવો સંતબાલનો ગુણવૈભવ**

સંત બાલ અને ગાંધી -

૧. ગાંધીજી શરૂમાં કિશોરવયે વધુ (કામ) વિકારી જણાય છે તો શિવલાલ શરૂથી બ્રહ્મચારી છે.

૨. પ્રવૃત્તિ પાછળ બન્નેની સમાન ભાવના. બન્ને રાજ્ય સત્તા, સ્વર્ગ, કે મોક્ષ માટે નહીં. પણ પ્રાણીમાત્રના દુઃખક્ષય માટે પ્રવૃત્તિયોગ ચલાવે છે.

૩. બંનેની પ્રવૃત્તિના સમાન લક્ષણો : બંનેની પ્રવૃત્તિઓમાં આ ત્રણ લક્ષણ સમાન છે. ૧. સંતબાલ ધર્મદષ્ટિએ સમાજ રચના કરવા તો ગાંધી બધાં ક્ષેત્રોમાં ધર્મ હોય તેવી પ્રવૃત્તિની નીતિ રીતિ બતાવે છે.

૨. બન્ને માનતા કે 'ભારત' દ્વારા ભારત વાટે વિશ્વવાત્સલ્ય કે વિશ્વશાંતિ મેળવી શકાશે.

૩. બન્નેએ 'સંસ્થા' મંડળોનાં નવઘડતર દ્વારા પ્રવૃતિઓ કરી.

૪. બન્ને ક્રાંતિકાર : સંતબાલ મીરા-નારી સાથે ફર્યા, ગાંધીજી કસ્તુરબા અને અન્ય મહિલાઓ સાથે ફર્યા છતાંય બ્રહ્મચારી રહીને મહિલા જગતની પ્રગતિમાં મહત્ત્વનું યોગદાન કર્યું. એજ રીતે સંતબાલના શુદ્ધિ પ્રયોગો, તો ગાંધીના બ્રહ્મચર્ય પ્રયોગો તેમજ સવિનયભંગ, સ્વરાજ્યની લડતો, અહિંસા દ્વારા આઝાદી.

૫. ગુરુ-અંગે બન્ને-સંતબાલને ગુરૂ હતા છતાં પોતાની રીતે જીવન જીવતા. તો ગાંધી શ્રીમદરાજચંદ્રને ગુરૂસમ ગણે - પણ ગુરુની શોધમાં જ રહ્યા. આમ બન્ને ગુરૂ વિહોણા રહ્યા પરંતુ બન્ને ઘણાંના ગુરૂ જેવા બની રહ્યા.

૬. બન્ને મહાત્મા તરીકે : સંતબાલજી વેષધારી મહાત્મા છે. તો ગાંધી વેષ વિનાના મહાત્મા છે. બન્ને પર શ્રીમદ્ રાજચંદ્રની ગુરૂ જેવી પ્રબળ અસર છે. જે બન્નેમાં દ્રરિદ્રો માટે ઉત્કટ સેવાની ભાવના અને તેથી તેવી પ્રવૃત્તિઓ પણ ચલાવે છે. પરોપકાર માટે વૃક્ષો જીવે છે તેમ આ બંનેની તમામ પ્રવૃત્તિઓ વિશ્વકલ્યાણ માટે હોય છે. તે બંને તે માટેના ગુણો પણ ધરાવે છે. જેવા કે નિયમિતતા - બંનેનો દૈનિક ક્રમ નિયત બંનેનો પ્રાર્થનામાં પણ નિયમિતતા બતાવે છે. દોડીને પણ સમયે પહોંચે, કોઈ ન હોય તોય પ્રાર્થના - પ્રવચન શરૂ જ કરી દે.

સ્વાશ્રય-સ્વાવલંબન : સંતબાલજી અને ગાંધીજી બંને સ્વાવલંબનવાળા છે. પણ અહીં બંનેની બાહ્ય કક્ષા જુદી હોઈ નીચે મુજબ બંનેમાં ભિન્નતા જોવા મળે છે.

સંતબાલ જૈન સાધુ છે. માનવ સમાજમાં બે ભેદ સંસારી અને સાધુ સંસારી ભીક્ષા માગે-લાવે અને ખવાય તો તે ભિખારી કહેવાય જ્યારે તેણે સ્વાશ્રયી બનવું જોઈએ. તેમાં 'સ્વ' એટલે પોતાના શ્રમથી રોટી મેળવે. સ્વ એટલે હાથે કાંતીને ચરખો ચલાવીને કાપડ-ખાદી ઉત્પન્ન કરે. સાધુનું સ્વાવલંબન તેમાં સ્વ થી જીવવું એટલે 'આત્મા'ના આધારે જીવવું. જેને સાધુ અપરિગ્રહી હોય. એટલે રેંડિયા જેટલો પરિગ્રહ પણ ન હોય તેથી તેઓના ઉપદેશથી હજારો લોકો રેંટિયો ચલાવતા થયા પણ સંતબલિથી કદી એ રેંટિયો ચલાવ્યો નથી. એ રીતે તેમણે ખેતી કરી નથી. તેથી તેમના અન્નવસ્ત્ર તેમને બીજા કોઈ આપે પણ તે ભીખ નથી પણ ગોચરીનું ગૌરવ છે. ભિક્ષા આપનાર પણ માને છે કે મને આપવાની - વહોરાવવાની - તક મળી તે અહોભાગ્ય મારા !

સંતબાલે ધર્મસ્થાન કે ન્યાયનીતિવાળાની પ્રતિષ્ઠા સ્થાપી તો ગાંધીજીએ અહિંસા દ્વારા ભારતની આઝાદી લાવવા સાથે, ધર્મ દ્વારા ભારતમાં રામરાજ્ય અને ભારત દ્વારા વિશ્વકલ્યાણ-વિશ્વશાન્તિની ક્રાન્તિ કરી.

# ૩૩. મુનિશ્રી સંતબાલ એક વિરલ વિભૂતિ

– હર્ષદ મહેતા (એમ.એ.)

**(મુંબઈમાં ટેક્ષકન્સલટન્ટ છે જૈન જ્ઞાનસત્રો, સેમીનાર અને જૈન સાહિત્ય સંમેલનમાં અભ્યાસપૂર્ણ લેખો લખે છે.)**

મુનિશ્રી સંતબાલજી એટલે સર્વ જીવોના હિતેચ્છુ, વાત્સલ્યના પૂંજ સમાન જેનો જ્યાં પણ કોઈ જીવ દુઃખી ભાળે, તેનું આંતરડું કળકળતું અને તેના દુઃખમાં સહભાગી થવા તે હરહંમેશ તત્પર જ રહેતા. સંયમના ભાવ ખૂબ નાનપણથી જડતા. કોઈપણ સાધુસંતોની વૈયાવચ્ચ કરવા અતિહર્ષોલ્લાસથી તૈયાર થઈ જતા. સાધુસાધ્વીજીના વિહારમાં તો તેને ખૂબજ આનંદ આવતો. તેમના સતત થતા સાનિધ્યમાં તેમણે જૈન તત્ત્વજ્ઞાનનો ખૂબ રસપૂર્વક અભ્યાસ કર્યો. છદ્રવ્યો, નવતત્ત્વ, ગુણસ્થાન, કર્મપ્રકૃતિ, આચારાંગાદિ આગમ ગ્રંથોનો ઊંડાણપૂર્વક અભ્યાસ કર્યો. ઉત્તરાધ્યયન અને ભગવતીસુત્રો આદિ ગ્રંથોનો હરહંમેશ ચર્ચા દરેક સંતો સાથે કરતાં. તેમાં પૂ. નાનચંદજી મ.સા. પાસે દીક્ષા અંગીકાર કરવાના ભાવો પ્રગટ કર્યા. તેમની યોગ્યતા જાણી ગુરુદેવે અનુમતિ આપી અને વાંકાનેર મુકામે તેની દીક્ષા નક્કી થઈ. તેમના વ્યાખ્યાનોમાં લોહાણા, કણબી, ખેડુતો, કડિયાઓ, મીયાણાઓ બોરીચાઓ આદિ અન્ય જૈનેતરો ખૂબ આવતા. તેમાં ઘણા નવકાર મંત્રોના આરાધક બની ગયા હતા. એકાસણા, સમાયિકાદિ તપ ત્યાગથી ભાવિત થતા. ખુશાલભાઈ માસ્તર દરરોજ સાંજે પ્રતિક્રમણ કરાવતા. તેમની સાનિધ્યમાં ગામમાં ધાર્મિક માહોલ છવાઈ જતો.

તેમનામાં માનવતાના ઉત્કૃષ્ટ ગુણો હતા. માનવધર્મને જ સર્વશ્રેષ્ઠ માનતા. તેઓ કહેતા કે જે માનવીની દયા પાળી શકે તેજ અન્ય પ્રાણીપક્ષીઓની દયા પાળી શકે. પહેલાં કૌટુંબિક ભાવના પછી સમાજ ભાવના, પછી ગામ ભાવના, વ્યાબાદ પ્રાંતભાવના ત્યારબાદ દેશભાવના અને વિશ્વમૈત્રી ભાવના. દેશસેવા કરતાં માતાપિતા કે કુટુંબ છુટી જાય કે સાચી મૈત્રી ભાવના નથી. જે સંજ્ઞી પંચેન્દ્રીયની દયા પાડી શકે તેજ  અસંજ્ઞીની દયા પાડી શકે. એકેન્દ્રીય કે નિગોધના જીવની દયા પાડનાર જો ઘરના સભ્યોની જ દયા ન પાળી શકતો હોય તો તે ધમીષ્ઠ તો નથી પણ માનવ પણ નથી.

તેઓએ સ્ત્રીઓના ઉદ્ધાર માટે ઘણાંજ કાર્યો કર્યા છે. સ્ત્રીઓ પણ સ્વાલંબી બની શકે તે માટે તેઓને ગૃહઉદ્યોગો, પાપડ-વડી કરવાનું, ખાપરા કરવાનું, સીવણ-ગુથણ કરી શકે તે માટે સિલાઈ સંચાઓ અપાવ્યા, અને આજે પણ ઘણી જગ્યાએ ઘાટકોપર-અમદાવાદ-ચિંચણ આદિ ગામોમાં તેઓ માટે ગૃહઉદ્યોગો ખોલાવ્યા. અને ઘરેઘરમાં સ્ત્રીઓને લોટ-તેલ-મસાલા આદિ આપી મજુરીના ધોરણે ખાખરા, થેપલા, પાપડ વણવાનો ઉદ્યોગ ચાલી રહ્યો છે.

તેઓ જ્યાં જ્યાં વિહાર કરતા તે ગામેગામમાં દરેક બાળકોને પ્રાથમિક શિક્ષણ મળે છે તે જોતા. વૃદ્ધો માટે રાત્રિ શાળાઓ પણ ઘણી જગ્યાએ શરૂ કરાવી હતી. સ્ત્રીઓ માટે પણ શિક્ષણ વ્યવસ્થા કરાવી હતી.

આમ તેમનું સમગ્ર જીવન માનવકલ્યાણઅર્થે જ વપરાયું હતું. જ્યારે સમગ્ર પૂર્વ અને ઉત્તરભારતમાંથી વિહાર કરી બાર મહિના તેઓએ એકાંતવાસ તેમના આચારાંગ અને ગીતાની સમાનતા પરના વિચારો તેઓ કેટલા ઉચ્ચ તત્ત્વચિંતક હતા તે પુરવાર કરે છે. સાધનામાં મૌનને તેમણે પ્રાધાન્ય આવ્યું. આજે ચિંચણના દરિયાકિનારે તેમની તથા તેમના ગુરૂ શ્રી નાનચંદજી મહારાજ સાહેબની સમાધિની બાજુમાં મૌન સાધના કરવા માટે રૂમો બનાવી છે જેનો લાભ ઘણા સાધકો લે છે. તેમના વિષે જેટલું પણ બોલાય, લખાય કે ચિંતવાય તે ઓછું જ છે.

# ૩૪. વિશ્વવાત્સલ્યના આરાધક ક્રાંતદ્રષ્ટા મુનિ શ્રી સંતબાલજી

– ગુણવંત બરવાળિયા

**(અખિલ ભારતીય શ્વે. સ્થા. જૈન કોન્ફરન્સના મંત્રી, સૌરાષ્ટ્રકેસરી પ્રાણગુરુ જૈન રિસર્ચ સેંટર મુંબઈના માનદ્ સંયોજક, 'જૈનપ્રકાશ', 'કાઠિયાવાડી જૈન', 'વિશ્વવાત્સલ્ય' સાથે સંકળાયેલા, જૈનધર્મ પર ૪૦ જેટલા પુસ્તકોનું સર્જન સંપાદન કર્યું છે, સી.એ. સુધી અભ્યાસ કરીને ટેક્સટાઈલ ઈન્ડસ્ટ્રીઝમાં પ્રવૃત્ત છે.)**

સરોવર, તરૂવર, વૃક્ષો અને સંતોનું જીવન પરોપકાર અર્થે જ હોય છે એમ મુનિ સંતબાલ પીડિતો પ્રતિ કરુણાથી પ્રેરાઈ દુઃખિયાના હમદર્દ અને માર્ગ ભૂલેલાના હમરાહ બન્યા હતા. એમણે નિજી જીવનમાં નિશ્ચય અને વ્યવહારનો સમન્વય કર્યો હતો.

મુનિ સંતબાલજીનો જન્મ સૌરાષ્ટ્રમાં ટંકારાથી ચાર માઈલ દૂર ટોળ ગામમાં નાગજીભાઈ દેવજીભાઈ દોશીના ધર્મ પત્ની મોતીબહેનની કૂખે વિ.સ. ૧૯૬૦ના શ્રાવણ સુદ પૂનમ ૨૬-૮-૧૯૦૪ના દિવસે થયો.

સૌરાષ્ટ્રના આ વિસ્તારે જગતને ત્રણ મહાપુરૂષો આપ્યા. ટોળના મુનિશ્રી સંતબાલ ઉપરાંત મોરબી પાસેના વવાણિયા ગામના શ્રીમદ્ રાજચંદ્ર અને ટંકારાના સ્વામી દયાનંદ સરસ્વતી.

સંતબાલનું સંસારી નામ શિવલાલ હતું. માતુશ્રી મોતીબહેન

શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન હતા તો પિતાશ્રી નાગજીભાઈ દોશી સ્થાનકવાસી જૈન હતાં. શિવલાલને એક બહેન હતા, મણિબહેન. નાનપણમાં શિવલાલે પિતાનું છત્ર ગુમાવ્યું.

૧૮ વર્ષની વયે માતા મોતીબાએ શિવલાલના વેવિશાળ માટે વચન આપી દીધેલ. થોડા સમય પછી માતાનું અવસાન થતાં વૈરાગ્યના રંગો વધુ ઘૂંટાયા. શિવલાલે કન્યાના ઘરે જઈ વાત કરી કે, "મેં દીક્ષા લેવાનું નક્કી કર્યું છે, તમારે સંયમ માર્ગે આવવું હોય તો મારી અનુમોદના છે અને સંસારમાં રહેવું હોય તો તમારા ભાઈ તરીકે મારા તમને આશીર્વાદ છે" આમ કહી શિવલાલે વાગ્દતા દીવાળીને વીરપસલીની સાડી ઓઢાડી, દીવાળીએ પણ ભાઈનું મોં મીઠું કરાવ્યું.

દીક્ષા માટે અનુમતી મળતા શિવલાલે વિ.સ. ૧૯૮૫ના પોષ સુદ આઠમ ૧૮-૧-૧૮૨૯ના દીને મોરબીમાં સ્થાનકવાસી સંપ્રદાયના કવિવર્ય પૂ. નાનચંદ્રજી મહારાજ સાહેબ પાસે ભાગવતી દીક્ષા અંગીકાર કરી મુનિશ્રી સૌભાગ્યચંદ્રજી બન્યા.

દીક્ષા લીધા પછી જીવનની દૃષ્ટિમાં આમુલ પરિવર્તન આવ્યું. સર્વમા માતાના વાત્સલ્યનું દર્શન કરતાં "ૐ મૈયા"ને પોતાના જીવનનું સૂત્ર બનાવ્યું. જગતના તમામ સૌંદર્યને બાલભાવે નિહાળતા બાળક જેવા નિખાલસ અને નિર્દોષ સંતે "સંતબાલ"નું નામ ધારણ કર્યું.

પૂજ્ય સંતબાલે તેના જીવનકાળ દરમ્યાન ચિંતનાત્મક ધાર્મિક સાહિત્યનું સર્જન કર્યું હતું. તેમાં મહાવીરવાણી રજૂ કરતાં સૂત્રો, દશવૈકાલિક સૂત્ર, ઉત્તરાધ્યયન સૂત્ર આચારાંગ સૂત્ર, સર્વધર્મ પ્રાર્થના પીયૂષ, તત્વાર્થ સૂત્ર, સિદ્ધિનાં સોપાન, વિશ્વવાત્સલ્ય મહાવીર, બ્રહ્મચર્ય સાધના અને ધર્માનુબંધી વિશ્વદર્શનનાં ૧૦ પુસ્તકો વગેરેનો સમાવેશ થાય છે.

વૈદિક સાહિત્યમાં, સ્ફૂરણાવલી, મૃત્યુકાળનો અમૃત ખોળો,

રામાયણ, મહાભારત અને જૈનદૃષ્ટિએ ગીતાનો સમાવેશ થાય છે.

અનંતની આરાધના અને સંતબાલ પત્ર સુધા ભા-૧ અને ૨માં પત્ર સાહિત્ય સચવાયું છે આમ, બધાં મળીને સાંઠેક જેટલા પુસ્તકોમાં તેમનું ચિંતન ગ્રંથસ્થ થયું છે.

પત્રકારત્વ ક્ષેત્રે, વિશ્વવાત્સલ્ય, પ્રયોગદર્શન, નવા માનવી પાક્ષિકોનું પ્રકાશન મુનિશ્રીની પ્રેરણાથી શરૂ થયેલું.

જાહેર જીવનને કારણે સંપ્રદાયથી જુદા થયાં, પરંતુ સાધુ વેશ ન છોડ્યો અને પોતાના ગુરુદેવ સાથે અંતિમ સમય સુધી વિનયભાવે સંબંધ સાચવ્યો. ગુરુનાનચંદ્રજી મહારાજ કહેતા કે, "સંતબાલ જૈન સાધુ નહિ, જગત સાધુ છે."

જૈન પરંપરાને આધુનિક યુગના વિચારના અનુસંધાન દ્વારા આગળ ધપાવવો એ જ તેમનું કાર્ય રહ્યું. તેઓશ્રીને લાગતું કે "સામાન્ય જનમાનસમાં એવી એક છાપ છે કે જૈન ધર્મ માત્ર કર્મત્યાગ તરફ ઝોક આપતો ધર્મ છે. પરંતુ સદ્‌ભાગ્યે શ્રીમદ્ રાજચંદ્રે પોતાના ગાંધીજી જેવા સાથી દ્વારા સમાજગત સાધનાને ઝોક આપ્યો. આ વાત શ્રીમદ્‌જીના અનુરાગીજનો માનવા લાગશે ત્યારે શ્રીમદ્‌જીના નામે જેમ ભક્તિ અને જ્ઞાનધારાઓ વિકસી તેમ કર્મધારા પણ વિકસશે જ."

વિરમગામ, સાણંદ, ધોળકા અને ધંધુકાનો પ્રદેશ કે જે સૌરાષ્ટ્ર અને ગુજરાતના સીમાડા પર આવેલ છે તેને ભાલનળકાંઠાનો પ્રદેશ કહેવાય છે. ગ્રામ્ય પ્રદેશના લોકો અને ખેડૂતોના આંતર અને બાહ્ય જીવનના સુચારુ પરિવર્તન અર્થે ભાલનળકાંઠા પ્રાયોગિક સંઘની મુનિશ્રીએ સ્થાપના કરી. લોક સેવક રવિશંકર મહારાજને તેના પ્રથમ પ્રમુખ બનાવ્યા. જૈન ધર્મના માર્ગાનુસારીના પાંત્રીસ ગુણ જીવનમાં ઉતારવાની પ્રેરણા આપી, લોકોને અંધ શ્રદ્ધામાંથી સમ્યક્ શ્રદ્ધા તરફ વાળ્યા. વ્યસનમુક્તિ કરાવી, શિકાર બંધ કરાવ્યો, શોષણ અને ભ્રષ્ટાચાર સામે જેહાદ જગાવી. ગામડાઓ સ્વાવલંબી બને તેવા

કાર્યક્રમો આપ્યા, ધર્મ આધારિત સમાજ રચનાનો આદર્શ આપી રાજકરણમાં શુદ્ધિની પ્રેરણા આપી.

આજે પણ ગાંધી-વિનોબા વિચારધારા પ્રમાણે ગુજરાતમાં ગુંદી આશ્રમ, મુંબઈમાં માતૃસમાજ અને વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘ માનવતા અને ધર્મની વિવિધલક્ષી પ્રવૃત્તિઓ કરી રહેલ છે.

મુંબઈ અને ગુજરાતની ભાગોળે આવેલ, દહાણુ અને વાણગાંવ પાસેનું ગામ ચીંચણીમાં આંતરરાષ્ટ્રિય કેન્દ્ર મહાવીર નગરની સ્થાપના કરી.

સાંપ્રદાયિક વાડાબંધીથી મુક્ત જૈનધર્મને વિશ્વધર્મ બનાવવા માટે ત્યાં ચાર વિભાગની સુંદર કલ્પના આપી.

(૧) શ્રીમદ્ રાજચંદ્ર વિભાગ : સર્વધર્મ ઉપાસના અને અધ્યાત્મલક્ષી પ્રવૃત્તિઓ.

(૨) ગાંધીજી વિભાગ : સામુદાયિક અહિંસાના પ્રયોગનું સાહિત્ય અને ગાંધી વિચારધારા અંતર્ગત પ્રવૃત્તિઓ.

(૩) પૂ. નાનચંદ્રજી મહારાજ વિભાગ : જૈન સાધુ-સાધ્વીઓ માટે ઊંડા અધ્યયનની સુવિધા.

(૪) પંડિત જવાહરલાલ નહેરુ વિભાગ :- ગાંધીજી, રાજચંદ્ર, વિનોબા અને સંતબાલજીના સાત્ત્વિક અનુબંધ વિચારાધારાના સંદર્ભમાં વિદ્યાર્થી અને મુમુક્ષુઓને આંતરરાષ્ટ્રિય અધ્યયન સુવિધા.

વર્તમાને હાલ મહાવીરનગર કેન્દ્રમાં, ગૌશાળા આરાધના ભવન, સંતબાલ જીવનદર્શન પ્રદર્શન હૉલ સાધના શિબિરો માટે વ્યવસ્થા, આયુર્વેદ દવાખાનું દાંત-આંખનું દવાખાનું, અને કુદરતી ઉપચાર કેન્દ્ર છે.

સ્વાધ્યાય પરિવાર, શ્રીમદ રાજચંદ્રના સત્સંગ સ્વાધ્યાય મંડળો સર્વોદય શિબિર, જૈનોલોજીની શિબિર વ. કાર્યો થઈ રહેલ છે. ઘાટકોપર અને સીપીટેંક મુંબઈમાં માતૃસમાજ મહિલા કલ્યાણની

પ્રવૃત્તિ કરે છે. ભાલનળકાંઠા પ્રાયોગિક સંઘ ગુંદીમાં વિદ્યાલય કન્યા છાત્રાલય દવાખાનું વ. પ્રવૃત્તિઓ થઈ રહેલ છે. રાણપુરમાં ખાદી અને ઉન વણાટકામની પ્રવૃત્તિ વિશાળ પાયે થઈ રહેલ છે. આમ મુનિશ્રીની પ્રેરણાથી સ્થપાયેલ સંસ્થાઓ જનહિત અને અધ્યાત્મ પ્રવૃત્તિઓથી ધમધમે છે.

સમાજના હિતને અર્થે સમાજ સેવકો અને સંતોના સમન્વયની એક ઝંખના મુનિશ્રી સંતબાલના હૃદયમાં હતી. તેથી દારૂબંધી કરાવવા દારૂના વ્યસનમાંથી લોકોને મુક્ત કરવા, ધર્મના નામે પશુબલી-પશુવધ અટકાવવા, ગૌ વધ અટકાવી શાકાહાર તરફ લોકોને વાળવા, સર્વધર્મ સમભાવનો પ્રચાર કરવા અને અસ્પૃશ્યતા નિવારણ માટે મુનિ સંતબાલજીની પ્રેરણાથી ૧૯૭૨માં "સંત સેવક સમુદ્યમ પરિષદ"ની સ્થાપના થઈ હતી જેમાં આચાર્ય તુલસી, પૂજ્ય અમરમુનિ, સ્વામી સત્ય મિત્રાનંદગિરિ, સ્વામી ઓમકારાનંદ સરસ્વતી, પૂજ્ય આનંદઋષિ મહારાજ જેવા ભારતવર્ષના દરેક સંપ્રદાય અને ધર્મના આગેવાન વીસ સંતો જોડાયા હતા, અને દેશના અનેક આશ્રમોના આગેવાનો-વડાઓ પણ આ પરિષદના કાર્યમાં જોડાયા હતા. જેનું સંયોજન માનવમુનિએ કરેલું.

વક્તવ્ય અને કર્તવ્યને જીવનની એક રેખા પર રાખનાર આ આત્મસ્થ સંતે ૨૬-૩-૮૨ના ગુડી પડવાના દિને મુંબઈની ધરતી પર અંતિમ શ્વાસ લીધો. મુનિશ્રીના અંતિમદર્શન ઘાટકોપરના સ્થાનકવાસી ઉપાશ્રયમાં રાખવામાં આવેલ અને ત્યાં જ મોરારજીભાઈ દેસાઈના પ્રમુખસ્થાને શ્રદ્ધાંજલિ ગણાનુવાદ સભા યોજાઈ. અંતિમ સંસ્કાર ચીંચણીમાં દરિયાકિનારે થયા અને ત્યાં જ સમાધી બનાવવામાં આવી. લોકમાંગલ્યના કાર્યો કરતાં કરતાં આત્મમસ્તીમાં જીવનાર શતાવધાની ક્રાંતદૃષ્ટાને વંદના.

# ૩૫. જૈન આગમ ગ્રંથોમાં યોગનું સ્વરૂપ અને તેના પ્રભેદ : ટૂંકી ચર્ચા

— ડૉ. બળવંત જાની

**(ઉ.ગુ. હેમચંદ્રાચાર્ય યુનિ.ના પૂર્વ કુલપતિ ઑલ ઇન્ડીયા ટીસર્ચ કાઉન્સીલનાં અધ્યક્ષ, ઉત્તમ સંશોધક, લેખક અને વક્તા છે. એસ.એન.ડી.ટી. યુનિ.ના પીએચ.ડી. માટે વિઝિટીંગ ગાઈડ છે અને સૌરાષ્ટ્ર યુનિ.માં વિવિધ સેવાઓ આપે છે.)**

યોગ સંદર્ભે યશોવિજયસૂરિનું અવગાહન ભારે ઊંડું કે અગાધ છે. એમના દ્વારા ભારતીય યોગ વિચારધારાના સમન્વયાત્મક બિંદુઓનું ઊંડાણથી અને તાર્કિક રીતે વિશ્લેષણ થયું. મને યોગ સંદર્ભે ભારતીય પરંપરામાં જૈન આગમ નિર્દિષ્ટ વિમર્શાત્મક સ્વરુપ આગવું, તાર્કિક અને જીવનશૈલી સંદર્ભે અનુભવમૂલક જણાયું છે. અહીં આગમના સંદર્ભો શ્રીમદ્ રાજચંદ્રજીની વિચારણાને પણ ખપમાં લીધી છે.

જીવાત્માની મોક્ષની સાથે યુતિ કરાવે તે યોગ. અથવા તો મલિન ચિત્તવૃત્તિનો નાશ અને શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ કરાવે તે યોગ. આવી સર્વમાન્ય યોગની વ્યાખ્યાના સંદર્ભે જૈન આગમમાં વિવિધ સ્થાને મોક્ષનો માર્ગ પ્રગટ કરેલ છે. મોટેભાગે દરેક આગમમાં જીવના બંધન અથવા દુઃખ અને મુક્તિના કારણનું વર્ણન દૃષ્ટિગોચર થતું હોય છે.

જીવના બંધનના કારણ અનેક હોવા છતાં તેને સંક્ષેપમાં જ

અવલોકીએ તો બે જ કારણ - રાગ અને દ્વેષ.

रागो य दोसोऽविय कम्मबीयं कम्मंच मोहप्पभवं वयन्ति ।
कम्मं च जाइमरणस्स मूलं दुक्खं च जाइ मरणं वयन्ति ॥

ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે કે રાગ અને દ્વેષ બે જ કર્મબીજ છે અને કર્મ મોહથી ઉત્પન્ન થાય છે. કર્મ જ જન્મ અને મરણનું મૂળ છે અને તે જ સંસારચક્ર છે.

दुविहे बंधे पण्णत्ते तं जहा पेजबंधे चेव द्रोसबंधे चेव ।
जीवाणं दोहिं ठाणेहिं पावंकम्मं बंधंति तंजहा रोण चेव दोसेण चेव ॥

ઠણાંગ સૂત્રમાં પણ નિર્દેશાયેલ છે કે-

दुविहे दोसे पंन्नते तंजहा
रागो य चेव दोसो य चेव... (ઠણાંગસૂત્ર બીજું સ્થાન)

આગમને અનુવર્તીને જ શ્રીમદ્ રાજચંદ્રજીએ પણ આત્મસિદ્ધિશાસ્ત્રમાં કહ્યું છે કે-

*રાગ દ્વેષ એ અજ્ઞાન એ મુખ્ય કર્મની ગ્રંથ,*
*થાય નિવૃત્તિ જેહથી એ જ મોક્ષનો પંથ.* (આત્મસિદ્ધિ ગાથા)

આમ, બંધનના કારણોના ઉલ્લેખની સાથે મુક્તિના કારણો પણ પ્રગટ કરેલા છે. અનાદિકાળથી રાગ-દ્વેષ અને અજ્ઞાનથી મલિન થયેલો જીવ કઈ રીતે પોતાની શક્તિ પ્રગટ કરી શકે ? કઈ રીતે અજ્ઞાનનો નાશ કરે ? જે સાધકોએ અનંત શક્તિને સમજીને, અનુભવીને પ્રગટ કરી છે તેઓએ અનુભવગમ્ય માર્ગ બતાવ્યો, કે સૌથી પહેલા તો હું અનંતશક્તિનો ધારક છું, શુદ્ધ સ્વરૂપી છું, સચ્ચિદાનંદ તે મારું સ્વરૂપ છે. તે તત્ત્વની શ્રદ્ધા થવી જોઈએ. ત્યાર પછી તેનું જ્ઞાન અને અંતે તદ્‌નુસાર પ્રવૃત્તિ અને પુરુષાર્થ પ્રગટ થવા જોઈએ.

જેમકે આપણને પ્રાપ્ત શારીરિક બીમારીથી મુક્ત થવું હોય તો જે તબીબી કે વૈદ્ય-ડૉક્ટરની દવા લેવી છે તેમના પરત્વે શ્રદ્ધા હોવી જોઈએ. તેમણે આપેલ દવા કઈ રીતે લેવી તદ્ સંબંધી જ્ઞાન અને અંતે ડૉક્ટરના કથનાનુસાર દવા લેવી, પરેજી પાળવી. આ ત્રિગુણાત્મક

પ્રવૃત્તિથી જ શારીરિક બિમારી દૂર થઈ શકે છે. તે જ રીતે આધ્યાત્મિક બિમારી દૂર કરવા માટે તીર્થંકરોએ સમ્યગ્ દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચરિત્ર - આ ત્રણ ત્રિગુણાત્મક માર્ગની દેશના કરેલી છે.

**तिविहा बोधि पण्णत्ता तंजहा, काणबोधि, देसणबोधि चरित्तबोधि** । (ઠાણાંગ સૂત્ર ત્રીજું સ્થાન, સૂ. ૧૭૬)

આપણે જાણીએ છીએ બોધિ પણ ત્રણ પ્રકારની છે. જ્ઞાનબોધી, દર્શનબોધી અને ચરિત્રબોધી. કુંદકુંદાચાર્યે બોધિ શબ્દની અર્થપૂર્ણ પરિભાષા આપેલી છે. જે ઉપાયથી સદ્જ્ઞાન ઉત્પન્ન થાય તે ઉપાય, તદ્વિષયક ચિંતાને બોધિ કહે છે. (ષટ્પ્રાભૃતાદિ સંગ્રહ, પૃ. ૪૪૦, દ્વાદશાનુપ્રેક્ષા) આ પરિભાષા અનુસાર જ્ઞાનપ્રાપ્તિના ઉપાયની ચિંતા તે જ્ઞાનબોધિ; દર્શનપ્રાપ્તિના ઉપાયની ચિંતા તે દર્શનબોધિ અને ચારિત્રપ્રાપ્તિની ચિંતા તે ચારિત્રબોધિ.

**બોધિ** શબ્દ **બુધ** ધાતુથી નિષ્પન્ન થયો છે. તેનો અર્થ છે જ્ઞાન યા વિવેક. ધર્મના સંદર્ભમાં તેનો અર્થ થાય છે આત્મબોધ અથવા મોક્ષમાર્ગનો બોધ. આત્માને જાણવો-પ્રમાણવો તે સમ્યગ્જ્ઞાન. આત્માને જોવો અર્થાત્ અનુભવવો તે સમ્યગ્દર્શન અને આત્મામાં રમણ કરવું તે સમ્યક્ ચારિત્ર છે. એક જ શબ્દોમાં ત્રણેની સંજ્ઞા આત્મબોધ છે અને આ આત્મબોધ તે જ મોક્ષમાર્ગ છે. અહીં બોધિ શબ્દ આ જ અર્થમાં પ્રયુક્ત થયેલો જણાય છે.

ઉત્તરાધ્યયન સૂત્રમાં મોક્ષમાર્ગનું નિરૂપણ કરતા ૨૮મા અધ્યાયમાં કહ્યું છે-

**नाणं च्च देसणं चेव चरित्तं च तवो तहा ।**
**एस मग्गुत्ति पन्नतो जिणेहिं वरदंसिहिं ॥**

(૨૮મો અધ્યાય, ગાથા-૨)

જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ એ ચાર મોક્ષના માર્ગ છે. તપનો સમાવેશ ચારિત્રમાં થઈ શકે છે તેથી ત્રણ કે ચાર ભેદમાં

તાત્ત્વિક ભેદ દેખાતો નથી. તત્ત્વાર્થ સૂત્રમાં શ્રી ઉમાસ્વાતિજીએ પણ મોક્ષમાર્ગ વિશેની સમય પ્રગટ કરતા કહ્યું છે કે-

**सम्यग्दर्शनज्ञानचारित्राणिमोक्षमार्गः** । (અધ્યાય-૧, સૂ.-૧)

આ ત્રિરત્નની આરાધના તે જ મોક્ષનો માર્ગ છે. કેટલાક વાદીઓ જ્ઞાનની મુક્તિ માને છે. કેટલાક કેવળ ક્રિયાથી મુક્તિ માને છે, પરંતુ અનેકાંતવાદને આધારે અનેક પ્રકારે અવલોકન કરી એકાંતવાદીનું ખંડન કરી જૈનદર્શન સ્પષ્ટપણે પ્રગટ કરે છે જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ ત્રણેની યથાર્થ આરાધના અને અંતે ત્રણેની પૂર્ણતા તે જ મોક્ષમાર્ગ છે. **ज्ञानक्रियाभ्यां मोक्षः** ।

જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ એ ચારેની શું આવશ્યકતા છે તે પણ સિદ્ધાંતોમાં સ્પષ્ટ રૂપે ઉલ્લેખ કરેલ છે.

**नाणेण जाणई भावे दंसणेण य सद्दहे ।**
**चरित्तेण निगिण्हाइ तवेण परिसुज्झइ ॥**

(ઉત્ત. અધ્ય.-૨૮, ગાથા-૩૫)

જ્ઞાનથી પદાર્થને જાણે દર્શનથી શ્રદ્ધા કરે. ચારિત્રથી આવતાં કર્મોને રોકે અને તપથી પૂર્વકૃત કર્મોનો નાશ થાય છે.

આમ, સર્વાંગીણ રીતે અવલોકતા સમજાય છે કે જ્ઞાન, દર્શન અને ચારિત્ર તે મોક્ષનો માર્ગ છે. મોક્ષ તરફ ગતિ કરાવનાર પ્રત્યેક સાધનને યોગ કહે છે. યોગ તે મોક્ષપ્રાપ્તિનું સાધન છે. તેથી આગમની દૃષ્ટિએ યોગના ત્રણ ભેદ થાય છે - સમ્યગ્ જ્ઞાનયોગ, સમ્યગ્ દર્શનયોગ અને સમ્યગ્ ચારિત્રયોગ.

૧. **સમ્યગ્ જ્ઞાનયોગ** : આત્મા જ્ઞાનસ્વરૂપ છે. આચારાંગ સૂત્રમાં કહ્યું છે કે, **जे आया से विण्णाया । ज्जे विण्णया से आया** । જે આત્મા છે તે વિજ્ઞાતા છે અને જે વિજ્ઞાતા છે તે આત્મા છે. અનંત ગુણોમાં જ્ઞાનગુણ મુખ્ય છે. કારણ કે તે અનંત ગુણને પ્રકાશિત કરે છે. આમ, જ્ઞાન તે સ્વ-પર પ્રકાશિત છે. સમકિત સહિતના જ્ઞાનને સમ્યગ્જ્ઞાન કહે છે અને તે જ મોક્ષમાર્ગનું

સાધન બની રહે છે. જ્ઞાન પાંચ પ્રકારનું છે - મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ અને કેવળજ્ઞાન.

मतिश्रुतावधिमनः पर्यायकेवलानिज्ञानम् ।

तत्थ पंचविहं नाणं सुयं आभिनिबोधिय ॥

(તત્ત્વાર્થ તત્ત્વાર્થ સૂ. અધ્યા.-૧, સૂ.-૯)

ओहिनाणं तु तइयं मणनाणं च केवलं

(ઉત્ત. ૨૮મું અધ્ય., ગાથા-૩)

**૨. સમ્યગ્દર્શન દર્શનયોગ** : જે વસ્તુ જેવી છે તેને તે જ રૂપે જોવા તે સમ્યગ્ દર્શન છે. ઉમાસ્વાતિએ तत्त्वार्थश्रश्रद्धानं सम्यग्दर्शनम् । (તત્ત્વાર્થ સૂત્ર, અધ્યાય-૧, સૂ.-૨) નવ તત્ત્વોની શ્રદ્ધા તે સમ્યગ્ દર્શન. અથવા દેવ, ગુરુ અને ધર્મ તે ત્રણ તત્ત્વ પરથી શ્રદ્ધા તે સમ્યગ્દર્શન. અનાદિકાળના ભવભ્રમણનું કારણ છે જીવની ભ્રાંતિ અથવા મિથ્યાદર્શન. તેથી જ આ ભ્રમને ભાંગવો. સત્યદર્શન પ્રાપ્ત કરવું તે યોગમાર્ગમાં અત્યંત આવશ્યક છે. સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યા પછીની પ્રત્યેક ક્રિયા મોક્ષનું કારણ બની શકે છે. જિનેશ્વર પ્રરૂપિત આગમના માધ્યમથી અથવા સદ્ગુરુના નિમિત્ત પદાર્થના સ્વરૂપને જાણવું અને તેના પર શ્રદ્ધા રાખવી તે વ્યવહાર સમકિત.

सत्ता वस्तूनि सर्वाणि स्याच्छब्देन वचांत्ति च ।

चिता जगति व्याप्तानि पश्यन् सदहृष्टिरुच्यते ॥७॥

(ભટ્ટરાકશ્રી જ્ઞાનભૂષણકૃત તત્ત્વજ્ઞાન તરંગિણી, અધ્યાય-૧૨)

સમસ્ત વસ્તુ જેમ છે તેમ સત્તારૂપે, તેના વાચક સમસ્ત વચનોને અનેકાંત દૃષ્ટિએ અને વિશ્વમાં વ્યાપેલ સર્વ પદાર્થોને જ્ઞાનદૃષ્ટિએ જોનાર તે સમ્યગ્દૃષ્ટિ એ છે.

વર્તે નિજ સ્વભાવનો અનુભવ લક્ષ પ્રતીત

વૃત્તિ વહે નિજભાવમાં પરમાર્થે સમકિત.

નિશ્ચયથી સમ્યગ્દર્શનનું સ્વરૂપ સમજાવતા કહ્યું છે કે-

स्वकीये शुद्धचिद्रूपे रुचिर्या निश्चयेन तत् ।

स्वदर्शनं मनं तज्ज्ञैः वार्मेधनहुताशनं ॥८॥ (તત્ત્વજ્ઞાન તરંગિણી, અધ્યાય-૧૨)

પોતાના શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ આત્મામાં જે રુચિ થવી તેને આત્મજ્ઞાનીઓ નિશ્ચય સમ્યગ્દર્શન કહે છે. આત્મરુચિરૂપ સમ્યગ્દર્શન કર્મરૂપ કાષ્ટને બાળીને ભસ્મ કરવા અગ્નિ સમાન છે.

આમ, સાધક જ્યારે અંતર્મુખી બને છે. જડ અને ચેતનનો ભેદ કરીને ચેતનતત્ત્વ-સ્વતત્ત્વની અનુભૂતિ કરે છે, તે જ સમ્યગ્દર્શન છે. સ્વાનુભૂતિ પ્રાપ્ત કર્યા પછી જડરાગ, વિષયોની વાસના, રાગ-દ્વેષરૂપ વિકારો સ્વતઃ નાશ થતા જાય છે. તેથી સમ્યગ્દર્શનને મોક્ષનું આદ્ય સોપાન કહ્યું છે. જ્ઞાન અને ચારિત્રને સમ્યગ્ રૂપ આપનાર છે સમ્યગ્દર્શન. તેના અભાવમાં જ્ઞાન અને ચારિત્ર સમ્યગ્ રૂપને ધારણ કરી શકતા નથી.

**૩. સમ્યગ્ ચારિત્રયોગ** : તત્ત્વપર શ્રદ્ધા અને તેના જ્ઞાન પછી તે પ્રમાણેનું આચરણ તે ચારિત્ર છે. શુદ્ધ આચરણ તે ચારિત્ર છે. બૃહદ્ દ્રવ્યસંગ્રહમાં કહ્યું છે-

**असुहादो विणिवित्ति सुहे पवित्ती य जाण चारित्तं ।**
**वदसमिदिगुत्तिरुवं ववहारणयादुजिण भणियम् ॥**

અશુભ ક્રિયાથી નિવૃત્તિ અને શુભમાં પ્રવૃત્તિ તે વ્યવહાર ચારિત્ર છે. પંચમહાવ્રત પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ આદિ અનેક પ્રકારે છે.

આ જ ભાવને તત્ત્વજ્ઞાન તરંગિણીમાં બતાવે છે--

**निर्वृत्तियत्र सावद्यात् प्रवृत्तिः शुभकर्मसु ।**
**त्रयोदश प्रकारं तद्यारित्रं व्यवहारतः ॥१४॥**

(તત્ત્વજ્ઞાન તરંગિણી, અધ્યાય-૧૨)

અથવા **मूलोत्तरगुणानां यत्पालनं मुक्तये मुनेः ।**
**दश ज्ञानेन संयुक्तां तद्यारित्रं न चापरं ॥१५॥**

(તત્ત્વજ્ઞાન તરંગિણી, અધ્યાય-૧૨)

સમ્યગ્દર્શન અને જ્ઞાન સહિત જે મૂલોત્તર ગુણોનું પાલન તે

ચારિત્ર છે. તે મોક્ષનું કારણ છે. તે સિવાય બીજું ચારિત્ર નથી. આત્મદર્શન અને આત્મજ્ઞાન પછીની જે ક્રિયા થાય તેને સમ્યગ્ચારિત્ર કહે છે તે જ મોક્ષનું અંગ બની શકે છે.

ઉત્તરાધ્યયન સૂત્રમાં ચારિત્રની વ્યાખ્યા આપતા કહ્યું છે કે-

**चयरित्तकरं चारित्तं होइ आहियं ।**

સંચિત કરેલા કર્મોનો ક્ષય કરે તે ચારિત્ર.

સમ્યગ્દર્શનથી આત્માની અનુભૂતિ કરે અને તે જ અનુભૂતિમાં સ્થિર થવાનો પ્રયત્ન કરી તેમાં જ સ્થિર બની જાય અને જે આત્મરમણતા થાય તે નિશ્ચયથી ચારિત્ર છે. આત્મસિદ્ધિ શાસ્ત્રમાં શ્રીમદ્જીએ કહ્યું છે--

*વર્ધમાન સમકિત થઈ ટાળે મિથ્યાભાસ,*

*ઉદય થાય ચારિત્રનો વીતરાગ પદ વાસ...૧૪૨*

મૂળમારગમાં પણ આ રીતે કહ્યું છે-

એવો સ્થિર સ્વભાવ તે ઉપજે રે, નામ ચારિત્ર તે અણલિંગ...૮ (મૂળમારગ)

તત્ત્વજ્ઞાન તરંગિણીમાં નિશ્ચય ચારિત્રનું સ્વરૂપ પ્રગટ કરતા કહ્યું છે-

**शुद्धे स्वे वित्स्वरूपे या स्थितिरत्यन्तनिश्चला ।**

**तथारित्रं परं विद्धि निश्चयात् कर्मनाशकृत ॥१८॥** (અધ્યાય-૧૨)

**यदि चिद्रुपे शुद्धे स्थितिर्निजे भवति दृष्टिबोधबलात् ।**

**पदद्रव्यास्मरणं शुद्धनयादंगिनो वृत्तं ॥१९॥** (અધ્યાય-૧૨)

પોતાના શુદ્ધ સહજ આત્મસ્વરૂપમાં જે અત્યંત એકાગ્રપૂર્વક નિશ્ચલ સ્થિતિ તેને નિશ્ચયથી શ્રેષ્ઠ ચારિત્ર જાણો. તે જ સર્વકર્મનો નાશ કરનાર છે. સમ્યગ્દર્શન અને સમ્યગ્બોધના બળે જ્યારે નિજશુદ્ધ વિદ્રુપમાં સ્થિતિ થાય ત્યારે પરદ્રવ્યનું વિસ્મરણ થાય છે. તે જ શુદ્ધ નિશ્ચયનયથી ચારિત્ર છે. આમ, આત્મદર્શન, આત્મબોધ અને આત્મસ્થિરતા તે જ સમ્યગ્દર્શન. સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્

ચારિત્ર છે. અને ત્રણે તત્ત્વની પૂર્ણતા તે જ જીવની સંપૂર્ણ શુદ્ધ અવસ્થા. પરમોત્કૃષ્ટ સ્થિતિ છે.

'ઠાણાંગ સૂત્ર' અને 'પ્રજ્ઞાપના સૂત્ર'માં અને 'કર્મગ્રંથ'માં પણ આ પાંચ ચારિત્રનો ઉલ્લેખ છે.

(૧) **સામાયિક ચારિત્ર** : સમભાવયુક્ત ચારિત્ર તે સામાયિક ચારિત્ર. તેના બે ભેદ-ઈત્વરિક અને યાવત્કથિત.

**ઈત્વરિક** - અલ્પ સમય માટે જે સામાયિક વ્રતનું ગ્રહણ થાય તે ઈત્વરિક સામાયિક ચારિત્ર કહે છે. તે શ્રાવકોને હોય છે.

**યાવત્કથિત** - યાવજ્જીવન પર્યંત જે સામાયિક વ્રતનું ગ્રહણ કરે છે તે યાવત્કથિત સામાયિક ચારિત્ર છે. તે સાધુઓને હોય છે.

(૨) **છેદોપસ્થાપનીય ચારિત્ર** : ગ્રહણ કરેલ ચારિત્રમાં કોઈ પણ પ્રકારે દોષ લાગે તો તેના પ્રાયશ્ચિત્ત પછી તેની શુદ્ધિ માટે ફરીવાર જે ચારિત્રનું આરોપણ થાય તે છેદોપસ્થાપનીય ચારિત્ર છે. તેના બે ભેદ છે - સાતિચાર અને નિરતિચાર.

**સાતિચાર** - મહાવ્રતમાં દોષ લાગે ત્યારે પર્વની ચારિત્ર પર્યાયનો છેદ કરી પુનઃ ચારિત્ર ગ્રહણ કરાય તે સાતિચાર છેદોપસ્થાપનીય ચારિત્ર છે. અને

**નિરતિચાર** : કોઈપણ પ્રકારના દોષ ન હોવા છતાં એક તીર્થંકરના શાસનના સાધુઓ જ્યારે બિનતીર્થંકરનું શાસન પ્રવર્તમાન થાય ત્યારે બીજા તીર્થંકરના શાસનમાં પ્રવેશ કરે છે તે સમયે તેને ફરીવાર ચારિત્રનું આરોપણ કરાય તે નિરતિચાર ચારિત્ર છે.

તે ઉપરાંત પ્રભુ મહાવીરના શાસનમાં સાધક જ્યારે સંયમ અંગીકાર કરે ત્યારે તેને સામાયિક ચારિત્ર ગ્રહણ કરાવે અને ત્યારપછી જઘન્ય સાત દિવસ અને ઉત્કૃષ્ટ છ મહિને જે વડીદીક્ષા અપાય છે તે પણ નિરતિચાર છેદોપસ્થાપનીય ચારિત્ર છે.

(3) **પરિહારવિશુદ્ધ ચારિત્ર** : કર્મનો (પરિહાર) ક્ષય કરવા માટે વિશેષ પ્રકારના અભિગ્રહ સહિત તપનું અનુષ્ઠાન જેમાં થાય

છે તે પરિહારવિશુદ્ધ ચારિત્ર છે. તેમાં ૨૦ વર્ષની દીક્ષા પર્યાયવાળા નવ સાધુઓની એક ટોળી એક સાથે આ પ્રકારના અનુષ્ઠાન માટે સાથે નીકળે છે. તેમાંથી ચાર સાધુ તપસ્યા કરે; ચાર સાધુ તેની સેવા કરે અને એક વાચનાચાર્ય હોય. તપશ્ચર્યામાં ઉનાળામાં એક ઉપવાસ, શિયાળામાં બે ઉપવાસ અને ચોમાસામાં ત્રણ ઉપવાસ ને પારણે ત્રણ ઉપવાસ કરે. પારણામાં આયંબિલ કરે. આ રીતે છ મહિના સુધી આરાધના કરે. ત્યારપછી છ મહિના સેવા કરનાર સાધુઓ તપશ્ચર્યા કરે. તપશ્ચર્યા કરનાર સેવા કરે અને છેલ્લે છ મહિના વાંચનાકાર્ય તપશ્ચર્યા કરે. સેવા કરનાર અને વાચનાચાર્ય પ્રતિદિન આયંબિલ કરે. આ રીતે ૧૮ મહિનાનો કલ્પ પૂર્ણ કરે છે. પછી ફરી પોતાના કલ્પમાં આવી જાય અથવા જીનકલ્પ અંગીકાર કરે છે. આ પ્રકારનું ચારિત્ર તીર્થંકરના શિષ્યો અને તેના શિષ્યો તેમ બે પેઢી સુધીના સાધુઓ જ ગ્રહણ કરે છે.

**(૪) સૂક્ષ્મ સંપરાય ચારિત્ર :** જે ચારિત્રમાં કષાયની માત્ર સૂક્ષ્મ જ શેષ રહી છે. અર્થાત્ મોહનીય કર્મની બધી જ પ્રકૃતિનો નાશ થાય અને સજવલનનો લોભ એક જ શેષ રહે તે સૂક્ષ્મસંપરાય ચારિત્ર છે. તેના પણ સંપરાય સંકિલશ્યમાન અને વર્ધમાન બે ભેદા્ છે.

સૂક્ષ્મ સંપરાય ચારિત્ર દશમાં ગુણસ્થાનકે પ્રાપ્ત થાય છે. જ્યારે નવમા ગુણસ્થાન ઉપર ચઢતાં દશમું ગુણ આવે ત્યારે તે જીવના પરિણામ વર્ધમાન છે અને અગિયારમાં ગુણથી પડતાં જીવને દશમું ગુણ આવે ત્યારે તેના પરિણામ સંક્લિશ્યમાન હોય છે. આના આધારે સૂક્ષ્મસંપરાય ચારિત્રના બે ભેદ છે. આ ચારિત્ર વીતરાગદશાની યથાખ્યાત ચારિત્રની એકદમ નિકટની અવસ્થા છે.

**(૫) યથાખ્યાત ચારિત્ર :** अकसायमहकखायं કષાય રહિતનું ચારિત્ર તે યથાખ્યાત ચારિત્ર છે. તેના બે બેદ છે - છદ્મસ્ય અને કેવળી. ૧૧, ૧૨, ૧૩, ૧૪મા ગુણસ્થાને યથાખ્યાત ચારિત્ર હોય

છે. તેમાં ૧૧, ૧૨મા ગુણ છદ્મસ્થ અવસ્થા હોય છે અને ૧૩, ૧૪માં ગુણ વીતરાગ અવસ્થા હોય છે. સંપૂર્ણ રૂપે સ્વરૂપ રમણતા અહીં પ્રાપ્ત થાય છે. તે જ નિશ્ચયચારિત્ર છે. પૂર્વેના ચાર પૂર્ણતાની પ્રાપ્તિ માટેનો અભ્યાસ છે.

એક દૃષ્ટિએ પાંચ ચારિત્ર સામાયિક રૂપ-સમભાવરૂપ છે. તેમ છતાં કંઈક ક્રિયાની તરતમતા અને કષાયની તરતમતાના આધારે તેના પાંચ ભેદ કરેલા. કૃપાળુ દેવ શ્રીમદ્ રાજચંદ્રપણા વિભાવનાનીજ પ્રસ્થાપના કરતા જણાયા છે. આ રીતે-

જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ રત્નત્રયની પૂર્ણતા એટલે જીવને પૂર્ણ અવસ્થા પ્રાપ્ત થઈ ગણાય.

*તે ત્રણે અભેદ પરિણામથી રે, જ્યારે વર્તે તે આત્મારૂપ....મૂળ*
*તેહ મારગ જિનનો પામિયા રે, કિંવા પામ્યો તે નિજસ્વરૂપ...મૂળ*

મૂળ માર્ગમાં શ્રીમદ્ રાજચંદ્રે રત્નત્રયની અભેદતાને જ જિનસ્વરૂપની પ્રાપ્તિ કહી છે. 'આત્મસિદ્ધિશાસ્ત્ર'માં પણ કેવળજ્ઞાનનું સ્વરૂપ પ્રગટ કરતા તેમણે ગાયું છે કે-

*'કેવળ નિજ સ્વભાવનું અખંડ વર્તે જ્ઞાન,*
*કહીએ કેવળજ્ઞાન તે દેહ છતાં નિર્વાણ.'* (આત્મસિદ્ધિ શાસ્ત્ર)

આત્મસ્વરૂપનું અખંડજ્ઞાન તે જ કેવળજ્ઞાન. આ સ્થિતિએ જ આત્મનું પૂર્ણતા સાથે અનુસંધાન થાય. પરભાવનો, મલિન ચિત્તવૃત્તિનો સંપૂર્ણપણે નિરોધ થાય અને આત્મા પરમયોગને પ્રાપ્ત કરે છે.

યોગનો અભ્યાસ જીવન જીવવાની કળા છે. જૈન આગમમાંથી ભારે અર્થપૂર્ણ એવું યોગનું સ્વરૂપ તથા એના ભેદ-પ્રભેદનો પરિચય પ્રાપ્ત થાય છે. યોગના અને એના ભેદ-પ્રભેદ દ્વારા સમજાય છે કે, જીવનના આચાર-વિચાર સંસ્કારિત બને, આહાર-વિહાર-નિહાર સંયમિત બને છે. વૃત્તિ અંતરમુખી બને. તેથી પશ્ચિમના દેશોમાં ભૌતિક સંપત્તિ ભરપૂર માત્રામાં હોવા છતાં શાંતિ પ્રાપ્ત કરવા યોગ તરફ વળી રહ્યા છે. આપણે આ પ્રાચીન વિચારધારાના શાશ્વત રૂપને અનુસરીએ.

# ૩૬. જૈન શાસન ભારતી મહત્તરા સાધ્વીશ્રી મૃગાવતીશ્રીજી મહારાજ

- ડો. કલાબેન શાહ

**(ડો. કલાબહેન મુંબઈ યુનિવર્સિટીના જૈનધર્મ અને ફીલોસોફી વિભાગ માટે નિયુક્ત ગાઈડ છે તેમના ધર્મ તત્ત્વજ્ઞાન અને અધ્યાત્મ વિષયક ઘણાં પુસ્તકો પ્રગટ થયાં છે. જૈન ધર્મ વિષયક લેખો લખે છે.)**

મહિમામયી, મમતામયી, મૈત્રીમયી, સમતામયી, ક્ષમતામયી, મહત્તરા મૃગાવતી એટલે નારી જાતિનું ગૌરવ. શ્રમણ સંસ્કૃતિના અમર ગાયિકા મહતરા મહા સાધ્વી મૃગાવતી મહારાજ ભગવાન મહાવીરની પરંપરામાં યશસ્વી સાધ્વી થઈ ગયા છે. વલ્લભસ્મારકના રૂપમાં જે પુણ્યતીર્થ એમણે સમાજને આપેલ છે તે યુગો સુધી એમની દૂરદર્શિતાની પ્રતીતિ કરાવે છે. તેઓ મૂર્તિપૂજક સમાજનું પ્રતિનિધિત્વ કરતા હતાં પરંતુ એમના કાર્યો, અમનો ઉપદેશ અને એમનો વ્યવહાર સર્વને માટે હતા.

મૃગાવતીજી પૂર્ણરૂપે જૈનધર્મ અને જૈન તત્ત્વજ્ઞાનને સમર્પિત હતા. પ્રભુ મહાવીરની પ્રથમ સાધ્વી સંઘની નાયિકા સંદનબાલાની શિષ્યા સાધ્વી મૃગાવતી હતા. એ આદર્શ અને આરાધનાને સાર્થક કરનાર મહત્તરાજી મૃગાવતીજીનું વ્યક્તિત્વ એક ઐતિહાસિક ક્રાન્તિદર્શી અને સુવર્ણસંપન્ન વ્યક્તિત્વ હતું. એમની સિદ્ધિઓ સમાજના માનસમાં એક કીર્તિમંદિરના રૂપમાં ચિરસ્થાયી થઈ ગઈ છે.

મૃગાવતીશ્રીજીએ એક સાધ્વી મહારાજ હોવા છતાં પોતાના ૬૧ વર્ષના જીવનકાળ દરમ્યાન મોટાં મોટાં કાર્યો કર્યા હતાં. શુદ્ધ ચારિત્રપાલન, અનન્ય પ્રભુભક્તિ, દૃઢ આત્મવિશ્વાસ અને પરમ ગુરુભક્તિ ઉપરાંત વ્યવહારિક અને આધ્યાત્મિક સદ્‌ગુણોનો સમન્વય એમનામાં હતો.

જ્ઞાનસંપન્નતા : મૃગાવતીજીના ગુરુણી પૂજ્ય શીલવતીજી વિનમ્ર અને વાત્સલ્યની મૂર્તિ હતા. પોતાના પુત્રી સાધ્વી-શિષ્યા મૃગાવતીજીને જ્ઞાન અને ચારિત્રની આરાધનમાં સજ્જ કરી, આત્મસાધનાના ઉજ્જ્વળ પંથ તરફ દોરી જવાની તેમની ભાવના હતી. મૃગાવતીની તેજસ્વીતા અને બુદ્ધિગ્રાહયાત જોઈને એમના જેવા સાધ્વીજીને માટે જ્ઞાનસંપન્ન કરવાની વ્યવસ્થા કરવાનું પૂજ્ય વલ્લભસૂરિજી, પૂજ્ય સમુદ્રસૂરિજી અને પૂજ્ય શીલવતીશ્રીજી અને સંઘના શ્રેષ્ઠીઓએ વિચાર્યું અને તે માટે તેમને માટે અમદાવાદમાં વ્યવસ્થા કરવામાં આવી. અમદાવાદમાં ત્રણ વર્ષના સમયગાળામાં મૃગાવતીશ્રીજીએ વિવિધ પંડિતોની પાસે ભાષા, વ્યાકરણ, કોશ, આગમગ્રંથો અને પૂર્વાચાર્યોના અન્ય મહાનગ્રંથોનું અધ્યયન કર્યું. પરિણામે મૃગાવતીજીની વિદ્યાપ્રતિભા વિશેષરૂપ ખીલી ઊઠી.

આગમજ્ઞાન : મૃગાવતીજીને માત્ર ૪૫ આગમોનું જ્ઞાન જ ન હતું પરંતુ ૪૫ આગમોના પોતે આકારરૂપ હતા.

વ્યાખ્યાતા : મહત્તરા મૃગાવતીજીને પૂજ્ય વલ્લભસૂરિજીએ વ્યાખ્યાન આપવાની અનુમતિ આપી. તેથી તેમની વ્યાખ્યાનશક્તિ સોળે કળાએ ખીલી ઉઠી. મૃગાવતીજીએ વ્યાખ્યાન આપવા માટે ગુજરાતી અને હિન્દી એમ બન્ને ભાષા પર પ્રભુત્વ મેળવી લીધું. તેમની શાસ્ત્રઅંગ હૃદયના ઊંડાણમાંથી નીકળતી વાણીએ શ્રોતાઓના મન પર ઊંડી અસર પાડી હતી.

વિહાર : મૃગાવતીશ્રીજીએ લગભગ ૬૦ હજાર માઈલ જેટલો વિહાર ભારતના વિવિધ પ્રદેશોમાં કર્યો હતો. તેમાં ખાસ કરીને

પોતાની શિષ્યાઓ સાથે ગુજરાત, મહારાષ્ટ્ર, કર્ણાટક, બિહાર, બંગાળ, ઉત્તરપ્રદેશ, દિલ્હી, પંજાબ, હિમાચલ પ્રદેશમાં વિહાર કરીને ધર્મની પ્રભાવના કરી હતી. તેમણે સંવત ૨૦૦૯માં કલકત્તા શાંતિનિકેતનમાં સર્વધર્મ પરિષદમાં જૈન ધર્મના પ્રતિનિધિ તરીકે ભાગ લીધો હતો. સંવત ૨૦૧૦માં પાવાપૂરીમાં ભારત સેવક સમાજ તરફથી યોજાયેલી શિબિરમાં તેમણે ભાગ લીધો હતો. સંવત ૨૦૧૬માં લુધિયાણામાં જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું ૨૧મું અધિવેશન યોજાયું હતું તેમાં મૃગાવતીજીના વ્યાખ્યાનોથી પ્રેરાઈને "વિજય વલ્લભ સ્કૂલ" માટે અનેક બેનોએ પોતાનાં ઘરેણાં ઉતારી આપ્યા હતા. આશરે ૩૭૦૦ વિદ્યાર્થીઓની લુધિયાણાની આ શાળા મૃગાવતીજીની પ્રેરણાનું પરિણામ છે. એમની પ્રેરણાથી વિવિધ સ્મારકોના નિર્માણ થયાં છે. અંબાલામાં 'વલ્લભવિહાર', જરિયા, લહેરા વગેરે સ્થળોએ જિનાલય, ઉપાશ્રય, ગુરુમંદિર, કીર્તિસ્તંભ, હૉસ્પિટલ, હાઈસ્કૂલો વગેરે. તે ઉપરાંત 'ભોગીલાલ લહેરચંદ જૈન એકેડેમી ઑફ ઈન્ડોલૉજીકલ સ્ટડીઝ'ની સ્થાપના પણ તેમની પ્રેરણાનું પરિણત ફળ છે.

ઉદારદૃષ્ટા : આધ્યાત્મિક માર્ગના યાત્રીઓ ભેદ - પ્રભેદથી અલિપ્ત રહે છે. મૃગાવતીજી સૌરાષ્ટ્રના વતની હતા. પૂજ્ય આત્મારામજી મહારાજ પંજાબના વતની હતી. પણ જ્યારે તેઓ ગુજરાતમાં વિચર્યા ત્યારે ગુજરાતના થઈ ગયા. પૂજ્યવલ્લભસૂરિ વડોદરાના હતા છતાં તેઓની આત્મીયતા પંજાબીઓ સાથે વધારે હતી અને પોતાના ગુરુવર્યોની જેમ મૃગાવતીજીએ પંજાબ અને દિલ્હીને પોતાના બનાવી દીધા હતા. પોતાની ચારેય શિષ્ય સુજયેષ્ઠા, સુવ્રતા, સુયશા અને સુપ્રજ્ઞા જુદા જુદા પ્રદેશના હતા. ભાષા-પ્રદેશના બધાં જ ભેદો તેમનામાં એકરૂપ થઈ ગયા હતા.

મૃગાવતીશ્રીજી સાંપ્રદાયિક સંકુચિતતાથી પર હતા. તેઓ પૂજ્ય આત્મારામજી તથા વિજય વલ્લભસૂરિ સંપ્રદાયના હતા પરંતુ દક્ષિણ ભારતના તેમના વિહાર દરમ્યાન તેઓ દિગમ્બર તીર્થ મૂળબદ્રિની

યાત્રાએ ગયા હતા. એટલું જ નહીં પણ એ તીર્થના ઉદ્ધાર માટે લોકોને ઉપદેશ આપ્યો હતો. તેઓના હૃદયની ઉદારતા અને વિશાળતા એવી હતી કે તેઓ મૂર્તિપૂજક ફીરકાના હોવાં છતાં સ્થાનકવાસી અને તેરાપંથી સ્થાનકોના કાર્યક્રમોમાં તેઓ હાજરી આપતા હતા. ચંદીગઢમાં હતા ત્યારે દિગમ્બરોના ઉપાશ્રયમાં રહી ચાતુર્માસ કર્યું હતું એટલું જ નહિ પણ દિગમ્બરોને એમની વિધિ પ્રમાણે પર્યુષણ પર્વની આરાધના કરાવી હતી. વિશાળ હૃદયા મૃગાવતીશ્રી ગચ્છોની બાબતમાં પણ ઉદાર દૃષ્ટિકોણ રાખતાં હતા. પોતે તપગચ્છના હતા પણ ખરતરગચ્છા અચલગચ્છના ધાર્મિક પ્રસંગો તથા શિબિરોમાં જાતે હાજરી આપતાં.

અદ્‌ભુત સ્મરણશક્તિ : મૃગાવતીજીની એક ખાસ વિશેષતા એ હતી કે તેમની સ્મરણશક્તિ ગજબની હતી. એમને લગભગ ૬૦ હજાર જેટલી ગાથાઓ કંઠસ્થ હતી. તે ઉપરાંત તેઓ પોતાને મળતા બધાંને તેમના નામથી ઓળખતા હતા. લુધિયાણા, જલંધર, અંબાલા, ચંદીગઢ, વગેરે નગરોના વિહાર દરમ્યાન અનેક જૈન કુટુંબો સાથે પૂજ્ય મૃગાવતીજીનો ગાઢ સંપર્ક રહ્યો હતો. તે બધાને તેઓ નામથી જ બોલાવતા. આ કારણે લોકો તેમની સાથે આત્મીયતાનો અનુભવ કરતા અને તેથી જાહેર કાર્યોમાં તેમને ધાર્યા કરતાં ઘણી વધારે સફળતા મળતી અને લોકો તેમના સાન્નિધ્યમાં શાંતિનો અનુભળ કરતા. આવો એમના પવિત્ર જીવનનો પ્રભાવ હતો.

એક ભગીરથ કાર્ય : મૃગાવતીએ એક ભગીરથ કાર્ય કર્યું હતું અન તે એ કે આચાર્ય ભગવંતોની પ્રેરણા અને સહકારથી પાકિસ્તાનના ગુજરાનવાલામાં અને અન્યત્ર જૈન જ્ઞાનભંડારોમાં કેટલીય હસ્તપ્રતો રહી ગઈ હતી. પાકિસ્તાનની સરકાર પાસેથી એમાંથી છ હજાર હસ્તપ્રતો મૃગાવતીજીએ પાછી મેળવી હતી. તે ઉપરાંત પાકિસ્તાનમાં આવેલા પૂજ્ય આત્મારામજીના સમાધિમંદિરમાં જવાની પરવાનગી ગુજરાનવાલાના ઉચ્ચ અધિકારીઓ સુધી વાત પહોંચાડીને મૃગાવતીજીએ

મેળવી હતી. જૈન અને જૈનેતર ધારાસભ્યો, અમલદારો વગેરે તેમનું કાર્ય કરવા તત્પર રહેતા હતા.

વિજયવલ્લભ સ્મારક : પરમપૂજ્ય વિજય વલ્લભસૂરિજીના સ્મારકની જવાબદારી મૃગાવતીજી પર હતી. ગુરુની આજ્ઞા થતાં તેઓ ઉગ્ર વિહાર કરી દિલ્હી પહોંચ્યા અને દિલ્હીથી ૧૮-૨૦ કિલોમીટર દૂર હાઈવે પર આવેલી વિશાળ રમણીય જગ્યા ભવ્ય સ્મારક માટે પસંદ કરવામાં આવી. પૂજ્ય મૃગાવતીજીની લબ્ધિ એ છે કે તેમની નિશ્રામાં બે કરોડથી વધુ રૂપિયા દાનમાં ભેગા થઈ ગયાં.

વલ્લભ સ્મારક એ મૃગાવતીજીના કર્મઠ જીવનની એક શ્રેષ્ઠ ઉપલબ્ધિ છે. ત્યાંની ભૂમિના કણેકણમાં, ભવન અને ખંડમાં મૂર્તિ અને સર્વમાં એમની આધ્યાત્મિક સાધના અને કાર્યકુશળતાના દર્શન થાય છે.

ખાદીધારી : મૃગાવતીજી શ્વેત શુભ્ર ખાદી પહેરતા હતા. એમની સાદાઈ અને સરળતામાં એમની તપસ્યા અને સાધનાનું વણાટ હતું. તેઓ જૈન સાધ્વીના કઠિન વ્રતો અનાયાસ રીતે પાળતાં હતા અને એમની શિષ્યાઓને પણ એમની એ જ પ્રેરણા હતી. એમના સ્વભામાં સહજ મૃદુતા, ઊંડાણ અને માનવતાનાં દર્શન થતાં હતા. તેઓ વિદૂષી હતા. એમની વિદ્વત્તામાં કોઈ આડંબર ન હતો. ચિંતકો, કલાકારો અને ભારતીય પરંપરા માટે એમના હૃદયમાં વિશેષ માન હતું.

વિવિધ સંસ્થા નિર્માણ : ધર્મજ્ઞાન અને સંસ્કારની સંસ્થા, વ્યક્તિના ઉદ્ધારની સંસ્થા એટલું જ નહિ તેઓ પોતે સ્વંય એક સંસ્થારૂપે હતા. મહત્તરા મૃગાવતીજીની પ્રેરણાથી અનેક કાર્યો થયાં હતા અને અનેક સંસ્થાઓની સ્થાપના થઈ હતી. તેમની પ્રેરણા અને નિશ્રામાં જિનમંદિરોનું નિર્માણ, જીર્ણોદ્ધાર અને પ્રતિષ્ઠા થયા હતા. તેમાં લુધિયાણા, કાંગડા, ચંદીગઢ, માલેરકોટલા, સરધના, અંબાલા

અને રોપડ, રાયકોટ, દિલ્હી, દહાણું, મુંબઈ, મૈસુર, સરધાર વગેરે મુખ્ય છે.

મહત્તરાજીની પ્રેરણાથી અને નિશ્રામાં ગુરુભક્તિના કાર્યો સંપન્ન થયા હતા. તેના નામો અંબાલામાં 'વલ્લભવિહાર સમાધિ' ગુરુધામ બહરામાં કીર્તિસ્તંભનું નિર્માણ ગુરુધામ બહરા સ્થાયી કોષની સ્થાપના વગેરે છે.

મહત્તરાજીના ઉપદેશ અને સાન્નિધ્યમાં શિક્ષણસંસ્થાઓનું નિર્માણ નીચે પ્રમાણે થયાં છે.

લુધિયાણામાં 'શ્રી આત્માનંદ જૈન હાઈસ્કૂલ' અંબાલામાં શ્રી આત્મવલ્લભની જૈન એજ્યુકેશનલ ફાઉન્ડેશનની સ્થાપના, 'શ્રી આત્મવલ્લભ શીલવતી વિદ્યાર્થી સહાયતા કોશ' અંબાલામાં (૧) એસ.એ. જૈન હાઈસ્કૂલ (૨) મિડલ સ્કૂલ (૩) કન્યા વિદ્યાલય (૪) શિશુ વિદ્યાલય. બૅંગ્લોરમાં રત્ના કૉલેજ, સિદવન કૉલેજ, હાઈસ્કૂલ, મૂડબિદ્રીમાં પબ્લીક સ્કૂલ, મહાવીર જૈન વિદ્યાલય મુંબઈ વગેરેમાં આર્થિક યોગદાન.

લાઈબ્રેરીઓ તથા વિવિધ ટ્રસ્ટોની સ્થાપના અંધ વિદ્યાલયોને સહાય, લુધિયાણામાં ભવ્ય હૉસ્પિટલ, જૈનનગર (મુંબઈમાં) દિલ્હીમાં હાઉસિંગ સોસાયટીની સ્થાપના દવાખાનાઓ માટે આર્થિક યોગદાન જેવા સામાજિક તથા શૈક્ષણિક કાર્યો તેમની પ્રેરણાથી થયા હતાં. મહત્તરા મૃગાવતીજીના ઉપદેશથી સોહન વિજય પ્રિન્ટીંગ પ્રેસની સ્થાપના તથા ઉદ્યોગ કેન્દ્રની સ્થાપના કરવામાં આવી હતી. વિવિધ સ્થળોમાં તીર્થધામોમાં તેના વિકાસમાં મહત્ત્વનું યોગદાન થયું હતું. મૃગાવતીજીએ જીવદયાના કાર્યોમાં માંડલ, રાધનપુર, બીકાનેર વગેરેમાં પાંજરાપોળ તથા ગૌશાળાઓ માટે આર્થિક સહાયતા કરવામાં આવી.

મહત્તરા મૃગાવતીના ઉપદેશથી પંજાબમાં સામાજિક કુરૂઢિઓ કુપ્રથાઓ, દહેજ, ફેશન પરસ્તી વિરૂદ્ધ આંદોલનો થયા. તેમની નિશ્રામાં વિવિધ મંડળો, શિક્ષણ શિબિરો અને નેત્રયજ્ઞોના આયોજનો

થયા હતા અને વિવિધ ટ્રસ્ટોની સ્થાપના પણ કરી હતી.

મહાન મહત્તરા મૃગાવતીજીને 'જૈનભારતી' તથા 'તીર્થોદ્ધારિકા' પદવી આપવામાં આવી હતી. મૃગાવતીના જીવનની એક નોંધપાત્ર વિશેષતા એ હતી કે તેઓ પોતે ક્યારેય કોઈ રાજનેતાઓની પાસે જવાનો પ્રયત્ન કર્યો નથી પણ રાજનેતાઓ સ્વયં તેમની પાસે આવતા હતા.

મહત્તરા મૃગાવતીજીનું ભાષાજ્ઞાન વિશાળ હતું. તેઓ પ્રાકૃત, અર્ધમાગધી, પાલિ, સંસ્કૃત, ગુજરાતી તથા હિંદી પર પ્રભુત્વ અને ઉર્દૂ, બંગાળી, પંજાબી, મારવાડી, અંગ્રેજી અને અન્ય ભાષાઓનું સારૂં જ્ઞાન ધરાવતા હતા.

મહત્તરા મૃગાવતીજીની તમામ સત્પ્રવૃત્તિઓનું મૂળશક્તિસ્રોત હતું. વીતરાગ પ્રભુના પ્રત્યે અદ્ભુત શ્રદ્ધા, અનુપમ આરાધના, જ્ઞાન અને ચારિત્રની રોમ રોમમાં વણાઈ ચૂકેલી સાધનાનું આ પરિણામ હતું.

ભારતના ગાર્ગી અને મૈત્રેયી જેવી ગંભીર જ્ઞાન ગરિમા તથા સહજોબાઈ અને મુક્તાબાઈ જેવી ગુરુભક્તિની સંપદા તેમની પાસે હતી. તેમની પાસે સત્યની, તેના આચરણની અને પંચ મહાવ્રતોની અખૂટ દોલત હતી. આ દોલતને તેમણે દુનિયામાં ખુલ્લે હાથે વ્હેંચી અને લૂંટાવી. સમાજ પાસેથી તેમણે જે કાંઈ મેળવ્યું તું તેને હજારગણું કરી સમાજને પાછું વાળ્યું.

# જ્ઞાનસત્ર-૫ નો પરિપત્ર

અર્હમ સ્પીરીચ્યુઅલ સેંટર-મુંબઈ સંચાલિત સૌરાષ્ટ્ર કેસરી પ્રાણગુરુ જૈન ફિલોસોફિકલ એન્ડ લિટરરી રીસર્ચ સેંટર દ્વારા ગુણવંત બરવાળિયા સંયોજિત**જૈન સાહિત્ય જ્ઞાનસત્ર-૫**નું આયોજન કરવામાં આવેલ છે.

મુનિશ્રી સંતબાલજી પ્રેરિત મહાવીરનગર આંતરરાષ્ટ્રીય કેન્દ્ર ચીંચણી વાયા બોઈસર જીલ્લો થાણા મુકામે તા. ૨૧ અને ૨૨ માર્ચ ૨૦૦૯ શનિવાર-રવિવારના આચાર્ય પૂજ્ય **શ્રી પ્રદ્યુમ્નસુરિ મ.સા.**, અજરામર સંપ્રદાયના પૂજ્ય **શ્રી ભાસ્કરજી સ્વામી** આદિ સંતો-સતીજીઓની પાવન નિશ્રામાં યોજાનારા આ જ્ઞાનસત્રનું પ્રમુખ સ્થાન પદ્મશ્રી **ડૉ. કુમારપાળ દેસાઈ** શોભાવશે.

વિદ્વાન લેખકો અને સંશોધકો માટે જ્ઞાનસત્રના વિષયો...

(૧) સાંપ્રત વિશ્વની સમસ્યાઓના સમાધાન માટે જૈન ધર્મના સિદ્ધાંતોનું યોગદાન ● અહિંસાની પ્રભાવકતા ● પર્યાવરણની સમસ્યાના ઉકેલમાં જૈનધર્મનું યોગદાન ● સાંપ્રત આર્થિક મંદિની સમસ્યામાં જૈનધર્મની વાણિજ્ય દૃષ્ટિનું મહત્ત્વ. ● વર્તમાન જીવનમાં જૈન મૂલ્યોની આવશ્યકતા

(૨) મહાત્મા ગાંધીજી, આચાર્ય વિનોબાજી અને મુનિશ્રી સંતબાલજીના સર્વધર્મ સમભાવ તથા સર્વધર્મ ઉપાસના વિશેના વિચારો

(૩) પ્રભાવક જૈન પ્રતિભાઓ જ્ઞાનસત્ર-૪માં રજૂ થયેલા નિબંધોનો સંગ્રહ જ્ઞાનધારા-૪નું આ પ્રસંગે વિમોચન થશે.

જ્ઞાનસત્રમાં આપ જે વિષય પર નિબંધ કે શોધપત્ર રજૂ કરવાના હોય તે પાંચ થી ૬ ફૂલસ્કેપ કાગળ પર એક બાજુએ લખી અથવા ત્રણથી ચાર ફૂલસ્કેપ કાગળ પર ટાઇપ કરી તા. ૧૫-૩-૨૦૦૯ સુધીમાં મોકલી આપવાનો રહેશે. નિબંધના મુદ્દાઓ ૧૦ મિનીટમાં રજૂ કરવાના રહેશે. આપનો સ્વીકૃતિ પત્ર-પરિચય તથા નિબંધનો વિષય તા. ૧૦-૩-૨૦૦૯ સુધીમાં મળ્યેથી આપને વિગતવાર આમંત્રણ પત્રિકા પાઠવશું.

**સંપર્ક સૂત્રઃ સંયોજક : ગુણવંત બરવાળિયા** – ૬૦૧, સ્મિત એપાર્ટમેન્ટ,
ઉપાશ્રય લેન, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૭.
ફોનઃ ૦૨૨-૨૫૦૧૦૬૫૮ (મો) ૯૮૨૦૨૧૫૫૪૨
● gunvant.barvalia@gmail.com

અહિંસા પરમો ધર્મ     શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથાય નમઃ     જીવો અને જીવવા દો

# શ્રી પાર્શ્વભક્તિધામ – તણસા

**સમાજ – ટ્રસ્ટો – સંઘો – સંસ્થાના સભ્યો તેમ જ જીવદયા ધર્મપ્રેમી ભાઈ-બહેનો જોગ...**

**તણસાથી લી. શ્રી પાર્શ્વભક્તિ ધામના જય જિનેન્દ્ર સ્વીકારશો...**

પ્રણામ સાથે લખવાનું કે, ભાવનગર-તળાજા રોડ ઉપર તણસા નજીક આવેલા પાર્શ્વભક્તિધામમાં **પ.પૂ.આ. ભક્તિસૂરિશ્વરજી મ.સા.**ના શિષ્ય **પ.પૂ.પન્યાસ કનકવિજય ગણીવર**ના શિષ્ય સૌરાષ્ટ્ર પંથકના દાદા **પ.પૂ.આ. મહારાજ શ્રીમદ્ વિજય રૂચકચંદ્રસૂરિશ્વરજી મ.સા.**ના ઉપદેશથી દિહોર નિવાસી **શાહ મહેન્દ્રભાઈ વલ્લભદાસ જીવણલાલ પરિવારે** સ્વદ્રવ્યથી **શ્રી પાર્શ્વભક્તિધામ** નામનું તિર્થ નિર્માણ કરેલ છે. તેમાં **શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિન મંદિર-ઉપાશ્રય-ધર્મશાળા-પારસ-પ્રણવ ભોજનશાળા**ની યોગ્ય સગવડતા સાથે આવનાર યાત્રાળુ માટે કાયમી ભાતાની પણ સુંદર વ્યવસ્થા રાખવામાં આવેલ છે. વિશેષમાં પંખી માટે સુંદર એવું **હર્ષા પંખીઘર**નું પણ નિર્માણ કરેલ છે. તેમાં આજુ-બાજુ અને દૂરદૂરથી હજારો કબૂતરો આવે છે. તેઓની ભૂખની તૃપ્તી માટે દરરોજ **૧૦૦ કિલો જુવાર** ચણરૂપે વાપરવામાં આવે છે. હજુ પણ વિશેષ જરૂરિયાત હોવાથી આપ જીવદયા પ્રેમી છો, તો આ મુંગા-અબોલ નિર્દોષ જીવો વતી આપને અમારી નમ્ર અપીલ છે કે અમારા આ કાર્યમાં આપ પણ સહભાગી બની ફૂલ નહીં તો ફૂલની પાંખડી રૂપે કંઈક સારી રકમ મોકલવા યોગ્ય કરશો. તેવી મુંગા જીવો વતી હાર્દિક અપીલ સાથે ધર્મપ્રેમી ભાઈઓ આમાં લાભ લેવાનું ચૂકશો નહીં.

પર્યુષણ, બેસતું વર્ષ, જન્માષ્ટમી, જન્મ દિવસ, લગ્ન પ્રસંગો નિમિત્તે અબોલ નિર્દોષ મુંગા કબુતરોને યાદ કરી સારી રકમ આપી જીવદયાનું અનેરું પુણ્ય પ્રાપ્ત કરશોજી.

આપના સ્નેહીજનોના મૃત્યુ પ્રસંગે પારેવાની જુવાર માટે જે રકમ થાય તે રકમ અમારા સંઘને અર્પિત કરી જીવદયાનું પુણ્ય કમાશોજી.

ચેક અથવા રોકડ રકમ 'શ્રી પાર્શ્વભક્તિધામ જૈન ધાર્મિક ટ્રસ્ટ'ના નામે નીચેના સરનામે મોકલવા નમ્ર વિનંતી.

**શ્રી પાર્શ્વભક્તિધામ – તણસા**
ભાવનગર-તળાજા રોડ,
મુ. તણસા, જી.
ભાવનગર – ૩૬૪૧૨૦.
ફોનઃ (૦૨૭૮) ૨૮૮૬૩૯૪

**ટ્રસ્ટી : મહેન્દ્રભાઈ વલ્લભદાસ શાહ**
સ્ટીલ એન્ટરપ્રાઈઝ, ૪૯, સ્ટીલ યાર્ડ
હાઉસ, સંત તુકારામ રોડ, લોખંડ બજાર,
મુંબઈ – ૪૦૦ ૦૦૯.
ફોનઃ ૦૨૨ – ૨૫૧૬૨૯૫૮

**અબોલ અને મુંગા પશુઓ કરે પુકાર, અમને આપો ચણ ચણવા...**

# સૌરાષ્ટ્રકેસરી પ્રાણગુરુ
# જૈન ફિલોસોફિકલ એન્ડ લિટરરી
# રીસર્ચ સેન્ટર

## સેન્ટરની કાયમી યોજનાના દાતાઓ

માનવમિત્ર ટ્રસ્ટ - સાયન

વિશ્વ વાત્સલ્ય પ્રાયોગિક સંઘ, મુંબઈ. ચીંચણી

ઉવસગ્ગહરં સાધના ટ્રસ્ટ, ઘાટકોપર

•••

## સેન્ટરના પેટ્રન્સ

અખિલ ભારતીય સ્થા. જૈન કોન્ફરન્સ - મુંબઈ

શ્રી મનસુખલાલ અમૃતલાલ સંઘવી - ઘાટકોપર

## 'જ્ઞાનધારા' પ્રકાશન સૌજન્ય

- શ્રી વ્રજલાલભાઈ ચભાડીયા હ. ચેતનભાઈ - પરેશભાઈ
- શ્રી ડૉ. જિજ્ઞા ભોગીલાલ વોરા
- શ્રી કુંદન જે. ભાયાણી ચેરીટી ટ્રસ્ટ હ. તન્વી અમીત શેઠ
- શ્રી મુંબઈ સર્વોદય મંડળ - (ગાંધી બુક સેંટર)
- શ્રી શ્રી કીશોરભાઈ આર. મહેતા
- શ્રી શ્રી ધનવંતભાઈ કે. અજમેરા
- શ્રી શ્રી ચંદ્રકાંત શીવલાલ શાહ હ. દીપકભાઈ
- શ્રી ઉવસગ્ગહરં સાધના ટ્રસ્ટ - ઘાટકોપર

શ્રી પાર્શ્વભક્તિધામ જૈન ધાર્મિક ટ્રસ્ટ તણસા ડિ. ભાવનગર
ટ્રસ્ટી શ્રી મહેન્દ્રભાઈ વલ્લભદાસ શાહ - ઘાટકોપર
પ્રેરિત પ્રકાશન

# સૌરાષ્ટ્રકેસરી પ્રાણગુરુ
# જૈન ફિલોસોફિકલ એન્ડ લિટરરી રીસર્ચ સેન્ટર

સૌરાષ્ટ્રકેસરી પૂ. પ્રાણલાલજી મહારાજ સાહેબની શ્રુતપ્રભાવના વિશિષ્ટ હતી. શાસ્ત્રગ્રંથોનું પરિશીલન, તાડપત્રીય ગ્રંથોનો સંગ્રહ અને જાળવણી, શાસ્ત્રભંડારો અને પાઠશાળાની સ્થાપનામાં એમનું અનેરું યોગદાન હતું.

આ સંદર્ભના પરિપ્રેક્ષ્યમાં અધ્યાત્મયોગિની પૂ. લલિતાબાઈ મ.સા.નાં વિદ્વાન શિષ્યા પૂ. ડૉ. તરુલતાજીની પ્રેરણાથી 'સૌરાષ્ટ્રકેસરી પૂ. પ્રાણગુરુ જન્મ શતાબ્દી સમિતિ' મુંબઈના સહયોગથી ગુરુદેવની સ્મૃતિ ચિરંજીવ રાખવા પૂજ્યશ્રીની જન્મ શતાબ્દી પ્રસંગે સંસ્થાએ 'સૌરાષ્ટ્રકેસરી પ્રાણગુરુ જૈન ફિલોસોફિકલરી એન્ડ લિટરરી રીસર્ચ સેન્ટર'ની સ્થાપના કરી છે. સેન્ટરના ઉદ્દેશ આ પ્રમાણે છે :

- જૈન તત્ત્વજ્ઞાન અને સાહિત્યનું અધ્યયન, સંશોધન, સંપાદન અને પ્રકાશન કરવું.
- સંસ્કૃતિ, ધર્મ અને અધ્યાત્મના સાહિત્યનું પ્રકાશન કરવું.
- જૈન ધર્મનાં તત્ત્વોની વૈજ્ઞાનિક રીતે રજૂઆત કરવી.
- પ્રાચીન હસ્તલિખિત અને તાડપત્રીય ગ્રંથોનું સંશોધન અને પુસ્તકાલયની પ્રવૃત્તિ કરવી.
- જૈન ધર્મને કેન્દ્રમાં રાખી માનવ ધર્મની પ્રવૃત્તિનો વિકાસ કરવો.
- જૈન સાહિત્યનાં અધ્યયન અને સંશોધનનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ (સ્કોલરશિપ) આપવી.
- **જૈન સાહિત્ય જ્ઞાનસત્રનું આયોજન કરવું.**
- વિદ્વાનો અને સંતોનાં પ્રવચનોનું આયોજન કરવું.
- ધર્મ અને સંસ્કારનો વિકાસ અને સંવર્ધન થાય તેવી શિબિર અને અન્ય કાર્યક્રમોનું આયોજન કરવું. સંસ્કારલક્ષી, સત્ત્વશીલ અને શિષ્ટ સાહિત્યનું પ્રકાશન કરવું.
- અભ્યાસ નિબંધ વાચન (Paper Reading), લિપિ વાચન અને પ્રાચીન જૈન ગ્રંથો- (Old Jain Manuscript)નું વાચન.
- જૈન ધર્મ પર સંશોધન M.A., Ph.D, M.Phil કરનારાં જિજ્ઞાસુ, શ્રાવક, સંત-સતીજીઓને સહયોગ અને સંશોધિત સાહિત્યનું પ્રકાશન.
- જૈન પ્રાચીન ગ્રંથો, ચિત્રો, શિલ્પ, સ્થાપત્યના ફોટાઓ વગેરેની સી.ડી. તૈયાર કરાવવી.
- દેશ-વિદેશમાં જૈન ધર્મ પર પરિસંવાદ, પ્રવચન-આયોજન, ઈન્ટરનેટ પર 'વેબસાઈટ' દ્વારા જૈન તત્ત્વજ્ઞાન અને સાહિત્ય વિષયક માહિતીનો પ્રચાર કરવો.


**સૌરાષ્ટ્રકેસરી પ્રાણગુરુ**
**જૈન ફિલોસોફિકલ એન્ડ લિટરરી રીસર્ચ સેન્ટર,**
અર્હમ સ્પિરિચ્યુઅલ સેન્ટર, એચ.નં.૨૩૧,
શાસ્ત્રીનગર, બુદ્ધ મંદિર સામે, પંત નગર, ઘાટકોપર,
મુંબઈ - ૪૦૦૦૭૫. ફોન: ૨૫૦૧૦૬૫૮

**આપના સહયોગની અપેક્ષા સાથે**
**ટ્રસ્ટી અને માનદ્ સંયોજક**
**ગુણવંત બરવાળિયા**

# જ્ઞાન એ આત્માનો મૂળ ગુણ છે

जहा सूई पडिआ न विणस्सइ ।

तहा जीवे रसुत्ते संसारे न विण्स्सइ ।।

Just as a threaded needle does not
get lost even when it falls on the ground,
Similarly the soul with knowledge of scriptures
is not lost in the world of birth and death.

જેમ દોરો પરોવેલી સોય પડી જાય
તો પણ ખોવાઈ જતી નથી,
તેમ શ્રુતજ્ઞાની જીવ સંસારમાં રખડતો નથી.

(ઉત્તરાધ્યયન સૂત્ર, ૨૯-૫૯)



विद्यां चाचिद्यां च यस्तद् वेदोमयं सह
अविधया मृत्युं तीत्वां विधयामृतमश्नुते ।

વિદ્યા અને અવિદ્યા બંને સાથે અને
યથાર્થતઃ જાણે છે તે અવિદ્યા દ્વારા મૃત્યું
તરી જાય છે અને વિદ્યા દ્વારા અમૃતને પામે છે.

- ઇશોપનિષદ : ૧૧

જ્ઞાની કે અજ્ઞાની જન, સુખ દુઃખ રહિત ન કોઈ;
જ્ઞાની વેદે ધૈર્યથી અજ્ઞાની વેદે રોઈ,

- શ્રીમદ્ રાજચંદ્ર